# કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૫૧મું · અંક ૧૧મો
નવેમ્બર · ૧૯૭૪

તંત્રી
બચુભાઈ રાવત

To·be·content·with small·means – to seek·elegance·rather·than·luxury, and·refinement·rather·than·fashion – to·be·worthy, not·respectable·and·wealthy, not·rich – to study·hard, think·quietly, talk gently, act·frankly – to·listen·to stars·and·birds, to·babes·and sages·with·open·heart – to·bear all·cheerfully, do·all·bravely – – await·occasion, hurry·never – in a·word, to·let·the·spiritual, unbidden·and·unconscious·come·up through·the·common. ~ This is·to·be·my·symphony.

*William·Henry·Channing*

મથાળે : એક જીવન-ભાવના
જુઓ આ અંકનું કાવ્યોનું પાનું

સળંગ અંક
૬૧૧

નવેમ્બર ૧૯૬૪ • અંક ૬૧૧

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

**ચિત્રો**

| | |
|---|---|
| એક જીવનભાવના | પૂંઠું |
| ડાકિની | મુખચિત્ર પાછળ |
| કલ્કી અવતાર (કલાકાર: પીરભાઈ મનસુરી) | ત્રિરંગી મુખચિત્ર |

**કાવ્યો**

| | | |
|---|---|---|
| સરનામું નાનું | ભાનુપ્રસાદ પંડ્યા | ૩૫૧ |

**ચરિત્ર**

| | | |
|---|---|---|
| વિલિયમ જોન્સ | ધીરુભાઈ પરીખ | ૩૫૩ |

**વાર્તા**

| | | |
|---|---|---|
| અમૃત-વાટકી (લઘુકથા) | સૌ. પદ્મજા તામ્હણકર | ૩૫૬ |
| આઠસો ચાળીસ માસ | નેમ મોતા | ૩૫૭ |
| તારુણ્યની તાસીર | સુકન્યા ઝવેરી | ૩૬૩ |
| જન્નતની ઝાંખી | બાબુભાઈ પ્રા. વૈદ્ય | ૩૭૦ |

**લેખો**

| | | |
|---|---|---|
| નવા વર્ષની ભાવના | બ. રા. | ૩૫૧ |
| ઘડતર | મુકુન્દરાય ભ. ભટ્ટ | ૩૫૨ |
| ગુજરાતમાં કલાનાં પગરણ-૧૨ | રવિશંકર રાવળ | ૩૫૮ |
| ચંદ્ર પર ઉતરાણ | યશવંતરાય ગુ. નાયક | ૩૬૧ |
| લેનિનગ્રાડ અને ત્યાંની ધવલરાત્રિઓ-૫ | સુનીલ કોઠારી | ૩૬૪ |
| ૧૯મી સદીના અંતિમ દિવસો (ક્રાંતિકથા-૬) | વિષ્ણુ પંડ્યા | ૩૬૭ |
| અંગ્રેજી સાહિત્યનું આચમન | ડૉ. મધુસૂદન પારેખ | ૩૬૮ |
| મત્સ્યેન્દ્રનાથ (વિરલ મૂર્તિઓ ૧૬) | નરોત્તમ પલાણ | ૩૭૧ |
| કૅના (આંગણાનાં ફૂલ-૩) | મણિલાલ ઝ. શાહ | ૩૭૫ |
| ગાલપચોરિયાં (રોગોપચાર ૪૭) | વૈદ્ય નવીનભાઈ ઓઝા | ૩૭૭ |
| શતરંજના વિશ્વવિજેતાઓ | સુરેશ મોદી | ૩૮૨ |
| સાંચીની શ્રી-લક્ષ્મી | ગોપાલ પુરુષોત્તમ બારોટ | ૩૮૫ |

**વિભાગો**

| | | |
|---|---|---|
| વાચકો લખે છે | | ૩૪૮ |
| કલાવાર્તા (પીરભાઈ મનસૂરી) | રમેશ એમ. ત્રિવેદી | ૩૭૨ |
| ટિકિટસંગ્રહ | | ૩૭૩ |
| ઠંકાવટી (ભેળસેળ, મહેમાન બનો ત્યારે, કરકસર) | | ૩૭૪ |
| પચ્ચીસ વર્ષ પહેલાં | | ૩૭૬ |
| સાહિત્યસંપર્ક (અવલોકનો, રખડકથા, મારી માન્યતા) | | ૩૭૮ |
| કિસ્મત કુરેશી (ઊર્મિની ઓળખ-૫૭) | જલન માતરી | ૩૮૧ |
| ડૉક્ટરની સલાહ | ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી | ૩૮૩ |
| શમી (વૃક્ષ-વેલ-પરિચય-૨૭) | | ૩૮૪ |
| માધુકરી (કૃષ્ણ મેનન, રાષ્ટ્રીય કેલેન્ડર, પત્રમિત્રો) | | ૩૮૪ |
| માસમાસના આકાશમાં | | ૩૮૮ |
| આ માસ ઇતિહાસમાં | | ૩૮૯ |
| છેલ્લું પાનું | | ૩૯૦ |

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

# વાચકો લખે છે...

ॐ

## दीपावली-मंगलम्

दीप-प्रभा सुमहितं नु जगत् समस्तम्
भूत्यै सदा भवतु भारत-भाग्य-लक्ष्मीः ।
रोमांचिता वसुमती कणिशैः प्रकामं
केदारपाल-दुहिता मुदमातनोतु ॥

प्रज्ञावतां प्रतनुतां रचना-विलासः
प्रीतिं प्रसारयतु संस्कृति-वल्लरीणाम् ।
रंगावली वलयिता गृह-प्रांगणश्रीः
आप्यायतां मधुरिमा सुधियां समाजे ॥

दीपावली विलसतां गृह-चत्वरेषु
अन्तः-प्रभा विजयतां तमसां विनाशः ।
सौम्या प्रसाद-मधुरा नव-यौवनश्रीः
सारस्वतं कमपि विन्दतु सौख्य-सारम् ॥

(सुदामापुरी) —विद्यालंकारः शंकरदेवः

## બાવાપ્યારાનો શિલાલેખ

મે અંકમાં શ્રી હસમુખ સાંકળિયાએ જૂનાગઢના બાવાપ્યારાની ગુફામાંથી મળેલા ક્ષત્રપ જયદામનના પૌત્રનો તૂટક શિલાલેખ આપ્યો છે.

આ લેખનું જેટલું સ્પષ્ટ વાચન છે તે તેમણે જૂની લિપિની સાથે ગુજરાતી મૂળાક્ષરોમાં જણાવ્યું હોત તો ઇતિહાસના અભ્યાસકોને ખૂબ ઉપયોગી થઈ પડત અને તેથી જે શબ્દોનો આશરો લઇને તેમણે શ્રી નરોત્તમ પલાણનાં મંતવ્યનો વિરોધ કર્યો છે તે શબ્દો કયા સંદર્ભમાં છે તે જાણવા મળત.

બાકી એકલા 'કેવળિ-જ્ઞાન' કે 'જરા-મરણ' જેવા શબ્દોથી લેખને જૈન ધર્મનો માનવો તે ઠીક નથી. જે સમયનો આ શિલાલેખ છે તે સમયની જૈન કે બૌદ્ધ મૂર્તિઓમાં બહુ તફાવત દેખાતો નથી કેમ કે હાલમાં જૈન તીર્થંકરોની મૂર્તિઓમાં ઓળખચિહ્ન તરીકે છાતીમાં જે લાંછન મૂકવામાં આવે છે તે પ્રાચીન જૈન મૂર્તિઓમાં નથી. આ કારણથી તો સાંચી તથા ભરહુતના કેટલાક સ્તૂપોને જૈન માનવા કે બૌદ્ધ તે વિવાદનો ઉકેલ હજુ સુધી તો મળ્યો નથી.

વળી જરા-મરણ જેવા શબ્દોનો તો દરેક ધર્મે પોતાનાં તત્ત્વજ્ઞાનમાં ઉપયોગ કર્યો છે. દા. ત. 'જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખદોષાનુદર્શનમ્'

(ભગવદ્દગીતા અધ્યાય ૧૩ શ્લોક ૯)

જેમ જરા-મૃત્યુ જેવા શબ્દો દરેક ધર્મમાં સામાન્ય છે તેમ કેવળ જ્ઞાન શબ્દ પણ છે. પતંજલી 'યોગસૂત્રો'માં તો કૈવલ્યપાદનું આખું પ્રકરણ છે, અને કૈવલ્ય ઉપનિષદ નામનો ગ્રંથ પણ વૈદિક ધર્મમાં છે. એટલે કેવલિજ્ઞાન શબ્દમાત્રથી લેખને જૈન ધર્મનો માનવો તે ઠીક નથી.

એ પ્રાચીન યુગ એવો હતો કે ઘણા સરખા શબ્દો જુદા જુદા ધર્મમાં ઉપયોગમાં લીધા છે એટલે બેત્રણ તૂટક શબ્દોથી લેખને જૈન ધર્મનો માની લેવો તે યોગ્ય નથી. આ જગાએ તો શ્રી નરોત્તમ પલાણની માન્યતા સાચી લાગે છે.

(વીરમગામ) —નાથાલાલ માધવજી મંડલી

## બાવાપ્યારાનો શિલાલેખ–૨

જૂનાગઢની બાવાપ્યારાની ગુફાઓમાંથી મળેલા ક્ષત્રપકાલીન શિલાલેખ વિષેનાં, તેમ જ ગુજરાતમાં જૈન ધર્મના પ્રવેશની અર્વાચીનના વિષેનાં શ્રી પલાણનાં મંતવ્યો 'કુમાર' અને 'પુરાતન'માં વાંચ્યાં છે. પ્રસ્તુત શિલાલેખ બાવાપ્યારાની ગુફાઓ સાથે મૂળે સંબંધકર્તા નહિ હોય તો યે તે જૂનાગઢમાંથી પ્રાપ્ત થયો છે એથી એના 'પ્રાપ્તિસ્થાન' અંગે તો કોઈ શંકા નથી. લેખની લિપિ ક્ષત્રપકાલીન છે અને તેમાં સ્વામી જીવદામનના પ્રપૌત્ર (એટલે કે મહાક્ષત્રપ રુદ્રદામનના પુત્ર—મોટે ભાગે તો રુદ્રસિંહ પ્રથમ)નો સમય વિવક્ષિત હોઈ તે ક્ષત્રપ રાજવંશના શાસન દરમિયાન ઈસ્વી સનની બીજી શતાબ્દીના અંતિમ ચરણનો એટલું નિશ્ચિત છે. આથી, લેખના ઉપલબ્ધ છે તે ભાગમાં મિતિ પ્રાપ્ત ન હોવા છતાં, તેના 'સમય' અંગે તો શંકા કરવાને કોઈ કારણ નથી. આ પ્રશ્ન, તેમ જ શ્રી પલાણે ઉપસ્થિત કરેલ મુદ્દા –જૈન ધર્મના ગુજરાતમાં પ્રવેશકાળ-સંબંધે વિસ્તૃત ચર્ચા હું મારા 'ગુજરાતમાં જૈનધર્મની પ્રાચીનતા' લેખમાં અન્યત્ર કરી રહ્યો છું.

## અને સિંહ સંવત

'સિંહ સંવત' અંગેની ચર્ચા હવે રસપ્રદ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. નિરાળી સંશોધન-પદ્ધતિઓ અને અભિગમો ધરાવતા બે સંપ્રદાયોનાં અર્થઘટનોમાં અંતિમ તથ્ય શું છે તેની ચકાસણીનો અવસર હવે આવી ગયો છે. મને લાગે છે કે સૌ પ્રથમ તો શ્રી મોહનપુરી ગોસ્વામી અને સાથે પુરાતત્ત્વ-ચૂડામણિ ડૉ. સાંકળિયા, છાત્રવત્સલ વિદ્વદ્વર્ય ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, તેમ જ ગુજરાતના મધ્યકાલીન લિપિના નિષ્ણાત શ્રી હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી, શ્રી મણિભાઈ વોરા, શ્રી નરોત્તમ પલાણ, શ્રી પુષ્પકાંત ધોળકિયા આદિ જૂની-નવી પેઢીના સંશોધકો સાથે મળી વીસાવાડાનો રાણા વિક્રમાદિત્યની મૂર્તિનો એ વિવાદાસ્પદ લેખ બરોબર તપાસી, તેની વિશુદ્ધ વાચના નિશ્ચિત કરે તો તે વસ્તુ લાભદાયી નીવડશે. ત્યાર પછી બૃહદ્ ગુજરાતના ઇતિહાસ-પુરાતત્ત્વના ક્ષેત્રનું વિદ્વદ્મહામંડળ સિંહ સંવત વિષે એક પરિસંવાદ યોજી, શક્ય તેટલો આખરી નિર્ણય લઈ શકે તો ચર્ચા કેવળ સ્થાનિક મટી તેનો નિષ્કર્ષ અખિલ ભારતીય સ્તર પર આવી રહેશે.

જયસિંહ સિદ્ધરાજે સોરઠ જીત્યાની હકીકતમાં શંકા કરવાને તો કોઈ કારણ દેખાતું નથી. થોડાક મુદ્દાઓ તેના સમર્થનમાં અહીં જોઈશું :

૧) ગિરનાર પરનું ભગવાન નેમિનાથનું સાંપ્રત મંદિર સોરઠના દંડનાયક સજ્જને સં. ૧૧૮૫/ઈ. ૧૧૨૯માં બંધાવેલું તેવું જિનહર્ષસૂરિએ 'વિવિધ તીર્થકલ્પ' (૧૪મા શતકનું પ્રથમ ચરણ)માં જણાવ્યું છે. પણ તેનાથી યે પહેલાં, આ. ઈ. ૧૨૩૧–૩૨માં, વિજયસૂરિ વિરચિત 'રૈવંતગિરિ રાસુ'માં પણ એ હકીકત નોંધાએલી છે. સોરઠમાં એ કાળે સોલંકીઓનો દંડનાયક તો જ નીમી શકાયો હોય જો તે પ્રદેશ સિદ્ધરાજને આધીન હોય. મંદિરની પ્રતિષ્ઠા-મિતિ ઈ. ૧૧૨૯ની હોઈ, આ વિજય તેનાથી થોડાં વર્ષ પૂર્વે થઈ ચૂક્યો હોવો જોઈએ.

૨) સિદ્ધરાજે શત્રુંજયતીર્થને બાર ગામનું શાસન કરી આપ્યાની વાત તેરમાથી પંદરમા શતકના ઘણા જૈન પ્રબંધો-ચરિત્રોમાં નોંધાએલી છે. તેનો સૌથી જૂનો ઉલ્લેખ ઉદયપ્રભસૂરિના 'શ્રી ધર્માભ્યુદય મહાકાવ્ય' (આ. ઈ. ૧૨૩૦)માં મળે છે. શત્રુંજયગિરિ આસપાસનો પ્રદેશ સોરઠના ચૂડાસમાઓની હકૂમત નીચે હતો કે નહિ તે વિષે સ્પષ્ટતા નથી, પણ તે પ્રદેશ જો સિદ્ધરાજના શાસન હેઠળ આવી ગયો હોય તો જૂનાગઢ ત્યાંથી આઘું નથી.

છેલ્લી અને મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે સિદ્ધરાજે પુત્રપ્રાપ્તિ અર્થે સોમનાથની પગપાળા યાત્રા કરેલી, જેનાં પ્રબંધાત્મક (તેમ જ સમકાલિક અભિલેખીય) પ્રમાણો ઉપલબ્ધ છે. આ સિવાય હેમચંદ્રથી લઈ અન્ય પ્રબંધકારોનાં સિદ્ધરાજે શત્રુંજય તેમ જ ગિરનારની યાત્રા કર્યાનાં પ્રામાણ્ય વિધાનો છે. જૂનાગઢના રા'ના રાજ્ય સોંસરવા થઈ પગપાળા પ્રભાસ સુધી પહોંચવું અને પાછું ગિરનાર ચઢી નેમિનાથનાં દર્શને જવું સિદ્ધરાજ માટે સરળ અને શક્ય તો જ બન્યું હોય, જો સોરઠ તેની હકૂમત નીચે હોય. આ ઉપરાંત સિદ્ધરાજની માતા મયણલ્લાદેવીની સોમનાથની યાત્રા અને કર-માફી વગેરે પ્રબંધોની વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. સોરઠમાંથી મળેલા જયસિંહદેવના (શ્રી અમૃત વસંત પંડ્યાએ પ્રકાશમાં આણેલા) સિક્કાઓનો મુદ્દો પણ આ સંદર્ભમાં મૂલ્યવાન બની રહે છે.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

## બાવાપ્યારાનો શિલાલેખ-૩

'કુમાર' ઑગસ્ટ'૭૪માં શ્રી નરોત્તમ પલાણ શિલાલેખ પરના 'કેવલિ જ્ઞાન' શબ્દો વિષે હવે શંકા પદર્શિત કરે છે કે 'એ શિલાલેખ છૂટો મળ્યો છે એટલે તે ગુફામાં કોતરેલો ન હતો' આવું વાક્ય પાછો પુરાતત્ત્વમાં કયો અને કેવો પુરાવો ગ્રાહ્ય ધરવો એ પ્રશ્ન ઉપસ્થિત કરે છે. આ લેખ છૂટો મળ્યો હતો, છતાં શિલા પર કોતરેલો હતો. આ શિલા આવી કયાંથી? કોઈ વ્યક્તિએ, હમણાં કે પ્રાચીન કાળમાં ખિસ્સામાં મૂકી કે બગલમાં ભરાવી બિહાર કે ઉત્તર પ્રદેશમાંથી–જ્યાં જૈન ધર્મના પ્રાચીન પુરાવા મળે છે ત્યાંથી–લાવી નહિ હોય?!

આ પ્રશ્નનો ઉકેલ સહેલાઈથી આવી શકે એમ છે. આ શિલા જે ખડકની બની હોય અને જે ખડકમાં ગુફા કોતરાઈ હોય તેનો શાસ્ત્રીય રીતે અભ્યાસ કરવાની જરૂર છે. મારી તો ખાતરી છે કે આ બંને એક જ જાતના ખડકોનાં બનેલાં હોવાં જોઇએ, એટલે કે શિલાલેખ બાવાપ્યારાની ગુફાનો ને સૌરાષ્ટ્રનો જ હોવો જોઇએ.

વધુમાં બહુ ધીરજથી અને detective workથી જો શ્રી પલાણ શોધ કરે તો ગુફાની જે ભીંત કે છતમાંથી આ શિલા તોડવામાં આવી હોય કે તૂટી પડી હોય ત્યાં શિલાના માપનો જ ખાડો જોવામાં આવશે. આમ jig-saw puzzleની માફક ફિટ થવાનો સંભવ છે. અલબત્ત, આવી શોધ બહુ જ ખંત અને હોશિયારીનું કામ માગી લે છે. લેખ જૈન છે કે નહિ અને thin ice જેવો પુરાવો છે કે કેમ તે તો જ્યારે શ્રી પલાણ એનો વધારે અભ્યાસ કરશે ત્યારે જ એમને સત્ય જણાશે.

(પૂના) —હ. ધી. સાંકળિયા

[*આ ચર્ચા હવે બંધ કરવામાં આવે છે]

## ડેડો–૧

'વાચકો લખે છે' ભાગ ખૂબ સમૃદ્ધ બનતો જાય છે. વાચકોનો લેખકો સાથેનો ને ક્યારેક સામેનો સંવાદ સામયિકને નવું જ ઊંડાણ આપે છે. આ ૬૦૮મા અંકમાં 'ડેડો' પરની 'શાસ્ત્રીય' કલ્પનાઓ–'દેડકો' પરથી? 'દામોદર' પરથી? 'દદ્' પરથી?–વાંચીને folk-etymologyની આ શિશુલીલાને આગળ વધારવાનું યે મન થયું: 'દેરીડો' નહિ? 'ભાદો'તે 'ભાદ્રપદ'–'ભાદરવો' નહિ? દેદાની સાથે 'ભાદો' પણ કુટાય છે. મેઘાણીની નોંધ યાદ આવી. સદ્ભાગ્યે પુસ્તક હાથવગું છે: 'પરકમ્મા' (૧૯૪૭) પૃ. ૮૩. દેદો વિષે છે માત્ર આટલું જ વિધાન: 'દેદાજી તો કોઈ ક્ષત્રિય વીર થઈ ગયા.' પણ ભાદા વિષેનું પોતાનું ટાંચણ આખું ઉતારે છે: 'ભાદો હતો ભરવાડ. એને ધણી ગાયો. એક દા'ડો ભાદો ચારીને આવ્યો. ગયો ઝાકમાં. વગડામાંથી ગાયું આવીયું, ભૂરાયું થઈયું. ભાદાને કચરી નાખ્યો. જીવ ન જાય, કારણ કે કુંવારો. પરણવામાં જીવ રહી ગયો છે. શું કરીએ? જા, ભાદા! જીવને ગતે કરજે. જેટલી કુંવારિયું છે ઈ માતર તને ફૂટશે. ભાદાએ ગત પામીને પ્રાણ છોડયા. આજ વર્ષોવર્ષ કુંવારી કન્યાઓ વીર દેદાને ને વાંઢા ભાદાને ફૂટે છે:

ઊપરણીની સોડે દેદા! વોય વોય!
કાચી કાતળિયે ભાદા! વોય વોય'

મારા મોટા સાળાનાં પત્નીને આવી વાતોમાં સારો રસ છે. એમને આ વાત કરી. 'કુમાર'ની ને 'પરકમ્મા'ની નોંધો વંચાવી. એ મૂળ ધ્રાંગધ્રાનાં છે. કહે: 'અમારી પડોશમાં એક ડોશીમા. તે કાલાં ફોલવા બોલાવે: હાલો છોડિયું વારતા કૌં. કાલામાં તે કોને રસ હોય? પણ વારતામાં કોને ન હોય? એમણે કીધેલું, દેદો તે દેદમલ નામે રજપૂત. એને બધા ફૂટે છે. એમણે તો ગામનું નામેય દીધેલું. ત્યાં–એ રાજમાં એવો ચાલ કે ગમે તેને ઘેર લગ્ન થાય પણ આવનાર વહુને પહેલી રાત તો રાજગઢીએ મોકલવી પડે. આ રિવાજ ખટકે સૌને પણ રાજાનો વિરોધ કોણ કરે? આ દેદમલે કર્યો. રાજાએ એને મરાવ્યો. ત્યારે ગામલોક આખું કકળી ઊઠયું ને એનો શોક કર્યો. એને ફૂટયો. ત્યારથી આ દેદો ફૂટવાનો રિવાજ પડયો છે.'

આ વિષે વધારે વિગત કદાચ કોઈ વાચક આપી શકે. કદાચ આ માત્ર દંતકથા પણ હોય. તો ય લોકલાગણી એમાં છે.

(અમદાવાદ) —કનુભાઈ જાની

## ડેડો-૨

'કુમાર' ૬૦૮મા અંકની શબ્દકથા 'ડેડો'ના અનુસરણે મને ગોહિલવાડ પૂરતી જે કંઈ વિશેષ હકીકત મળી છે તે લખી મોકલું છું.

ગૌરીવ્રતના પાંચે દિવસોમાં કુમારિકાઓ રાસડા, દલો, માટલી દા જેવી રમતોમાં ગુલતાન રહે છે, અને કોઇ કોઈ વાર ગામને પાદર 'દેદો' ફૂટવા જાય છે. પૂનમની રાત્રે જાગરણ હોવાથી છોકરીઓ પાદરમાં ભેગી થઈ દેદાની હકીકત માંડે છે. તગારું–બે તગારાં જેટલી ધૂળ ભેગી કરી 'દેદો' સૂતો હોય તેવો ધૂળથી જ આકાર કરે છે. તે પછી તેમાં સાંઠીકાથી આંખો ચીતરે છે. આમ ઘાયલ દેદો છેલ્લા શ્વાસ લેતો સૂતો હોય તેવું સૌ કલ્પે છે. એક નાનકડી છોકરીને તેઓ દેદાની વહુ બનાવે છે ને તેને લાજ કઢાવી એકબાજુ બેસાડે છે. એક છોકરી દેદાની મા બને છે તે દેદાના માથા પાસે બેસી છોકરીઓ સાંભળે તેમ બોલે છે.

'ગામની છોડીઓ સૌ ઘરબાર, સૌ ઘરબાર,
આજ મારો દેદો કુંવારો જાય.'

ત્યારે બીજી છોડીઓ પેલી વહુ બનેલી છોડીને બે બાજુથી પકડીને ધીમે ધીમે દેદા પાસે લાવીને બેસાડે છે. અને કહે છે: 'હે દેદભા, તારા જીવને મુગતી કરજે. દર વરસે કુંવારી છોડીઓ તારી વહુ બનશે અને તને ફૂટશે.'

દેદો તરત મરી જાય છે. બધી જ છોડીઓ એકદમ ધૂળથી બનાવેલા દેદાને વીખી નાખે છે. ને એકીસાથે પ્રાણ પોક મૂકે છે: 'એ દેદભા, મારો પીઠીનો ભરીઓ, મીંઢોળબંધો દેદ ભા.'

આટલી હકીકત માંડયા પછી બધી છોકરીઓ દેદો ફૂટે છે. દેદો ફૂટવાનાં ઘણાં ગીતો છે જેની અહીં ટૂંકમાં નોંધ કરું છું.

'દેદાને દશે આંગળીએ વેઢ
દેદો માર્યો લાઠીના ચોકમાં રે.'

'આવો રૂડો...ગામનો ચોક રે,
દેદો ફૂટાણો ભર-જોબને:
હાય દેદભા હાય, હાય.'

ઊંચે લીંબડે લીંબોળિયું રે હાલર હૂલર થાય.
...જમાઈ દૂધનો સવાદિયો રે પાડો દોવા જાય.

ડુંગળીનો દડો રાણપરિયો રે,
કોણ કોણ વેચવા જાય રે દડો?

જાળીએથી જોગી ઊતર્યો હાથમાં લાલ ગેડી રે.

હાયવોય રે કૂવામાં ઢેલ ઉતારી.

ચકલી છૂંદી હાય હાય,
નેવે ટાંગી હાય હાય.

આંકડાની ગાડી, ગોરસિયા,
કોણ કોણ હાંકશે? ગોરસિયા.

સામી ખીજડીએ છે માળો છોડી ભલુડી રે.

બગલું આવે ને ઊડી જાય રે,
ઓલી કલકીને લઈ જાય રે.

મુંબઈથી મછવો આવે છે,
મહીં લાલ બંગડી લાવે છે.

વગેરે આવાં ગીતો ગાતાંગાતાં દેદો ફૂટે છે. ફૂટવાના પણ ત્રણથી ચાર પ્રકાર છે. જેમાં, છાજિયાં, રાજિયા, પ્રોળિયા વગેરે. તે દરેકની શૈલી પણ જુદી છે. જેમાં છાતી પર હાથથી ફૂટે છે તેમાં ઊભા હાથના, ફરતાંફરતાંના, પગના ઢીંચણના અને ચોકારો લેતાં છોકરીઓ ફૂટવાનું શીખે છે. 'ફૂટવું' અને 'કુટાવવું' તે સ્ત્રીની આપકળામાંનું એક મનાય છે.

દેદા વિષે સહેજે પરંપરાની દૃષ્ટિએ નીચે પ્રમાણેની હકીકત મળે છે:

સેજકજી
સૌરાષ્ટ્રમાં આવ્યા ઈ. સ. ૧૨૬૦

રણજી — સારંગજી — શાહજી

લાઠીકુળના મૂળપુરુષ

સારંગજી ગોહિલના પૌત્ર ભીમજીને ત્રણ પુત્રો: (૧) દુદોજી (૨) અરજણજી ને (૩) હમીરજી અને ભીમજીને એક દીકરી હતી ઉમાદે. તેને જૂનાગઢના રા 'માંડલિક સાથે પરણાવેલી.

દુદાજી બહુ બહાદુર હતા. તે મોટા ભાગે જૂનાગઢ રહેતા, પણ ગુજરાતના સુલતાનની ફોજ જૂનાગઢ આવી ત્યારે દુદાજી લાઠી ચાલ્યા ગએલા. ત્યારે સુલતાને જૂનાગઢના રા પાસેથી ખંડણી લીધી અને રા 'માંડલિકને પોતાના રાજ્યમાં સારી પદવી આપી. તે પછી દુદાજીએ સુલ્તાન મહમદ બેગડાના અમલમાં અમદાવાદના કેટલાક મુલકની પજવણી કરી, તેથી દુદાજીને સજા કરવા સુલતાને રા 'માંડલિકને હુકમ આપ્યો. રા માંડલિક અર્થિલા કે હાથીલા આવ્યા અને પોતાના સગા દુદાજીનો વધ કર્યો. તેથી લાઠીકુળની દીકરી ઉમાદેએ કરેલો વિલાપ અહીં આવે છે અને તે 'દેદો' કૂટવો એ રીતે આવ્યું હશે? વાત દેદા અને લાઠીની મૂળ છે તે તેનાં ગીતો જોતાં લાગે છે. આધાર માટે જુઓ: (૧) કલાપી રચિત 'હમીરજી ગોહિલ'ની પ્રસ્તાવના મણિશંકર ર. ભટ્ટ–'કાન્ત' (૨) સૌરાષ્ટ્ર-ઇતિહાસ-દર્શન. ગોરધનદાસ નાગરદાસ મહેતા, પૃષ્ઠ ૨૧–૨૨.

આમાં ઐતિહાસિક સાચ કેટલું? તેમજ દેદો કોણ? વગેરે પ્રશ્નો હજી ઊંડાણથી વિચારણા માગી લે ખરા. આ તો પરંપરિત માહિતી છે.
(ભાવનગર) —ખોડીદાસ પરમાર

### ડેડો-૩

કાવ્યવિભાગમાં શ્રી ધીરુ પરીખનું 'મેઘધનુની માયા' ગીત બહુ ગમ્યું. શ્રી તારલ મજેવડીકરની વાર્તા 'શ્રીયુત અગમરત્ન' સચોટ રહી.

શ્રી. કે. કા. શાસ્ત્રીની શબ્દકથા 'ડેદો કૂટવો' વિષે એક પ્રચલિત કથા છે. જેને સૌરાષ્ટ્રમાં 'ડેદો કૂટવો' કહે છે. કોઈ ડેદારમલ રજપૂતે કુંવારિકાઓની લાજ બચાવવા પોતાના પ્રાણ પાથર્યા હતા. તે લાઠીના દરવાજામાં પેસતાં જ જે ડેદા પીર છે ત્યાં આગળ અમરત્વ પામ્યા હતા. આશા છે વાચકોને નીચેના ગીતની કડીથી અવશ્ય મારી વાત સાચી લાગશે:

'ડેદાને દશે આંગળિયે વેઢ,
ડેદો મર્યો લાઠીના ચોકમાં.'

અને આ ડેદાની યાદમાં હજી યે સૌરાષ્ટ્રમાં મોળાકત (હકીકતમાં 'ગૌરીવ્રત', 'મોળાવ્રત', કાળાંતરે 'મોળાકત')ના દિવસે ડેડાને યાદ કરીને કુંવારિકાઓ ડેદો કૂટે છે ને ઉપર્યુક્ત ગીત ગાય છે.
(અમદાવાદ-૨૩) —નવીન જોશી

### પેલો શ્લોક

'કુમાર' એપ્રિલ '૭૪માં ચંદ્રકાન્ત મો. શુક્લે 'न त्वहं कामये राज्यं, ना स्वर्गं ना पुनर्भवम्' વાળો પ્રાર્થનાનો શ્લોક ક્યાંથી લેવામાં આવ્યો છે, તેની પૃચ્છા કરી છે અને આ શ્લોક શ્રીમદ્ ભાગવતમાં નથી, એવું વિધાન પણ કર્યું છે.

ત્યાર પછી ભાઈશ્રી વાસુદેવ સ્માર્ત આ શ્લોક પૂ. કાકાસાહેબ કાલેલકરે જાતે બનાવ્યો હોવાની સંભાવના વ્યક્ત કરી છે. પરંતુ હમણાં જ સ્વાધ્યાય કરતાં અચાનક પૂ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના My Search For Truth નામના પુસ્તકમાં પૃષ્ઠ ૪૯ની પાદટિપ્પણીમાં આ શ્લોક ઉદ્ધૃત થયો જોવામાં આવ્યો. તેઓશ્રી આ શ્લોકને ભાગવત પુરાણના નવમા સ્કંધમાં, એકવીસમા અધ્યાયના બારમા શ્લોક તરીકે જણાવે છે. ભાઈશ્રી શુક્લને આ શ્લોક ભાગવતમાં નહિ મળ્યો, જ્યારે શ્રી રાધાકૃષ્ણન ભાગવતમાંથી જ એને ટાંકે છે. શક્ય છે કે તે ભાગવતની કોઈ દાક્ષિણાત્ય વાચનામાં હોય.
(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

### 'કલાપી'નો કચ્છમાં સંદર્ભ

૬૦૦મા અંકમાં 'કલાપી' વિષયક લેખમાં અદ્યાપિ અજાણ એવી હકીકતો સાથે રસમય લેખ ને એવી જ રસદાયક ચિત્રસામગ્રી માટે લેખકને અભિનંદન અને ધન્યવાદ. યુવાનોને એમના પ્રિય કવિના જીવન વિષે કેટલીક નવી સામગ્રી ને એમણે ત્યાં ગાળેલા દિવસો દરમિયાનનાં સ્થળોનું દર્શન રોમાંચક નીવડશે.
(સુરેન્દ્રનગર) —વિજયશંકર કામદાર

### મોંઘીનો મુરતિયો

૬૦૦મા અંકમાં કચ્છમાં 'કલાપી'નો સંદર્ભ વિષયક લેખમાં આવતા મોંઘી (શોભના)ના મુરતિયાના નામ વિષે કણિયોલથી શ્રી સુમતિ જાદવે મૂંઝવણ વ્યક્ત કરી છે. એવો જ પ્રશ્ન મને પણ થયો હતો—આ લેખ ઈ. ૧૯૬૭માં વડોદરામાં તૈયાર કર્યો ત્યારે. વડોદરા યુનિવર્સિટી ને સેન્ટ્રલ લાયબ્રેરીમાંનું 'કલાપી'ને લગતું બધું સંદર્ભ-સાહિત્ય ત્યારે જોઈ કાઢેલું.

મોંઘીના મુરતિયાનું રાશિ પ્રમાણે 'ર' અક્ષરથી શરૂ થતું નામ હોઈ શકે; અને લગ્ન વખતે એ પ્રમાણે નામ લખાયું હોય, પરંતુ એનું હુલામણું લોકજીભે ચાલુ નામ 'ગાભો' હતું એ તો નિશ્ચિત જ છે. રૂહામાં ઈ. ૧૯૬૭માં રમા અને શોભનાનાં કુટુંબીજનો અને બીજા વયોવૃદ્ધ લોકોને હું મળ્યો ત્યારે તેઓ એમની વાતોમાં ચોકસપણે 'ગાભા' સાથે મોંઘીનું વેવિશાળ થયાનો ઉલ્લેખ કરતા હતા. આમ કાલેજીભે રહેલું નામ નક્કી 'ગાભો' જ હતું.
(ભુજ) —રામસિંહજી રાઠોડ

[*'કલાપી'ના અમે જોએલા પત્રોમાં પણ આ 'ગાભા'નો ઉલ્લેખ આવે છે. -તંત્રી]



**ડાકિની** : (સત્તરમી સદીની તિબેટની એક તાંત્રિક ધાતુપ્રતિમા) તિબેટની ભાષામાં 'ડાક' (ગડાક) એટલે પ્રજ્ઞા કે જ્ઞાન. એ પરથી તાંત્રિક સાધકને એના અંતિમ લક્ષ્ય પ્રતિ દોરનારી દેવતા તે ડાકિની. હિંદુ અને બૌદ્ધ તંત્રોમાં એને મનુષ્યના કંઠપ્રદેશમાં ષોડશદલ 'વિશુદ્ધ' ચક્રમાં સ્થિત, રક્તવર્ણા, ત્રિનેત્રા, એકવસ્ત્રા યા વિવસ્ત્રા, નરમુંડમાલા-મુકુટધારિણી, કાપાલ (માનવ ખોપરી)માં રક્તપ્રાશન કરતી કહી છે. બીજાં પણ અનેક વર્ણન છે. વજ્રયાનમાં એને તાંત્રિક યોગસાધના દ્વારા સહજજ્ઞાન પ્રાપ્ત કરેલી યોગિની અને કેટલીક સ્તુતિઓમાં દેવી પણ ગણી છે. કાલીની અનુચરીમાં પણ એની ગણના છે. છ વર્ષ સુધીની વિધિવત્ સાધના વડે પ્રસન્ન કરવાથી એ સાધકને અદ્‌ભુત સામર્થ્ય આપે છે એમ ધન્વંતરિ તંત્રમાં કહ્યું છે. તાંત્રિક બીજાક્ષરોના આધારે એના માટે લાકિની, શાકિની, રાકિની, હાકિની વગેરે શબ્દો પણ વપરાય છે; તો સિંહવક્ત્રા, વજ્રડાકિની, જ્ઞાનડાકિની વગેરે એનાં અન્ય રૂપો ગણાય છે. એની અવકૃપા માણસને–ખાસ કરીને બાળકને બીમાર પાડે છે એવી અમુક તાંત્રિક માન્યતા પણ છે. આવી આ ડાકિનીનું જે અપરૂપ મનઃચક્ષુ સમક્ષ રચાય તેથી તદ્દન ભિન્ન, અને તે યે એની બધી લાક્ષણિકતા જાળવી રાખવા સાથે, તિબેટના કલાકારે ઉપરની પ્રતિમામાં જે સુંદરતા આરોપી છે એ એની એક પરમ સિદ્ધિ છે. ત્રિભંગયુક્ત દેહછટા અને ઊડતા વસ્ત્રની લયરેખા વડે સંયોજનનું ભારસામ્ય સાચવવા સાથે એણે એમાં અજબ ગતિ પણ પ્રકટાવી છે. કુત્સિત મુંડમાલાને પણ એણે અહીં આકર્ષક આભૂષણ સમી બનાવી દીધી છે. ડાકિની અહીં ખરેખર પ્રજ્ઞા રૂમી સૌમ્યસુંદર બની રહી છે.

**ભા**રતમાં બહુ પ્રાચીન કાળથી શાક્તસંપ્રદાય વ્યાપ્ત છે. હકીકતે અહીંના પ્રત્યેક ધર્મસંપ્રદાયને એનો સ્પર્શ લાગેલો છે. આ શાક્ત ઉપાસનાનું રહસ્ય અને એના પૂજાવિધિ વગેરે સંબંધીનું શાસ્ત્ર એ 'તંત્ર'. એમાં પણ અનેક ભેદ છે, પણ એ બધામાં 'શક્તિ'ને પ્રાધાન્ય હોઈ, માનવીય સ્તર પર સ્ત્રીને એનું એક રૂપ ગણી ધર્મસિદ્ધિ અર્થે એને ઘણું જ મહત્ત્વ અપાયું છે. આ રીતે સ્ત્રી-પૂજામાંથી કાળાનુક્રમે કેટલોક ભ્રષ્ટાચાર પણ પ્રકટ્યો. બીજી બાજુ પ્રત્યેક ધર્મસંપ્રદાયની પેઠે તંત્રમાર્ગ ને એની વિચારસરણીને ચિત્રિત કરતાં સંખ્યાબંધ ચિત્રો (અને શિલ્પો વગેરે) પણ રચાયાં. ખરાં તાંત્રિક ચિત્રો તે એ. આજનાં 'તાંત્રિક ચિત્રો'માં તાંત્રિક યંત્રોના ભૌમિતિક આકારો, એકાક્ષરી મંત્રો અને અમુક રંગ-સૂચનો ઉપરાંત અન્ય સાંપ્રદાયિક સંજ્ઞાસંકેતો વગેરેની પણ સેળભેળ થતી હોઈ એને માટે 'તાંત્રિક કલા' શબ્દ ઉચિત લાગતો નથી. વળી, એમાં યે કેટલીક કૃતિઓમાં લિંગ-યોનિના સંકેતો જે રીતે જોવા મળે છે (અને એનું પ્રમાણ પણ ઠીકઠીક રહે છે) એને અને એ અંગેના મૂળ તાંત્રિક ખયાલો વચ્ચે પણ અંતર છે. આમ એક રીતે તો એ સાંપ્રદાયિક સંજ્ઞાઓવાળાં આધુનિક ચિત્ર-સંયોજન જ લાગે છે, જે સમજવાં જન સામાન્ય માટે મૉડર્ન ચિત્રો જેટલાં જ કઠિન બની રહે છે.



**કલ્કિ-અવતાર** • ચિત્રકાર: પીરભાઈ મનસૂરી (બ્લૉકો • કલાકારના સૌજન્યથી)

ચિત્રકળાના આધુનિક પ્રવાહોમાં 'તાંત્રિક ચિત્રો'ની એક નવી ધારા પ્રકટી છે. આ કોઈ નવી ચિત્રશૈલી નથી તેમજ મૂળ તાંત્રિક વિચારો સાથેનો એનો સંબંધ પણ માત્ર અમુક તાંત્રિક સંજ્ઞાઓના વપરાશ પૂરતો મર્યાદિત છે. અગમ્ય શાસ્ત્રચર્ચાને બદલે પ્રત્યક્ષ સાધનને મહત્ત્વ આપી, માનવ પ્રકૃતિને લક્ષમાં રાખી તદનુસાર શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ, જૈન એમ દરેક ભારતીય ધર્મસંપ્રદાયે આગવી રીતે તંત્રોનો વિકાસ કર્યો હતો. તંત્રનો ઉદ્‌ભવકાળ નિશ્ચિત નથી, પણ વિદ્વાનોનો મત છે કે ઈ. ૭૦૦ થી ૧૨૦૦ના ગાળામાં પૂર્વ ભારતમાં એનું ઘણું ચલણ હતું. જો કે તંત્રનો વ્યાપ તો ભારતની સીમાઓ બહાર પણ ઘણો વ્યાપક હતો. જ્ઞાન-વિજ્ઞાન, અણુ-મહાન, અધઃ-ઊર્ધ્વ, શિવ-શક્તિ, પુરુષ-સ્ત્રી એ બધું એક જ હોઈ એનું સામરસ્ય એ જ પૂર્ણ સ્થિતિ છે અને એ સ્થિતિની પ્રાપ્તિ એ તંત્રનું લક્ષ્ય. પણ પોતાના સિદ્ધાંતો અંગેની ગુપ્તતા, મારણ, ઉચ્ચાટન, વશીકરણ વગેરે સાથે અનેક સિદ્ધિઓના મંત્રો, મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન એ 'પંચ મકાર' સાથેની 'ચક્રપૂજા' વગેરે જેવી ગુપ્ત વિધિ અને બલિદાન સહિતનું પૂજાવિધાન, સ્ત્રીશક્તિને અતિ પ્રાધાન્ય અને યોનિપૂજા વગેરે અનેક આગવા ખયાલોને કારણે આ 'વામમાર્ગ' કુત્સિત બની રહ્યો. પરંતુ જે જ્ઞાન કેવળ વેદાંત આદિ શાસ્ત્રો અને પંડિતો પાસે જ રહી જનસામાન્ય સુધી ન પહોંચી શક્યું તે જ્ઞાન સહજ રીતે સમાજના તદ્દન નિમ્ન વર્ગ સુધી તંત્રો દ્વારા પહોંચવામાં સફળ રહ્યું હતું. હ્રીં, ક્લીં વગેરે જેવા એના એકાક્ષરી મંત્રો કુંડલિની સહિત મનુષ્યદેહમાં વર્ણવાએલાં ચક્રો, મંત્રોચ્ચારોનાં આંદોલનોનો પ્રભાવ અને એના પ્રત્યેક અક્ષરના વર્ણો, દેવ સાથે તાદાત્મ્ય સાધવા રચાએલાં વિધવિધ યંત્રો ઈત્યાદિનાં જે વર્ણ-સંકેત-સંજ્ઞાઓ વગેરે પ્રયોજાયાં તેનો આ નવતર ચિત્રોમાં પ્રયોગ પ્રચલિત બન્યો છે. આ ચિત્રમાં (તેના સર્જકના કહેવા પ્રમાણે) અશ્વદ્વારા કલ્કિનું સૂચન કરવા સાથે, વિસ્તરતા હસ્ત દ્વારા પ્રસરતી શક્તિનું, ત્રિકોણ દ્વારા દિશાઓનું, સર્પ અને રક્તવર્ણ દ્વારા સંહાર તો પવિત્ર મનાતા પીત વર્ણ દ્વારા બ્રહ્માનંદ તથા ઋગણાવસ્થા ને વર્તુળો દ્વારા વ્યાપક પંચ મહાભૂતો અને અવસ્થાભેદ વગેરે વિવિધ વિરોધ-સામ્યના સામરસ્યનું નિરૂપણ કરી 'કલ્કિ અવતાર'ની રજૂઆત કરવાનો પ્રયાસ છે, પરંતુ મૂળ તંત્રવિદ્યા સાથે આનો (તેમજ આ પ્રકારનાં સર્જાતાં તાંત્રિક ચિત્રોનો) સીધો સંબંધ જણાતો નથી; માત્ર તેનાં અવનવાં પ્રતીકોનો ઉપયોગ કરી પોતાની રીતે તેનું અર્થઘટન કરવામાં આવે છે.

## સરનામું નાનું / ભાનુપ્રસાદ પંડ્યા

· મિશ્ર ·

ભીંસાઈને તબલચીતણી બે ય થાપી
વચ્ચેથી કો સરકતી પળ શું સર્યું વા
ખીલી ખર્યું સમીપ વૃન્તથકી પ્રસૂન?
કે ભોરની અળશ ભેળું ઊડી ગયું? ના,
પંથે પડ્યા સ્વજનની પીઠ જેટલુંક
દેખાઈને વર્ષ થયું અલોપ.

ને ટીપણાનો વળ ખૂલતાં જ
આવ્યો છલાંગ ભરતો દિન એક બ્હાર,
મૂઠી ભરી કંઈક રંગની આંગણાને
ઓપાવતો, ચીતરતો વળી કૈં ગલીને!

ત્યાં 'લાભ' 'શુભ' વચમાં ઊભી ડેલીમાં થૈ
વસ્ત્રોતણો ઝગમગાટ પસાર, ઝીલે
ઝાઝી સલામી સ્મિત આળખેલાં!
ચ્હેરે બધે નીરખતાં સહુ થાય છાનું
પેખું ગયા વરસનું સરનામું નાનું!

ℂ કાવ્યમાં ગયા વરસનું નાનું સરનામું પ્રત્યેક ચહેરા પર કોઈ અતીતની રેખારૂપે અંકિત થએલું દેખાતું કલ્પ્યું છે. એ સરનામું મૃત્યુનું નહિ પણ અનંતનું—મહાકાળનું છે. ૭ પંક્તિ સુધીનાં કલ્પનોનું નાવીન્ય વાચકોને ગમશે. ગત વર્ષ જાણે 'બેસતા વર્ષે સ્ત્રીઓ સવારમાં સંજવાળી કાઢીને અળશ નાખી આવે તેની સાથે ઊડી ગયું?'–માં તેના પ્રત્યેની ઉપેક્ષા, પ્રસૂનના કલ્પનમાં એ વર્ષના કર્મની પરિપૂર્ણતા તથા તબલચીની બે થાપી વચ્ચેના સમયના કલ્પન દ્વારા તે કેવી ઝડપથી જતું રહ્યું તેની ગતિશીલતા સૂચવાયાં છે. વાંસો વળેલા સ્વજનને જોઈએ તેટલી તેના પ્રત્યે ય મમતા તો છે જ.

## લવાજમમાં થોડો વધારો

### રૂ. ૨૧ના ૨૪

કાગળ અને મુદ્રણસામગ્રીના ભાવોમાં ફરી પાછો વધારો થવાથી અમારે ન છૂટકે લવાજમમાં થોડો વધારો કરવો પડ્યો છે. ગયા માસથી 'કુમાર'નું વાર્ષિક લવાજમ **દેશમાં રૂ. ૨૪ · પરદેશમાં રૂ. ૪૦** અથવા પાઉન્ડ ૨ યા ડૉલર ૫–૫૦ થયું છે. આશા છે કે સુજ્ઞ ગ્રાહકો પરિસ્થિતિ પ્રમાણીને આ નિભાવી લેશે.

## નવા વર્ષની ભાવના

**થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું; વૈભવને બદલે સુંદરતા અને ફૅશનને બદલે સુઘડતા પસંદ કરવી; સંમાનનીય થવા કરતાં–સંમાનને ઝંખવાને બદલે–(માનને) યોગ્ય અને પાત્ર બનવું, અને સંપત્તિવાન નહિ પણ સમૃદ્ધ બનવું; સખત પરિશ્રમ (ઊંડો અભ્યાસ) કરવો, શાન્ત ચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી, નિખાલસપણે વર્તવું; તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવાં; બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કરવું; અવસરની રાહ જોવી, ઉતાવળ કદી કરવી નહિ;—ટૂંકમાં સામાન્યતામાં અણકથી અને અભાનપણે રહેલી આધ્યાત્મિકતાને પ્રકટવા દેવી;—આ મારી સંવાદગીતિ (જીવનભાવના) છે.**

વિલિયમ હેન્રી ચૅનિંગ

'કુમાર'ના વાચકો આગળ નવા વર્ષ નિમિત્તે આ ઉપર જે જીવનભાવના રજૂ કરીએ છીએ તેની એક નાની સરખી વાત છે.

ગુજરાતી માસિક 'નવનીત'ના થોડા માસ પરના અંકમાં શ્રી નારાયણ દત્ત (હિંદી 'નવનીત'ના સંપાદક)ની 'ના. દ.' એવી સહીથી નીચેનો પત્ર પ્રકટ થયો હતો:

> મારા મામાના સરસ રીતે ગોઠવેલા દીવાનખાનામાં મારી નજર દીવાલ પર ટાંગેલી એક નાની ફ્રેઈમ પર પડી, જેમાં સુંદર ટાઈપમાં છપાએલી અંગ્રેજીની એક નાનકડી પ્રાર્થના મઢેલી હતી. પાસે જઈને જોયું. શીર્ષક હતું: 'માઈ સિમ્ફની' (મારી સંવાદગીતિ). મેં એ લખાણ વાંચ્યું—એક વાર, બે વાર. દરેક વખતે જાણે હૃદયમાં નવો દીપક પ્રકટી ઊઠે છે એમ લાગ્યું. મેં કહ્યું: 'મામા, આ પંક્તિઓ તો મારે લખી લેવી પડશે.'
>
> તેમણે કહ્યું: 'ચોક્કસ લખી લે, પણ એની પાછળની ઘટના પણ સાંભળવા જેવી છે. પિસ્તાલીસેક વર્ષ પહેલાં અમે રામનગરના એક ભાડાના ઘરમાં રહેવા ગયા. જૂનો ભાડૂત ઘર ખાલી કરતી વખતે જે કચરો મૂકતો ગયો હતો, એમાં આ કાગળ પણ હતો. મેં એને ફ્રેઈમમાં મઢાવી લીધો, અને તે દિવસથી જે જે મકાનમાં હું રહ્યો છું, તેના દીવાનખાનામાં મેં આ પ્રાર્થના રાખી છે.' એ પંક્તિઓ આ પ્રમાણે છે:

અહીં એમણે ઉપર આપેલી જીવનભાવના ઉતારી હતી, અને પછી લખ્યું હતું:

> કાગળ પર મેં લેખકનું નામ પણ લખી લીધું હતું, પણ મામાની જેમ મેં કાગળ મઢાવ્યો ન હોવાથી લેખકનું નામ ખૂણેથી ફાટી ગયું છે. 'વિલિયમ હેન્રી'–એટલું વંચાય છે. મામા તો હવે છે નહિ જેથી તેમને પૂછી શકું. તો કોઈએ આ પંક્તિઓ પૂરી વાંચી હોય અને તેમને લેખકના નામની ખબર હોય તો જણાવશો?

**આ** વાંચતાં એનો રણકો મને પરિચિત લાગ્યો અને તરત, અઢાર વર્ષની વયે વાંચેલી એની મૂળ અંગ્રેજી ભાવના યાદ આવી. અંગત લાયબ્રેરીમાંથી એ શોધી કાઢી ગુજરાતી 'નવનીત'નાં સંપાદિકા કુંદનિકા બહેનને લખ્યું:

'નવનીત'ના ડિસેમ્બર'૭૩ અંકના પૃ. ૮૪ના છેડે મુંબાઈના શ્રી ના. દ. તરફથી મૂળ અંગ્રેજી 'માઈ સિમ્ફની'નો ગુજરાતી અનુવાદ આપી તેના લેખકના પૂરા નામ વિષે પૃચ્છા પ્રગટ થઈ છે. એ લખાણની સુંદર અક્ષરે આલેખાએલી તકતી આજથી ૫૭–૫૮ વર્ષ પહેલાં મેં ૧૭-૧૮ વર્ષની વયે ઇંગ્લૅન્ડના પેલા જાણીતા ને અનન્ય વાર્ષિક 'બિબ્બીઝ ઍન્યુઅલ'ના ઈ. ૧૯૧૫ના અંકના પૃ. ૯૪ ઉપર વાંચેલી, ત્યારની અંતરમાં જડાઈ રહીને મારા જીવનની માર્ગદર્શિકા રૂપ બની રહી છે. એના મૂળ લેખકનું આખું નામ વિલિયમ હેન્રી ચૅનિંગ છે અને એ કાળે જીવનસૂત્ર તરીકે બહુ જાણીતી એ તકતી અનેક સ્થળે પ્રગટ થતી રહેલી. અહીં નીચે તે (મૂળ અંગ્રેજી) ઉતારું છું.

**My Symphony**

To be content with small means; to seek elegance rather than luxury and refinement rather than fashion; to be worthy not respectable and wealthy not rich; to study hard, think quietly, talk gently, act frankly; to listen to stars and birds, to babes and sages with open heart; to bear all cheerfully, do all bravely; await occasion, hurry never;—in a word, to let the spiritual unbidden and unconscious come up throught he common;—this is to be my symphony. — *William Henry Channing*

શ્રી. ના. દ. એ તેનું સારું ગુજરાતી રૂપાંતર આપ્યું છે તે અભિનંદનીય છે. આશા રાખું છું કે આ માહિતી એમને તથા આપના અન્ય વાચકોને ઉપયોગી નીવડશે.

**આ** પત્ર એમણે 'નવનીત'ના તે પછીના અંકમાં પ્રકટ કર્યો હતો. એમાં જણાવ્યા પ્રમાણે જે ભાવનાએ છેક તારુણ્યથી મારા જીવન ઉપર અસર કરી છે તે આ નૂતન વર્ષ નિમિત્તે 'કુમાર'ના વાચકો આગળ પણ ધરવાની ઇચ્છા થઈ; એટલે મારા ઉપર્યુક્ત પત્રમાં જણાવ્યા મુજબ 'બિબ્બીઝ ઍન્યુઅલ'માં જે રીતે સુંદર કલ્પલતાયુક્ત તકતીમાં સુશોભિત સુલેખનથી તે લખાએલી તે જ સ્વરૂપે તે આ અંકના પૂઠા ઉપર આપી છે. આશા રાખું છું કે વાચકો એનો સુયોગ્ય ઉપયોગ કરશે. **બ. રા.**

# ઘડતર

**ત્ર**ણેક વર્ષ પહેલાં વિમાનમાં એક સજ્જનનો સાથ થઈ ગયો. સામાન્ય ઓળખાણ પછી મારી પ્રવૃત્તિ વિષે એમણે પૂછ્યું.

'રેલવેમાંથી નિવૃત્ત થયો છું, અને હવે કંઈ અનુકૂળ કાર્ય શોધું છું.'

'શું સંતાન છે?' 'બે દીકરા, ત્રણ દીકરી.'

'કંઈ જવાબદારી બાકી છે?'

'ના. ઈશ્વરકૃપાથી ત્રણે ય દીકરીઓ એમને ઘેર સુખી છે. દીકરા નોકરી કરે છે. એમને ત્યાં પણ બાળકો છે. એક દીકરો ઑફિસના કામે પરદેશ જઈ રહ્યો છે, ને એ માટે હું મુંબાઈ જઈ રહ્યો છું.'

'તો પછી બહારનું કામ શા માટે શોધો છો?'

'એક તો નિવૃત્તિમાં ચેન પડે નહિ, અને બીજું, કાળ કપરો છે ને વધુ વિષમ થતો જાય છે. એ જોતાં કંઈક મદદરૂપ થવાની ઈચ્છા યે ખરી.'

આ સાંભળી થોડી વાર એ ભાઈ વિચારમાં પડી ગયા. પછી કહે: 'મારું માનો તો બીજી કોઈ પ્રવૃત્તિ કરવા કરતાં પુત્રો પાસે રહી એમનાં સંતાનોને સંસ્કાર આપો. કાળ બધી રીતે વિષમ થતો જાય છે એવે વખતે બીજી કોઈ મૂડી કરતાં સારા સંસ્કાર વિશેષ ઉપયોગી થઈ પડશે.'

**એ** વખતે તો મને એમનું સૂચન જચેલું નહિ. ઈતર પ્રવૃત્તિ માટે મેં પ્રયત્નો જારી રાખ્યા. એવામાં એક મિત્રનું તેડું આવ્યું. એમનું એક ખાસ અંગત કામ હતું અને બીજા કોઇને સોંપાય તેમ ન હોઈ હું કરી આપું તો એમને નિરાંત રહે એટલે મને સોંપ્યું. દરમિયાન મારે એમને ત્યાં જ રહેવાનું હતું. મનને ગમે એ રીતનું કામ હોઈ મેં એ હાથ ધર્યું.

મિત્રનું કુટુંબ પણ ભર્યુંભાદર્યું હતું. વૃદ્ધ માતાપિતા પણ એમની સાથે જ રહેતાં. મિત્રને નાનાં પુત્રપુત્રી હતાં. બંને બાળકો દાદા દાદીનાં હેવાયાં હતાં.

દાદાજી રોજ સવારે પૂજામાં બેસે. પૌત્રી પણ એમની પાસે બેસે. ઘણી વાર એ પૂજામાં દાદાજીને કંઈ ગાવાનું કહે.

'હા, બેટા. બરાબર બેસો. હાથ જોડી જે જે કરો.' અને પછી દાદાજી ગાય:

'याश्री स्वयं सुकृतिनां भवनेश्वलक्ष्मी' या 'असित गिरिसमंस्यात् कज्जलं सिंधुपात्रे.'

નાનો પૌત્ર પણ ત્યાં આવી ચડે તો દાદાજી એને ય હાથજોડ કરાવી પોતાના ખોળામાં બેસાડે. દાદાજી ગાઈ રહે ત્યાં સુધી બંને બાળકો સ્થિર બેસી એક ચિત્તે સાંભળે. રાત્રે એ બંને બાળકોને સુવડાવતી વેળા એમના પિતા ગીતાના ગુજરાતી ભાષાંતરનો એક અધ્યાય વાંચી સંભળાવે, તો ક્યારેક બાળકોની માતા યા દાદીમા કંઈ ભક્તિગીતો પણ ગાઈ સંભળાવે. પૌત્રી પણ પોતાની કાલી ભાષામાં એમાં સૂર પુરાવે.

પૌત્રી કંઈક સમજણી, એટલે ઘણીવાર દાદાજીને અવનવા પ્રશ્નો પૂછે. ક્યારેક એકનો એક પ્રશ્ન વારંવાર પણ પૂછ્યા કરે; પણ દાદાજી ધીરજ રાખી ધીરેધીરે એને સમજાવે. ક્યારેક બાળકો તોફાન કરે ને માતાપિતા વઢે ત્યારે એ દાદાજી એમનો આશરો.

**એ**ક દિવસ સહજભાવે મેં મુરબ્બીને પૂછ્યું: 'આપને આમાં કંટાળો નથી આવતો?' 'ના. બીજી કોઈ પ્રવૃત્તિ થાય એવી ઉમર નથી, અને આમેય મારે કંઈ ચિંતા નથી. ક્યારેક ઇચ્છા થાય કે કંઈ કામ હોય તો બહાર જઈ આવું. બાકી ઘરમાં રહેવાથી છોકરાંનું ધ્યાન રહે છે. આ જ રીતે મારાં માતાપિતાએ મારાં બાળકોને ઉછેર્યાં હતાં. આ બાળકોને આ રીતે રાખીને કંઈક અંશે એ ઋણ અદા કરું છું.'

'એ ખરું; પણ ક્યારેક એકની એક વાત વારંવાર કહેવાનો કંટાળો ન આવે?'

તેઓ હસ્યા: 'ખરું પૂછો તો આ જમાનામાં મોટાંને ય એકની એક વાત કેટલીય વાર કહેવી પડે! તો પછી બાળકોનો શો દોષ?'

એમની વાત ખરી જ હતી એક સારી મૂર્તિ ઘડવા શિલ્પીને ધીરજ રાખી કેટલી મહેનત કરવી પડે છે? ત્યારે કેટલા સમય પછી એ એક સુંદર શિલ્પ સર્જી શકે છે! ત્યારે આ તો માનવઘડતરનું કામ છે. રમતગમતના ક્ષેત્રે બચપણથી જ એની તાલીમ આપવાનો સિદ્ધાંત સ્વીકારાયો છે, તો સારા સુદૃઢ ચારિત્ર્યશીલ નાગરિકો ઘડવા છેક બાળપણથી જ એમના પ્રત્યે લક્ષ આપવું જરૂરી નથી? કદાચ આ દુર્લક્ષને કારણે જ આજનું યુવાધન વેડફાઈ રહ્યું છે.

—મુકુન્દરાય ભ. ભટ્ટ

**હરિઃ ૐ આશ્રમ તરફનું ઑક્ટોબર અંક માટેનું રૂ. ૫૦નું**

**જીવનચરિત્ર પારિતોષિક**

**'રામશાસ્ત્રી પ્રભુણે'ના લેખક પ્રો. વસંત જોષીને મળે છે.**

**ભારતીય સાહિત્ય ને સંસ્કૃતિની સમૃદ્ધિ તથા તેના ગૌરવની પશ્ચિમના જગતને સૌ પ્રથમ જાણ કરનાર એશિયાઇ સંસ્કૃતિનો આશક એક અંગ્રેજ ન્યાયાધીશ**


# સર વિલિયમ જોન્સ

લેખક · ધીરુભાઈ પરીખ

**પશ્ચિમમાં** જન્મવા છતાં પૂર્વ તરફ પક્ષપાત સેવનાર, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સભ્યતામાં ઊછરવા છતાં પૌરસ્ત્ય સંસ્કૃતિ અને સભ્યતા પ્રત્યે આકર્ષાનાર, પશ્ચિમની ભાષાઓ ભણીગણી પૂર્વની ભાષાઓમાં નોંધપાત્ર સિદ્ધિ દાખવનાર તથા એ સમન્વયકારી દષ્ટિકોણ અને દર્શનથી પૂર્વ–પશ્ચિમ વચ્ચે સેતુ બનનાર જે થોડા ભારતપ્રેમી અંગ્રેજો આપણા માનના અધિકારી થઈ ગયા તેમાં સર વિલિયમ જોન્સનું નામ ગૌરવભેર ગણાવી શકાય. ઈસ્ટ ઇંડિયા કંપનીએ પોતાનો રાજકીય પગદંડો પાકો જમાવી દીધો હતો ત્યારે ઈ. ૧૭૮૩માં કલકત્તાની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે ભારતની ધરતી પર પગ મૂકી એમણે દીર્ઘ કાળથી સેવેલું ભારતદર્શનનું પોતાનું સ્વપ્ન સિદ્ધ કર્યું. 'આમ સિદ્ધ કર્યું' શબ્દપ્રયોગ એટલા માટે કર્યો છે કે એમણે ભારત આવવા અથાક પ્રયત્નો કરેલા. એ સ્વપ્ન છોડને, ત્યાર પછી, પુરુષાર્થનાં પાણીથી સિંચતાં જે અનેક પક્વ ફળ બેઠાં તેની વાત આગળ ઉપર જોઈશું.

ગણિતજ્ઞ પિતાને ત્યાં ઈ. ૧૭૪૬ના સપ્ટેમ્બરની અઠ્ઠાવીસમી તારીખે લંડનમાં એમનો જન્મ થએલો. હજુ માંડ બે વર્ષની ઉમર થઈ હશે ત્યાં તો પિતાનો સ્વર્ગવાસ થયો અને બાળક વિલિયમનો ઉછેર માતાની છત્રછાયામાં આવી પડ્યો. એક તરફથી તબિયત નાજુક અને નાદુરસ્ત રહ્યા કરતી, તો બીજી બાજુથી નવેક વર્ષની નાની વયે થાપાનું હાડકું ભાંગ્યું! આને લીધે એક વર્ષ પથારીમાં પડ્યા રહેવું પડ્યું. આ એક વર્ષ દરમિયાન અંગ્રેજીના ઉત્તમ કવિઓનું વાચન કર્યું. આથી ભાષા-સંસ્કારો અને સાહિત્યપ્રેમ પ્રોત્સાહિત થયા. વળી નાનપણથી જ એણે માનસિક પુખ્તતા દાખવવા માંડી હતી. માત્ર ચાર જ વર્ષની ઉમરે એ સારુ અને ઝડપથી વાંચી શકતો. પણ એ નાનપણમાં જ અકસ્માત થતાં એક આંખનું નૂર જિંદગીભર ઘટી ગયું! આવી વિપદા વચ્ચે પણ એણે હતોત્સાહ થયા વગર માનસિક સંપદા હાંસલ કરવા માંડી ઈ. ૧૭૫૩માં આઠ વર્ષની વયે માતાએ એને હૅરોની નામીચી શાળામાં દાખલ કર્યો. ત્યાં લોઅર સ્કૂલમાં (પ્રાથમિક ધોરણોમાં) એ ખાસ ચમક્યો નહિ, કારણ કે એ વારંવાર બીમાર પડી જતો. પણ એનો વિદ્યાપ્રાપ્તિ માટેનો પુરુષાર્થ તો ચાલુ જ હતો. બાર વર્ષની વયે તો એણે અદ્ભુત સ્મરણશક્તિનું દર્શન કરાવી આપેલું. કહે છે કે એક વાર શેક્સપીઅરની નાટ્યકૃતિ 'ટેમ્પેસ્ટ'ને એણે સ્મૃતિબળે ઉતારી આપેલી!

હૅરોમાં હિબ્રૂ ભાષા શીખી એ ઑક્સફર્ડની યુનિવર્સિટી કૉલેજમાં જોડાયો. પહેલાંથી જ હિબ્રૂ ભાષાના અભ્યાસે એને પ્રાચ્ય વિદ્યામાં રસ જગાડ્યો હતો, એટલે ઑક્સફર્ડમાં દાખલ થયા પછી તરત જ અરબીના અભ્યાસ માટે એણે એલેપ્પોના એક શિક્ષકને રોક્યા અને ઈ. ૧૭૬૬માં તાતી નાણાંભીડ આવી પડી ત્યાં સુધી એમને ચાલુ રાખ્યા. આમ, અરબીમાં પાંડિત્ય પ્રાપ્ત કરવાનો પાયો નખાયા બાદ એણે ફારસીનો અભ્યાસ શરૂ કર્યો. અને એમાં તો કેવળ સ્વપ્રયત્ને ભારે વિદ્વત્તા પ્રાપ્ત કરી, તે એટલે સુધી કે ઈ. ૧૭૭૧માં એણે ફારસી ભાષાના વ્યાકરણનો ગ્રંથ પ્રગટ કર્યો, જેણે એને ચિરંજીવ પ્રસિદ્ધિ અપાવી. આ પહેલાં જ એની સર્જનશક્તિ તો કોળવા લાગી ગઈ હતી. શાળાજીવન દરમિયાન એણે કાવ્યો લખવાની શરૂઆત કરી હતી. ઈ. ૧૭૬૬ની ૭મી ઑગસ્ટે એ ઑક્સફર્ડની યુનિવર્સિટી કૉલેજમાં 'ફેલો' નિમાયો, ને એ જ વર્ષે પ્રાચ્ય ભાષાઓના દુભાષિયા તરીકેની કામગીરી સ્વીકારવા ડ્યુક ઑવ ગ્રાફ્ટને એને આમંત્રણ આપ્યું, પરંતુ પોતાના અભ્યાસની



વિલિયમ જોન્સ (સર જોશુઆ રેનૉલ્ડ્સના એક ચિત્ર પરથી)

**વનપ્રવેશના ઉંબરે પહોંચ્યા પહેલાં તો એનું જીવન સંકેલાઈ ગયું. છતાં એટલા અલ્પ આયુમાં યે એણે પોતાના અવિશ્રાંત શ્રમ, ખંત અને નિયમિત કાર્યપ્રણાલી વડે કાયદાશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરી ફૉર્ટ વિલિયમ (કલકત્તા)ના વરિષ્ઠ ન્યાયાધીશનું પદ અને 'નાઈટહૂડ'નું માન મેળવ્યું. વિવિધ પ્રજાની વિચારધારાઓ અને સંસ્કૃતિને સાચી રીતે સમજવા એણે જર્મન, ફ્રેન્ચ, ચીની, હિબ્રુ, અરબી વગેરે અનેક ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું, અને ફારસી ભાષાનું તો વ્યાકરણ પણ લખ્યું. માત્ર અગિયાર જ વર્ષના પોતાના ભારતવાસમાં, ભાંગીતૂટી હિન્દીની સહાયથી એક જ વર્ષમાં સંસ્કૃત જેવી અઘરી ભાષા પર કાબૂ મેળવી લઈ 'શાકુંતલ', 'ઋતુસંહાર', મનુસ્મૃતિ' વગેરે જેવી કૃતિઓને પોતાની ભાષામાં ઉતારીને પશ્ચિમમાં એની મહત્તાનો પ્રથમ પરિચય આપવા સાથે અંગ્રેજી સાહિત્યકોષને વધુ સમૃદ્ધિ અર્પીને પ્રાચ્ય વિદ્યાનાં દ્વાર ખોલવા સાથે 'એશિયાટિક સોસાએટી'ની સ્થાપના વડે ખુદ ભારતીય પ્રજામાં પણ રાષ્ટ્રીય ગૌરવ પ્રકટાવ્યું. એના સર્વતોભદ્ર વિદ્યાવ્યાસંગે પશ્ચિમી જગતને પૂર્વની સંસ્કાર-સમૃદ્ધિનો મોહ લગાડ્યો.**



સર ચાર્લ્સ વિલ્કિન્સ (૧૭૫૦-૧૮૩૬): અંગ્રેજીમાં ગીતાનો સૌ પ્રથમ અનુવાદ કરનાર અને એ છાપવા માટે પોતે દેવનાગરી ટાઇપો બનાવનાર સંસ્કૃતના વિદ્વાન. વિલિયમ જોન્સે સંસ્કૃત ભાષાની પ્રાથમિક સમજ એમની પાસેથી મેળવેલી. (ફોટો પ્રેષક: શંકરદેવ વિદ્યાલંકાર)

સ્વતંત્રતાને ટકાવી રાખવા એણે એ નોકરીનો વિવેકપૂર્વક અસ્વીકાર કર્યો. અને આજીવિકા પૂરતી અર્લ સ્પેન્સરના સાત વર્ષના પુત્ર ને વારસદાર લૉર્ડ આલ્થૉર્પને ખાનગી શિક્ષણ આપવાની કામગીરી સ્વીકારી.

એ કુટુંબ સાથેનો સંબંધ લાભદાયી નીવડ્યો. ઈ. ૧૭૬૭માં સ્પેન્સર પરિવાર સાથે જર્મની જવાનું થયું એ એની પ્રથમ વિદેશયાત્રા. ગરમ પાણીના ઝરા માટે વિખ્યાત ત્યાંના સ્પાનગરમાં ત્રણ સપ્તાહમાં જ એણે જર્મન ભાષા શીખી લીધી. આવી હતી એની સમજશક્તિ, ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ! અહીંથી જ એને ચીની ભાષા શીખવાનો છંદ પણ લાગ્યો. આ જ પરિવાર સાથે એણે ફ્રાન્સનો પ્રવાસ પણ કર્યો, ને તેમાં ફ્રેન્ચ ભાષા સારી રીતે શીખી લીધી. લૂઈ સોળમાએ તો એના આ ભાષાજ્ઞાન વિષે કહ્યું પણ ખરું: 'He is a most extraordinary man! He understands the language of my people better than I do myself.' ડેનમાર્કના રાજા ક્રિશ્ચિયન સાતમાના આગ્રહથી નાદિરશાહના ફારસી જીવનચરિત્રનું તેણે ફ્રેન્ચ ભાષાંતર આપ્યું. આ કદાચ એનું પ્રથમ પ્રકાશન.

ઈ. ૧૭૭૦માં સ્પેન્સર કુટુંબના શિક્ષકપદેથી છૂટા થઈ એણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. આની પાછળ એનો મુખ્ય આશય વધુ આમદની મેળવવાનો જ હતો. પરંતુ એ અભ્યાસે તો એને હિન્દુસ્તાન આવવાનું દ્વાર ખોલી આપ્યું. ઈ. ૧૭૭૪ના જાન્યુઆરીમાં એણે કાયદાશાસ્ત્રની છેલ્લી પરીક્ષા પાસ કરી ને વકીલ બન્યા પછી રાજકારણમાં રસ લેવા માંડ્યો. પરંતુ ધારાશાસ્ત્રી બન્યા પહેલાં બે ત્રણ મહત્ત્વની બાબતો બની ગઈ. એક તો એ કે ૧૭૭૨ના એપ્રિલની ૩૦મીએ એ ઇંગ્લૅંડની જાણીતી વિદ્વદ્સભા 'રૉયલ સોસાએટી'માં ફેલો તરીકે ચૂંટાયો, અને બીજી ઘટના એટલે એશિયાની ભાષાઓનાં કાવ્યોના એણે કરેલા અનુવાદોનો સંગ્રહ પ્રગટ થયો તે. આ રીતે પ્રાચ્ય વિદ્યાઓના ઇંગ્લૅંડ ખાતે પ્રચારક અને પ્રતિપાદક બની એણે સારી એવી કીર્તિ હાંસલ કરી. પરિણામે ઇંગ્લૅંડના કોશકાર અને પ્રતિભાશાળી પુરુષ ડૉ. સૅમ્યુઅલ જોહ્નસનની સાહિત્યિક સભામાં ૧૭૭૩ના એપ્રિલની બીજીએ સભ્ય તરીકે ચૂંટાઈ ધ્યાનાકર્ષક બન્યો. પાછળથી ૧૭૮૦માં તો એ જ મંડળનો એ પ્રમુખ પણ બનેલો. વળી એના કાયદાશાસ્ત્રના જ્ઞાનને લઈને ૧૭૭૬માં નાદારી કમિશનના એક સભ્ય તરીકે એની નિમણૂક પણ થએલી. ન્યાય ખાતાની આ પ્રવૃત્તિમાં એ રાતદિવસ લગાતાર ગળાબૂડ રહેતો, તે એટલે સુધી કે ઊંઘવાનો અને ખાવાનો સમય પણ એને ભાગ્યે જ મળતો.

આ બધાં વર્ષો દરમિયાન ભારત આવવા માટેનું એનું મંથન તો ચાલુ જ હતું. છેવટ ૧૭૮૨ની પહેલી માર્ચે એક વારના પોતાના શિષ્ય અને પછીથી પોતાના મિત્ર એવા લૉર્ડ આલ્થૉર્પ પરના પત્રમાં ભારત આવવાની પોતાની ઉત્કટ ઇચ્છા આ પ્રમાણે વ્યક્ત કરી: I feel and know mysellf capable of doing some good in Asia.. and I should like to see the country and give the finishing stroke to my oriental knowledge. અને આ ઇચ્છા એક જ વર્ષમાં પાર પડી: ઈ. ૧૭૮૩ની ચોથી માર્ચે કલકત્તાની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકેની એમની નિમણૂક અંગે જાહેરાત થઈ ને એ જાહેરાતના દિવસે જ એમના મોભાને અનુરૂપ 'નાઈટહુડ'નો ('સર'નો) ખિતાબ પણ આપવામાં આવ્યો. એક જ માસ બાદ આઠમી એપ્રિલે પ્રિયતમા આના શિપ્લે સાથે તે લગ્નગ્રંથિથી જોડાયા, અને સપ્ટેમ્બરની આખરે 'ક્રૉકોડાઇલ' નામક સ્ટીમર દ્વારા કલકત્તાના બારામાં પગ મૂક્યો—અને લાંબા કાળથી ઝંખેલી આ ભારત ભોમકા પર પ્રથમ વાર પગ મૂકતાં એમણે અદ્‌ભુત રોમાંચ અનુભવ્યો! આમ ૧૭૮૩ની સાલ જોન્સના જીવનમાં સીમાવર્તી વર્ષ બની રહી.

જોન્સનું ભારતાગમન એમના જીવનનો એક મહત્ત્વનો વળાંક અને ભારત માટે એથી પણ વિશેષ ઘટના છે. ઈ. ૧૭૮૩ના ડિસેમ્બરમાં એમણે ન્યાયાધીશ તરીકેનો પોતાનો હોદ્દો સંભાળી લીધો. ઘણા વખતથી એમના મનમાં વિચાર ઘોળાયા કરતો હતો. કે ઇંગ્લૅંડની 'રૉયલ સોસાએટી' જેવા વિદ્યામંડળની સ્થાપના હિંદમાં પણ કરવી. એમણે આ વાત ત્યાંના ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સને કાને નાખી. હેસ્ટિંગ્સે તો એમને જ એ કામ સોંપ્યું. તદનુસાર 'એશિયાટિક સોસાએટી ઑફ બૅંગાલ' (હવે 'રૉયલ એશિયાટિક સોસાએટી')ની સ્થાપના થઈ અને જોન્સ તેના પ્રથમ પ્રમુખ બન્યા. આ સોસાએટીની સ્થાપના પહેલાં જ એમને સમજાઈ ગયું હતું કે ભારતના લોકોનો ન્યાય તોળવા માટે એમનાં મૂળ ધાર્મિક અને કાનૂની શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ અને તે માટે પોતે વહેલામાં વહેલી તકે સંસ્કૃત શીખી લેવું પડશે. જોકે આ અગાઉ એમણે સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન, સર ચાર્લ્સ વિલ્કિન્સ પાસેથી મેળવ્યું, પણ એ પછી આ સંસ્કૃતના અભ્યાસ માટેનો એમનો પ્રેમ અને પુરુષાર્થ એમના જીવનનું રસિક અને પ્રેરણાદાયી પ્રકરણ છે.

સંસ્કૃત શીખવા માટે હવે એમણે કોઈ પંડિતની શોધખોળ આદરી. એમના મિત્ર કૃષ્ણનગરના મહારાજા શિવચંદ્રે પણ બહુ તપાસ કરી; ભારે પગાર આપવા પણ તૈયારી બતાવી. પણ એક પરદેશી યવનને એમ સંસ્કૃત જેવી પવિત્ર દેવભાષા વેચવા તે વળી કોણ તૈયાર થાય?! એ વખતે સંસ્કૃતના મુખ્ય કેન્દ્ર નવદ્વીપમાં શોધ કરી જોઈ; પણ ત્યાંથી યે કોઈ મળ્યું નહિ. ઘેરી નિરાશા વ્યાપી વળે એવા સંજોગોમાં પણ એમણે આશાદીપ ઓલવાવા દીધો નહિ. આખરે, પંડિત તો નહિ પણ રામલોચન કવિભૂષણ નામના એક વૈદરાજ જોન્સને સંસ્કૃત શીખવવા તૈયાર થયા. એઓ અપરિણીત હતા એટલે સમાજનો એમને ડર નહોતો. હાવરા પાસે સલકિયામાં એઓ રહેતા. રોજ પાલખીમાં સલકિયાથી ચોરંગી એ જોન્સને સંસ્કૃત શીખવવા જતો. માસિક રૂપિયા સો (એ કાળે!) નો પગાર. અને વળી શરતો તો કેવી આકરી સાંભળો:


જોન્સના બંગલામાં નીચેનો એક ખંડ આ શિક્ષણકાર્ય માટે રાખવામાં આવ્યો. તેને આરસની ફરસબંધી કરવામાં આવી. વળી એક હિંદુ નોકર દ્વારા ગંગાજળ મંગાવી, અભ્યાસ શરૂ કરતાં પહેલાં રોજ એ ભોં અને દીવાલોને ધોઇને પવિત્ર કરવાનાં. ત્યાંનાં ખુરશી-ટેબલને ય ધોઈ નાખવાનાં. ઉપરાંત અભ્યાસ શરૂ કરતાં પહેલાં જોન્સે એક પ્યાલા ચા સિવાય કશું જ લેવાનું નહિ. ગોમાંસ કે ડુક્કરનું માંસ બંગલામાં ક્યાંય આવવું જોઇએ નહિ. વૈદરાજને માટે કપડાં બદલવા એક અલાયદા ઓરડાની સગવડ હોવી જોઇએ, જ્યાં રોજ કપડાં બદલીને જ એઓએ સંસ્કૃત શીખવવાનું, અને કપડાં રોજેરોજ ધોવાઈ જવાં જોઇએ. આવી આકરી કબૂલતોને અંતે રોજ સવારમાં ગુરુ શિષ્યને સંસ્કૃત જ્ઞાન આપવા લાગ્યા. પરંતુ જેને જ્ઞાનની ખરી લગની

લાગી હોય છે એને કોઈ બાધા નડતી જ નથી. એક જ વર્ષમાં તનતોડ મહેનત કરી જોન્સે સમજવા–બોલવા જેટલું સરળ સંસ્કૃત શીખી લીધું! વાતવાતમાં એમણે એક વાર પંડિતજી પાસેથી જાણી લીધું કે સંસ્કૃતમાં નાટકો પણ છે. તરત એમણે મહાકવિ કાલિદાસના 'શાકુંતલ'નો એમની પાસે અભ્યાસ શરૂ કર્યો. અને એ નાટકની કલાસમૃદ્ધિથી જોન્સ વારી ગયા! અંધારી ખાણમાં પડેલા આ નાટ્યરત્નને એમણે પારખી લીધું! અને એનો એમણે ગદ્યપદ્યમય અનુવાદ કર્યો. આ અનુવાદ વાંચવામાં આવતાં જર્મન કવિ ગેટે એટલો તો ઝૂમી ઊઠ્યો કે તેને માથે મૂકી નાચી રહ્યો! પંડિતોના પટારામાં પુરાએલી સંસ્કૃતની સમૃદ્ધિને એમણે આ રીતે પશ્ચિમની દુનિયા આગળ ઝળહળતી કરી.

ઈ. ૧૭૮૯માં એમણે શાકુન્તલનું 'શકુંતલા ઑર ધ ફેટલ રિંગ : ઍન ઇન્ડિયન ડ્રામા' નામક આ ભાષાંતર કર્યું તે પહેલાં પ્રસિદ્ધ ગ્રંથ 'હિતોપદેશ' (૧૭૮૬) અને જયદેવ કૃત 'ગીત ગોવિન્દ' (૧૭૮૯)ના અંગ્રેજી અનુવાદો કરેલા. ઈ. ૧૭૯૨માં તો એમણે કાલિદાસના 'ઋતુસંહાર'નો અનુવાદ કરી સાથે મૂળ કૃતિ પણ સંસ્કૃતમાં છપાવી. સંસ્કૃતમાં છપાનાર કદાચ આ પહેલું પુસ્તક. શ્રી એ. રંગનાથનના મત પ્રમાણે તો શાકુન્તલનું ભાષાંતર એ યુગપ્રવર્તક અને ફ્રેન્ચ ક્રાંતિ કરતાં પણ વધુ મહત્ત્વની પ્રભાવોત્પાદક ઘટના હતી. એઓ લખે છે : "The translation of Kalidasa's 'Sakuntala' by Sir William Jones in 1789 was an epoch-making event in the history of cultural relations between Asia and the west. Indeed, its impact on history has been more profound and far-reaching than even the French Revolution..." 'શાકુન્તલ'ની મોહિની તો સર્વત્ર એટલી બધી વ્યાપી વળી કે તત્કાલ એના ફ્રેન્ચ, જર્મન અને ઇટાલિયન ભાષામાં અનુવાદો થયા. જોન્સે તો કાલિદાસને 'ભારતના શેક્સપીઅર' કહ્યા!

એમનો સંસ્કૃતનો અભ્યાસ જેમ જેમ વધતો ગયો તેમ તેમ એની ખૂબીઓથી એમનું ચિત્ત ચકિત થતું ગયું. સંસ્કૃત વિષે એમણે ૧૭૮૬ની બીજી ફેબ્રુઆરીએ 'એશિયાટિક સોસાએટી'ના પ્રમુખ તરીકે ત્રીજું વાર્ષિક વ્યાખ્યાન આપતાં જે અભિપ્રાય વ્યક્ત કર્યો તેણે પશ્ચિમી દુનિયાની આંખ ઉઘાડી નાખી: 'The Sanskrit language, whatever be its antiquity, is of a wonderful structure, more perfect than the Greek, more copious than the Latin, and more exquisitely refined than either.' (સંસ્કૃત ભાષા, એની પ્રાચીનતા જે હોય તે, અદ્‌ભુત બંધારણવાળી છે. ગ્રીક કરતાં તે વધુ પૂર્ણ છે, લૅટિન કરતાં વધુ વિપુલ છે ને બન્ને કરતાં વધુ ઉત્કૃષ્ટરીતે પરિષ્કૃત છે...) વળી, એમના પ્રતિભાલોચને પારખી લીધું કે ગ્રીક, લૅટિન અને સંસ્કૃત ભાષાઓનું એક સમાન મૂળ હોવું જોઈએ. આમાં એમની વૈજ્ઞાનિક દૃષ્ટિનો પરિચય થયા વગર રહેતો નથી. આ રીતે આધુનિક ભાષાવિજ્ઞાનનો જન્મ જોન્સના આ મંતવ્યમાંથી થયો છે એમ તદ્વિદો માને છે. એમણે વેદ, વેદાંત, મનુસ્મૃતિ આદિનો પણ અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત ભારતીય સંગીતનો અભ્યાસ કરી પશ્ચિમમાં તેનું પણ એમણે ગૌરવ વધાર્યું હતું.

**પ્રા**ચ્ય વિદ્યા–અને ખાસ કરીને સંસ્કૃતનું તો એમને એવું ઘેલું લાગ્યું કે તબિયતને ભોગે પણ એમણે એ દિશામાં અવિરત પ્રયાસો ચાલુ રાખ્યા. ઈ. ૧૭૮૫ના ઑક્ટોબરમાં જૉન મૅકફર્સનને, જાણે પોતે પ્રતિજ્ઞા લેતા હોય તેમ, એ લખે છે: 'I would rather be valetudinarian, all my life, than leave unexplored the Sanscrit mine which I have just opened.' (હજુ તો હમણાં જ મેં સંસ્કૃતનો જે ભંડાર ખોલ્યો છે તેને હું વણશોધ્યો મૂકી



સર વિલિયમ જોન્સના અંગ્રેજી અને સંસ્કૃત હસ્તાક્ષર

દઉં તેના કરતાં તો જિંદગીભર માંદલા રહેવાનું મને વધુ ગમશે.) એમની આ જ્ઞાનતૃષાએ એમને ન્યાયાધીશ તરીકેનાં અત્યંત રોકાણો વચ્ચે પણ સતત કર્મશીલ રાખ્યા હતા. સવારે સૂર્યોદય પહેલાં એક કલાકે તો એઓ ઊઠી જતા. ત્રણેક માઈલ ફર્યા બાદ પ્રાતઃકર્મો પતાવી સંસ્કૃતના પંડિત પાસે શીખવા બેસી જતા. એકાંતરે દિવસે ફારસી અને અરબીના શિક્ષકો આવતા તેમની પાસે સવારે આઠથી નવ ભણવા બેસી જતા. પછી પાંચ-છ કલાક કોર્ટનું કામ ચાલે. બપોરે ત્રણ વાગ્યે ભોજન અને સાંજે મિત્રો સાથે ચાપાણી. રાત્રે દસ વાગ્યા સુધી વાચન અને પછી શયન. આમ, એમનો આખોય દિવસ પ્રવૃત્તિથી સભર જતો. ચાળીસ વર્ષની ઉમરે આજના વીસ વર્ષના છાત્રને પણ શરમાવે તેવી ધગશથી એઓ જે વિદ્યાભ્યાસ કરતા તે આજની યુવાન પેઢી માટે પ્રેરણા લેવા જેવું દૃષ્ટાંત છે. પોતે કેટલું સખત કામ કરતા તેની પ્રતીતિ ઈ. ૧૭૯૧ના ફેબ્રુઆરીની ૨૦મીએ અર્લ સ્પેન્સર પર લખેલા પત્રમાં આ લીટીઓ કરાવી આપે છે: 'Temperance, moderate exercise and composure of mind have kept me in good health for the last six years; though I work more every day than any two men in Asia...' (એશિયામાંના દરેક બે જણ કરતાં હું દરરોજ વધુ કામ કરું છું છતાં મિતાહાર, માફકસરની કસરત અને મનની સ્વસ્થતાને લીધે છેલ્લાં છ વર્ષથી મારી તબિયત સારી રહી છે.) પુરુષાર્થને સ્થાને પ્રમાદને પ્રાધાન્ય આપનાર આજના આપણા સમાજે આમાંથી ધડો લેવા જેવો છે.

ભારતની પ્રતિષ્ઠા પશ્ચિમમાં પ્રસારનાર જોન્સનું ચિરંજીવ પ્રદાન છે 'રૉયલ એશિયાટિક સોસાએટી.' આગળ જોઈ ગયા તેમ ઈ. ૧૭૮૪માં તેની સ્થાપના થઈ ત્યારથી તે ઈ. ૧૭૯૪માં પોતાના મૃત્યુ સુધીનો આખો દાયકો એ આ સંસ્થાના સક્રિય અને સન્નિષ્ઠ પ્રમુખ રહેલા. પ્રત્યેક વર્ષે એઓ વિવિધ વિષય પર અભ્યાસનિષ્ઠ અને મનનીય વ્યા-]

લઘુકથા

# અમૃત-વાટકી

સૌ. પદ્મજા તામ્હણકર

મહામહેનતે મળેલી મજૂરીના પૈસામાંથી ગંગાએ ચોખા ખરીદ્યા. ઘેર જઈ ભાત બનાવી, નામનું જ—હતું એટલું દૂધ, દહીં સાથે લીધાં અને દવાખાના તરફ દોટ મૂકી. ખૂબ મોડું થયું હતું. એનો દીકરો ભીખલો—ભૂખથી ટળવળતો તેના મનઃચક્ષુ આગળ તરવર્યો. માતાનું હૃદય વલોવાયું. પગલાં વધારે ઝડપી બન્યાં. ગઈ કાલે જ ડૉક્ટરે ભાત ખાવાની છૂટ આપી હતી.

સ્પેશ્યલ રૂમમાં શેઠ લક્ષ્મીચંદના પુત્રના છેલ્લા શ્વાસ ચાલતા હતા. બધા જ ડૉક્ટરોએ બનતું કર્યું હતું. ‘હવે જીવાડી શકે તો ભગવાન જ.’ એક ભલા ડૉક્ટરે કરુણ સ્વરે કહ્યું.

છોકરાની બા ચંદનબેનનું હૃદય ભાંગી ગયું. એ ભાજરમાન સ્ત્રી દુઃખની ગર્તામાં ધકેલાઈ ગઈ. આંખોમાંથી ચોધાર અશ્રુ સરવા લાગ્યાં. બધે અંધકાર લાગ્યો અને—અને અચાનક એક વીજળી ચમકી. મરણ પથારીએ પડેલા માણસના માથા પરથી દહીંભાત ઓવારીને નાખી દેવા. ભલભલા ડૉક્ટર ન કરી શકે તે આ ‘ભાત’ કરશે. સાસુના ઘણાં વર્ષો પહેલાંના શબ્દો એમને સાંભર્યા. ચંદનબેન ઊઠયાં. એમની આંખમાં કંઈક જુદી જ ચમક તરી આવી અને જાણે સંમોહિત થયાં હોય એમ એ ચાલવા લાગ્યાં. સહુ આ વર્તનથી અજાયબી પામ્યા. ખુદ લક્ષ્મીચંદ પણ.

ગંગા હાંફળીહાંફળી વૉર્ડમાં દાખલ થઈ. ભીખલો ભૂખ્યો આતુર નયને બાની રાહ જોતો હતો. તેને જોતાં જ આનંદથી બેઠો થયો. ખૂબ મોડું થયું એ માટે એણે બાને ઠપકો આપ્યો. ગંગાએ એના પર પ્રેમથી હાથ ફેરવ્યો અને ઝટપટ દહીંભાત બહાર કાઢયાં.

ચંદનબેન હાવરાં બાવરાં ફરતાં હતાં. જેમણે આજ સુધી કેટલાયને અન્નદાન કર્યું હતું એ આજે વાટકી ભાત માટે તલસતાં, બેબાકળાં નીકળી પડયાં. દૂરથી એમની નજર આ ભાત પર પડી, અને તીવ્ર ગતિએ એ ગંગા પાસે આવી પહોંચ્યાં. ક્ષણેક ગંગા સામે જોયું. એમની આંખમાં દુઃખ, કરુણા, આજીજી અને વ્યાકુળતા સાથે આંસુની ઝાલર બાઝી હતી. ગંગા બધું જોઈ વિસ્મય પામી. ચંદનબેનને કોણ ન ઓળખે? એ ઝટ ઊભી થઈ. હજી કાંઈ પણ સમજાય એ પહેલાં ચંદનબેને ચીલઝડપ મારી ભાતની પોટલી ઉપાડી લીધી અને ત્યાંથી દોડી ગયાં. ગંગા જોતી જ રહી. શું થાય છે અને શું થયું, તે સમજાયું જ નહિ. ભીખલો ભૂખ્યો એક વાર ગંગા તરફ અને એક વાર ચંદનબેન ગયાં તે દરવાજા તરફ જોતો જ રહ્યો. બન્ને અવાચક થઈ ગયાં.

સહુના આશ્ચર્ય વચ્ચે બાબાએ આંખો ખોલી. ડૉક્ટરો એની પાસે ધસી ગયા. એમણે સાનંદાશ્ચર્યે પોતાનો પરસેવો લૂછયો. લક્ષ્મીચંદની આંખો આનંદાશ્રુથી છલકાઈ.

બીજે દિવસે ગંગાને આંગણે અનાજની પાંચ ગુણો ખડકાઈ અને શેઠ લક્ષ્મીચંદની પેઢીમાં ગંગાને કાયમની નોકરી મળી ગઈ. □

---

ખ્યાન આપતા. અત્યાર સુધી અંગ્રેજો એમ માનતા કે આ કાળી પ્રજા પાસે નૈતિક, સાંસ્કૃતિક અને બૌદ્ધિક વારસા જેવું કંઈ છે જ નહિ; પરંતુ એશિયાટિક સોસાએટીની સંશોધન-પ્રવૃત્તિએ ભારતવાસીઓનો જે સમૃદ્ધ ભૂતકાળ પ્રકાશિત કર્યો તેથી પશ્ચિમવાસીઓની આંખો ઊઘડી ગઈ. આ રીતે એમણે ગોરી પ્રજાના મનમાં ભારતની કાળી પ્રજાની ઉજ્જ્વળ બાજુઓથી તેમના વિષે માનની લાગણી જન્માવી. આ ઉપરાંત પણ જોન્સે વ્યક્તિગત રીતે ભારતની પ્રજાને સહાયભૂત થવા પ્રયત્નો કરેલા. એઓ ઉદાર બક્ષિશો આપતા, કલકત્તાની જેલના કેદીઓને માટે પોતાનાં પુસ્તકોના પુરસ્કારની રકમ વાપરી નાખતા અને કોર્ટમાં એમના મુકદ્દમાઓનો ઝડપી નિકાલ કરતા.

સોસાએટીની વાર્ષિક સભામાં છ-આઠ માણસોની સમક્ષ પણ તેઓ પોતાનો નિતનવો સંશોધન-લેખ પૂરા ઉત્સાહથી વાંચતા. શ્રોતાઓની ઓછી સંખ્યાથી નાસિપાસ થયા વગર પણ પ્રત્યેક વર્ષે એમણે આવું વાર્ષિક વ્યાખ્યાન આપેલું અને સોસાએટીમાં નૂતન પ્રાણસંચાર કરતા રહેલા. ગાર્લૅન્ડ કૅનન એક લેખમાં ભારપૂર્વક નોંધે છે કે ‘Only Jones’ supreme devotion during its birst decade prevented the Society’s end.’ (જોન્સની સર્વોચ્ચ ભક્તિએ જ સોસાએટીના પ્રથમ દાયકામાં એના અંતમાંથી એને ઉગારી લીધેલી.) સોસાએટીના મુખપત્ર ‘એશિયાટિક રીસર્ચીઝ’ (Asiatic Researches)ના નિયમિત પ્રકાશન માટે સહકાર્યકરોને સંશોધનમાં પ્રોત્સાહન આપવાથી માંડી, પોતાની આંખ નબળી હોવા છતાં ય પ્રૂફો વાંચવાનો અને એક સાથે એકથી વધુ લેખો પણ તૈયાર કરી આપવાનો પુરુષાર્થ અને ઉત્સાહ એમણે સતત ખેડેલો. પાંચ વર્ષ સુધી તો સોસાએટીના સભ્યો પાસેથી કંઈ જ લીધા વગર એમણે સ્વપ્રયત્ને તેને ટકાવી રાખેલી. આ સંસ્થા દ્વારા ભારતીય સંગીત, આયુર્વેદ, વનસ્પતિશાસ્ત્ર, ભૂગોળ, ખગોળ, સાહિત્ય, કલા એમ વિવિધ વિષયો પરનાં સંશોધનોથી ખુદ ભારતની પ્રજાના મનમાં પણ એક પ્રકારના રાષ્ટ્રીય ગૌરવની લાગણી તો જન્માવી જ, પરંતુ સાથેસાથે આપણા બુદ્ધિશાળીઓમાં સ્વશક્તિ પરનો વિશ્વાસ પેદા કરી કર્મઠતાની દીક્ષા આપી.

આવા એકનિષ્ઠ ભારતપ્રેમી અંગ્રેજના જીવનનો એકાએક ભારતમાં જ અંત આવ્યો. ઈ. ૧૭૯૪માં એમની તબિયત લથડી. સંધિવા લાગુ પડયો. એ વર્ષે ૨૦મી ફેબ્રુઆરીએ તો ‘સોસાએટી’નું અગિયારમું વાર્ષિક વ્યાખ્યાન આપ્યું. ૨૦મી એપ્રિલે મોડી સાંજે ટાઢિયા તાવની એમણે ફરિયાદ કરી. આખરે દર્દ પરખાયું : એ કાળે બંગાળમાં સહજ એવી કાળજાના દાહની એ બીમારી હતી. જોતજોતાંમાં એ બીમારી ઉગ્ર બની ને ૨૭મી એપ્રિલે સહેજ પણ દુઃખ કે કણસાટ વગર એમણે દેહ છોડયો. અને બીજે દિવસે સવારે જે ભૂમિને એમણે ચાહી હતી તેમાં જ એમનો દફનવિધિ થયો! ઈ. ૧૭૮૭ના ઑગસ્ટની ૧૭મીએ મિત્ર લૉર્ડ આલ્થૉર્પને એમણે લખેલું : ‘It is my ambition to know India better than any other European ever knewit.’ (અન્ય કોઈ યુરોપવાસીએ ભારતને પહેચાન્યું હોય તેના કરતા વધુ સારી રીતે ઓળખવાની મારી મહેચ્છા છે.) ૧૧ વર્ષના ટૂંકા ભારતવાસની એમની કામગીરી એમની આ મહેચ્છાને સાર્થ થએલી કોઇને પણ જણાશે.

મહાન માનવતાવાદી, પરમ પુરુષાર્થી, ભલા ભારતપ્રેમી, વિનમ્ર વિદ્વાન, પ્રાચ્ય વિદ્યાના પુરસ્કર્તા અને પ્રચારક સર વિલિયમ જોન્સ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે એક સત્યનિષ્ઠ સેતુ સમાન બની રહ્યા હતા. આથી જ તો પ્રો. આર. એમ. હેવિતને લખવું પડયું છે: ‘It is not an exaggeration to say that he altered our whole conception of the Eastern world.’ (એમણે પૂર્વના જગત વિષેનો આપણો સમગ્ર ખયાલ જ પલટી નાખ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી.) વળી, ડૉ. સેમ્યુઅલ જોહ્નસન જેવા દુરારાધ્ય સર્જક પાસેથી ‘the most enlightened of the sons of man.’ (મનુપુત્રોમાં પ્રબુદ્ધતમ)ની પ્રશંસા રળી જનાર જોન્સના અવસાન સમયે, હૅરોમાં એમના સહાધ્યાયી અને વિદ્વાન ડૉ. પારે જે અંજલિ આપેલી કે ‘It is happy for us that this man was born’ આજે એમના મૃત્યુને ૧૮૦ વર્ષ વીતી ગયાં છે ત્યારે, ભારતની, ભારતવાસીઓની અને પ્રાચ્ય વિદ્યાની અજોડ અને અતોલ સેવા કરનાર, બહુશ્રુત પંડિત અને લગભગ અઢી ડઝન ભાષાઓ જાણનાર રસજ્ઞ સર્જક-સંશોધક સર વિલિયમ જોન્સ માટે આપણાથી પણ ઉચ્ચારાઈ જશે કે ‘આપણે માટે એ સુખદ છે કે આ માણસ જન્મ્યો.’ □

# ઈરાનું લગ્નજીવન અને—આઠસો ચાળીસ માસ

લેખક: નેમ મોતા

એ, સફાળો જાગી ગયો.

આંખો ચોળી, બગાસું ખાધું ને જોયું તો લૅમ્પ જલી રહ્યો હતો. યાદ આવ્યું: કાલ રાતના એણે મોડે સુધી નવલકથા વાંચી હતી ને એ વાંચતાંવાંચતાં જ સૂઈ ગએલો. સવારનો સૂરજ કાચની બારી વાટે અંદર ધૂસી આવ્યો હતો. એણે લૅમ્પ હારી દીધો.

એણે માથું ખંજવાળ્યું ને એક જ ઝાટકે ચાદર ખસેડી ઊભો થઈ ગયો. સામે દીવાલ પર લગાડેલા વૉલ-ક્લૉકમાં નવ વાગી ગયા હતા.

કદમ પૅસેજમાં. પૅસેજની નાનકડી વૉશ બેસિન, બેસિન પરનું ખાલી સ્ટૅન્ડ, અને ટપટપ ટપકતો નળ. બેસિન નાનકડી જ હતી—એના ઘરની જેમ. એણે તો ઈરાને કહ્યું હતું કે હમણાં છૂટ છે, બે બેડ રૂમ-હૉલ-કિચનવાળો ફ્લૅટ લઈ લઈએ. પણ ઈરાએ નન્નો ભણેલો: 'આપણે ઈનમીન બે જણ માટે આ ફ્લૅટ સરસ છે, પૂરતો છે.'

ને પછી આ ફ્લૅટ લઈ લેવાયો હતો, ફર્નિચર પણ ખડકાઈ ગયું હતું એથી જાણે ઘરની વસ્તી વધી ગઈ હોય એમ લાગતું અને...

એણે હથેળીમાં મન્કીછાપ ટૂથ પાઉડર લીધો—રોજની જેમ.

'તમે હજી એવા ને એવા રહ્યા.' ઈરાએ કહેલું. 'કેમ?'

'દુનિયા કેટલી આગળ વધી ગઈ? ને તમે હજી...'

'ટૂથ પેસ્ટ વાપરવાથી માણસ નવતર જમાનાનો થઈ જાય એમ કોણે કહ્યું?' 'એ તો એક ને એક બે જેવી વાત છે.'

'આ ગમા-અણગમાનો સવાલ છે. મને ગમે તે હું કરું ને તને ગમે તે...'

ને ઈરાને ઘણું ગમતું, ઘણું ન ગમતું. ઈરાને ન ગમેલું એટલે જ...

એને ખયાલ આવ્યો—ટૂથ પાઉડર હજુ હથેળીમાં જ હતો.

આંગળી દાંતો પર સવાર થઈ જવા લાગી ને એ લૅટ્રીનમાં ધૂસી ગયો.

વિચારો...એણે વિચાર્યું લૅટ્રીનમાં વિચારો કરવાની મઝા આવતી હતી. વિચારો કરવા માટેનું સુંદર સ્થળ હતું એ.

એ બાથરૂમમાં પેઠો. દસનો લીલો બલ્બ ચાલુ કર્યો, ગીઝરનો નળ વહેવા લાગ્યો અને બાલ્દીનું તળિયું ઉપર ને ઉપર આવતું ગયું.

એને કહેવત યાદ આવી ગઈ: ટીપેટીપે સરોવર ભરાય. ટીપે ટીપે ...થોડુંક થોડુંક વધતું જાય, વધતું જાય; એક તબક્કે ભરાઈ જાય, પછી છલકાઈ જાય ને આખરે સીમા હાલક ડોલક થવા લાગે ને અંતિમ તબક્કે દીવાલ તૂટી જાય, ચૂરચૂર થઈ જાય. બધું પાણીમાં મળી જાય, બધું જ...

અચાનક એક ગીતની પંક્તિ હૈયેથી હોઠે આવતાં અટકી ગઈ. એને યાદ આવ્યું—એણે ઘણા સમયથી બાથરૂમમાં ગાયું ન હતું. કદાચ ગાયું હતું તો યાદ આવતું ન હતું, અભાન અવસ્થાના દોરમાં ગાઈ નાખ્યું હશે. અભાન અવસ્થા...

આમ જ અભાનાવસ્થામાં એ જોર-શોરથી ગાતો હતો ને ગીઝરનો નળ ટપકતો હતો. બાથરૂમમાંથી બહાર નીકળતાં વેંત ઈરાએ જોર જોરથી હસતાં, કલૅપિંગ કરતાં કહેલું: 'તમે ખરેખર સુંદર ગાઓ છો!'

'તને આજે ઠીક મજાક કરવાનું સૂઝે છે.'

'હું મજાક નથી કરતી, સાચેસાચું કહું છું. તમારે જાહેરમાં ગાવું જોઈએ.' 'જાહેરમાં તો...'

હા, એ જાહેરમાં કાંઈ કરી શકે એમ ન હતો. એને લાગ્યું કે કોઈક એવું અજાણ તત્ત્વ એના દિલોદિમાગમાં ઘર કરી ગયું છે કે તનમનની પ્રત્યેક ઇચ્છા પર હાવિ થઈ ગયું હતું. ક્યાં લગી અંદર ને અંદર ગૂંગળાવ્યા કરવાનું બધું?—આખરે ક્યાં લગી?

ગીઝરની સ્વિચ ઑફ કર્યાનો ઠક અવાજ ને ટુવાલ વીંટાળી એ બહાર નીકળ્યો. કબાટમાંથી પેન્ટ ને શર્ટ બહાર ખેંચી કાઢ્યાં. શર્ટનાં બટન બંધ કરતાં એણે જોયું એક બટન તૂટી ગયું હતું. 'ચાલશે' વિચારી એણે શર્ટ પૅન્ટમાં ખોસી દીધું. 'ચાલશે' શબ્દનો રણકો મસ્તિષ્કમાં ઘૂમતો હતો. એ ઘણી બધી વસ્તુઓ વિના હવે ચલાવી લેતો હતો. 'જવા દેવાની' એને હવે આદત પડી ગએલી એટલે...

સામેના ફુલ સાઈઝના મિરરમાં એનું પ્રતિબિંબ પડતું હતું. મિરર એક, ચહેરા બે. એક અંદરનો, એક બહારનો. બહારનો ચહેરો દુનિયાથી જાણેલો-પહેચાણેલો હતો. દુનિયા એને એ ચહેરાથી ઓળખતી હતી. બીજું સ્વરૂપ હતું અંદરના ચહેરાનું. દુનિયાથી વણપરખાએલું, વણઓળખાએલું. કદાચ એ પોતે પણ ક્યાં પારખી શક્યો હતો? એક અસ્તિત્વ માત્ર હતું—ઝાંખુંઝાંખું, અસ્પષ્ટ અસ્તિત્વ. અસ્તિત્વને સમાપ્તની ચોકડી લાગી જાય એ પહેલાં...

'રેડી...?'

'અરે, હું તો ભઈ ક્યારનો રેડી છું.'

'બસ, પાંચ જ મિનિટ ઓર. આ તમે સૉક્સ પહેરો એટલી વાર.'

'ઓ કે. મેડમ, પણ આ તમારી પાંચ મિનિટ આખરી છે કે જિંદગી લગી ચાલ્યા કરશે?'

જિંદગી...એણે જોયું—અરીસાના એના ચહેરા પર એક ફિક્કું હાસ્ય આવીને અદૃશ્ય થઈ ગયું હતું.

ઠંડા પવનનો સૂસવાટો આવીને એના સમસ્ત શરીરને હચમચાવી ગયો. એણે જોયું કે બારી વાટે પવન જોરશોરથી અંદર આવતો હતો.

'કોટ પહેરી લો ને, ઠંડીમાં કામ લાગશે.'

'ના, મને નહિ ફાવે.'

'ઠંડી છે એટલે...'

'ઈરા મને નહિ ફાવે, પ્લીઝ...'

'તમને આ નથી ફાવતું, તમને એ નથી ફાવતું. તમને ફાવે છે શું?'

ને એ ચૂપ થઈ ગએલો.

ચૂપકીદી...ના, હજી બારીઓ ખુલ્લી હતી. કર્ટન્સ હલતા હતા.

એણે ઝપાટાબંધ બધી બારીઓ બંધ કરી દીધી. કદમ કિચનમાં...

છ બાઈ અઢીનું કૂકિંગ પ્લૅટફૉર્મ. પ્લૅટફૉર્મની કડપ્પા સ્ટોનની કાળી સપાટી, ચાર ફીટ લગી દીવાલ સાથે જડાઈ ગએલી ચાર ઈંચની ગ્લેઈઝ્ડ ટાઈલ્સને મસ્તકે લટકતું થાળીઓનું, કપનું સ્ટીલનું સ્ટૅન્ડ.

'શું બનાવ્યું છે આજે?' એણે સિન્કના નળમાં હાથ ધોતાં પૂછેલું.

'તમને ગમતું ફ્લાવર-બટાટાનું શાક.'

'પીરસ ઝટપટ; મને ભૂખ આવે છે.' ને ઈરા સમસમી ગએલી.

કિચનમાં ખૂણેખાંચરે પડેલાં વાસણો, મેલાં લૂગડાંનો ઢગલો...

ને એને યાદ આવ્યું, આજે કામવાળી આવવાની ન હતી.

એણે હળવેકથી કિચનનો દરવાજો બંધ કરી દીધો. ત્યાં—

—ત્યાં ડોરબેલનો અવાજ કાનોમાં પેસી ગયો.

કોણ હશે અત્યારમાં સવારના પહોરે? બાજુવાળાં શાંતાબેન હોવાં જોઈએ. એણે ફ્લશડોરનું હૅન્ડલ ફેરવ્યું ને સામે...

'ટેલિગ્રામ.'

એક કંપ માથાથી પગ સુધી સારાયે શરીરને વેધતો પસાર થઈ ગયો.

ટેલિગ્રામ...? કોનો હશે? (અનુસંધાન પૃ. ૩૭૭)

# ગુજરાતમાં કલાનાં પગરણ

**રવિશંકર રાવળનું**
**આત્મકથાનક**
**અને**
**'ગુજરાત કલાસંઘ'ની**
**કથા-૧૨**



▷ અમદાવાદમાં 'શાંતિકુંજ'ની નૃત્ય-પ્રવૃત્તિ પરથી પ્રેરાઈને લેખકે કરેલું એક ગતિમાન ચિત્ર
**રૂપ અને રેખા**

**કાનની પીડા**

ત્રણચાર વર્ષ પહેલાં ઈ. ૧૯૨૨માં બનેલી એક વાતની યાદ મને રોજ થતી. એ વર્ષે હું શેઠ અંબાલાલભાઈના શિક્ષકમંડળમાં જોડાઈ મસૂરી ગએલો, ત્યાં પહેલી જ વાર ખાધેલી હિમાલયની ઠંડીના કારણે મારા જમણા કાનમાં ધાક અને દુખાવો થઈ આવ્યાં. આથી મેં શેઠને ત્યાં વિઝિટે આવતા કપુરથલાના યુવરાજના ડૉકટર સોહનસિંગને તે બતાવ્યો. એણે તપાસીને તુરત જ કહ્યું કે અંદર ખૂબ પરુ થયું છે અને તે સાફ કરવાનાં સાધનો તેના ઘર આગળ છે. આથી તેમનું સરનામું લઈ હું તેમને ત્યાં ગયો. તેમણે મને સારો આદર આપી કાન સાફ કરી આપ્યો અને કહ્યું કે પડદા ઉપર ઘારું પડ્યું છે તે રૂઝવવા ઘણા દિવસ સુધી રોજ પરુ સાફ કરી ઉપચાર કરવો પડશે. મસૂરીમાં દાક્તરોની ફી બહુ ભારે હોય છે, પણ હું ચિત્રકાર હોઈ તેમણે વાતમાં મને જણાવ્યું કે મારું એક ચિત્ર કરી આપજો. મારી સાથે ત્યાં કૅનવાસ કે રંગ કે પીંછીઓ ન હતાં તે તેમણે ત્યાંના બજારમાંથી મંગાવી આપ્યાં અને હું રોજ કાન સાફ કરાવવા ત્યાં જતો ત્યારે મેં તેમને સામે બેસાડી તેમની પૂર્ણ કદની છાતી સમી તસવીર ત્રણચાર દિવસમાં કરી આપી. તે જોઈ બહુ ખુશ થયા ને મેં પણ મફત ઉપચાર નથી કરાવ્યો તેવો સંતોષ લીધો.

દાક્તરે તો પછી એ ચિત્ર કપુરથલાના યુવરાજને બતાવ્યું અને ફરી અંબાલાલ શેઠને ત્યાં વિઝિટે આવ્યા ત્યારે શેઠને વાત કરી કે મિ. રાવળે મારી બહુ સરસ તસવીર બનાવી છે, ને યુવરાજે તે જોઈ તેમને કપુરથલા-આવવા આમંત્રણ આપ્યું છે. જતી વખતે તેમણે મને પણ એ વાત કરી.

પણ મારું કાનનું દર્દ મટ્યું જ નહિ. અમદાવાદ આવીને કાન ધોવા-ની પિચકારી તથા દવાઓ ખરીદી, પણ તદ્દન આરામ થયો નહિ. રોજ બપોરે કાન સાફ કરી દવા નાખું ત્યારે જ રાહત થતી. આમ લગભગ ચાર વર્ષ ચાલ્યું, પણ કોઈ મારું દર્દ મટાડનાર મળ્યું નહિ.

અંતે એક વાર કોઈ ગ્રાહકની તસવીરો લઈ હું મુંબાઈ ગયો ત્યારે મારા પરમ મિત્ર પરમાનંદ કાપડિયાએ પોતાના મિત્ર ડૉ. ભાનુરાય શુકલનો પરિચય કરાવ્યો. વડગાદી પર તેમનું ધીકતું દવાખાનું હતું. એમનો સ્વભાવ બહુ પરગજુ અને સ્નેહાળ હતો, અને સાહિત્ય તથા કળાના સાચા પ્રેમી હતા. મારા માટે તેમને અનુકંપા ઊપજી અને બેત્રણ દિવસમાં મને ખબર આપ્યા કે પોર્ટુગાલના એમ્બૅસેડર બનેલા ગોવાના ડૉ. અન્ડરવૂડ ઝિંક આયોનાઈઝેશનને નામે જાણીતો કાનનો અકસીર ઈલાજ જાણે છે અને આજે સાંજે આપણે તેમને ત્યાં જવાનું ઠરાવ્યું છે.

સાંજે અમે કોટમાં ડૉ. અન્ડરવૂડના કન્સલ્ટિંગ રૂમમાં પહોંચ્યા, ત્યાં એક બાજુ એક મોટા પીંજરામાં જાતજાતનાં પક્ષીઓ કિલ્લોલ કરતાં હતાં અને ડૉ. તેમને ચણ નાખી રહ્યા હતા. ડૉકટરે અમને આવકાર્યા અને મારો કાન તપાસી કહ્યું કે માત્ર એક જ વાર આયોનાઈઝેશન કરવાથી આરામ થઈ જશે. તરત એમણે તો હૅન્ડલવાળી વીજળીની એક પેટી આણી. તેમાંથી બે દોરીના તાર બાંધેલો વીજળીનો એક સળિયો-ઈલેકટ્રોડ—ગોઠવ્યો અને એક પ્યાલીમાં કેટલીક દવાઓ મેળવી મારા કાનમાં રેડી પેટીનો હૅન્ડલ ફેરવવા માંડ્યો. મને તો બીક હતી કે મોટા આંચકા લાગશે, પણ મેં માત્ર મીઠો ઘરઘરાટ સાંભળ્યો અને ડાકટરે એમ ધીમે ધીમે કરીને પ્યાલીમાંની બધી દવા કાનમાં રેડી દીધી. થોડીવારે હૅન્ડલ બંધ કરી મને બેઠો કર્યો તો કાન કોરો ધાકોર! ડૉકટરે કહ્યું તમારા કાનનો બધો સોજો અને ચેપ નાશ પામ્યાં છે. વીજળીના પ્રવાહ સાથે દવા બધે પસરી ગઈ છે.

ચાર વર્ષથી પીડાતો કાન દસ મિનિટમાં મટી જાય એ વાત હું માની શક્યો નહિ. મેં મારી શંકા વ્યક્ત કરી તો એ વૃદ્ધ દાક્તરે મને હસતાં હસતાં કહ્યું કાંઈ થાય તો કાલે મારી પાસે આવજો. મેં ભાનુભાઈ દ્વારા ફીનું પૂછ્યું તો માત્ર રૂ. દસ! હું આશ્ચર્યચકિત થઈ ગયો. વર્ષોનું મારું દુઃખ મટાડનાર દાક્તરને મેં વધુ આપવા ઇચ્છા બતાવી તો કહે: 'આઈ ઍમ અ ટ્રુ ક્રિશ્ચિયન—હું સાચો ખ્રિસ્તી છું. મારી ફીથી એક પાઈ પણ વધુ ખપે નહિ. તમારી શુભેચ્છા હોય તો ગરીબોની સહાય માટે આ પેટી પડી છે તેમાં કંઈ પણ નાખો.' મેં ખુશીથી થોડી રકમ તેમાં નાખી.

તે પછી મારી શંકાનો પૂર્ણ નાશ કરવા હું આઠ દિવસ વધુ મુંબાઇમાં રોકાયો. કાનમાં હવા ન લાગે તે માટે રાત્રે દવાઈ રૂનું પૂમડું માત્ર રાખતો. પણ સવારે તો તે પણ કોરું ધાકોર જ હોય. ડૉ. અન્ડરવૂડ મને દેવ જેવા યાદ રહ્યા છે.

## નાગુ તાઈ જોષી

પણ દર્દની આટલી યાત્રાનું સુફળ તો ડૉ. ભાનુરાય શુકલની ગાઢ મૈત્રી હતું. એમની કલાપ્રિયતાની પિછાન તો એક શુક્રવારે ડૉ. નાગુતાઈને ત્યાં એમણે મને અને પરમાનંદને નિમંત્રણ આપ્યું ત્યારે થઈ. એ કાળે કોઈ કલાકાર કે કલાવસ્તુનું આગમન મુંબાઈમાં થતું ત્યારે ડૉ. નાગુ તાઈ જોષીને ત્યાં દર શુક્રવારે મળતી કલારસિકોની બેઠકમાં તેમનો આદર થતો. ડૉ. નાગુ તાઈ દર વખતે તેમાં અવનવાં ભારતીય અલંકારો તથા વસ્ત્રો પહેરી સૌને મળતાં. ચા-નાસ્તાનો ખર્ચ પણ કરતાં. ત્યાં મેં મુંબાઈના ઘણા પ્રસિદ્ધ કલાવિવેચકો અને કલારસિકોને જોયા. સ્વ. કનૈયાલાલ હ. વકીલ, ચાંદાભાઈ મુછાલા, ધનસુખલાલ મહેતા, ચન્દ્રવદન મહેતા, સોલી બાટલીવાળા વગેરે જેવા ત્યાં આવતા, ભારતમાં નવાં બહાર પડેલાં કલા તથા સાહિત્યનાં પ્રકાશનો સાથે લાવતા અને તે પર ચર્ચાઓ કરતા. ડૉ. નાગુ તાઈએ મારા જેવા કામ કરતા પ્રસિદ્ધ કલાકારનો મંડળને પરિચય કરાવવા માટે ભાનુરાયને ધન્યવાદ આપ્યા. મને તો તે દિવસની સાંજ મુંબાઈમાં અમૃતવીરડી જેવી લાગી. આજે તો એ મંડળના કોઈ સભ્યો હયાત નથી. ડૉ. નાગુ તાઈ તે પછી ગ્વાલિયરના કોઈ સરદાર કુટુંબમાં લગ્નગ્રંથિથી જોડાઈ મુંબાઈ છોડી ગયાં. પણ એ મંડળનો દરેક સભ્ય કળાના જાહેર પ્રચારમાં યથાશક્ય ફાળો આપી નામ મૂકી ગયો છે. એવું કળામંડળ અમદાવાદમાં જામવા માંડ્યું હતું અને પરિણામે સર ચીનુભાઈના કુટુંબમાં કળાશિક્ષણ અને કલાનુરાગ વધતાં જતાં હતાં.

## દાંડીકૂચ

એ કાળે ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કરવા દાંડીકૂચ કરી ત્યારે



તેમના સાથમાં માત્ર આશ્રમના જ ચુનંદા માણસોને જોડાવા રજા આપેલી. પણ કનુ દેસાઈએ તો ખભે બગલથેલો ચડાવી કૂચની પાછળ પાછળ પ્રવાસ કરી એ કૂચના ગાંધીજીના અનેક પ્રસંગો ચિત્રમાં ઉતાર્યા. દાંડીકૂચનાં દશ્યો નજરે જોઈને ઉતારનાર તે એકમાત્ર ભારતીય ચિત્રકાર હતા. તુરત જ તેમણે એ કૂચને લગતાં સાંકેતિક તેમજ પ્રાસંગિક ચિત્રોનો એક સંપુટ તૈયાર કર્યો જે કુમાર કાર્યાલયમાં છપાઈને બહાર પડ્યો. એમાંનું પોતાને માર્ગે જતા ગાંધીજીની પીઠ દર્શાવતું ચિત્ર તો વિશ્વભરમાં પ્રસર્યું છે. એ જ રીતે 'કુમાર કૅમેરા કલબ'ના સભ્ય ભાઈ બલવન્ત ભટ્ટે પાલડી નજીક કૂચ પહોંચી ત્યારે સામેથી આવીને તેનો જે ફોટોગ્રાફ લીધો એવો કોઈ ફોટોગ્રાફરે લીધો નથી, તથા એ ફોટો પણ એક ઐતિહાસિક પ્રમાણ બની રહ્યો છે.

દાંડીકૂચ પછી વિદ્યાપીઠ બંધ થઈ અને કનુભાઈને પુસ્તકોનાં ચિત્રો અને જૅકેટ ડિઝાઈનો કરીને નિભાવ કરવો પડ્યો. હવે લોકો તેમને રંગમંચનાં સુશોભનો વગેરે જેવી અન્ય રચનાઓ માટે પણ ખેંચી જતા અને તે પણ કલાકારની અદાથી ડેરડેર ઘણી નવીનતાઓ સર્જતા.


એ વખતે ભાઈ ચન્દ્ર ત્રિવેદી મૅટ્રિકના વિદ્યાર્થી હતા પણ તેમના કાકા ને મારા ખાસ સ્નેહી નાનુભાઈ ત્રિવેદીના ઉત્તેજનથી મોટા ભાગનો સમય મારા ચિત્રખંડના વાતાવરણમાં ગાળી ઘડાતા હતા. કનુભાઈનો શાન્તિનિકેતનનો રંગ જોઈ નડિયાદના ભાઈ કાંતિલાલ દવે અને ભાઈ જયંતીલાલ ઝવેરી પણ પછીથી શાન્તિનિકેતન ઊપડી ગયા હતા.

બીજી બાજુ વડોદરામાં શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયના કલાવર્ગમાં વિદ્યાર્થીઓ વધ્યા નહિ એટલે ત્રીજે વર્ષે તેઓ રાજીનામું આપી કલકત્તા ચાલ્યા ગયા હતા અને સોમાલાલ તથા કૃષ્ણલાલ પાછા અમદાવાદ આવી ગયા હતા. કૃષ્ણલાલને કાંઈક કામની જરૂર હતી તેથી તે એલિસબ્રિજમાં શારદામંદિરમાં ચિત્રશિક્ષક થયા. એ પહેલાં શેઠ ચીમનલાલ નગીનદાસ (ચી. ન.) બોર્ડિંગ ખાનપુરમાં હતી ત્યાં, ભાઈ જગન્નાથ મહેતા થોડો વખત આપી પોતાનો ખર્ચ મેળવી લેતા. આમ બેત્રણ વર્ષની તાલીમવાળા દરેક વિદ્યાર્થીને ખર્ચ પૂરતું ટ્યૂશન કે કામ મળવા લાગ્યું હતું. ભાઈ જગન્નાથ તો ફોટોગ્રાફી જાણતા એટલે જાહેરખબરો માટે સિનેમા સ્લાઈડો પણ કરી આપતા.

## શાંતિકુંજમાં કલાપ્રવૃત્તિ

એ જ પ્રમાણે સર ચીનુભાઈના ગૃહ કલાવર્ગમાં પણ કલાના જુદાજુદા પ્રકારો ખીલતા જતા હતા. બાળકો વિવિધ વેશભૂષામાં મઝા લેતાં તેમ જ મોટાઓ પણ નાનાનાના 'સ્કિટ'—નાટકી ટુચકા—કરતા. શેઠ અંબાલાલ સારાભાઈના કુટુંબના મણિપુરી ગુરુઓ વૈષ્ણવી ગીતો અને મંજીરાંથી નૃત્યની તાલીમ આપતા થયા ને પછી સર ચીનુભાઈના 'શાંતિકુંજ'માં પણ એક કુશળ નૃત્યગુરુ પાસે બાળકોને તાલીમ અપાવા માંડી. અને તેનાથી વર્ગના ચિત્રકામ ઉપર નહિ કલ્પેલી અસર થઈ. એમની ત્રણ માસની તાલીમ પછી ગૃહજનો માટેનો જ એક જલસો થયો, ને તેમાં બાળક શકુન્તલા અને પીયૂષનાં અંગભંગો જોઈ મારે હાથે પણ 'રૂપ અને રેખા' નામનું પ્રથમ ગતિમાન ચિત્ર થયું. બધાંને સમજાયું કે નૃત્ય ચિત્રની રેખા લીલામાં સુંદર આંદોલન આપે છે.

આ પછી સર ચીનુભાઈએ ઘરમાં જ ઉત્સવ રૂપે એક નૃત્ય-મંચ ઊભો કર્યો તેનું દર્શન (મુખભાગ) મેં અમદાવાદના સ્થાપત્યરૂપનું કર્યું



ગાંધીજીએ મીઠાનો કાયદો તોડવા માટે ૧૯૩૦ની ૧૨મી માર્ચે સત્યાગ્રહાશ્રમથી શરૂ કરેલી દાંડીકૂચને જાળવી રાખતા જે જૂજ ફોટા આજે છે તેમાંનો શ્રી બલવંત ભટ્ટનો આ ફોટો તેમાંનાં મોટા ભાગનાં પાત્રો જાણીતાં હોઈ દસ્તાવેજી દૃષ્ટિએ વિરલ છે.

સમસ્ત દેશને સળગાવીને સ્વાતંત્ર્યોન્મુખ બનાવનાર એ ઐતિહાસિક દાંડીકૂચને ચિત્રિત કરવા ખભે બગલથેલો ચડાવીને શ્રી કનુ દેસાઈએ પણ સાથેસાથે યાત્રા કરેલી. આ કૂચને ચિત્રિત કરવા આમ નીકળનાર તેઓ એકમાત્ર ભારતીય ચિત્રકાર હતા એ વખતે એમણે લડતનાં તત્ત્વોને સંજ્ઞાઓ દ્વારા ગૂંથી લઈને એ કૂચને સૂચિત કરતું કરેલું ચિત્રાલેખન મથાળે આપ્યું છે.

મહિલા વિદ્યાલયના વાર્ષિકોત્સવમાં કનુ દેસાઈના કલાનિર્દેશનમાં ભજવાએલા 'બુદ્ધ-યશોધરા'ના નાટકમાં યશોધરા બનેલાં નાગર કન્યા ભદ્રા મહેતા. (ચિત્રમાં જમણી બાજુ) ▷



જ્ઞાતિના વિરોધ છતાં લગ્નગ્રંથિથી જોડાએલાં કનુ દેસાઈ અને ભદ્રાબહેન ▷



અને બીજાં સુશોભનો માટે કનુ દેસાઈની સહાય લીધી. તેમણે શાન્તિનિકેતનના પ્રયોગોમાંથી મેળવેલી દૃષ્ટિ અને તાલીમથી જે પ્રાણવાન સુશોભન કર્યું ત્યારથી તે બધાંના મનમાં વસી ગયા; ને મેં પણ નિશ્ચય કર્યો કે ગાંધીજીની દાંડીકૂચથી વિદ્યાપીઠમાંથી નવરો પડેલો આ યુવક નિરાંતવો થાય તો સારું. એટલે મેં ધીરેથી તેની વિદ્યાપીઠની નોકરી ગયાનું અને છૂટા હોવાનું જણાવી વિદ્યાપીઠના પગારના ધોરણે જ તેની સેવાઓ કુટુંબનાં બાળકો માટે નક્કી કરી આપી. સાથે અઠવાડિયે એક વાર મારી મુલાકાતો કાયમ રહી, કનુભાઈએ પણ તેને સોંપાએલા કામથી મને ખૂબ જ યશ અપાવ્યો. એકલપંથી કનુભાઈએ જેમતેમ સર્વત્ર પ્રસન્નતા વેરી, પણ હવે તેની વય જીવનસાથી માગતી હતી.

## કનુ દેસાઈનું લગ્ન

એવામાં કર્વે યુનિવર્સિટીના અમદાવાદના મહિલા વિદ્યાલયના વાર્ષિક ઉત્સવમાં સુશોભન વગેરેની સહાય કરવા ઇન્દિરાબહેન ભાગવત અને ઇન્દુમતીબહેન મહેતાનું કનુભાઈને નિમંત્રણ મળ્યું. એ લોકોએ કનુભાઈના કહેવા મુજબ મોટા ખર્ચે ખાદીના પડદા રંગાવ્યા, વેશભૂષાઓ કરાવી અને વિવિધ રંગની રોશની આપવા માટે મારો ૯ ઈંચ વ્યાસનો કન્ડેન્સર ગ્લાસ રહે તેવું ૫૦૦ કૅન્ડલ પાવરના ઇલેક્ટ્રિક બલ્બ માટે ફોકસ કરાવ્યું. એમાં ભજવાએલા 'બુદ્ધ અને યશોધરા'ના નાટકે લોકો ઉપર છાપ પાડી, અને યશોધરા બનેલાં નાગર કન્યા ભદ્રા મહેતાના મનમાં કનુભાઈની છાપ પડી. તેણે માતાની રજા લઈ કનુ દેસાઈ સાથે વિવાહસંબંધ બાંધ્યો. ઇન્દિરાબહેન ભાગવત પ્રસન્ન થયાં. ભદ્રાબહેને એ યુનિવર્સિટીની જી.એ. ડિગ્રી માટેની ચિત્રની પરીક્ષા પાસ કર્યા બાદ લગ્ન કરવાનું પણ લીધું હતું. કર્વે યુનિવર્સિટીએ મને પરીક્ષક નીમ્યો. મારા ઘર આગળ પરીક્ષા ચાલી. હું નિષ્પક્ષ છું તેની ચોકસી રાખવા માટે ભાઈ જયંતીલાલ ઝવેરીને નિરીક્ષક નીમ્યા હતા. અંતે કનુભાઈ અને ભદ્રા પરણ્યાં. (એમાં કનુભાઈની બ્રહ્મક્ષત્રિય ન્યાતનો ભારે વિરોધ હતો) અને આ રીતે ચિત્રકળાનો સમાજજીવનમાં મંગલ પ્રવેશ થયો. તેમનાં બે સુંદર બાળકો (કિરીટ અને કાર્તિક) આજે તો સંસારી યુવાનો છે. એ બન્નેને મૂકીને ભદ્રા દેસાઈ અકાળે ગયાં. એ લગ્નના નિમિત્તરૂપ બનેલા પેલા પડદા અને અન્ય સામાન મિસ ભાગવતે અમારા 'ભારત કલામંડળ'ને ભેટ કરી દીધા ને એક ઓરડી ભરાય એટલો એ સામાન અમે કુમાર કાર્યાલયમાં ઘણાં વર્ષ સાચવ્યો. પછી જ્યારે એલિસબ્રિજમાં મારું મકાન થયું ત્યારે ત્યાં લાવ્યા બાદ ભારત કલામંડળના સભ્યોની સંમતિથી એલિસબ્રિજ રંગમંડળને તે ભેટ આપી દીધો.

## સોમાલાલ ભાવનગરમાં

એવામાં શિક્ષણક્ષેત્રે કલાની પ્રતિષ્ઠા કરવાનો એક અનેરો પ્રસંગ બન્યો. એ કાળે ભાવનગરમાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાભવનની કારકિર્દી જામતી જતી હતી. તેના સંચાલક અને પ્રાણ સમા શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ—નાનાભાઈએ—શિક્ષણમાં અવનવા પ્રયોગો માટે દ્વાર ઉઘાડ્યાં હતાં. તેમાં તેમના જેવા રૂઢિચુસ્ત અભ્યાસીને પણ લાગ્યું કે સર્જનશીલ કલાકારના સમાગમ વિના કાવ્ય અને સાહિત્યના મર્મો અવગત થતા નથી. એટલે તેમણે મને લખ્યું કે સંસ્થા માટે એક સારા સાચા કલાકારની જરૂર છે. એમને મારા પ્રતિ ખૂબ આદર, પ્રેમ અને વિશ્વાસ હતાં અને હું પણ ચાલુ શિક્ષણપદ્ધતિનો કડક વિવેચક હતો—કાંઈક વિરુદ્ધ મનનો પણ ખરો—એટલે મેં તો તુરત ભાઈ કૃષ્ણલાલ ભટ્ટ અને સોમાલાલ શાહનાં નામ મોકલ્યાં.

અને બહુ જ થોડા વખતમાં ભાઈ સોમાલાલ શ્રી દક્ષિણામૂર્તિના અધ્યાપકમંડળના એક કાયમી સાથી બની ગયા. આરંભમાં તેમનું નિવાસસ્થાન પણ ભાવનગરમાં મારા પિતાશ્રીના આવાસના આઉટ હાઉસમાં જ હતું. તેમણે ત્યાંના વિદ્યાર્થીઓમાં કલાનો આનંદ તથા પ્રેમ ખૂબ વ્યાપ્ત કરી દીધો અને ભાવનગરમાં પણ ધીમેધીમે કલાનું એવું વાતાવરણ સર્જ્યું કે તેઓ ત્યાં સ્થાયી થઈ ગયા અને વિસ્તરતા જતા ભાવનગરના કૃષ્ણનગરમાં પોતાનો પ્લૉટ રાખી મકાન બાંધીને રહેવા લાગ્યા. એમના ભાવનગરના નિવાસ અને કાર્યરતપણાને લીધે ભાવનગરના અનેક યુવાનો તથા સાહિત્યકારોમાં કલાપ્રેમ પ્રકટ્યો. તેમાંથી ભાઈ વિનાયક પંડ્યા તથા માકંડ ભટ્ટ જેવા કલાકારો આગળ આવ્યા ને મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટનો ડિપ્લોમા લઈ જીવનક્ષેત્રમાં ઝળક્યા. એ બંનેએ ભાવનગરનું નટરાજ થીએટર ભીંતચિત્રોથી ભરી દીધું ત્યારથી જ હું તો તેઓ માટે આશાવંત બન્યો હતો.

## મુંબાઈના કલાકારો

ત્યારે મુંબાઈની કલાશાળાના આચાર્ય કૅપ્ટન ગ્લૅડસ્ટન સૉલોમને જગન્નાથ અહિવાસીના હાથ નીચે ભારતીય કલાનો વર્ગ ચાલુ કર્યો હતો. તેમાં પણ ઘણા પ્રભાવી ચિત્રકારો રસપૂર્વક આગળ વધતા હતા. એમાંથી કુમીબહેન દાલાલ, યુસુફઅલી ધાલા, ભાનુ સ્માર્ત, વાસુદેવ સ્માર્ત, નિર્મળાબહેન દેસાઈ, ગોકુલદાસ કાપડિયા, હીરાલાલ પટેલ, દિનેશ શાહ વગેરેએ સર્જનાત્મક ચિત્રો આપ્યાં છે; અને તે બધાને બિરદાવનારા તરીકે સ્વ. કનૈયાલાલ વકીલ તથા ડૉ. ડી. જી. વ્યાસનાં નામો યાદગાર રહેશે. જો કે પછીથી એ મિત્રોએ જોઈએ એટલો પ્રજાજીવનનો પ્રસાદ મેળવ્યો નહિ તેનું કારણ કદાચ યુરોપી પદ્ધતિના ચિત્રકારોની સખત સ્પર્ધા પણ હોય. તેમાંથી સ્વાવલક્ષ ચાવડા, પદમશી વગેરે ગણી શકાય. અમદાવાદથી ગએલા ભાઈ યજ્ઞેશ્વર શુક્લ તો ડિપ્લોમા પછી એ જ કલાશાળામાં અધ્યાપક બનીને છેવટે તેના એક વિભાગના આચાર્યની પદવી સુધી પહોંચ્યા. (ચાલુ)

# ચંદ્ર પર ઉતરાણ

લેખક · યશવંતરાય ગુ. નાયક

**માણુસ** જ્યારથી વિચારતો થયો ત્યારથી જ કદાચ એને ચંદ્ર વિષે કુતૂહલ અને આકર્ષણુ રહેતું આવ્યું છે. બાળકલ્પનામાં અંકાએલાં હરણુ અને રેંટિયો કાંતતી ડોશીથી માંડીને મોટા થયા પછી પ્રેમ, પ્રજોત્પત્તિ, મનતરંગો અને ગાંડપણુ વગેરે માનવ જીવનનાં અનેક પાસાં સાથે ચંદ્ર વિષેની ચિત્રવિચિત્ર માન્યતાઓ ને વહેમો આપણે જાણુતા રહ્યા છીએ. બીજી બાજુ કુતૂહલથી પ્રેરાઈ ચંદ્ર વિષે નવાં સંશોધનો કરવા પણુ માણુસ પ્રવૃત્ત રહ્યો છે, અને એમાંથી ચંદ્ર વિષેના જ્ઞાનની એક નવી જ શાખા વિકસી છે. છેક ઈ. ૧૬૫૬માં વાર્તારૂપે ચંદ્રયાત્રાની કલ્પના વહેતી થઈ હતી. સત્તરમી સદીમાં જ્હૉન કૅપ્લરે ચંદ્ર પરની કાતિલ ઠંડી, ત્યાંના અવકાશની વાતવિહીનતા, ગુરુત્વાકર્ષણુના અભાવે ત્યાં પ્રવર્તતી વજનરહિતતા વગેરે હકીકતો રજૂ કરીને ચન્દ્રયાત્રાનાં સંભવિત ભયસ્થાનો પ્રતિ સાચી રીતે આંગળી ચીંધી.

પરંતુ આ ૨૦મી સદીની ચંદ્રયાત્રાની નક્કર કલ્પના તો ઈ. ૧૮૬૫માં જુલે વર્ને રજૂ કરી. એની ચંદ્રયાત્રાની કલ્પનાકથામાં ફ્લૉરિડામાંથી કલાકે ૪૦,૦૦૦ કિલોમીટરના વેગે, વાતાવરણુના ઘર્ષણુથી તપીને લાલચોળ બની ગએલા સ-માનવ યાનને એણે ચંદ્રની પ્રદક્ષિણા કરાવીને પૃથ્વી પર પાછું ઉતારવાની ક્રિયામાં જે ગણુતરીઓ કરી બતાવેલી એ સૈદ્ધાંતિક રીતે આજની ચંદ્રયાત્રાની યોજનાની ઘણી નજીક હતી. છેલ્લે, એક બધિર રશિયન શિક્ષક કૉન્સ્ટન્ટાઇન ત્સીઓલ્કોવ્સ્કીએ રૉકેટ દ્વારા ચંદ્ર પર પહોંચવાની શકયતાને ગાણિતિક રીતે પુરવાર કરી બતાવી. આ પછી ચંદ્રયાત્રાનાં કાલ્પનિક ઉડ્ડયનો ઝાંખાં પડવા માંડીને ધીરેધીરે એ યાત્રા એક નક્કર સ્વરૂપ લેવા લાગી. એમેરિકા અને રશિયા જેવાં બે મહારાષ્ટ્રોએ એ અંગે પ્રયોગો કરવા માંડયા. અને એ બંને દેશો વચ્ચેની ચડસાચડસીને કારણે આ દિશામાં ઝડપી પ્રગતિ થઈ. ઈ. ૧૯૬૧ની ૧૨મી એપ્રિલે રશિયન યુરી ગાગારિન 'વોસ્તોક-૧'માં ૧ કલાક અને ૪૮ મિનિટ સુધીમાં લગભગ ૩૩૫ કિ. મી. જેટલે ઊંચે ઊડયો.

રશિયાનો આ દિશાનો વિકાસ ગોપિત રહેલો હોઈ એનો વિગતવાર ઇતિહાસ ઉપલબ્ધ નથી, પણુ અમેરિકાએ ચંદ્રયાત્રાના આરંભ રૂપે 'મર્કયુરી' યોજના અમલમાં મૂકી. અને બે વર્ષ પછી કેઈપ કાનેરવલ (હવે કેઈપ કેનેડી)થી ઍલન બી. શેપર્ડે ૧૫ મિનિટ સુધીનું પ્રથમ ઉપ-અંતરીક્ષ ઉડ્ડયન કર્યું. ઇ. ૧૯૬૨માં જ્હૉન ગ્લેન અંતરીક્ષ સુધી ઊડયો; અને પછી તરત ચંદ્ર પર જવા માટેના પુરોગામી ચરણુ તરીકે અમેરિકાની 'મિની' યોજના આરંભાઈ. ઈ. ૧૯૬૬ સુધીમાં અમેરિકન અવકાશયાત્રીઓએ અંતરીક્ષમાં ચાલવાના અને બે અવકાશયાનોને અંતરીક્ષમાં જોડવાના સફળ પ્રયોગો પણુ કર્યા. સાથોસાથ યાનની અંદર રહેલા માનવ દ્વારા તેનું સંચાલન પણુ શકય બન્યું અને એ પછી ચંદ્રયાત્રા માટેની 'ઍપોલો' યોજનાનો આરંભ થયો. અને એ પછી— (સંપાદકીય)

**મ**નુષ્યે ચંદ્ર ઉપર પગ મૂકયો તે પહેલાં તેનું નિરીક્ષણુ કરવા માટે પૃથ્વી આસપાસ ફરતાં રૉકેટોમાં થએલાં અનેક ઉડ્ડયનો ઉપરાંત ચંદ્રની ફરતે માનવ સહિતના રૉકેટમાં ત્રણુ ઉડ્ડયનો કરવામાં આવ્યાં હતાં. આ ઉડ્ડયન-યોજનાને 'ઍપોલો' નામ આપવામાં આવ્યાં હતાં. એ ઍપોલોનાં અનુક્રમે ૬ થી ૧૭ ઉડ્ડયનોનો ટૂંક ઇતિહાસ નીચે પ્રમાણે છેઃ

**ઍપોલો ૬ :** જાન્યુઆરી ૨૭, ૧૯૬૭. પૃથ્વી ઉપરથી છૂટતાં જ સળગી ગયું અને તેમાંના ત્રણુ અવકાશયાત્રીઓ મૃત્યુ પામ્યા. આ રૉકેટ અવકાશમાં મુસાફરી કરવાની કસોટી કરવા માટે હતું.

**ઍપોલો ૭ :** ઑકટોબર ૧૧ થી ૨૨, ૧૯૬૮. આ રૉકેટે પૃથ્વીની ફરતે ૧૧ દિવસ પરિભ્રમણુ કર્યું હતું અને તેમાં રહી ત્રણુ અવકાશયાત્રીઓએ એમાંની સાધન-સામગ્રીની કસોટી કરી હતી.

**ઍપોલો ૮ :** ડિસેમ્બર ૨૧–૨૭, ૧૯૬૮. આ રૉકેટે ચંદ્રની સપાટીથી ૭૦ માઈલ ઊંચે ઊડતા રહી ચંદ્રનું અવલોકન કર્યું હતું. આ રીતે સૌ પહેલી વાર ત્રણુ અવકાશયાત્રીઓ પૃથ્વીના ગુરુત્વાકર્ષણુબળને પાર કરી ચંદ્રના ગુરુત્વક્ષેત્રમાં પહોંચ્યા હતા.

**ઍપોલો ૯ :** ચંદ્ર ઉપર ઊતરવા માટે રૉકેટોના બે ભાગ હોય છે: 'કમાન્ડ મૉડયુલ' (જે ચંદ્રની આસપાસ ફરતું રહેતું હોય છે) અને 'લ્યૂનર મૉડયુલ' જે ચંદ્ર ઉપર ઉતરાણુ કરે છે.

આ બે મૉડયુલને ચંદ્રની કક્ષામાં છૂટાં પાડી ફરીથી જોડી દેવાનો પ્રયોગ આ ઉડ્ડયનમાં થયો અને ત્રણુ નાવિકો સફળતાથી ચંદ્રની કક્ષામાં પહોંચી પાછા આવ્યા : માર્ચ ૩–૧૩, ૧૯૬૯. આ ઉડ્ડયને ચંદ્ર ઉપર ઊતરવાની શકયતાને પૂર્તિ આપી. રૉકેટમાંથી અવકાશમાં બહાર નીકળવાનો પ્રથમ પ્રયોગ પણુ આ વખતે થયો.

**ઍપોલો ૧૦ :** મે ૧૮–૨૬, ૧૯૬૯. આ ઉડ્ડયનમાં ઍપોલો ૯નો પ્રયોગ ફરીથી થયો. જેમાં લ્યૂનર મૉડયુલને કમાન્ડ મૉડયુલથી છૂટું પાડી ચંદ્રની એકદમ નજીક ૪૭૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈ સુધી લઈ જઈ ફરીથી ઊંચે પરિભ્રમણુ કરતા કમાન્ડ મૉડયુલ સાથે જોડીને એમાંના ત્રણુ નાવિકો પાછા ફર્યા.

**ઍપોલો ૧૧ :** જુલાઈ ૧૬–૨૪, ૧૯૬૯. આ ઐતિહાસિક ઉડ્ડયન દ્વારા માનવીએ ચંદ્ર ઉપર પહેલવહેલો પગ મૂકયો (જુલાઈ ૨૦ ૧૯૬૯), આ અવકાશયાનમાંથી લ્યૂનર મૉડયુલ છૂટું પડી ચંદ્રની પ્રદક્ષિણા કરતું કરતું નિશ્ચિત સ્થાને ટ્રાન્કિવલિટાટિસ સમુદ્ર પર ઊતર્યું અને સવારે ૧૦-૫૬ કલાકે નીલ આર્મસ્ટ્રૉંગે ચંદ્ર ઉપર પ્રથમ પગ મૂકી એક અદ્વિતીય વિક્રમ સર્જ્યો. એના સાથીઓમાંથી માઈકેલ કૉલિન્સ એની સાથે ચંદ્ર ઉપર ઊતર્યો હતો. જ્યારે એડવિન ઍલ્ડ્રિન કમાન્ડ મૉડયુલમાં રહેલો.

**ઍપોલો ૧૨ :** નવેમ્બર ૧૪–૨૪, ૧૯૬૯. ત્રણુ અવકાશયાત્રીઓ ચંદ્ર ઉપર ઊતર્યા. અગાઉના સર્વેયર ૩ યાનના અવશેષો પાછા લાવ્યા.

**ઍપોલો ૧૩ :** એપ્રિલ ૧૧–૧૭, ૧૯૭૦. આ રૉકેટ ચંદ્ર ઉપર ઊતરવામાં સફળ ન થયું, કારણુ કે તેની ઑક્સિજનની ટાંકીમાં ફાટ પડવાથી ઑક્સિજન વહી જવા લાગ્યો. અત્યંત કઠિનતાથી એમાંના ત્રણુ યાત્રીઓ પાછા જીવતા પૃથ્વી ઉપર આવી શકયા.

**ઍપોલો ૧૪ :** જાન્યુ. ૩૧ થી ફેબ્રુ ૯, ૧૯૭૧. આ ઉડ્ડયનમાં ત્યાંથી પથ્થરો એકઠા કરવા એક હાથલારી પણુ ચંદ્ર ઉપર ઉતારી હતી.

**ઍપોલો ૧૫ :** જુલાઈ ૨૬ થી ઑગસ્ટ ૭, ૧૯૭૧. આ ઉડ્ડયનમાં 'રોવર' નામની વિશિષ્ટ પ્રકારની ભ્રમણુ–ગાડીને ચંદ્ર પર ઉતારી.

વળી ચંદ્ર ઉપરથી લ્યૂનર મૉડયુલની ઊડવાની પ્રક્રિયા દેખાડતું એક ટેલિવિઝન ટ્રાન્સમીટર પણ ચંદ્ર ઉપર મૂકી આવ્યા, જે વડે પ્રક્ષેપિત ટેલિવિઝન ચિત્રો અમેરિકામાં જોવા મળ્યાં હતાં. તેમની મુસાફરીનાં ચિત્રો પણ જોઈ શકાયાં હતાં.

**ઍપોલો ૧૬ :** એપ્રિલ ૧૬-૨૭, ૧૯૭૨. આ ઉડ્ડયનમાં ખાસ કરીને વિશેષ વૈજ્ઞાનિક માહિતી મેળવી શકાઈ હતી. પૃથ્વીના વાતાવરણના પારજાંબલી કિરણ વડે ફોટોગ્રાફ, અવકાશમાં રહેલા વાયુનો અભ્યાસ અને દૂરના તારાઓના રંગપટ અને ફોટોગ્રાફ પણ લેવાયા.

**ઍપોલો ૧૭ :** ડિસેમ્બર ૭-૧૯, ૧૯૭૨. ઍપોલો યોજનાનું આ છેલ્લું ઉડ્ડયન હતું. એમાં ખાસ કરીને એક નામાંકિત ભૂસ્તરશાસ્ત્રીનો સમાવેશ કરાયો હતો. આ ઉડ્ડયનમાં સૌથી વધુ સમય ચંદ્ર ઉપર ગાળ્યો હતો અને ચંદ્રની સપાટી પર સૌથી લાંબી ખેપો કરીને અનેક ખડકો, પથ્થરો અને નમૂનાઓ લઈ આવ્યા હતા. આના યાત્રીઓ હતા યુજેન સર્નાન, રોનાલ્ડ ઈવાન્સ (વૈજ્ઞાનિક) અને હૅરિસન સ્મિથ. ચંદ્રની 'ટોરસ-લિટ્રો' નામની ખીણમાં ઉતરાણ કરીને ત્યાં સાડા ત્રણ દિવસ સુધી પરિભ્રમણ કર્યું હતું. ઍપોલો-૧૭ એ ચંદ્ર ઉપરના ઉતરાણોનો છેલ્લો પ્રયોગ હતો. હવે કદાચ ભવિષ્યમાં મંગળના ગ્રહ ઉપર આવાં ઉતરાણનો કાર્યક્રમ અપનાવાય તેવી શક્યતા છે.

## ચંદ્ર ઉપરના કેટલાક અનુભવો

ચંદ્રનો વ્યાસ પૃથ્વીના કરતાં આશરે ચોથા ભાગનો છે અને વજન પૃથ્વી કરતાં ૮૦-૮મા ભાગ જેટલું છે. આ તથા ચંદ્રની ઉપર હવા પાણી કે કોઈ સજીવ સૃષ્ટિ ન હોવાને કારણે ત્યાં થતા અનુભવોમાં અનેક પ્રકારની વિશિષ્ટતા હોય, જેમાંની કેટલીક ટૂંકમાં નીચે વર્ણવી છે:

(૧) પૃથ્વીના કોઈ સપાટ પ્રદેશ ઉપર ઊભા રહીએ તો ત્યાંથી ક્ષિતિજનો વિસ્તાર આશરે ત્રણથી ચાર માઈલ જેટલો દૂર જણાય છે, જ્યારે ચંદ્રની ક્ષિતિજનો વિસ્તાર માત્ર દોઢ માઈલ જેટલો જ હોય છે.

(૨) પૃથ્વી ઉપરના ગુરુત્વાકર્ષણ બળ કરતાં ત્યાં માત્ર છઠ્ઠા ભાગ જેટલું જ બળ હોવાથી માણસનું વજન પૃથ્વી ઉપર જો ૧૫૦ રતલ હોય તો તે ચંદ્ર ઉપર માત્ર ૨૫ રતલ જેટલું જ થાય છે. જો માણસ પૃથ્વી ઉપર ૪ ફૂટ ઊંચો કૂદકો મારી શકે તો ચંદ્ર ઉપર ૨૪ ફૂટ ઊંચો કૂદકો મારી શકે. જો કે ત્યાં માણસ ખાસ પ્રકારના પોશાક વિના રહી શકે નહિ, એટલે હકીકતમાં એવા ભારે પોશાક સાથે ઊંચો કૂદકો મારવાનું શક્ય નથી.

(૩) ઍપોલો-૧૫ના કમાંડર ડેવિડ સ્કૉટના અનુભવ મુજબ ચંદ્ર ઉપર ચાલવામાં વિચિત્રતા લાગે છે. સરકસના ઝૂલા ખાનાર ખેલાડીઓ નીચે રાખેલાં ટ્રેમ્પોલિન (કપડાનો અધ્ધર રાખેલો પડદો) પર જેવી રીતે ચાલે છે તેવી રીતે ચંદ્ર ઉપર આપણે કૂદતા કૂદતા ચાલતા હોઈએ તેવો અનુભવ થાય છે. ભારે પવનની સામે માથું આગળ ઝુકાવીને ચાલવું પડે તેવી રીતે ચાલવાની શરૂઆત કરવી પડે છે. એમાં જો અટકવું હોય તો પીઠ તરફ નમીને આપણા પગને ભોંયમાં ખોસી દઈ અટકવું પડે છે. ચંદ્ર ઉપર ગબડી પડવાનો અનુભવ એટલો સુખદ હોય છે કે અવકાશયાત્રીઓને ત્યાં બાળકોની પેઠે વારંવાર ગબડી પડવામાં ખૂબ મજા આવતી! ત્યાં ગબડી પડતો માણસ એટલો ધીમેથી નીચે ગબડે છે કે તેને લીધે માથું પછડાઈને ઈજા થવાનો કોઈ સંભવ નથી.

(૪) ચંદ્ર ઉપર વાતાવરણ ન હોવાથી ચોખ્ખે દિવસે પણ આકાશ કાળું ધબ દેખાય છે. સૂર્યની ફરતે તેનો જ્વાળાદીપ્ત વિસ્તાર પણ ત્યાંથી સ્પષ્ટ જોઈ શકાય છે, અને આકાશમાં દિવસે પણ તારા નજરે પડે છે. આથીયે વિશિષ્ટ દેખાવ પૃથ્વીનો લાગે છે. ચંદ્ર ઉપરથી જોતાં પૃથ્વી મોટા (ચંદ્રથી ચારગણા મોટા) બિંબવાળા ચંદ્ર જેવી દેખાય છે. અને ઉપરથી પરાવર્તિત થતો સૂર્યપ્રકાશ પૃથ્વીને ચંદ્ર પેઠે, પણ ચંદ્રથી વધુ તેજસ્વી બનાવે છે અને એના ચાંદરણા (કે પૃથ્વીરણા)થી ચંદ્ર પરની રાત એ ઉજાળે છે. ચંદ્ર ઉપરથી પૃથ્વીની પણ કળા થતી દેખાય છે. વળી, પૃથ્વી ઉપર વાતાવરણ, વાદળ, જમીન તથા સમુદ્રો હોવાથી ચંદ્ર પરથી એનો દેખાવ પ્રમાણમાં રંગબેરંગી લાગે છે. ખાસ કરીને પૃથ્વી આસમાની અને સફેદ રંગની દેખાય છે. વાદળોના વિશાળ પટો તેના ઉપર જાતજાતની સફેદ આકૃતિઓ રચે છે.

(૫) ચંદ્રના સપાટ પ્રદેશ ઉપર એકથી દોઢ ફૂટ જેટલો ધૂળનો થર પથરાએલો છે. તેના ઉપર પગ મૂકતાં અથવા કૂદતાં એ ધૂળના ગોટેગોટા ઊંચે ઊડે છે ને પૃથ્વી કરતાં ધીમે પરંતુ સદંતર નીચે ઠરી જાય છે. પૃથ્વી ઉપર તો ધૂળના રજકણો હવામાં ભળીને બહુ લાંબે સુધી મુસાફરી કરે છે.

(૬) ચંદ્ર ઉપર પખવાડિયાનો દિવસ ને પખવાડિયાની રાત હોય છે. દિવસે ત્યાંની ભૂમિનું ઉષ્ણતામાન વધીને ૨૬૧° ફે. (૧૨૮° સે.) થાય છે, જ્યારે રાતે શૂન્યથી નીચે -૨૪૦° ફે. (—૧૩૦° સે.) જેટલું થાય છે.

(૭) ચંદ્ર ઉપર નીરવ શાંતિ હોય છે, કારણ કે ત્યાં વાતાવરણ નથી. ત્યાં બંદૂક, તોપ અથવા ઍટમબૉમ્બ ફોડવામાં આવે તો પણ અવાજ પેદા થતો નથી! અલબત્ત, ભૂમિમાં અવાજ પેદા થઈ શકે ખરો, પરંતુ તે પણ ભૂમિ ઉપર કાન અડાડીને સાંભળીએ તો જ સંભળાય.

(૮) ચંદ્ર ઉપર હવાચુસ્ત પોશાક પહેરીને જ ઊતરવું પડે છે. આ વિશિષ્ટ પોશાકમાં એટલી બધી અટપટી કારીગરી કરવામાં આવે છે કે એમાંની એક હજાર યુક્તિઓમાંની એક પણ જો નિષ્ફળ જાય તો માણસનું મૃત્યુ થાય! એમાંથી એકાદ પણ બારીક છિદ્ર વાટે હવા નીકળવા લાગે તો તેમાંની સંપૂર્ણ હવા તથા માણસના શરીરમાં રહેલી બધી જ હવા ચંદ્રના શૂન્યાવકાશમાં પ્રસરી જાય. જો માણસ અથવા કોઈ પ્રાણી ખુલ્લા શરીરે ત્યાં બહાર પડે તો જેમ રબરના ફુગ્ગામાં કાણું પડતાં એ ચીમળાઈ જાય તેવા જ હાલ તેમના થાય, અને માણસ પણ ચામડી સહિતના હાડપિંજર જેવો બની જાય.

(૯) હમેશાં ચંદ્રની એક જ બાજુ પૃથ્વી તરફ રહે છે, કારણ કે જેટલા વખતમાં તે પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહે છે તેટલા જ સમયમાં તેની ધરી ઉપર તે એક ચક્ર પૂરું કરે છે. પણ એની બીજી બાજુની છબીઓ એની પ્રદક્ષિણા કરતા કમાન્ડ-મૉડયુલ દ્વારા લઈ શકાઈ છે. □

---

અનુસંધાન] **તારુણ્યની તાસીર** [પૃ. ૩૬૩થી

કુલાવી, દમાવીદમાવીને જોવા માંડયો. જોકે સ્નાયુઓ ખાસ માંસલ નહોતા. પણ જેવા પણ અને જેટલા પણ હતા, ફુલાવવામાં શો વાંધો? જરાક સીટી મારી. જે જરાક મૂછના દોરા ફૂટ્યા હતા એના પર એક બે વાર તાવ દીધો.

તે પછી એની નજર પડી પ્લૅટફૉર્મને પેલે છેડે, ત્યાં એક ગુલમહોરના વૃક્ષની એક પુષ્પિત ડાળ પ્લૅટફૉર્મ પર ઝૂકી રહી હતી. એ તે તરફ ગયો અને કૂદકો મારીને ડાળ પકડીને ફૂલ તોડવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

થોડી વાર પ્રયત્ન કરી થોડાં ફૂલ તોડ્યાં પણ ખરાં. પછી શાંત દેકે એક ઝૂમખો ફૂલ લઈ ફરી એ છોકરી પાસે જઈ ઊભો રહ્યો

ત્યાં ટ્રેઈન આવી પહોંચી. કુલીએ સૂટકેઈસ અને ચણાજોરગરમનાં પડીકાં એક ખાલી ડબ્બામાં મૂક્યાં ને ચાર આના મેળવ્યા પણ ખરા.

છોકરાએ ગાડીમાં ચડી બધો સામાન બરાબર ગોઠવ્યો અને ફરી નીચે ઊતરી પડ્યો. એકલી છોકરી ભણી એક વાર નજર નાખી જોયું કે છોકરી પણ તેના ભણી જ જોઈ રહી હતી.

ગાર્ડે વ્હિસલ મારી, વિધિ મુજબ લીલી ઝંડી દેખાડી. ટ્રેઈને ધીરે ધીરે ચાલવાનું શરૂ કર્યું. તોયે છોકરો ટ્રેઈનમાં ચડ્યો નહિ.

ટ્રેઈનની ઝડપ જ્યારે ખાસ્સી વધી ગઈ હતી ત્યારે આખરી બહાદુરી બતાવવા માટે હસીને છોકરીને નમસ્કાર કરી ચાલતી ટ્રેઈનમાં ચડવા કૂદ્યો. પણ તે જ સમયે પગ લપસી જવાથી એકદમ નીચે—ગાડીનાં પૈડાં નીચે પડી ગયો!—બીજું કંઈ જ કરવાની તક એને મળી નહિ.

# તારુણ્યની તાસીર

શ્રી 'વનફૂલ'ની એક વાર્તાનો અનુવાદ · સુકન્યા ઝવેરી

બીચારાનો દોષ નહોતો. એ ઉમરે, એ અવસ્થામાં બધા યુવક એમ જ કરે. જૈવિક નિયમ અનુસાર યૌવનનો ધર્મ જ એ. મનમાં થાય જરાક છાતી કાઢીને ચાલું, મસ્તક જરાક ટટ્ટાર ઊંચું રાખી હાવભાવમાં, ચાલચલનમાં પૌરુષનું માહાત્મ્ય છો પરિસ્ફુટ થઈ ઊઠે. છોકરીઓ તે જુએ. અનુભવ કરી ભલે એક વાર મનમાં ને મનમાં એને થાય: વાહ, છોકરો છે ને કંઈ! અકારણે કાનનાં મૂળ ગરમ થઈ જાય, લાલ થઈ જાય. સ્નાયુઓમાં સ્ફુર્તિ સંચાલિત થાય; નસેનસમાં રક્તસ્રોતનો ગતિવેગ વધી જાય. યૌવનકાળમાં બધાને જ આમ થાય. આ જ નિયમ. યૌવનનો ધર્મ જ આ જાતનો વિચિત્ર, કે અતિશયતા જ તે સહેજે પ્રકાશિત કરે. કારણે એક રંગે પોતાને આડંબર સહ જાહેર ન કરી શકે તો સંતોષ-સ્વસ્તિ ન થાય. બધા જ એ બધું પોતાની રીતે, પોતાની રુચિ અનુસાર કરે.

તે દિવસે પ્લૅટફૉર્મ પર દૂબળો એવો એ છોકરો પોતાની ફરજ ના હોવા છતાં પણ જે કરતો હતો તે આ જ સનાતન મનોવૃત્તિના તાડનાને લીધે જ કરતો હતો. નિરપેક્ષભાવે નિરીક્ષણ કરો તો છોકરામાં એવું કંઈ અસાધારણ કશું જ નહોતું. સફેદ ટ્વીલનું શર્ટ પહેરેલો એ ઓગણીસ-વીસ વર્ષનો એક દૂબળો-પાતળો છોકરો. હજુ મૂછનો દોરો ફૂટી રહ્યો હતો. પગમાં સરતાં ચટકદાર સૅન્ડલ.

થોડે જ દૂર એક કમ વયની છોકરી બેઠી હતી. સ્ટેશન ઘણું નાનું. પ્લૅટફૉર્મ પર ત્રણ ચાર મુસાફરો ટ્રેઈનની રાહ જોતા હતા. તેમાંના બે હતા રાંગાલ. તેઓ ગાંસડા પોટલાં લઈ દૂર બેઠા હતા. અને બાકીના બે જણમાં એક પેલો દૂબળો પાતળો છોકરો અને બીજી પેલી તરુણી. અહીંતહીં, આમતેમ એકાદ બે કૂલી અને ફેરીવાળા ઘૂમતા ફરતા હતા. સ્ટેશનના માસ્તર અને ક્લાર્ક પોતપોતાના રૂમમાં કામ કરતા હતા. આ નિર્જન, શાંત વાતાવરણમાં પણ એ છોકરાના અંતરમાં કોણ જાણે એક ઉદ્દીપના અકારણે ફેણ માંડી ઊઠવા લાગી.

છોકરાએ જો કે આ પહેલાં એ છોકરીને ક્યારે ય જોઈ નહોતી. ઉત્તેજનાનું આધિક્ય સંભવતઃ એને લીધે જ.

છોકરે અવ જને અકારણે, અસંભવિત રીતે કર્કશ કરી બૂમાબૂમ કરવા માંડ્યો: 'કૂલી! કૂલી!—એ કૂલી...'

એક કૂલી આવ્યો: 'શું છે બાબુ?'

'મારો સામાન ટ્રેઈનમાં ચડાવી દેજે, સમજ્યો?'

'અચ્છા, બાબુ.'

'શું લઈશ?' 'ચાર પૈસા, બાબુ.'

'ચાર પૈસા શું, ચાર આના આપીશ તને. સારી જોઈને જગ્યા શોધી દેજે હોં કે! કેમ, ઠીક છે ને?' વિસ્મિત કૂલી બોલ્યો: 'અચ્છા બાબુ.'

'બરાબર ચડાવી દઈશ ને?' 'હા બાબુ.'

'બહોત અચ્છા.' છોકરાએ કૂલીની પીઠ થાબડી કહ્યું.

'તમારો કયો સામાન, બાબુ?'

એક નાનકડી સૂટકેસ સિવાય બીજો કોઈ મોટો સામાન જો કે નહોતો. છોકરાએ તે બતાવીને પૂછ્યું: 'આજે ગાડી લેઈટ છે, નહિ?'

'અર્ધો કલાક લેટ છે, બાબુ.' 'હું રિપૉર્ટ કરીશ.'

કોની પાસે અને કોના નામે રિપૉર્ટ કરશે એ તો જો કે અણકથ્યું જ રહ્યું કૂલી ચાલ્યો ગયો.

છોકરાએ ક્રુદ્ધભાવે, રોષભરી આંખે તરુણી સામે થોડી વાર આંટા-ફેરા માર્યા, અને થોડી વાર આંટા મારવાથી રોષ થોડો ઓછો થયો એટલે સીટી મારવા લાગ્યો. થોડી વાર સીટી માર્યા પછી ફરી એનો અવાજ સંભળાયો—હુકમ કરતો હોય એ રીતે ઘાંટા પાડતો હતો: 'સોડા! સોડા! એઈ સોડા, ઈધર આઓ.' સોડા વેચવાવાળો પાસે આવ્યો.

'એક સોડા દેઓ, જલદી કરો!' 'બે આના પડશે—બાબુ.'

'કુછ પરવા નહિ; દે દો તુમ.'

એમ કહીને ન જોતો હોય એ ભાવે એણે છોકરી ભણી એક વાર નજર નાખી. કહેવાની જરૂર નથી કે છોકરી પણ છોકરા ભણી જ જોતી હતી. અચાનક નજર મળવાથી છોકરીએ એકદમ નજર નીચી ઢાળી બીજી તરફ જોવા માંડ્યું.

'લીજિયે બાબુ.' ઊભરાતાં ફીણવાળી સોડા-બૉટલ પકડીને એ ફરાયુક પગ પહોળા કરી, મુખ ઊંચું કરી સોડા પીવા માંડ્યો. સોડા પીવી એ ય જાણે એક વીરત્વનું કામ ન હોય!

એવામાં ચણાજોર ગરમવાળો આવી પહોંચ્યો.

છોકરીએ ઈશારાથી તેને પાસે બોલાવ્યો. તેને ચણા જોર ગરમ ખરીદતી જોઈ યુવક પણ તે બાજુ આગળ વધ્યો.

'કેમ આપ્યા ચણા, હેં?' 'એક પૈસાનું પડીકું.'

'આટલું નાનું પડીકું ને એક પૈસો? આટલાં નાનાં પડીકાં તો પૈસાનાં ચાર મળે. સિમ્પ્લી એ કટથ્રોટ! પૈસાનાં ચાર પડીકાં દે!'

'ના બાબુ, ના પરવડે.' 'ન પરવડે, એટલે?'

'ચણાનો ભાવ આજકાલ બાબુ—'

'ચણાનો ભાવ શું છે આજકાલ? ઠીક તો, દેખાડ તારો હિસાબ...' ચીડાઈને છોકરો આગળ વધ્યો.

'એ બધી વાત જવા દો બાબુ.' 'બેકાર વાત વધારવાથી શો ફાયદો? તમારે ચણા લેવા છે? કેટલાં પડીકાં લેવાં છે?'

આંખો ને ભવાં ચડાવી છોકરાએ એક વાર ચણાવાળાને પગથી માથા સુધી નિહાળી લીધો. તે પછી બોલ્યો: 'કેટલાં પડીકાં? તારી પાસે જેટલા ચણા છે ને એ બધા જ હું ખરીદી શકું છું, સમજ્યો? તું શું સમજે છે મને?' જવાબમાં ચણાવાળો ખડખડાટ હસ્યો.

'હસે છે શું? કેટલા છે તારા ચણા? કેટલા પૈસા?'

'એક રૂપિયો બાબુ.' સાંભળતાં જ 'પાકીટ ખોલીને તે જ ઘડીએ ખડીંગ કરતો એક રૂપિયો કાઢીને તેની સામે ફેંક્યો. ચણાવાળાને આવી આશા નહોતી. કઈ ગંભીર મનોવૃત્તિ એ છોકરાને નચાવતી હતી, તે એ બીચારો શી રીતે સમજે? રૂપિયો લઈ એણે તો ચાલતી પકડી.

આટલા બધા ચણા લઈ છોકરો મૂંઝાયો. જરાક આમતેમ કરી છોકરીને કહે: 'તમે લો ને આમાંથી.' અને કેટલાં બધાં પડીકાં એણે જબરદસ્તીથી છોકરીની બેંચ પર મૂક્યાં. એની દૃષ્ટિધાર છોકરીને સંકુચિત કરી રહી હતી પણ એ બીચારી શું કરી શકે? શરમની મારી નજર ઢાળી બેસી રહેવા સિવાય બીજો કોઈ ઉપાય એને સૂઝ્યો નહિ.

બાકીનાં પડીકાં સૂટકેઈસ ઉપર મૂકી આવી, છોકરો હસીને બોલ્યો: 'એ બધાં ટ્રેઈનમાં જતાં જતાં પૂરાં થઈ જશે. ક્યાં જાઓ છો તમે? આ જ ટ્રેઈનમાં જવાનાં છો ને?' છોકરી શરમાતી હતી. મૃદુસ્વરે બોલી: 'હું પછીની ટ્રેઇનમાં જવાની છું.'

'ઓહ! એમ કે?' કહી છોકરો થોડી વાર ઊભો રહ્યો. પછી ફરી આંટા મારવા માંડ્યો. છાતી કાઢી, ઉન્નત મસ્તકે અકારણ આનંદે થોડી વાર આંટા માર્યા. ફરી થંભ્યો. પછી ગરદન ઝુકાવી, હાથના સ્નાયુ પો

(અનુસંધાન પૃષ્ઠ ૩૬૨)

બોલ્શૉય બાલે સ્કૂલ


# લેનિનગ્રાડ અને ત્યાંની (વ્હાઇટનાઇટ્સ) ધવલરાત્રિઓ

લેખક • સુનીલ કોઠારી

ચર્ચા, મિટીંગ, દલીલ, ચડસાચડસી અને રાત્રે બાલે-કૉન્સર્ટ વગેરેમાં મૉસ્કોવા હોટેલ, બાજુમાં બોલ્શૉય અને પડખે ટ્રેડ યુનિયન કૉંગ્રેસ હૉલ સિવાય બીજું કશું દીઠું જ નહોતું, એટલે એક દિવસ બપોરે આપણા ગુસેવ સાહેબ કહે કે 'All work and no play makes Jack a dull boy. ઊઠો! બંધારણ-બંધારણ કરી બહુ ગજાવ્યું. ચાલો અબ મૉસ્કો દેખેંગે.' અને એક બસમાં અમારું નાચનારાઓનું બધું મંડળ અને એવી બીજી બસોમાં બીજા ડેલિગેટો એક બપોરે ઊપડયા. ક્રેમલિન, રેડ સ્ક્વેર, મૉસ્કો નદી, લેનિનની દરગાહ, જૂનાં દેવળો, ત્રણ હજાર ખંડવાળી 'રૉશ્યા'ની મસ્સ મોટી હોટેલ, યુનિવર્સિટી, બોલશૉય બાલે સ્કૂલ, લોમોનોવ્સ્કી પ્રોસ્પેક્ટ, રેવોલ્યુશન સ્ક્વેર, 'મોટો ગમ' ડિપાર્ટમેન્ટલ સ્ટોર, માયકોવ્સ્કી સ્ક્વેર, ગૉર્કી સ્ટ્રીટ, પુશ્કિન સ્ક્વેર અને કંઈ કંઈ જોયું. તે બધું જોઈ બુદ્ધિ બહેર મારી ગઈ. આ વિશાળ નગર, તેની સમૃદ્ધિ, તેનો ઇતિહાસ, ત્યાં આવેલી અને લેનિને આણેલી ક્રાંતિ, એક વિરલ ઐતિહાસિક વર્ગવિહીન સમાજનો પ્રયોગ, પ્રોલેટેરીએટ વર્ગની સુખાકારી, સગવડો, ચિંતા, તેનાં હિતની રક્ષા બધું જોતાં થાકીને લોથ થઈ ગયા. વચમાં કાલિનીન પ્રોસ્પેક્ટમાં હાઉસ ઑવ ફ્રેંડશિપ જોયું.

આ બધાંમાં બોલ્શૉય બાલે સ્કૂલ (મૉસ્કો કોરીઓગ્રાફિક સ્કૂલ)માં ગાળેલા બે કલાક એ જાણે નૃત્યોપાસનાની ધન્ય ઘડીઓ. કેળવાએલાં અંગોવાળાં છ થી સાત વરસનાં ભુલકાંઓથી માંડીને વીસ વરસનાં તરુણ-તરુણીઓનાં અંગચાપલ્ય, છટા, કમનીયતા, દેહભંગિ, વળોટ, ડોલન, સંતુલન અવકાશમાં હળવાં ફૂલ થઈ ઊડવું અને રતિભાર પણ ચૂક્યા વિના સૂરને તાલે ટપ દઇને આરાબેસ્ક (arabesque) લઈ છેલ્લું નમન કરવું—એ જોતાં તાળીઓ પાડીપાડી હથેળીઓ લાલચોળ થઈ ગઈ. આવી તાલીમ, શિક્ષા માટે માન થાય. આપણે ત્યાં મદ્રાસમાં 'કલાક્ષેત્ર'માં અને કેરળમાં ચેરૂથુરુથી ખાતે 'કેરળ કલામણ્ડલ'માં ભરતનાટચમ્ તથા કથકલીમાં આવી શિક્ષા અપાય છે. હા જી, ભૂલચૂક થાય તો ચામડાં ઊતરડી નાખે, ચાબખા પડે, ફરીથી રિયાઝ કરવા પડે. ચાલે જ નહિ. ને અહીં શીખવા જનારાં ય છ મહિને ફટ દઇને 'અરંગેત્રમ્' (રંગમંચપ્રવેશ વિધિ નામે થતા લગનચાળા જેમ ફાટી નીકળેલા) નૃત્યસમારંભો માટે પડાપડી કરનારાં નહિ તો! તપોવન જેવા વાતાવરણમાં રહેવાનું. તેમાં ય કલામણ્ડલમાં તો સવારે ચાર વાગ્યે ઊઠીને આંખે ઘી આંજી નેત્ર-વ્યાપારના પાઠ લેવાના. બંને ઠેકાણે સ્થાપકોએ કશી બાંધછોડ કરી જ નથી. શીખવું હોય, સાત આઠ વરસ તનતોડ મહેનત કરવી હોય તો જ દાખલ થવું. ટૂંકમાં તપશ્ચર્યા વિના સિદ્ધિ જ નહિ.

એક રાત્રે મિ. નેવિલને ત્યાં નક્કી કર્યા મુજબ પાર્ટીમાં ગયા. આન્ટીએ તો સરસ વાનગીઓ બનાવેલી. આખી એમ્બૅસીમાં આ દંપતી લોકપ્રિય અને માનીતું. પ્રાણ નેવિલ પંજાબી. મૂળે દિલ્હીના. ભારતનું કોઈ પણ ડેલિગેશન જાય, પોતે ગમે તેટલા વ્યસ્ત હોય, તો પણ કોઇને ને કોઇને જમાડે ખરા જ. મને ગુજરાતી જાણી ત્યાં એમ્બૅસીમાં કામ કરતા કમર્શિયલ કાઉન્સિલર શ્રી બી. એમ. ઓઝા અને તેમનાં પત્નીને બોલાવેલાં. મુંબાઈથી કોઈ પેપર ખરીદી કે સપ્લાય કરનારું મંડળ પણ



△ બોલ્શૉય બાલે સ્કૂલમાં અંગવળોટની આકરી તાલીમ લેતા વિદ્યાર્થીઓ. નવેક વર્ષની એમની અહીંના શિક્ષણમાં બાલે નૃત્યને યોગ્ય એવી શારીરિક તાલીમ જ નહિ, પણ સાથોસાથ બાલેના વિકાસનો ઇતિહાસ, સંગીત, રંગભૂમિની કરામતો વગેરેનું પણ પૂરતું જ્ઞાન અપાય છે.

આવેલું, તેમાં એક ભાઈશ્રી પરીખ હતા. પછી તો જામી. મૉસ્કોમાં ઉનાળે બાફી નાખે-શેકી નાખે તેવી ગરમી પડે તેની વાતો, શાકભાજી અને રોજિંદી ખાધાખોરાકીની હાલાકી વગેરેની વાતો જાણવા મળી. ઘણાંને પરદેશમાં આ બધાં મ્હાલતાં જ હશે તેવા જે ભ્રમ હશે તે કેવા ખોટા છે તેનો ખયાલ આવશે. ઓઝા સાહેબ વળી સિડનહામમાં ભણેલા અને અમે ત્યાં ભણાવીએ એટલે ઘણો આત્મીયભાવ અનુભવ્યો. થોડી વારે આપણા એમ્બૅસૅડર સા'બ શ્રી સુખથનકર પધાર્યા. પાર્ટી નેવિલ સાહેબના અંગત નિવાસ સ્થાને, છતાં આવેલા તેટલા મિલનસાર. બધાનાં ખબરઅંતર પૂછ્યા અને કંઈ અગવડ-બગવડ હોય તો નભાવી લેવા ને જરૂર પડે તો મદદ લેવાનું પણ કહ્યું. ચાંદામામાની વાત ચાંદામામા જાણે. અમારો અનુભવ એમ્બૅસીવાળાઓ જોડે સુખદ નીવડયો. નેવિલસાહેબ સંગીતના રસિયા. ઓહો! એમને ત્યાં જૂની રેકૉર્ડોની ટેઈપ્સનો સંગ્રહ જોઈ છક્ક થઈ જવાય. એમનું કલેકશન વિરલ ગણાય છે.

મારે તે જ રાત્રે લેનિનગ્રાડ 'એરો' એક્સપ્રેસમાં જવાનું હતું એટલે આન્ટીએ ભાવતાં ભોજનનું પૅકેટ સાથે બંધાવ્યું, ને કહે કે લેનિનગ્રાડમાં આરોગતાં યાદ કરજે. આવી સ્નેહવર્ષાથી હું તો ગળગળો થઈ ગયો! ઋણાનુબંધ આપણને ક્યાંથી ક્યાં નજીક લાવે છે! પરમહંસને મેં બીજી સાંજની બાલેની ટિકિટો આપી કહ્યું કે આન્ટીને અને શ્રીમતી ઓઝાને લઈ જજો. એમ બધું ગોઠવી ગાડીમાં ગોઠવાયા અને પહોંચ્યા લેનિનગ્રાડ સ્ટેશન પર. ત્યાંથી ગાડી લેનિનગ્રાડ જાય. ને લેનિનગ્રાડમાં મૉસ્કો નામે સ્ટેશન ત્યાં ગાડી પૂરી થાય! સાવ સીધું ને સૂતરું. રેલગાડીની વ્યવસ્થા જાણે આદર્શ. ઉપરાંત મૉસ્કોની મેટ્રો (અંડરગ્રાઉંડ ટ્રેન) વિશ્વભરમાં વિખ્યાત છે. ભૂગર્ભ સ્ટેશનોમાં ક્યાંક નકરો આરસ જ વાપર્યો છે ને ઝુમ્મરો ટાંગ્યાં છે. વાતાવરણ એવું તો પ્રસન્ન કે લાગે જ નહિ કે ભૂગર્ભ રેલવે માર્ગે જઇએ છીએ. સામાન્ય પ્રજાજન કારખાને કામ કરવા જાય ત્યારે પ્રસન્ન વદને જાય, ને પાછો ફરે ત્યારે એવી જ પ્રસન્નતા સાથે આવે. એની આવનજાવન માટે વાહનવ્યવહારની સુખાકારી અને સગવડનો સરકાર પૂરો ખયાલ રાખે. આવાં સાફસુથરાં, ચોખ્ખાંચણાં આકર્ષક મેટ્રો સ્ટેશન મૉસ્કો ઉપરાંત લેનિનગ્રાડમાં પણ દીઠાં. ત્યાં વળી એક ઓર કૌતુક જોયું. વચમાં પેસેજ હોય પછી બન્ને બાજુ સામાન્યતઃ પ્લૅટફોર્મ હોય. હું થીએટર સ્ટ્રીટથી એક વાર નેવસ્કી પ્રોસ્પેક્ટના મોટા સ્ટેશનેથી મૉસ્કો સ્ટેશને (લેનિનગ્રાડમાં જ) હોટેલ પર પાછો વળતો

હતો. ભૂગર્ભ એટલે ખાસ્સું ઊંડાણ. છ થી સાત મજલા જેટલું. એસ્કેલેટર પર ઊભા રહીએ અને ઉપર પહોંચી નીચે નજર નાખીએ તો ચક્કર આવે. પરંતુ દીવાની ઝાકમઝોળ. હવે અંદર ગયા પછી હું પ્લેટફૉર્મ શોધું. પણ દેખાય જ નહિ. વચલો પૅસેજ ને બે બાજુ દીવાલ. તેને અઢેલીને લોક ઊભેલું. હું ચકળવકળ જોઉં ને વિચારું કે હજી ક્યાં લગણ ઊંડે જવાનું હશે કે પ્લેટફૉર્મ દેખાશે? પૂછતાં એક બાળા કહે કે આ દીવાલમાં તે જ રંગના દરવાજા છે. ગાડી આવશે ને ફટ આ દરવાજા ખૂલશે ને તમે સીધા ગાડીમાં! ઓત્તારીની! હું તો આ એન્જિનીઅરિંગની કરામત જોઈ 'સ્તબ્ધ' (સ્તબ્ધ પણ નહિ–સડક જ) થઈ ગયો. ભલે લંડનમાં 'ટ્યૂબ' જોઈ, પારી(સ)માં મેટ્રોનો નકશો મોઢે થઈ ગયો, મોન્ટ્રીઅલમાં નવીનકોર ટ્રેનો જોઈ, પણ રશિયાની આ સગવડની તોલે કશું ન આવે!

'એરો' એકસપ્રેસ એટલે મૉસ્કોથી રાત્રે અગિયાર વાગ્યે ઊપડે તે સવારે સાત વાગ્યે સીધી જઇને ઊભી રહે લેનિનગ્રાડ. તીર જેમ વછૂટે. ભારેની રૂડી રૂપાળી આરામદાયક ગાડી. અહીં વળી સેવાતત્પર રેલહોસ્ટેસ. દરેક બે ડબ્બા વચ્ચે એક બાથરૂમ, ચકચકાટ સ્વચ્છ સાફ દર્પણો, આરામખુરશી, ટેબલ, ટેબલલૅમ્પ, કબાટ, બર્થ, ઓઢવા પાથરવાનાં તે એવાં ચોખ્ખાં કે શય્યા પર પગ મૂકતાં જીવ ન ચાલે, અને પેલી ફટાકડી આવીને 'ચાય' આપી જાય. મારા કમ્પાર્ટમેન્ટમાં એક સહપ્રવાસી હતા જપાનના ડૉ. કોઈચી સુગા. તોકિયોની ઇન્સ્ટિટ્યૂટ ફૉર ન્યુકલીઅર સ્ટડીના પ્રોફેસર. વાતે ચડતાં કહે : 'હું તો અમદાવાદ-મુંબાઈ આવી ગયો છું. તમે ડાન્સ ક્રિટિક છો તો અમારા મિત્ર ડૉ. વિક્રમ સારાભાઈનાં પત્ની મૃણાલિનીને ઓળખો છો?' એટલે તો પછી ઘણી વાતો થઈ. મૃણાલિની ચં. ચી. ને મારી જોડે કૉપનહેગનમાં સાથે હતાં ત્યારથી માંડીને તેમનાં નવા નૃત્યપ્રયોગો વગેરેની સુપેરે વાત થઈ. પોતે કોઈ મોટી કૉન્ફરન્સમાં આવેલા. ઘણા વિનયી ને મિલનસાર. અમે બન્ને રહેવાના હતા એક જ હોટેલમાં—૧૦૧ આઇલૅન્ડ પર આવેલી હોટેલ લેનિનગ્રાડમાં, એટલે ઠીક કમ્પની મળી. બર્થમાં આડા પડ્યા કે નિંદરરાણીએ પાંપણ પર સસલાં ચીતરવાં શરૂ કર્યાં તે એ...ય વહેલી પડેસવાર.

સ્ટેશન આવતાં પૂર્વે ચાય આવી. તૈયાર થયા. ગાડી ઊભી રહી કે અમને તેડવા હોટેલથી આવેલું તે મોટરમાં હોટેલ પર હંકારી ગયા. તરત જ રજિસ્ટ્રેશન કરાવવાનું. સરકારના મહેમાન હતા એટલે કંઈ વસમું ન લાગ્યું; પણ વિચારતો હતો કે ધારો કે તમે મુંબાઈ આવો અને થાય કે ચાલો વડોદરા-અમદાવાદ આંટો મારી આવીએ, તો તેવું અહીં ન થાય. બે ય સ્થળના વિઝા જોઇએ. પછી ત્યાં પહોંચીને તુરત કો'ક હોટેલમાં રજિસ્ટ્રેશન કરાવવું જ પડે. આમ તેમ લહેરીલાલા જેમ લટાર ન મરાય. તમને આપેલા સ્પેશ્યલ પાસપોર્ટ પર જે હોટેલમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તેનો વળી પાછો સિક્કો. પેલી મિનિસ્ટ્રીમાંથી આવેલી બાળાએ આ સૂચના અક્ષરશઃ પાળવા પર ખાસ ભાર કેમ આપ્યો હતો તે સમજાયું જ્યારે મૉસ્કોથી રેલ માર્ગે પાછો લંડન જવા ઊપડ્યો ત્યારે. ઉતાવળમાં પાસપોર્ટ પર મૉસ્કોવા હોટેલમાં રહ્યાની સાહેદી–પુરાવા રૂપ સિક્કો મરાવવાનું ચૂકી ગએલો. પરિણામે વળી સરહદ વટાવતાં બ્રેસ્ટ સ્ટેશને ભારે હાલાકી ભોગવવી પડેલી. મને બ્રેસ્ટ સ્ટેશને ઉતારી મૂકી પોલીસ અફસર વડા અધિકારી પાસે લઈ ગયા. સારા નસીબે પોલૅંડના એક પ્રૌઢ પ્રોફેસર નાટકકાર બાલ્ડીની મલાકો કંઈ ખરીદવા ઊતરેલા તેમને કંઈક વહેમ પડ્યો કે મને રંજાડ થાય છે તેથી પાછળ પાછળ આવેલા. પોતે રશિયન જાણે, એટલે પોતાનો પાસપોર્ટ બતાવી કહે કે આ ડેલિગેટ પણ મારી જોડે મારા કમરામાં જ રહેલો તેની હું ગવાહી આપું છું. પ્રો. બાલ્ડીની અને હું એક કમિટી પર, તેથી આમ અણીને વખતે મદદ મળી. પણ જો તમે આવી ભૂલ કરી બેસો તો પેલા કશું સાંભળે જ નહિ. તમે રશિયામાં ઘૂસ્યા કઈ રીતે અને ૨૯મી મેની સાંજના પેઠા તે આ દસ દહાડા કર્યું શું? જે હોટેલમાં ઈનટુરિસ્ટવાળા રાખે ત્યાં કેમ ન રહ્યા? ને રહ્યા હો તો તે હોટેલની છાપ–સહીસિક્કા ક્યાં? મારા હોશકોશ કેવા ઊડી ગયા હતા તે ક્યારેક મળે તો પ્રોફેસર બાલ્ડીનીને પૂછજો! એટલે હોટેલ લેનિનગ્રાડમાં પાસપોર્ટ પર છાપ પડાવેલી તેની કિંમત સમજાઈ હતી. લો! હવે બહુ હોંશ હોય ને આવા છબરડા વાળવા હોય તો રશિયા જજો!

આવી હાલાકીને કારણે મુક્ત રીતે રહેવા-વર્તવા ટેવાએલા આપણા જેવાને કશું ગોઠે નહિ. બધા આપણને વહેમની નજરે જોતા હોય તેવું લાગે. ધારો કે તમારે લેનિનગ્રાડથી હેલસિન્કી થઈ યુરોપ ડેકડો મારવો છે, તો ખસૂસ તેમ ન કરાય. મૉસ્કોથી દાખલ થયા હો તો ત્યાંથી જ પાછા વળવાનું. આવી આવી શરતોને કારણે ભારે અકળામણ થાય. અને દલીલ કે રકઝકને કશો જ અવકાશ નહિ. નવીન ખાંડવાલાએ મજાકમાં કહેલું: 'બહુ ગરબડ કરવી નહિ. ત્યાં કંઈકને આઘાપાછા કરી નાખ્યાના દાખલા બને છે! સાચવીને કાયદેસર હોય તેમ જ સંભાળીને વર્તવું.' તમને થાય કે લાવોને મૉસ્કો આવ્યા છીએ તો આપણા કોઈ દોસ્તને ફોન કરીએ. કાંઈ ઘેલા થયા? ત્યાં ટેલિફોન ડિરેક્ટરી કેવી વળી જે? કે તમે આમ ચકરડાં ફેરવીને 'એલાવ? કેમ રમણિકભાઈ કેમ છો?' ને સામેથી 'હેં? ક્યારે આવ્યા?'–બધું કરી શકો? જ્યાં ટેલિફોન કરવો હોય ત્યાં ઈનટુરિસ્ટવાળા કે હોટેલવાળા જ જોડી



લેનિનગ્રાડનું એક દશ્ય. રશિયાના રાજકીય ઘડતરના પિતા સમા મહાન પીટરે ઈ. ૧૭૦૩માં એની સ્થાપના કરી ત્યારથી સેન્ટ પીટર્સબર્ગ તરીકે ઓળખાતું. ઈ. ૧૯૧૪માં તેનું નામ પેટ્રોગ્રાડ અને લેનિનના અવસાન બાદ લેનિનગ્રાડ બન્યું. મૉસ્કોની પહેલાં એ રશિયાની રાજધાની હતું. નીવા નદીના જલભર તટ પર સોહતાં અનેક સુંદર મકાનો સાથે ઝારનો 'વિન્ટર પૅલેસ', 'ધ હર્મિટેઈજ' નામક જગવિખ્યાત કલાસંગ્રહાલય, ભવ્ય દેવળો, વેધશાળા, ઈત્યાદિથી શોભતું આ નગર ઉત્તર ધ્રુવપ્રદેશની નજીક હોઈ અહીંની રાત્રિઓ માત્ર થોડા કલાકની સંખ્યા રૂપ જ હોય છે. રશિયાનાં ઇતિહાસ, સંસ્કૃતિ ને ક્રાંતિ સાથે સંકળાએલા આ નગરનું આગવું આકર્ષણ છે.

આપે. સરકાર કોઈ 'ચાન્સ' લેવા જ તૈયાર નહિ. તમે બધા જ એક અર્થમાં 'બહારના' એટલે 'સબવર્ઝિવ એલિમેન્ટ.' આટલી વિગતે પંચાત એટલા માટે કરી છે કે અન્યત્ર, સામ્યવાદી દેશો સિવાય, આ પ્રકારની ચાંપતી નજર ક્યાંય અનુભવેલી નહિ. ઘણી વાર વિચારતાં મૉસ્કો જઈ શક્યો તેની જ અત્યારે નવાઈ લાગે છે!

લેનિનગ્રાડ ઘણી રળિયામણી નગરી છે. નદીકાંઠે વસેલી આ નગરી ત્યાંનાં સ્થાપત્યો, અને ઝારના સમયની જાહોજલાલી! અનેક શિલ્પી, કારીગરો, સ્થપતિઓએ તેને શણગારવામાં બાકી નથી રાખ્યું. લેનિનગ્રાડ જોતાં મને પારી(સ) યાદ આવ્યા કરે. તે છાપ પેટ્રોડવોરેટ્સ અને ત્યાંના મહેલ જોઈ દૃઢ થઈ. જાણે વરસાઈની હોડમાં તે ઊતરવું ન હોય! રશિયાના ઉત્તમ શિલ્પીઓમાંના બાઝેનોવ, રાસ્ટ્રેલી, વોરોનિખીન અને સ્ટાસોવ, ઝાખારોવ તથા રોસીએ મન મૂકીને આ નગરીની શોભા અને શ્રીમાં પોતાનું શ્રેષ્ઠ કહી શકાય તેવું સ્વપ્ન સાકાર કર્યું છે. લેનિનગ્રાડનાં પીટર અને પૉલ ફોર્ટ્રેસ, રોસ્ટ્રાલ કૉલમ અને નેવાને સાંકળતા સેતુઓની શોભા તો ઉનાળામાં—જૂન-જુલાઈમાં—ખીલી ઊઠે. ત્યારે જેને 'વ્હાઈટ નાઈટ્સ'-ધવલરાત્રિ-કહે છે (દોસ્તોયવસ્કીએ તે નામે નાનકડી વાર્તા પણ લખી છે) તેનો ઉત્સવ અહીં ઊજવાય. દુનિયાભરના સહેલાણી શોખીનો નાટકચેટક, સંગીત, સિમ્ફની, બાલે-કૉન્સર્ટના રસિયા આ વ્હાઈટ નાઈટસ માટે લેનિનગ્રાડનો પ્રવાસ કરે. અહીં સૂરજ રાતના સાડા અગિયારે આથમે! તે સાંધ્ય પ્રકાશમાં કેથિડ્રલ, પીટર અને પૉલ ફોર્ટ્રેસમાંનો ઊંચો મિનારો, ઍડમિરાલ્ટી વિન્ટર પૅલેસ વગેરેનું સૌંદર્ય ઓર ખીલી ઊઠે છે. લેનિનગ્રાડના હાર્દ સમા નેવ્સ્કી પ્રોસ્પેક્ટ તથા આજુબાજુમાં જ આવેલાં કુલ્લે મળીને ૧૭ થીએટરોમાં આ ધવલ રાત્રિઓ દરમિયાન રોજેરોજ બાલે, કૉન્સર્ટ, નાટક અને સંગીતની મહેફિલ જામે. મહિનાઓ અગાઉ તેની ટિકિટો ટપોટપ ઊપડી જાય. શોખીનો પોતાના રંગબેરંગી પોશાક પહેરી આ ચોકચૌટામાં ઊપટે; કાર્યક્રમ પછી રેસ્ટોરાંમાં, પેલી સંગીતની સુરાવલિઓની સ્પર્ધામાં ઊતરે તેવી રસઝરતી વાનગીઓ આરોગે. વાઈન કહેતાં દ્રાક્ષાસવ અને વૉડકાના ઘૂંટ લેવાય, બાલેરિનાએ અમુક ચક્કર લીધાં ને ફલાણાએ હવામાં આમ છલાંગ મારી. ઑપેરામાં પેલીનું ગળું આમ ખીલ્યું ને નાટકમાં પેલાએ અભિનયમાં બંગ વાળ્યો એમ કૈં કૈં રસ-ચર્ચા ચાલે. ભૂરું આકાશ રાતના સાડા અગિયાર લગી નર્યું ભૂરું—નીલ આકાશ જ વર્તાય. ઘડિયાળમાં કાંટા બતાવે રાત, પણ રાત તો હવે જામવાની. હજી તો જાણે સાંજનું ટાણું! પ્રોફેસર સ્તુપાકોવ કહે: 'તમે થોડા દિવસ પછી જો આવત તો ઓહો! કૈં કૈં બાલે જોવા મળત અને આ વ્હાઈટ નાઈટ્સની ખરી રંગત જોઈ શકત.'

ઝાર પીટર ધ ગ્રેઈટે-મેની ૧૬મીએ ઈ. સ. ૧૭૦૩માં પીટર અને પૉલ કિલ્લાનો પાયો નાખ્યો અને આ નગરીનો જન્મ થયો. આ કિલ્લો બાંધ્યો 'તો દુશ્મનોનાં આક્રમણ ટાળવા માટે; પણ પછી જે ક્રાંતિ રશિયામાં આવી તે આણનાર ક્રાંતિકારીઓની ત્રણત્રણ પેઢીઓ અહીં કેદખાને નખાઈ. હવે તો આ ગઢને મ્યૂઝિયમમાં ફેરવી નાખવામાં આવ્યો છે. અઢારમી શતાબ્દીના પ્રારંભમાં નેવા નદી જ્યાં સમુદ્રને મળે છે ત્યાંથી માંડીને અનેક ટાપુઓનાં બારાંઓનો વિકાસ થતો રહ્યો. રોસ્ટ્રલ કૉલમ દૂર-દૂરથી દેખાય અને અનેક બંદરે વાવટા ચડાવી અલકમલકની ભોમકાથી વહાણો અહીં લંગરે. આ કાંઠે પીટરે ત્યારે બાર ખાતાં ને બાર પ્રધાનો દ્વારા વહીવટની ગોઠવણ કરેલી. તે 'ટ્વેલ્વ કૉલેજીઆ'નાં સપ્રમાણ સત્ર ડેકોર ઘાટીલાં મકાનોનો હવે અહીંની વિખ્યાત યુનિવર્સિટી તરીકે ઉપયોગ થાય છે. અહીંથી જ લેનિને પરીક્ષાઓ પસાર કરેલી. નેવાને ડાબે કાંઠે જઈએ કે આવે વિન્ટર પૅલેસ—ઝારનો રાજમહેલ તેના ઉદ્યાનો, ફુવારા, પૂતળાં, કમાનો પગથિયાં બધું જોતાં ત્યારની જાહોજલાલીની કલ્પના આવી શકે અને ઝાર વરસાઈના મહેલોને ઝાંખા પાડે તેવા મહેલોની રચના કરવા કેમ ઉદ્યુક્ત થયો હતો તે સમજી શકાય. જનરલ હેડ ક્વાર્ટર્સના ભવ્ય દરવાજા ને તેના પર વિજય સૂચવતા રથ અને અશ્વોનાં કાંસ્યશિલ્પો, ઍડમિરાલ્ટીનો સોનેરી મિનારો વગેરે ઘણાં પ્રભાવકારી છે.

ઝારના જુલ્મ સામે જ્યારે ડિસેમ્બરની ૧૪મીએ ઈ. સ. ૧૮૨૫માં બળવો પોકારવામાં આવ્યો ત્યારે ક્રાંતિનાં પગરણ શરૂ થયાં. તેની યાદગીરી તરીકે ડિસેમ્બ્રિસ્ટ સ્કવેરમાં માલિન્સ્કી પૅલેસ પર આ 'વીર નગરી' ગણાતા શહેરને લેનિનગ્રાડ સોવિયેટના ચાર માન-અકરામ સૂચક 'ઑર્ડર' બક્ષવામાં આવ્યા છે. આ બધું જોતા જઈએ એમ આપણને ઘડીમાં ક્રાંતિ પૂર્વેના પીટર્સબર્ગમાં ને ઘડીમાં ક્રાંતિદરમિયાન અને પછીના લેનિનગ્રાડમાં મનોમન આવજા કરવી પડે. આગળ જતાં વળી નેવાને કાંઠે આવતાં એક ખડક પર અશ્વારોહી પીટરનું પૂતળું નજરે ચડે. પુશ્કિને એક કાવ્યમાં આ નગરીને સ્વપ્નમાંથી સાકાર કરનાર પીટરના આ શિલ્પને બિરદાવ્યું છે. બાલ્ટિક સમુદ્ર તરફ હાથ ફેલાવી સમસ્ત યુરોપ પર શાસન કરવાના એના મનોરથની મુદ્રા ત્યાં ઊપસી આવી છે.

વિન્ટર પૅલેસ તે જ હવે જગવિખ્યાત 'હર્મિટાજ'. પારી(સ)ના લુવ્ર જેટલું જ વિખ્યાત અને વિશાળ. ત્યાંના ચિત્રસંગ્રહ, શોભનખચિત છતો, ભીંતચિત્રો, રંગબેરંગી પરસાળો, કાષ્ઠકામ બધું જોવું હોય તો ૩૦ કિલોમીટર ચાલવું પડે! બધું જોતાં ખાસ્સા ચારથી છ દિવસ લાગે. ત્યાંના સંગ્રહમાં ભારતીય લઘુચિત્રોનો એક અલાયદો વિભાગ પણ વિખ્યાત છે. આ બધું જોતાં સામ્યવાદી રશિયામાં છીએ તે વાતનું વિસ્મરણ થાય. અહીં આ પરંપરાગત, ઐતિહાસિક અવશેષોની અત્યંત કાળજી લેવાય છે. જૂનું તોડીફોડી, ભુંસવા અંશોને ટાળી, નવું ઘડનાર રશિયા આ બધી પ્રણાલિનું જતન પણ અદ્ભુત રીતે કરે છે! □

---

અનુસંધાન] **૧૮૫૭: ક્રાંતિકથામાં ગુજરાત** [પૃષ્ઠ ૩૬૭થી

આ લેખ માટે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે 'બંગાળના હિંદુ ક્રાંતિકારી આંદોલનનાં બીજ આ પત્રિકામાં છે.'

આ દરમિયાન સૂરત કાંગ્રેસનું અધિવેશન થયું, જેણે કૉંગ્રેસનાં બે જૂથોને સ્પષ્ટ રીતે અલગ કરી દીધાં. તા. ૨૬ ડિસેમ્બરે ખુલ્લા અધિવેશનમાં થએલા સંઘર્ષની વાત આપણે બારીન્દ્રની જીવનકથા દરમિયાન જોઈશું, કેમ કે અરવિંદના આ આદરાયેલા ભાઈએ એ યુગના જ્વલંત સંઘર્ષને પોતાની કલમથી રમતિયાળ શૈલીમાં વ્યક્ત કર્યો છે. અહીં એટલું નોંધીશું કે અરવિંદ ઘોષ કૉંગ્રેસના ઉદારમતવાદી વલણથી નારાજ હતા, તેથી તેમના સહિત ઉગ્રવાદીઓએ કૉંગ્રેસનું સંગઠન જ ત્યાગી દીધું. પરિણામે પછીનાં દસ વર્ષ સુધી તો કૉંગ્રેસ ઉદારવાદી પોના કાબૂમાં જ રહી.

ઈ. ૧૯૦૭માં અરવિંદના રાજકીય જીવનનો અધ્યાય સમાપ્ત થાય છે; તેની યે ભૂમિકા વડોદરામાં જ સર્જાઈ! વિષ્ણુ પ્રભાકર લેલે વડોદરા નજીક તેમને મળ્યા. અરવિંદ એમની સાથે ત્રણ દિવસ ધ્યાનસ્થ રહ્યા. આવનારા દિવસોમાં આધ્યાત્મિકતાનો જે સાક્ષાત્કાર થવાનો હતો તેનો પ્રારંભ આ ઘટનાબિંદુથી થયો. પણ બંગાળની ક્રાંતિપ્રવૃત્તિથી તેઓ સાવ અલગ નહોતા રહ્યા. બંગાળમાં સશસ્ત્ર જંગે અંગ્રેજ તંત્રને લગભગ ગભરાવી મૂક્યું હતું. માણિકતોલા અને મુઝફ્ફરપુરના યાદગાર મુકદ્દમાઓ તેનાં પ્રમાણ છે. અરવિંદને પણ ૪ એપ્રિલ ૧૯૦૮ના રોજ પકડવામાં આવ્યા. તેમની સાથે બીજા અનેકોને પકડી લેવાયા હતા. એ યાદગાર મુકદ્દમામાં ૨૦૬ સાક્ષીઓ, ૪૦૦૦ દસ્તાવેજો, ૫૦૦૦ પ્રસ્ફોટક વસ્તુઓની 'સાક્ષી'નો ખડકલો રજૂ કરવામાં આવ્યો હતો. દેશબંધુ ચિત્તરંજનદાસે પોતાની વકીલાતી કારકિર્દીનો સૌથી મહત્ત્વનો કાનૂની જંગ ખેલ્યો અને અરવિંદ નિર્દોષ છૂટ્યા. તા. ૧૩ એપ્રિલ, ૧૯૦૯ના દિવસે આ આ ચુકાદો આવ્યો.

બને વર્ષ પછી, તા. ૪ એપ્રિલ ૧૯૧૦ના રોજ રાજકીય ભૂમિકાથી અલિપ્ત થઈને 'ક્રાંતિકાર' અરવિંદે 'મહર્ષિ' અરવિંદ બનવા તરફ પ્રયાણ આદર્યું.

(ક્રમશઃ)

૧૮૫૭
ક્રાંતિકથામાં
ગુજરાત
૬


◁ અરવિંદ ઘોષ

# ૧૯મી સદીના અંતિમ દિવસો

લેખક
**વિષ્ણુ પંડયા**

**વીસમી** સદીના પ્રારંભે તો સ્વતંત્રતા જંગમાં કેટલાંક નવાં વલણો અને વહેણો ઉમેરાયાં જ; પરંતુ તેથી તેને બિલકુલ અલગ-વિલગ પાડીને જોઈ શકાય તેમ નથી. ભારતીય સ્વાધીનતાના યુદ્ધની સાંકળ ક્યારેય વિચ્છેદ પામી નથી. ૧૭૫૭માં પલાશી (પ્લાસી)ના યુદ્ધથી અંગ્રેજી શાસનનાં તરકટનો પૂર્ણપણે આરંભ થયો, તેનો વળતો જવાબ ૧૮૫૭માં મળ્યો. ગુજરાત પણ એ પ્રતિક્રિયાથી બાકાત નહોતું રહ્યું તે આ પહેલાંના લેખોમાં આપણે જોઈ ગયા છીએ.

ઓગણીસમી સદીના અંત સુધી કોઈ ને કોઈ રીતે આ લડાઈ ચાલુ હતી. અગ્નિમય અવશેષો સાવ ઠંડાગાર નહોતા. ઈ. ૧૮૫૭ સ્મૃતિશેષ બને તે પહેલાં જ, ઓગણીસમી સદીનાં અંતિમ વર્ષોમાં જ ભારતીય રાષ્ટ્રવાદનું નવું કલેવર આકાર પામતું ગયું. રાજા-મહારાજાઓ, સામંતો, સાધુઓ અને મૌલવીઓનું સ્થાન પ્રશિક્ષિત બૌદ્ધિકોએ લેવા માંડયું. બંગાળ તેમાં મોખરે હતું અને આદર્શોથી રંગાએલા, નવયુવકોની બનેલી 'અનુશીલન સમિતિ'ઓ આ નવા રાષ્ટ્રવાદનું સૌથી જાણીતું માધ્યમ હતું. આ માધ્યમે કિશોર, તરુણ અને યુવકયુવતીઓને જવાંમર્દી અને જાનફેસાનીના રંગે રંગી નાખ્યા. તેનું પરિણામ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે પોતાની જાણીતી નવલકથા 'આનંદમઠ'ની પ્રસ્તાવનામાં લખ્યું હતું તેવું જ હતું: 'આ એક એવા હતભાગી દેશની મધુર છતાં ઉદાસ કથા છે કે જ્યાં સ્વાધીનતાને ચાહવાનો એક જ અર્થ થાય છે–શહાદતને સ્વીકારવી!'

સશસ્ત્ર ક્રાંતિની આ વિચારધારામાં દેશભક્તિનો આક્રોશ અને વૈયક્તિક જીવનની ચરમ આધ્યાત્મિકતા એ બંનેનું અદ્દભુત સમેલન હતું. પોતાનાં જીવનને અનુશાસિત અને 'કર્મયોગી' બનાવવાની સાધનાએ આ યુવકોના ક્રાંતિકારી બનવામાં બહુ મોટો ભાગ ભજવ્યો હતો એવું સૂચન શ્રી બટુકેશ્વર દત્તે કર્યું છે.

ગુજરાતે પણ આવા સશસ્ત્ર ક્રાંતિવાદની સાથે પોતાનો હાર્દિક સંબંધ બાંધ્યો. તેનાં જે બે ઝળહળતાં પરિણામો આવ્યાં તે અગ્નિપુંજ સરખા અરવિંદ ઘોષ અને પંડિત શ્યામજી કૃષ્ણવર્મા. એકે ભારતીય ભૂમિ પર આ ક્રાંતિનો માર્ગ વધુ વિસ્તૃત કર્યો, બીજાએ પોતાના જીવનનાં ચાળીસથી વધુ વર્ષો લંડન, પારી(સ) ને વિયેનામાં ગાળીને વિદેશોમાં ભારતીય મુક્તિજંગનો એક અદ્દભુત અધ્યાય આલેખ્યો. એમની સાથે જ બીજાં કેટલાં યે નામો ઉમેરી શકાય તેવાં છે: લીમડીના સરદારસિંહ રાણા, અરવિંદના ભાઈ બારીન્દ્ર (વારીન્દ્ર) ઘોષ, ઉપેન્દ્ર બંદોપાધ્યાય, માદામ કામા, જમનાદાસ પારેખ, પોરબંદરના છગન ખેરાજ વર્મા, વડોદરાના જ શંકર લક્ષ્મણ બર્વે, માધવરાવ જાદવ તથા વાસુદેવ સાઠે, તેમજ મહારાણીશંકર શર્મા, અંબાશંકર વલ્લભજી પંડયા વગેરેની પ્રવૃત્તિઓને આપણા ઇતિહાસકારો કદાચ ભૂલી ગયા છે, પણ તત્કાલીન બ્રિટિશ દસ્તાવેજોમાં તેઓની પ્રવૃત્તિની વિગતે નોંધ છે.

સૌ પ્રથમ આપણે અરવિંદ ઘોષનો ગુજરાત સાથેનો સંબંધ આલેખીશું. ચૌદ વર્ષ સુધી વિદેશમાં શિક્ષણ પ્રાપ્ત કરીને ૧૮૯૩માં ભારત આવ્યા ને વડોદરાના મહારાજાની નોકરીનો પ્રારંભ કર્યો. ઈ. ૧૮૯૩ થી ૧૯૦૭ સુધીનો એમનો વડોદરાનિવાસ એમના જીવન માટે ખૂબ નિર્ણાયક રહ્યો. એ પણ રસપ્રદ વાત છે કે વડોદરામાં જ અરવિંદ ક્રાંતિનું શિક્ષણ શીખ્યા, અને અહીંથી જ આધ્યાત્મિકતા તરફ પણ વળી ગયા!

વડોદરામાં તેમણે પહેલાં સેટલમેન્ટ વિભાગમાં કામ કર્યું, પછીથી સ્ટૅમ્પ અને મહેસૂલ ખાતામાં, અને ત્યાર બાદ વડોદરાની કૉલેજમાં અધ્યાપનકાર્ય શરૂ કર્યું આ દરમિયાન તેમણે ભારતીય ભાષાઓ, સંસ્કૃતિ, ઇતિહાસ અને ધર્મનું ઊંડું અધ્યયન કર્યું. પરિણામે ૧૮૯૩માં તેમણે એક લેખમાળા આરંભી: 'New lamps for old'. તે કેમ્બ્રિજમાં મિત્ર બનેલા કે. (કેશવરાવ) જી. દેશપાંડેના આગ્રહથી લખાએલી. આ લેખમાળા અંગ્રેજી–મરાઠી સમાચારપત્ર 'ઇન્દુપ્રકાશ'માં પ્રકાશિત થવી શરૂ થઈ. તેમાં કૉંગ્રેસની તત્કાલીન નીતિઓ પર ખુલ્લેખુલ્લો પ્રહાર હતો. ઉદારમતવાદી શ્રી મહાદેવ ગોવિન્દ રાનડેએ આ લેખો વાંચીને 'ઇન્દુપ્રકાશ'ના તંત્રીને કહ્યું કે આ લેખમાળા આગળ ચલાવવા જેવી નથી કેમ કે કદાચ સરકાર રાજદ્રોહના આરોપસર તમને જેલના સળિયા પાછળ ધકેલી દે ખરી!' આ અગિયાર લેખો 'બંકિમ ચૅટરજી'ના છદ્મનામે લખાએલા. તેમાંના નવ લેખ પ્રા. હરિદાસ મુખરજી ને પ્રા. ઉમા મુખરજીના 'અરવિંદનું રાજકીય ચિંતન' પુસ્તકમાં પ્રાપ્ય છે. તેમાં જણાવ્યા પ્રમાણે કૉંગ્રેસ અસ્પષ્ટ રૂપરેખા, સ્વાભિમાન-શૂન્યતા, કેવળ શાંતિનો આગ્રહ, અને મધ્યમ વર્ગનું જ સંગઠન—આવાં ચારે દૂષણોથી ગ્રસ્ત હતી. અરવિંદે આ લેખોમાં અંગ્રેજોની પણ સખત ટીકા કરી.

આ સ્પષ્ટ ઉગ્રતાવાદી દૃષ્ટિકોણ સાથે તેમણે સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા પણ વ્યવહારુ ઢબે બાંધવા માંડી. વડોદરાની સેનાનો બંગ યુવક જતીન બૅનરજી તેમની નજરમાં વસી ગયો. તેને સશસ્ત્ર ક્રાંતિના પ્રચાર અને યુવકોની ભરતી માટે બંગાળ મોકલ્યો. જતીને બંગાળમાં પંક્તિબદ્ધ સમિતિઓ ઊભી કરવા માંડી જેના વિષે લિઝેલ રિમૅન્ડે નોંધ્યું છે: 'અંધારી દુકાનોમાં, ઘરની અગાસીઓ પર, અને એવાં અગોચર સ્થાનોએ મંડળીઓ મળતી. બેઠકોમાં ગૅરિબાલ્ડી ને મેઝિનીનાં જીવનચરિત્રો કહેવાતાં. સ્વામી વિવેકાનંદના ઉપદેશોની ચર્ચા થતી. મહાભારતની કથાઓ સંભળાવવામાં આવતી ને ગીતાના કર્મવાદની વ્યાખ્યા થતી.'

આ જ અરસામાં અરવિંદનો એક ગુપ્ત સમિતિની સાથે સંપર્ક થયો. એ સમિતિના તેઓ સભ્ય પણ બન્યા અને મુંબાઈમાં જ્યારે તેની બેઠક મળી ત્યારે અરવિંદ ઘોષનો સૌને પરિચય કરાવાયો. આ ગુપ્ત સમિતિના આગેવાન ઉદયપુરના એક જાણીતા રાજપૂત હતા. આનાથી બંગાળ અને અન્ય પ્રદેશોની ક્રાંતિપ્રવૃત્તિ વચ્ચે સેતુ બંધાયો; એ કામ અરવિંદ દ્વારા થયું એ તો ઘણી સૂચક ઘટના છે. આ સંગઠનની જાળ ફેલાવવા માટે જે પાંચ સભ્યોની અખિલ ભારતીય સમિતિ પ્રયોજવામાં આવી તેમાં અરવિંદ ઉપરાંત સી. આર. દાસ, ભગિની નિવેદિતા, જતીન બૅનરજી, સુરેન્દ્રનાથ ઠાકુર અને પી. મિત્ર હતા. અરવિંદને ભગિની નિવેદિતા સાથેનો પહેલો સંપર્ક પણ વડોદરામાં જ થયો હતો.

તા. ૨૬ સપ્ટેમ્બર, ૧૯૦૫ના દિવસે બંગ વિભાજન થયું અને પ્રજા એ નિમિત્તે જાગ્રત થઈ. ઉદારમતવાદી કૉંગ્રેસે અનુભવ્યું કે વાતાવરણ ક્રાંતિકારોના હાથમાં જઈ રહ્યું છે! બારીન્દ્રના 'યુગાન્તર'માં અરવિંદે ધગધગતા લેખો લખવા માંડયા. ઈ. ૧૯૦૬માં વડોદરાની કૉલેજમાંથી એક વર્ષની રજા લઈને અરવિંદ કલકત્તા પહોંચ્યા અને ૬ એપ્રિલ, ૧૯૦૬થી 'વંદેમાતરમ્' પત્ર શરૂ કર્યું. એ પત્રમાં વિપિનચંદ્ર પાલ તેમના સહયોગી હતા. હવે તેમણે આઝાદી જંગની રૂપરેખા આપવા માંડી. 'ભવાની મંદિર'ની યોજના એ પ્રકારની હતી, જેમાં 'આનંદ મઠ'ની સીધી અસર દેખાય છે. રોલેટ કમિટીના અહેવાલે (અનુ. પૃષ્ઠ સામે)

કેવળ કૉલેજિયનો જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

# અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો

પ્રકરણ ૧



શેક્સપીઅર▷

## વિલિયમ શેક્સપીઅર: ભૂમિકા

રાણી એલિઝાબેથ ૧૫૫૮માં ઈંગ્લૅન્ડની રાજગાદી પર આવી અને એ પછી છ વર્ષે ૧૫૬૪માં શેક્સપીઅરનો જન્મ થયો. એલિઝાબેથ-નો યુગ સમૃદ્ધિનો યુગ હતો. ઇંગ્લૅન્ડની પ્રજામાં ભૌતિક સુખસમૃદ્ધિ, સાહસ અને સૌંદર્ય માટેની આકાંક્ષાઓ સળવળી ઊઠી હતી. નવજાગૃ-તિનો વસંતકાળ હતો. હૉકિન્સ અને ડ્રેઈક જેવા સાહસિક નાવિકોએ પોતાના પુરુષાર્થથી લોકહૃદયમાં અનેરો રોમાંચ જગવ્યો હતો. જ્ઞાનની નવી ક્ષિતિજો ઊઘડી હતી. સ્પેઈન સાથે ઇંગ્લૅન્ડની શત્રુતા તીવ્ર બની હતી અને સમગ્ર પ્રજા પરદેશી આક્રમણ સામે એક બની હતી. રાષ્ટ્ર-ભક્તિનું પ્રચંડ મોજું દેશમાં પ્રસરી ગયું હતું. ઈ. ૧૫૮૮માં સ્પેઈનના અજેય મનાતા નૌકાકાફલાને ઇંગ્લૅન્ડે સખત પરાજય આપ્યા પછી તો સમસ્ત ઇંગ્લૅન્ડ વિજયના કેફમાં ચકચૂર બની રહ્યું. લોકોમાં આકાંક્ષા અને ઉત્સાહની ભરતી હેલે ચડી હતી.

શેક્સપીઅરે ઇંગ્લૅન્ડની રંગભૂમિ ઉપર પ્રવેશ કર્યો તે પૂર્વે કાવ્ય અને નાટ્યક્ષેત્રે વ્યાટ, સરે, સ્પેન્સર અને સિડનીએ તેમજ લીલી, કીડ ને માર્લો જેવા પ્રતિભાસંપન્ન સર્જકોએ અવનવા ઉન્મેષો પ્રગટ કરીને શેક્-સ્પીઅરની સર્જકતા માટે વાતાવરણ તૈયાર કરી આપ્યું હતું. અમીર-ઉમરાવોની સાહિત્ય સંગીત તેમજ અન્ય કલાઓ પ્રત્યે અભિરુચિ વિ-કસવા માંડી હતી. સામાન્ય પ્રજામાં પણ નાટ્યકલા પ્રત્યેનો શોખ અભિવૃદ્ધિ પામ્યો હતો. ટેઈમ્સ નદીને કાંઠે નવાં નવાં થીએટરો ઊઘડતાં જતાં હતાં અને પ્રજાના પ્યુરિટન વર્ગની સખત નાપસંદગી છતાં એ વિકસતાં જ રહ્યાં હતાં. ઈ. ૧૬૩૩માં ત્રણ લાખની વસતિ ધરાવતા લંડન નગરમાં ઓગણીસ જેટલાં થીએટરો હતાં. બપોર પછી નદીના એ વિસ્તારમાં નાટ્યરસિયાઓની એવી તો ભીડ જામતી કે વહેવાર પણ વારંવાર ખોરવાઈ જતો. એક પેની આપવાથી નાટકમાં પ્રવેશ મળી શ-કતો. શ્રીમંત પ્રેક્ષકો બાર શિલિંગ જેટલી રકમ ખર્ચીને સ્ટેઈજની બાજુ-માં રાખવામાં આવેલી 'બૉક્સ'માંથી નાટક નિહાળતા. કેટલાક અધિકૃત સજ્જનોને સ્ટેઈજ પર બેસીને પણ નાટક જોવાની સુવિધા મળતી. ફ્રી પાસ મેળવીને આવેલા તે જમાનાના નાટ્યકાર–કવિઓ પણ સ્ટેઈજ પરથી નાટ્યલીલા નીરખતા. કેટલાક ઉસ્તાદ પ્રકાશકો શૉર્ટહૅન્ડ જાણ-નારા લહિયાઓને નાટકના સંવાદો લખી લેવા માટે મોકલતા અને પોતાની રીતે તેનો લાભ ઉઠાવતા. ચાલુ ખેલે સ્ટેઈજ પર બેઠેલા ઉમ-રાવ પ્રેક્ષકોની વાતચીતો, તેમને માટે પીણાં લાવનારાના અવાજો, તેમની ચીરૂટના ધૂમાડા–આ બધું સામાન્ય વર્ગના પ્રેક્ષકોને કોઠે પડી ગયું હતું. પ્રેક્ષકોની ઉત્તેજના ટકાવી રાખવા માટે કેટલીક વાર બે અંકોની વચમાં નાચ-કૉમિકના પ્રયોગ પણ થતા. સન્નારીઓ નાટ્યગૃહમાં કદી પ્રવેશતી નહિ. નાટકમાં તેઓ પાત્ર ભજવે તેવી વાત તો સ્વપ્નામાં ય નહોતી. રૂપાળા કિશોરો યુવતીઓનો વેશ ભજવતા.

શેક્સપીઅરના અવતરણ સમયે સમગ્ર દેશમાં જ્ઞાન, કલા અને સાહસ માટે ઉત્કટ આવેગ પ્રગટ થઈ રહ્યો હતો. સમસ્ત યુગ સમૃદ્ધિ અને આબાદીનો હતો અને એમના જીવનગીતનું આ ધ્રુવપદ હતું:
Men are fools that wish to die.


### જીવનરેખા

વિલિયમ શેક્સપીઅરનો જીવનકાળ ઈ. ૧૫૬૪ થી ૧૬૧૬ સુધીનો નિશ્ચિત છે, પરંતુ તેના અંગત જીવન વિષે, તેના જીવનની મહત્વની ઘટ-નાઓ વિષે કશી જ આધારભૂત માહિતી મળતી નથી. શેક્સપીઅરના પિતાનું નામ જ્હૉન અને માતાનું નામ મેરી. વિલિયમ તેમનું ત્રીજું સંતાન હતો. જ્હૉન શેક્સપીઅરનું મૂળ વતન વૉરિકશાયરના એક નાના ગામમાં હતું. ખેતીનો તેમનો વ્યવસાય હતો, પણ ૧૫૫૧માં તે પોતાનું વતન છોડીને એવન નદીને કાંઠે આવેલા સ્ટ્રૅટફર્ડ ગામે આવ્યા અને ઊન, ચામડાં વગેરેના વેપારમાં પ્રવૃત્ત થયા. આ ગામમાં તેમનું નસીબ ઝળક્યું. પોતાની શક્તિ અને કુનેહથી તેમણે ધન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યા અને બેલીફ (આજે જેને મેયર કહીએ તેવું સ્થાન) તરીકે પણ ચૂંટાયા. વિલિ-યમ શેક્સપીઅરનો આ સ્ટ્રૅટફર્ડ ઍાન એવનની ભૂમિમાં ઈ. ૧૫૬૪માં જન્મ થયો. એના જીવનનો પહેલો દસકો સુખમાં વીત્યો; પણ તે પછી તેના પિતાની આર્થિક સ્થિતિ ઘસાવા માંડી, ને તે દેવાદાર બન્યા. વિલિ-યમ (શેક્સપીઅર)ને નિશાળ પણ છોડવી પડી. તેના મિત્ર બેન જ્હૉન્સને આ સંદર્ભમાં કરેલી ટીકા–Shakespeare had small Latin and less Greek' સાચી લાગે છે. નિશાળે સાવ અધકચરું શિક્ષણ જ તે પામ્યો અને બાપને મદદરૂપ થવા નોકરી-ધંધામાં જોતરાઈ ગયો.

હજુ માંડ અઢાર વર્ષ પૂરાં થયાં હશે ત્યાં તે કોઈક યુવતી, ઍન હૅથઅવે (Anne Hathaway)ના મોહપાશમાં આવી ગયો. ઉતાવળે લગ્ન આટોપાયાં—દુલ્હાની ઉંમર અઢાર વર્ષ છ માસની અને દુલ્હન છવીસની! ઈ. ૧૫૮૨ના નવેમ્બરની ૨૮મીએ તેમનાં લગ્ન થયાં તેનો કરારપત્ર હજી લગી જળવાયો છે. એ પછીના મે માસમાં દીકરી સુઝૅના (Susanna)નો જન્મ. ઈ. ૧૫૮૫માં હૅમ્નેટ અને જૂડિથ (Hamnet –Judith) એ બે જોડિયાં બાળકોનો જન્મ.

શેક્સપીઅરના જીવનની આવી થોડીક સ્થૂલ ઘટનાઓનો નિર્દેશ મળી રહે છે. પરંતુ સમગ્રપણે તેના બાહ્ય તેમજ આંતરિક જીવન વિષે હજુ અંધ-કાર જ છે. તે સ્ટ્રૅટફર્ડ છોડીને લંડન પહેલી વાર ક્યારે આવ્યો તેની તારીખ પણ મળતી નથી. તેમ છતાં તેના શૈશવકાળમાં સ્ટ્રૅટફર્ડમાં નાટ્ય-કંપની આવી હતી અને ત્યાર પછી પણ કંપનીના પ્રયોગો થયા કરતા હતા એનો પ્રભાવ એના ચિત્ત ઉપર પડ્યો હોય એ સંભવિત છે.

અંતે પોતાની ગરીબાઈને કારણે તેને સ્ટ્રૅટફર્ડ છોડવું પડ્યું અને પરિવારને ગામમાં જ મેલીને તે નસીબ અજમાવવા લંડન આવ્યો. આ સમયે તેની પાસે નહોતી સંપત્તિ કે નહોતું શિક્ષણ, તેમ છતાં તેની પાસે નાટ્યકાર તરીકેની ભલે બીજ રૂપે પણ શક્તિ પડેલી હતી અને રોજિંદા જીવનનો કંઈક અનુભવ તેને હતો. સ્ટેઈજ વિષે થોડીઘણી જાણકારી હતી. લંડનમાં થોડાં વર્ષ તેણે સારી પેઠે રઝળપાટ કર્યો. નાટ્યશાળાની બહાર ઉમરાવોના ઘોડાની દેખભાળ કરવાની નોકરી પણ આ વર્ષો દર-મ્યાન તેણે કરી હોવાની દંતકથા છે. તેણે હાડમારી ઘણી વેઠી, પણ હીર આખરે પરખાયા વિના ન રહ્યું અને એક ઉત્તમ ગણાતી નાટક કંપ-



શેક્સ્પીઅરનું જન્મસ્થાન. (ઉપરથી અનુક્રમે) ઈ. સ. ૧૭૬૯માં, ઈ. સ. ૧૮૫૦માં રાષ્ટ્રીય સ્મારક તરીકે ખરીદાયું ત્યારની ખંડિયેર હાલતમાં અને શેક્સ્પીઅરનાં અનેક સ્મરણચિહ્નોના સંગ્રહ સાથે આજે.

નીમાં તેને સ્થાન મળી ગયું. અને પછી તો બીજાં થીએટરોમાં પણ તેણે પોતાની શક્તિનું પારખું આપ્યું. છેવટે ગ્લોબ થીએટરમાં તેની શક્તિ સમર્થપણે પ્રગટી. આ ગ્લોબ અને બીજા એક બ્લૅકફ્રાયર થીએટર સાથે તે છેક સુધી સંકળાએલો રહ્યો. એમ મનાય છે કે તેણે લંડનમાં ઠરીઠામ થઇને પોતાનું જીવનકાર્ય ત્યાં જ વિકસાવ્યું. જીવનનાં છેલ્લાં વર્ષોમાં જ તે પોતાના વતનમાં આવ્યો.

ઈ. ૧૫૯૪માં બે વિખ્યાત અભિનેતાઓના સહકારમાં તેણે રાણી એલિઝાબેથના ગ્રીનિચ પૅલેસમાં નાટકો ભજવ્યાં હોવાનું જણાય છે. એ બે નાટકો સંભવ છે કે 'Love's Labours Lost' અને 'The Comedy of Errors' હતાં. આ સેવા માટે લોર્ડ ચૅમ્બરલેઈને તેમને ઠીક રકમ ઈનામ તરીકે આપી હતી. પરંતુ રાણી એલિઝાબેથે પ્રસન્ન થઇને એ રકમમાં પણ સારો એવો વધારો કરી આપ્યો હતો.

લંડનમાં શેક્સ્પીઅરને સાઉધમ્પ્ટનના ઉમરાવની ઓથ મળી ગએલી અને તેને પ્રસન્ન કરવા તેણે કાવ્યરચના કરવા માંડી. તેની પ્રારંભની કાવ્યરચના 'વીનસ અને ઍડોનીસ' (Venus and Adonis) તેણે આ ઉમરાવ હેન્રી રાઇઓટસ્લે (Henry Wriothesley)ને અર્પણ કરી છે. એ પછી પણ તેણે 'ધ રેઈપ ઑાવ લ્યુક્રીસ' (The Rape of Lucrece) અને બીજાં સૅાનેટ કાવ્યો રચ્યાં છે પરંતુ નાટચકાર તરીકેની તેની પ્રતિભાના તેજમાં આ રચનાઓ મંદતેજસ્ લાગે.

શેક્સ્પીઅરે થોડાક જ સમયગાળામાં એવી તો નામના પ્રાપ્ત કરી કે એના સમકાલીન નાટચલેખકો પણ મૂંઝાઈ ગયા અને તે અનેક વિદ્વાન નાટકકારોની ઈર્ષાનું પાત્ર બની રહ્યો. રૉબર્ટ ગ્રીન, તે જમાનાનો એક ખ્યાતનામ નાટચકાર, શેક્સ્પીઅર વિષે પોતાના અંગત સર્જક મિત્રો–માર્લો, પીલ, લૉજ–ને એકપત્રમાં કટાક્ષમય ઉદ્ગાર કરે છે: 'an upstart Crow, beautified with our feathers, that with his Tiger's heart wrapped in a Player's hide, supposes he is as well able to bombast out a blank verse as the best of you: and being an absolute '*Johannes factotum*', is in his own conceit the only Shake-scene in a country.'

પોતાના જેવા સમર્થ નાટચકારોનું અનુકરણ કરી પારકાં પીછાંથી શોભતા કાગડાની જેમ પોતાને ઉત્તમ માનનારા, આ નવા, અને નટના વેશમાં વાઘના કાળજાને છુપાવનારા 'શેક્સ્પીઅર' વિષે આ પત્રમાં ગ્રીનની દ્વેષભરી ટીકા છે. અને ખરેખર ગ્રીનને અસૂયા પેદા થાય તેવી ભારે પ્રતિષ્ઠા શેક્સ્પીઅરે ૧૫૯૨ થી ૧૬૦૧ના ગાળામાં મેળવી હતી. અંગ્રેજી નાટચસાહિત્યમાં તે આ દરમ્યાન અદ્વિતીય બની રહ્યો હતો. તેમાં તેના ભાગ્યે પણ ભાગ ભજવ્યો. નાટચકાર ગ્રીન ઈ. ૧૫૯૨માં મૃત્યુ પામ્યો ને એ પછીના જ વર્ષે બીજો એક પ્રબળ પ્રતિસ્પર્ધી માર્લો પણ અવસાન પામ્યો. ઈ. ૧૫૯૪માં કીડનું મરણ થયું. લૉજ પોતાનો નાટચલેખનનો વ્યવસાય મૂકી દઈને દવાદારૂના ધંધામાં લાગી ગયો. લીલીએ પણ રંગભૂમિ સાથેનો સંપર્ક કાપી નાખ્યો. પીલે પણ લેખનપ્રવૃત્તિ સમાપ્ત કરી દીધી. આમ સૈકાના લગભગ અંત સુધી, અથવા ઓછામાં ઓછું ઈ. ૧૫૯૮ સુધી, શેક્સ્પીઅરની સાથે સ્પર્ધામાં ઊભો રહી શકે તેવો કોઈ નાટચકાર ઝળકચો જ નહિ. આ વર્ષોમાં શેક્સ્પીઅરની નાટચકૃતિ સાથે તુલનામાં ઊભી રહી શકે તેવી કોઈ કૃતિ પણ નજરે ચડતી નથી. આ ગાળામાં શેક્સ્પીઅરે સંપત્તિ પણ સારી એવી એકત્ર કરી; અને સ્ટ્રૅટફર્ડ ઑાન એવનમાં એક ભવ્ય મકાન New Place પણ તેણે ખરીદ્યું.

ઈ. ૧૬૦૩માં રાણી એલિઝાબેથનું અવસાન થયું તે પછી જેઈમ્સ પહેલાના રાજ્યઅમલમાં પણ તેની પ્રતિષ્ઠા વધતી જ રહી. કોઈ પણ મહોત્સવ શેક્સ્પીઅરના નાટક વિના સૂનો અને નિષ્ફળ લેખાતો. તેનાં ઉત્તમ નાટકો સત્તરમી સદીના આરંભમાં મોટે ભાગે લખાયાં છે.

જીવનનાં પચાસ વર્ષો વટાવ્યા પછી, તેની તબિયત લથડવા માંડી અને તે પોતાના વતન સ્ટ્રૅટફર્ડ ઑાન એવનમાં આવીને વસ્યો. જો કે તે પછી પણ તેને પ્રસંગોપાત્ત લંડનની મુલાકાત લેવી પડી હતી. સ્ટ્રૅટફર્ડ ઑાન એવનમાં તેના બે મિત્રો બેન જૉન્સન અને ડ્રેઈટન તેને પ્રોત્સાહિત કરવા સાથે હતા; પણ તેની માંદગી જીવલેણ નીવડી અને ઈ. ૧૬૧૬ના એપ્રિલની ૨૩મીએ તે મૃત્યુ પામ્યો. તેને સ્ટ્રૅટફર્ડ ઑાન એવન ચર્ચમાં દફનાવવામાં આવ્યો. તેની કબર આગળ એક સાદા પથ્થર પર નીચેની ચાર પંક્તિઓ કોરેલી છે:

Good friend, for Jesus' sake forbear
To dig the dust enclosed here;
Blest be the man that spares these stones,
And cursed be he that moves my bones. (ચાલુ)

# જન્નતની ઝાંખી

—બાબુભાઈ પ્રા. વૈદ્ય—

હમણાં મેં એક દૃશ્ય જોયું. ઑસ્પિટલનું કામ! એમાં ચિત્ર-વિચિત્ર દૃશ્યોથી ટેવાવું પડે. પણ આ દૃશ્ય મારા અંતરને સ્પર્શી ગયું.

મારી ઑફિસમાં આધેડ સ્ત્રીને દોરીને એક જુવાન પ્રવેશ્યો. એ સ્ત્રી સાથે જુવાનનો જે આદરપૂર્ણ, મૃદુ વહેવાર હતો, તે પરથી તેમનો સંબંધ કલ્પી લેવાનું સહજ હતું: મા અને દીકરો!

અમે જ એમને તાકીદે બોલાવ્યાં હતાં. એ પ્રૌઢાને ઑસ્પિટલ તરફથી જે તાર મળ્યો તેમાં જણાવ્યું હતું કે 'તમારી દીકરીની તબિયત કથળી છે. જલદી આવો.'

આવનારનું નામ વાંચ્યું કે તરત મને દરદી યુવતી યાદ આવી ગઈ. એક અઠવાડિયા પહેલાં તેને ઍપેન્ડિસાઇટિસના સખત દુખાવા માટે ઑસ્પિટલમાં દાખલ કરી હતી. ઑપરેશન સફળ થયું, પણ પાછળથી આનુષંગિક તકલીફો ઊભી થઈ અને દરદીની સ્થિતિ ગંભીર થઈ ગઈ.

એ આધેડ સ્ત્રી તરફ ફરીને મેં માયાળુ સ્વરે કહ્યું: 'તમારી દીકરી તમને જ યાદ કરે છે. ચાલો, આપણે એના વૉર્ડમાં ઉપર જઈએ.'

ક્ષણભર યુવાન મારી સામે જોઈ રહ્યો, પછી ધીમેથી બોલ્યો: 'એ સાંભળતાં નથી, બહેરાં છે.' 'અને, અંધ પણ લાગે છે.' તેમને દોરવાં પડતાં હતાં તે પરથી મેં અનુમાન કરી લીધું હતું.

'હા', યુવાને કહ્યું: 'ને એલ્સી એમનું એક-માત્ર સંતાન છે.'

અંધ હોવું મોટી મુસીબત છે, પણ સાથે બહેરાં હોવું મોટી આફત છે. અને, આટલું ઓછું હોય તેમ, પોતાના એકના એક સંતાનને મૃત્યુના મોંમાં કલ્પવું...આ કરુણતા વર્ણવવા શબ્દો મળે તેમ નથી.

અમે બીમાર યુવતીની પથારી પાસે પહોંચ્યાં. મારી સાથે કોણ આવ્યું છે, તે જોઈને દરદીના ફિક્કા ચહેરા પર આનંદની લહેરખી આવી. દરદીએ મંદ સ્વરે કહ્યું: 'મા, મારી મા!'

એ આધેડ સ્ત્રીને મેં દીકરીના હાથ ખોળવા ફાંફાં મારતી જોઈ.

બંને મુલાકાતીઓને વૉર્ડમાં રાખી હું બહાર નીકળતો હતો ત્યાં પેલો યુવાન મારી સાથે થઈ ગયો. 'મારાથી એની વેદના નથી જોવાતી.' એ ભાંગેલા સાદે ગણગણ્યો: 'એને આવી દશામાં જોઈ મારું મગજ ફરે છે,'

મેં પાછું વળીને વૉર્ડમાં જોયું. દરદી યુવતી મૃત્યુની છાયામાં પ્રવેશી ચૂકી હોય તેમ નિશ્ચેટ પડી હતી. અંધ માતા શાંતિપૂર્વક તેના હાથ પર હાથ રાખી બેઠી હતી.

અમે દાદરો ઊતરતા હતા ત્યારે યુવાને દરદી યુવતીસાથેના પોતાના સંબંધની વાત કરી. બંને એક દફતરમાં કામ કરતાં હતાં. યુવતી માંદી પડી તેને આગલે અઠવાડિયે બંનેએ લગ્ન-ગ્રંથિથી જોડાવાનું નક્કી કર્યું હતું. 'આમ, સ્વર્ગની ઝાંખી કરીને આપણે ભાગે નરકની યાતના ભોગવવાનું શા માટે આવતું હશે?' યુવાને પૂછ્યું. તેના સ્વરમાં ફરકેરાટ હતો.

જે કોયડો યુગોથી અણઉકેલ રહ્યો છે, એ તેના જીવનમાં પણ ઊભો હતો. અતીતના અગોચર ઊંડાણેથી પડઘા પડતા હતા: 'શા માટે? શા માટે?'

મને આવડે એ રીતે મેં તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનો પ્રયાસ કર્યો, પણ આવા પ્રસંગે ગમે તેવા મીઠા શબ્દો ય ઊણા પડે છે.

'યુવતીની હાલતની ગંભીરતાની વાત તમે તેની માતાને કેવી રીતે સમજાવી?' મેં પૂછ્યું, 'ખાસ સાધનની મદદથી તેઓ સાંભળી શકે છે. અત્યારે ઝટ ઑસ્પિટલે પહોંચવાની ઉતાવળમાં તેઓ એ સાધન ઘેર ભૂલી ગયાં.'

અર્ધો કલાક મેં એ યુવક સાથે આડીઅવળી વાતો કરી. એ ગાળામાં યુવાને પોતાના મનની નબળાઈ ખંખેરી નાખી હોય એમ લાગ્યું. તે વૉર્ડમાંથી મારી સાથે બહાર આવ્યો ત્યારે ભયથી ધ્રૂજતો હતો. તેણે કહ્યું હતું: 'હું વૉર્ડમાં ફરી પગ નહિ મૂકી શકું. જો એલ્સી ગઈ તો તેની અંધ માતા ઝૂરીઝૂરીને મરશે. મારું જીવન પણ ધૂળધાણી થઈ જશે.'

અર્ધો કલાક બાદ હવે એ બોલ્યો ત્યારે તેના સ્વરમાં જુદો રણકો હતો: 'માફ કરજો!' તેણે નવી હિંમત પ્રાપ્ત કરી હોય તેમ કહ્યું: 'અત્યાર સુધી હું નિર્માલ્યની જેમ લવારો કરતો હતો. કૃપા કરી મને પાછો એ વૉર્ડમાં લઈ જાઓ.'

યુવાન ફરી વૉર્ડમાં પહોંચ્યો ત્યારે દરદી યુવતી ઊંઘતી હતી. યુવાન દોઢ કલાક સુધી તેની પથારી પાસે મટકું માર્યા વિના બેસી રહ્યો. એલ્સીની અંધ માતાને પાછી ઘેર મૂકવા જતાં યુવાને નર્સને એક કવર આપ્યું અને કહ્યું: 'હું થોડી વારમાં પાછો આવું છું. હું આવું તે પહેલાં એલ્સી જાગે તો કૃપા કરી તેને આ કાગળ વાંચી સંભળાવજો.'

બીજે દિવસે સૂર્યોદય પછી ઠીક વારે એલ્સીએ આંખો ખોલી ત્યારે તેને કાંઈ વાંચી સંભળાવવાની જરૂર નહોતી. તેનો પ્રેમી ત્યાં બેઠો હતો.

જીવન અને મૃત્યુની બાજીમાં મેં જિજીવિષાને મહત્ત્વનો ભાગ ભજવતી જોઈ છે. પણ આ યુવાન અને એલ્સીના પ્રસંગે મને એક નવી વાતનું ભાન કરાવ્યું. આ અનુભવે મને શીખવ્યું કે દરદ ને નબળાઈને લીધે જે દરદીએ આશામાત્ર છોડી દીધી હોય એનામાં પણ પ્રેમના બળે મૃત્યુ સામે ઝઝૂમવાનું જોમ આવે છે.

એ યુવાને એલ્સીને શું કહ્યું, તેની મને ખબર નથી. પણ તે દિવસે મોડેથી હું વૉર્ડમાં નીકળ્યો ત્યારે મેં જોયું કે એલ્સી મૃત્યુના હુમલા સામે જીવનનો ગઢ જાળવી રહી હતી. તેની આંખોમાં સ્પષ્ટપણે પડકાર વરતાતો હતો. ત્રણ દિવસ અને ત્રણ રાત એલ્સી જેમતેમ કરીને જીવતી રહી, પણ તે પછી ભયંકર કટોકટી આવી.

'હવે તેનું જીવન એક તાંતણાને વળગ્યું છે. તેના પોતાના સિવાય બીજું કોઈ તેને માટે કાંઈ કરી શકે તેમ નથી.' ડૉક્ટરે કહ્યું.

'સિવાય કે તેના પ્રેમી...' મેં શાંતિપૂર્વક ઉમેર્યું.

આખી રાત એલ્સીની પથારીની એક બાજુ તેની માતા હતી: બીજી બાજુ તેનો પ્રેમી યુવાન હતો.

વહેલી સવારે ત્રણ વાગ્યે એલ્સીની પરિસ્થિતિમાં પલટો આવ્યો. બાજુમાં ઊભેલા ડૉક્ટરે કહ્યા તો માત્ર ચાર શબ્દ, પણ એ શબ્દો ત્યાં બેઠેલાં પેલાં બે સ્નેહીજનો માટે અમૃત સમા હતા. શબ્દો હતા: 'હવે એ બચી ગઈ.' 'હે ઈશ્વર!' યુવાને ઉદ્‌ગાર કાઢ્યો.

દીકરીના હાથ પર હાથ રાખીને બેઠેલી અંધ માતાની દૃષ્ટિહીન આંખમાંથી આભારનું અશ્રુબિન્દુ ટપકી પડ્યું.

હવે, એલ્સી ઠીક ઠીક સાજી થઈ છે. તેના સાજા થવાનું રહસ્ય કોઈ મને પૂછે તો કહું: 'વૈદકીય કુશળતા અને નિષ્ણાત સારવારનો તેના સાજા થવામાં અવશ્ય હિસ્સો છે; પણ એલ્સી જીવનને વળગી રહી તેનું ખરું રહસ્ય તો એ જ કે પ્રેમે મૃત્યુનો પરાજય કર્યો.'

(ડૉ. ફિલિપ ઈનમાનના 'ધ હ્યુમન ટચ' પરથી)

# મત્સ્યેન્દ્રનાથ

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ : ૧૯

લેખ અને ફોટો - **નરોત્તમ પલાણ**

**ઈસ્વી** સનના આરંભની આગળપાછળના હિંદુ-બૌદ્ધ-જૈન ધર્મમાં દશ્યમાન થવા માંડેલા તાંત્રિક રંગો અભ્યાસની ભારે રંગીન સામગ્રી પૂરી પાડે છે. વેદવિરોધી વલણ સાથે ચીની ધર્મના અંશો ભળતાં, તિબેટ તથા બંગાળની ધાર્મિક ક્ષિતિજો ઉપર નવા રંગોના ટશિયા ફૂટી આવ્યા. આ રંગોમાં એક રંગ હઠયોગનો હતો, જે કષ્ટ દ્વારા કુન્ડલિની શક્તિને જાગ્રત કરી બ્રહ્મસાક્ષાત્કારની અપેક્ષા રાખતો હતો, તો બીજા રંગમાં લિંગ યોનિના 'સહજ' સંબંધ દ્વારા કુન્ડલિનીને રોમાંચિત કરી બ્રહ્માનંદપ્રાપ્તિની ઝંખના હતી.

અથર્વવેદના જાદુઈ ચમત્કારથી આ રંગધારીઓમાં 'સિદ્ધિ'ની ઘેલછા જન્મી. યોગ, જે પ્રાણ, મન અને વીર્ય જેવા ચાંચલ્યધર્મી તત્ત્વોને વશ કરવા અર્થે હતો તે-સ્થૂલ સિદ્ધિનું સાધન બન્યો. ગમે તેમ કરીને પણ ત્રિપુરસુન્દરીમાં પુત્ર ઉત્પન્ન કરવો તે સિદ્ધિ લેખાવા માંડી ને નિર્વીર્યતાની હતાશા પરમ શાંતિમાં ખપી! આ સમયે સંપૂર્ણ બ્રહ્મચર્યની ઘોષણા કરતા શિષ્ય ગોરખનાથે 'નાથ' સંપ્રદાયની શિંગીબજાવી ગુરુ મત્સ્યેન્દ્રને ચેતવ્યા!


આ મત્સ્યેન્દ્ર હિન્દુ-બૌદ્ધ-જૈન ત્રણેમાં કલ્પી શકાય છે: હિંદુના મત્સ્યેન્દ્રનાથ, બૌદ્ધોના મીનનાથ અને જૈનોમાં મત્સ્યલાંછનયુક્ત અઢારમા તીર્થંકર અરનાથ(?), ત્રણેની અર્થછાયા લગભગ સમાન છે: હિંદુમાં 'મત્સ્ય' ચિત્તની ચપલતાના અર્થમાં છે, અતઃ ચિત્તની ચપલ વૃત્તિઓ જેણે નાથી છે તે મત્સ્યેન્દ્રનાથ. બૌદ્ધોમાં મત્સ્ય-મીન-પ્રજ્ઞાનું પ્રતીક છે અને જૈનમાં અરનાથ અરજ=મનોવિકારથી જે મુક્ત છે તે.

મત્સ્યેન્દ્રનાથ, મીનનાથ, અરનાથ—કોનાથી કોનું સર્જન થયું હશે તે કલ્પી શકાય તેમ નથી, પણ શ્રી હજારીપ્રસાદ દ્વિવેદી મત્સ્યેન્દ્રનાથને ઐતિહાસિક વ્યક્તિ ગણે છે. મત્સ્યેન્દ્રનાથે લખેલા મનાતા અનેક ગ્રંથોમાંથી 'કૌલજ્ઞાન નિર્ણય' કલકત્તા સંસ્કૃત સીરીઝમાં ડૉ. પ્રબોધચંદ્ર બાગચી દ્વારા ઈ. ૧૯૩૪માં પ્રસિદ્ધ થયો છે, આ ગ્રંથનો લિપિકાળ ૧૧મી સદીનો માનવામાં આવે છે. બીજો ગ્રંથ 'કામાખ્યગુહ્ય' જે નેપાળ દરબારના પુસ્તકભંડારમાં છે તેની તાડપત્રીમાં 'ઇતિ શ્રીમદ્ મત્સ્યેન્દ્રનાથાવતારિતે શ્રી કામાખ્યાગુહ્યે સિદ્ધચષ્ટમ:' એવી નોંધ હોવાનું પં૦ ગોપીનાથ કવિરાજે પોતાના 'તાંત્રિક સાહિત્ય' પૃ. ૧૦૯ ઉપર નોંધ્યું છે.

ચૌદમી સદીના 'સ્કંદ પુરાણ'માં મત્સ્યેન્દ્રનાથની કથા છે કે અશુભ યોગમાં જન્મેલા બાળકને પિતાએ સમુદ્રમાં ફેંકી દીધો. મોટી માછલી ગળી ગઈ. શ્વેતદ્વીપના સમ્યક્‌પર્વત ઉપર શિવજી પાર્વતીને રહસ્યકથા સંભળાવી રહ્યા હતા. માછલીના ઉદરમાં સ્થિત શિશુએ તે શ્રવણ કરીને બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિનો આનંદનાદ કર્યો! શિવજીએ મચ્છમાંથી મુક્ત કર્યો એટલે મચ્છન્દ! (મચ્છાઃ પાશાઃ છેદિતાસ્તુ—મચ્છન્દઃ 'તંત્રાલોક' જયદ્રથ ટીકા.) અગિયારમી સદીનું 'કૌલજ્ઞાનનિર્ણય' પ્રાપ્ત છે. ઈ. સ. ૧૦૦૦માં હયાત અભિનવગુપ્ત પોતાના 'તંત્રાલોક'માં 'મત્સ્યેન્દ્ર વિભુ'ને વંદન કરે છે. ચોર્યાશી સિદ્ધોમાંના મીનપા, જે મત્સ્યેન્દ્રનાથનું જ બીજું નામ છે, પાલવંશી રાજા દેવપાલ (ઈ. સ. ૮૦૯-૮૪૫)ના દરબારમાં હતા. એટલે નવમી સદીના મધ્ય ભાગમાં મત્સ્યેન્દ્રનાથ હયાત હોવાનું અનુમાન થઈ શકે છે.

ગુજરાત સાથેનો નાથ-સંદર્ભ નિહાળીએ તો મૂલરાજ સોલંકી(ઈ. ૯૪૨-૯૯૭)એ પાટણના શૈવ મંદિરનો કારભાર કથડનાથને સોંપ્યાની, તથા ગુજરાતની સરહદે આવેલું રાજસ્થાનનું કૌલ સંપ્રદાયનું ઉદ્‌ભવસ્થાન રાણપલ્લિકા ગામ હોવાની અનુશ્રુતિઓ છે. (જુઓ 'પ્રબંધ ચિંતામણિ' તથા 'ગુજરાતમાં કૌલસંપ્રદાય'—જીવણભાઈ અમીન, 'સ્વાધ્યાય' મે '૬૭), ગિરનાર ઉપર ગોરખનાથની ટૂક તથા ગોરખશૃંગો છેલ્લાં હજાર વર્ષની નાથ-પરંપરા દર્શાવે છે. ગિરનારની તળેટીમાં નાથ દલીચો, પ્રભાસપાટણ પાસે ગોરખમઢી, કચ્છમાં કંથકોટ અને ધીણોધર નાથ સંપ્રદાયનાં અતિ પ્રખ્યાત સ્થાનો છે. આબુ ઉપર દેલવાડાનાં મંદિરોની જમીન મૂળે શૈવ મંદિરની હતી જે વિમલશાહે ઘણું દ્રવ્ય આપી ખરીદી લીધી. આ સ્થાનનો એક સાધુ 'વાલીનાહ' બાંધકામમાં ઉપદ્રવ કરતો હતો તેની સાથે વિમલશાહને યુદ્ધ થયાની આખ્યાયિકા છે. સંભવ છે કે આ 'વાલીનાહ' કોઈ નાથ સાધુ હશે. અમદાવાદના માણેકચોકનું નામ માણેકનાથ ઉપરથી આવ્યાની માન્યતા પણ છે. સૌરાષ્ટ્રને પશ્ચિમ કિનારે બેટ-દ્વારકા, દ્વારકા, મિયાણી, ફટાણા, ઓડદર, ભાણસરા, માધવપુર, ખાખનાથ, સોમનાથ જેવાં અનેક નાનાંમોટાં નાથસ્થાનો આજે પણ હયાત છે.


**ઉ**પર્યુક્ત અનુશ્રુતિઓ અને સ્થાનો પર આપણે ત્યાં પ્રાપ્ત નાથમૂર્તિઓ અગત્યનો પ્રકાશ ફેંકે છે. કદાચ ભારતભરમાં નાથમૂર્તિઓની પ્રાપ્તિ અદ્યાપિ ગુજરાતમાં જ થએલી છે. ડૉ.



ઉમાકાન્ત શાહે 'સ્વાધ્યાય'ના ફેબ્રુ૦ '૬૭ના અંકમાં ડભોઈના મહુડી દરવાજાની ઈ. સ.ની તેરમી સદીની તેર ઉન્નત નાથમૂર્તિઓ વિસ્તૃત હેવાલ સાથે પ્રસિદ્ધ કરી છે. આ પછી ડૉ. ગૌદાનીએ 'ઊર્મિ-નવરચના' (ઑક્ટો૦—નવે૦ '૭૩)માં દીવમાં આવેલી ત્રણ નાથમૂર્તિઓ, પ્રભાસ પાસે ગોરખમઢીની નવનાથની આધુનિક મૂર્તિઓ, ઢાંકમાંથી પ્રાપ્ત દસમી સદીનો નાથમૂર્તિનો ખંડ, સુરેન્દ્રનગર જિલ્લાના ધાધલપુર ગામની છ ફૂટ ઊંચી ધુંધલીનાથની મૂર્તિ, કચ્છ-કંથકોટના કંથડીનાથ મંદિરની નૂતન મૂર્તિ, વડનગરના ચિત્રેશ્વરી માતાના મંદિરમાં આવેલી નાથમૂર્તિ, અમદાવાદના મ્યુનિસિપલ મ્યૂઝિયમમાંસંગ્રહાએલી માણેકચોકનીગોરખનાથની આરસની મૂર્તિ ને સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસે વજાપુરમાં આવેલી મેનાવતીની નાથિનીમૂર્તિ સાથેની નાથમૂર્તિઓ વગેરેની નોંધ તથા અમુકના ફોટો રજૂ કરેલા છે. આમાં દીવ ગામની વાવમાં આવેલી મત્સ્યેદ્રનાથથી મૂર્તિ સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિ છે.

મૂર્તિશાસ્ત્ર વિષયક મારા જોવામાં આવેલા અંગ્રેજી, હિંદી, મરાઠી અને ગુજરાતી ગ્રંથોમાં નાથમૂર્તિવિધાન પ્રાપ્ત નથી. અતઃ નાથમૂર્તિનાં લક્ષણો ગુજરાતમાં પ્રાપ્ત મૂર્તિઓને આધારે જ નક્કી કરવાનાં રહે છે. આ મુજબ નાથમૂર્તિઓમાં યોગાસન, મુદ્રાયુક્ત હસ્ત, કંઠમાં રુદ્રાક્ષની માળા, કાનમાં કુંડલ, વક્ષસ્થલ પર શ્રીવત્સચિહ્ન, ક્યારેક ઉપવીત, કમરબંધ, બાજુબંધ, શિરવસ્ત્ર કે બગલમાં ઘોડી જોવા મળે છે. મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ ને કાનિફનાથની મૂર્તિઓમાં મત્સ્ય, ગાય અને વાજિંત્ર જેવાં તેઓનાં ખાસ ઓળખચિહ્ન પણ હોય છે.

દીવ ગામની એક વાવમાં મત્સ્યાવતાર તરીકે પૂજાતી ઉપરની નાથમૂર્તિ તેની બેસણીમાં આવેલા મત્સ્યને કારણે મત્સ્યેન્દ્રનાથની છે. ભારતભરમાં પ્રાપ્ત કોઈ પણ મૂર્તિ- (અનુ. પૃ. ૩૭૭)



# કલાવાર્તા

## પીરભાઈ મનસૂરી



◁ સર્પદેહના વિવિધ વળાંકોથી રચાતા જીવનવૃક્ષના આકારનું કાંસાનું ધૂપદાન. અઢારમી સદીના રાજસ્થાની કલાકૌશલનું એ દ્યોતક છે. ત્યાંના તાંત્રિક પૂજા-વિધિ વગેરેમાં એનો ઉપયોગ થતો. આ જ રીતે રાજસ્થાની લોકકળાનાં 'માંડણાં' (મંડલ ?) અને 'પગલ્યાં'માં પણ મૂળ તાંત્રિક યંત્રાકૃતિઓનો પ્રભાવ હોઈ શકે.

પીરભાઈની બે કૃતિઓ
જમણી બાજુ : લિનોકટ - ઘુવડની આંખ
નીચે : એક પાત્રાલેખન





**લ**ગભગ એક દાયકા પહેલાં (જાન્યુઆરી ૧૯૬૫) 'કુમાર'ના વાચકોને શ્રી રવિશંકર રાવળે 'નવા તૃણાંકુરોની છાપ' અને 'ઘુવડની આંખ' નામનાં લિનોકટ-ચિત્રો સાથે કળાકાર પીરભાઈ મનસૂરીની ચિત્રકલાસાધનાનો આછો પરિચય કરાવ્યો હતો. આજે એ પીરભાઈ કલાસાધનામાં સ્થિર પ્રગતિ સાધતા રહી વલ્લભ વિદ્યાનગરની કલાશાળાનું આચાર્યપદ સંભાળે છે.

ઉત્તર ગુજરાતમાં વિસનગર પાસેના દેણપ ગામમાં એક પ્રાથમિક શિક્ષકને ઘેર એમનો જન્મ. શાળાના અભ્યાસ દરમિયાન જ સમભાવી ચિત્રશિક્ષક સોમાભાઈ પટેલની દોરવણી નીચે ચિત્રસાધનાનો ચસકો લાગ્યો. ચિત્રકલાના ક્ષેત્રે ઝંપલાવવું એ આજે પણ દુઃસાહસ ગણાતું હોય તો આજથી બે અઢી દાયકા પહેલાં, આર્થિક આધારની આશા બાંધી બેઠેલાં માબાપને દીકરાનો આ વિચાર મૂંઝવણમાં મૂકી દે એ સ્વાભાવિક છે. પણ પીરભાઈએ સ્વાવલંબન અને સાધનાને એકસરખી લગનથી અપનાવીને ઈ. ૧૯૬૧માં સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાંથી આર્ટ માસ્ટરની પરીક્ષા પસાર કરી. એ અરસામાં ઈંગ્લૅંડ જઈ વધુ અભ્યાસ અને સારી નોકરી કરવાની તક સાંપડી અને લાફબરોની વ્યાવસાયિક તાલીમી ચિત્રશાળામાં દાખલ થઈ 'અર્નિંગ' સાથે 'લર્નિંગ' શરૂ કર્યું. ઈ. ૧૯૬૩ થી '૬૫નાં એ વર્ષોમાં એમણે યુનાઈટેડ કિંગડમ ઉપરાંત ફ્રાન્સનાં કલાધામો પણ નિહાળ્યાં અને ચિત્રસાધના માટે પલાંઠી લગાવી. પરંતુ વધુ અભ્યાસ માટે સ્થિર થઈ શકે તે પહેલાં પિતાની બીમારીના સમાચારે એમને સ્વદેશ પાછા ફરવા મજબૂર કર્યા. દેશમાં આવી બેએક સ્થળે થોડું કામ કર્યા બાદ ઈ. ૧૯૬૭માં વલ્લભ વિદ્યાનગર ખાતે કલાકેન્દ્ર (હવે કૉલેજ ઑવ ફાઈન આર્ટ્સ)માં ચિત્રશિક્ષક તરીકે જોડાયા. અહીં એમની પ્રતિભાને માફક આવે તેવું સાધનાક્ષેત્ર મળી ગયું. છેલ્લાં પાંચેક વર્ષથી તો એ સંસ્થાના આચાર્ય તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના કુશળ નેતૃત્વ હેઠળ કલાકેન્દ્રના કેટલા ય વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ રાજ્ય કક્ષાએ તથા રાજ્ય બહાર યોજાતાં ચિત્રપ્રદર્શનોમાં ભાગ લઈ પુરસ્કારો મેળવ્યા છે. (ઉ. ત. ત્યાંના એક તેજસ્વી ચિત્રશિક્ષક શ્રી અમૃત પટેલના 'બર્ડ સેલર' નામે ચિત્રને 'રીડર્સ ડાઇજેસ્ટ'ના '૭૩ના ઑગસ્ટ અંકના પૂઠા પર પ્રકાશિત થવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.) સંસ્થા પ્રત્યેની પીરભાઈની નિષ્ઠા, આપસૂઝ ને વહીવટી કુશળતા એ એમના કલાકેન્દ્રને 'આર્ટ ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ' બનવા સુધી પહોંચાડ્યા પછી યે એ સંસ્થાને આગળ દેશભરમાં પ્રસિદ્ધિ અપાવવામાં નિમિત્ત બનશે એવી આશા અસ્થાને નહિ ગણાય.

**ક**લાકાર તરીકે પીરભાઈના વ્યક્તિત્વનું પાસું આપણને વિશેષ મહત્ત્વનું છે. શાંત સ્વભાવના અને ઓછાબોલા છતાં હસમુખા ચહેરાવાળા પીરભાઈ સદા ય કાર્યપ્રવૃત્ત માણસ છે. એમની રંગરેખાની મૂક કવિતામાં સહૃદય સર્જકનો સંતર્પક અનુભવ થાય છે. 'કલાકાર તરીકે એ નથી પરંપરાની શૈલીના કે નથી કેવળ પ્રયોગખોર મિજાજના. આથી જ કલાગુરુ મુ. શ્રી રવિભાઈની પેઢીથી બાલકૃષ્ણ પટેલ આદિ નવી પેઢીના કલાસર્જકો સાથે તેમને ગાઢ નાતો છે. આજ સુધીના ચિત્રકલાના વિવિધ પ્રવાહોને આત્મસાત્ કરવાની જે જે તક એમને મળી છે તેને વૈયક્તિક પ્રતિભા વડે સફળ રીતે એમણે પોતાની સાધનામાં ઉજ્જ્વળ બનાવી છે. મુ. શ્રી રવિભાઈ સાચું જ કહે છે કે કલાકૃતિનો જન્મ ચિત્રકારના ઓરડામાં થતો નથી. તેને મળેલા સંયોગો, શિક્ષણ, પ્રવાસો, ઘરના સંસ્કાર...એ બધાંની અસરો નીચે ચિત્રકાર ચિત્રો કરે છે. પીરભાઈની ચિત્રસાધના પણ એ બધાંથી અનુભવસમૃદ્ધ છે અને એમાં પેલો વૈયક્તિક ટહુકો પણ ભળેલો છે. આવતી કાલની ચિત્રસાધનાના તેઓ તાજગીભર્યા હસ્તાક્ષર બની રહે છે. પ્રતિવર્ષ પ્રદર્શિત થતાં રહેતાં એમનાં ચિત્રો એમની જીવંત સાધનાનાં દ્યોતક છે.

વિલાયતમાં હતા ત્યારે લેસ્ટર ખાતે 'દશાવતાર'નાં પોતાનાં કેટલાંક ચિત્રોનું પ્રદર્શન એમણે યોજેલું. ઈ. ૧૯૭૧માં નર્મદામાં આવેલી જળરેલ પ્રસંગે, એ પૂરગ્રસ્ત પ્રદેશનો પ્રવાસ ખેડી એમણે જલરંગી ચિત્રોનું નમૂનેદાર પ્રદર્શન વલ્લભવિદ્યાનગરમાં યોજી અનેક કલારસિકોની પ્રશંસા મેળવેલી. કુદરત પોતે જ એક કલાકૃતિ છે એવા પ્લેટોના વિચારો એમના મનમાં બરાબર વસી ગયા હોય એમ જણાય છે.

અભ્યાસકાળ દરમ્યાન સ્વ૦ કવિ પ્રહલાદ પારેખનું 'બનાવટી ફૂલોને' કાવ્ય તેમના કુદરતપ્રિય માનસ ઉપર જબરી અસર કરી ગએલું. કુદરતનાં પતંગિયાં જેવાં આ ફૂલો વિષે તેઓ કહે છે : 'ફૂલોનું ખીલવું ને કરમાવું મારે માટે સદાય આકર્ષક રહ્યું છે, કારણ એના મલકાટમાં મને હમેશાં જીવનનાં બલિદાનની સાર્થકતા દેખાય છે. એમનામાં મેં જીવન ને મૃત્યુ બંનેનાં દર્શન કર્યાં છે.' માનવજીવનનાં પ્રતીક રૂપ બની રહેલાં આ ફૂલોની ખીલવાથી માંડી કરમાઈ જવા સુધીની ભાવસ્થિતિમાં જીવન અને બલિદાનના સંદેશને આકારિત કરી એમણે


બાવીસ જેટલાં ચિત્રોની એક ઉત્કૃષ્ટ ચિત્રમાળા ઈ. ૧૯૭૨માં મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં પ્રદર્શિત કરી હતી. રંગરેખાની લયબદ્ધ સંવાદિતા અને પ્રતીકાત્મક આકૃતિનિર્માણની સાહજિકતાને કારણે એ ચિત્રો અનેક ભાવકો ને વિવેચકોની સારી પ્રશંસા પામ્યાં હતાં.

બ્રહ્માનંદની ઝાંખી થાય છે ખરી, પણ એ ક્ષણિક અનુભવ માનવીના લક્ષ બહાર ચાલ્યો જાય છે. પરંતુ ચિત્રકાર ચિત્રના માધ્યમ દ્વારા એ બ્રહ્માનંદની પળોને કેટલેક અંશે વિસ્તારી આપે છે. અહીં આકાર અને આકારહીનતા ઓગળી જાય છે. એ જ સત્, ચિત્ ને આનંદની સ્થિતિ ને ઊપસાવી આપે. એવી જ રીતે હંસ, માછલી, ઘુવડ, કમળ, નાગ, સૂર્ય, ચંદ્ર આદિ કલ્પનો કલાકારના સંવિત્‌ને બરાબર પ્રગટ કરે છે ને ઉચ્ચરસવૃત્તિની અનુભૂતિ કરાવે છે. એમાં એકરૂપતા, અખંડપણું પ્રગટ્યાં છે. આથી 'કલાનાં પ્રવરં ચિત્રમ્' એવી ઉક્તિને યથાર્થ ઠરાવે છે.

એમનાં ચિત્રોમાં ચિત્રકલાના આધુનિકતમ પ્રવાહો વરતાઈ આવે છે. સંવેદનશીલ



'દાણલીલા': નારગોલના 'દક્ષિણા વિદ્યાલય' માટે ઈ. ૧૯૬૫માં બનાવેલું મોટું ચિત્ર. ઇંગ્લૅન્ડમાં પ્રદર્શિત કરેલાં 'દશાવતાર'નાં ચિત્રો આ શૈલીનાં હતાં. જમણી બાજુ ઉપરના ચિત્ર વિષે કલાકાર કહે છે કે 'નર્મદાનાં પૂર વખતે થએલી તારાજીને નજરે નિહાળ્યા પછી કુદરતના એ કોપને વ્યક્ત કરતાં વીસેક ચિત્રો કરેલાં એમાંનું આ એક. એમાં આંખના સૂચન સાથે રૌદ્રતા દર્શાવવાનો પ્રયાસ છે. સાથોસાથ આ આપત્તિને માનવીએ સ્વીકારી લઈ દુઆ માગતા, અને એ પ્રાર્થના સ્વીકારાઈ હોય એવા ભાવ દર્શાવતા બે હાથનું સૂચન છે.'




કલાકાર રંગોના ઉચિત સંયોજનથી અમુક ગહરાઈ પ્રાપ્ત કરે ત્યારે જે સુભગ પરિણામ જન્મે તેના ચોખ્ખા અણસાર અહીં વરતાય છે. અહીં ફોટોગ્રાફિક નૅચરાલિઝમવાળી નરી વાસ્તવિકતા નથી. તેમ એમનાં 'ઍબ્સ્ટ્રૅક્ટ' પેઇન્ટિંગ પણ 'જંતરમંતર આર્ટ' ન બની જતાં શુદ્ધ કલાકીય વારતત્ર પ્રગટ કરે છે. આ સદીના આરંભથી આધુનિક ભારતીય ચિત્રકલામાં પૌરાણિક કલ્પનોનો સવિશેષ ઉપયોગ થવા માંડ્યો છે. વળી નૂતન છતાં ઠીકઠીક પરિચિત બનતું જતું આ તાંત્રિક સ્પંદન કલાના માધ્યમ તરીકે કોઈ ચોક્કસ ભાવાર્થ ધરાવે છે. ભાવકોની દૃષ્ટિએ તો એમાંથી પ્રાપ્ત થતો પેલો બ્રહ્માનંદ જ કલાકૃતિનું ઊંચું મૂલ્ય આંકી આપશે. છેલ્લા એકાદ દાયકાથી પીરભાઈ પોતાના કલાના વિકાસનો જે પરિચય ગુજરાતને કરાવતા રહ્યા છે તે જોતાં તેમની પાસેથી હજી પણ ઘણી ઊંચી અપેક્ષા રાખી શકાય.

હમણાં ફરી એક વાર ગયા મે માસની ૨૪-મી તારીખે, મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં એમણે જે નવી ચિત્રશ્રેણી કલારસિકો સમક્ષ પ્રદર્શિત કરી તેનો વિષય હતો 'સર્જન અને શક્તિ'. કુદરતમાં સર્જનનું ને તેથી એની અંગભૂત એવી શક્તિનું સવિશેષ મહત્ત્વ છે. પીરભાઈનાં આ ચિત્રો તંત્રસાધનાના ખયાલથી પ્રભાવિત છે. તંત્રસાધનાના મૂળમાં તો બ્રહ્માનંદની પ્રાપ્તિની જ કલ્પના રહેલી છે. પ્રાચીન કાળમાં આપણા ઋષિમુનિઓ તપશ્ચર્યા વડે એ બ્રહ્માનંદનો અનુભવ દીર્ઘકાળ સુધી માણી શકતા. સામાન્ય માનવજીવનમાં પણ છે. એ એક પૂર્ણ અસ્તિત્વપૂર્ણ આનંદનો આવિર્ભાવ ચિત્રકારની કલાનિર્મિતિ દ્વારા માનવ ચિત્તમાં સુપેરે ઝીલાય છે. આ બધી કૃતિઓમાં વર્તુળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ આદિ ભૌમિતિક આકૃતિઓ, તાંત્રિક પ્રતીકો દ્વારા નિરૂપાતા કોઈ ઈશ્વરી અવતારના સંકેતો, રંગોની અદ્‌ભુત સંયોજનકુશળતા, કોઈ અધ્યાત્મની ઉપદેશાત્મકી રૂપે નહિ પણ શુદ્ધ કલાકીય સૂઝ ને કૌશલથી આલેખાયાં છે. આ અંકના મુખચિત્ર તરીકે આપેલું એમનું 'કલ્કી અવતાર'નું ચિત્ર જુઓ. ભૌમિતિક આકૃતિઓ, ઘોડો, હાથનો પંજો, રંગોનો ઉભાર ને દબાવ વ્યંજકતા-

—રમેશ એમ. ત્રિવેદી




**ટિકિટ-સંગ્રહ** હિમાલયની તળેટીમાં કુલુ ખીણના સૌન્દર્યથી મુગ્ધ બની ત્યાં જ સ્થાયી થઈ રહેલા જગવિખ્યાત રુસી ચિત્રકાર, ફિલસૂફ કવિ ને માનવતાવાદી લેખક તથા શોધક પુરાતત્ત્વવિદ્ નિકોલાઈ રૅાયરિખની જન્મશતાબ્દી નિમિત્તે ૯મી ઑક્ટોબરે એક ખાસ ટપાલટિકિટ બહાર પાડી ભારતે એ વિશ્વશાંતિ તથા મૈત્રીના જ્યોતિર્ધરને ઉચિત અંજલિ આપી છે. વારાણસીના ભારત કલભવન ને અલ્લાહબાદના મ્યુનિસિપલ મ્યૂઝિયમની સાથે પણ એમનું નામ સાંકળી આ અંજલિમાં સાથ પુરાવ્યો છે.

△ મથુરાના વિખ્યાત સંગ્રહસ્થાનની શતાબ્દી નિમિત્તે પણ ભારતે ખાસ ટિકિટ બહાર પાડી છે. એક જ કિંમતની, એક જ વિષયનું નિરૂપણ કરતી ને એક જ શિટમાં એક સાથે છપાએલી બે ડિઝાઈનવાળી ભારતની આ પ્રથમ ટિકિટ છે. એના પર મથુરા મ્યૂઝિયમનાં બે શિલ્પરત્નો આપ્યાં છે.




## ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ

બજારુ ફરસાણ તળવાના તેલમાં વ્હાઈટ ઑઈલ, બટાટાવડાં ને ભજિયાંમાં સડેલા બટાટા, ચટણી અને કચોરીના પૂરણમાં વાસી ફરસાણનો ભૂકો, ચણાના લોટમાં લાંગ—

ટૉફી-ચૉકલેટ-ગોળીઓમાં કોકોના બદલે બાજરીનો ઝીણો લોટ, ઘઉંનું થૂલું, બગડેલો ગ્લુકોઝ સીરપ, હલકી જાતની ખાંડ અને હાનિકારક રંગ-સુગંધ—

મોંઘી બદામને બદલે મગફળી ને નાનખટાઈમાં કચૂકાનો લોટ—

ગોળને ઊજળો દેખાડવા પીળી માટી કે રંગ તથા ટિનોપૅાલ—

મધમાં ગોળ-ખાંડ કે ખજૂરની ચાસણી—

ખાંડના બુરામાં ધોવાનો સોડા—

કેસરના બદલે મકાઈના રેસા ને રંગ યા મરચીનું લોહી—

મીઠાઈઓમાં અને સુગંધી મુખવાસોમાં 'મેટનિલ યલ્લો' નામનો ઝેરી રંગ—

ઘીમાં વેજિટેબલ અને રીફાઈન્ડ ચરબી—

મોંઘાં તેલમાં હલકાં તેલ—

મરીમાં પપૈયાનાં બીજ

દળેલાં ધાણાજીરુમાં છોતરાંનો ભૂકો ને ઘોડાની લાદ—

હિંગમાં આમલીનો ગુંદર અને રંગ—

હળદરમાં સડેલા અનાજનો લોટ અને માટી તથા રંગ ને વજન વધારવા 'લૅડ ક્રોમેટ' જેવા ઝેરીલા ક્ષાર—

તેજાનામાંથી એસેન્સ કાઢી લીધા પછીનાં નિઃસત્ત્વ છોતરાં જેવાં એલચી, તજ, લવિંગ, પીપર, જાયફળ, જાવિંત્રી—

ચામાં વપરાએલી ચાની સૂકવણી—

વગેરે જેવા મૌલિક પ્રયોગો આ 'ભારતવર્ષ'ની વેપારી આલમે શોધેલા છે. આ કહ્યા એ બધા તો પકડાએલા ભેગ છે. બીજી પણ ઘણી મૌલિક તરકીબો આ 'વેપારી લાઇનના ખાનદાન' માણસો અજમાવતા જ હશે. ખરીદતાં પહેલાં શુદ્ધતાની ખાતરી કરવામાં શરમ અનુભવવાની હજી યે કોઈ જરૂર ખરી?

(મુંબાઇ) —ડૉ. વસંતકુમાર ન. જાઈ

## મહેમાન બનો ત્યારે

રવિવાર કે રજાઓ ગાળવા કોઈ મિત્ર કે સંબંધીનું તમને આમંત્રણ મળ્યું હોય તો 'સમયસર' ત્યાં પહોંચી જજો. ઠંડી થતી જતી રસોઈ સાચવી બેસી રહેવાનો દરેક ગૃહિણીને ખૂબ કંટાળો હોય છે એ યાદ રાખજો.

યજમાનનું ઘર એ હોટેલ નથી, એટલે યજમાન ગૃહિણીએ હર ક્ષણે તમારી તહેનાતમાં રહેવું જોઈએ એવી અપેક્ષા ન રાખતાં તેમ જ એ ના પાડે તો પછી જિદ કરીને અગવડકર્તા થઈ મદદ પણ ના કરતા.

યજમાનો સાથે કુટુંબનાં સભ્યો જેમ એકરૂપ થવા પ્રયત્ન કરજો અને યજમાન-કુટુંબના રોજિંદા કાર્યમાં અડચણરૂપ ન થવાય એ રીતે તમારો કાર્યક્રમ ગોઠવજો.

મોડે સુધી ગપાટા મારતાં બેસી ન રહેતાં, 'સૂવાનો વખત થયો' એ ગૃહિણીના વર્તન પરથી સમજી જજો. તમારી સરભરા ઉપરાંત એને બીજાં ઘણાં કામ હોય છે એ લક્ષમાં રાખવું.

બાથરૂમનો ઉચિતરીતે ઉપયોગ કરો. તમારા ઘેર તમને સૌથી પ્રથમ સ્નાનાદિથી પરવારવાની આદત હોય તો પણ યજમાનગૃહે તો એમને અનુકૂળ જ થવું.

યજમાનગૃહે નોકર ન હોય તો તમારી પથારી જાતે બિછાવો ને સવારે ઉપાડો. સૂવાનો ઓરડો અલગ ન હોય તો મોડે સુધી સૂતા રહી ઘરની અવ્યવસ્થા વધારી ન મૂકો.

તમને વાપરવા આપેલા ઓરડાના બધા ભાગ, બાથરૂમ, જાજરૂ આદિ સ્વચ્છ રાખો.

તમારાં ચાલુ વસ્ત્રો સ્નાન બાદ જાતે જ ધોઈ નાખો. બીજાં કપડાં માટે ધોબી શોધી કાઢો પણ યજમાનને માથે એનો બોજો કદી ન લાદતાં.

યજમાન ગૃહિણીને હમેશાં તમારા બહાર જવા-આવવાનો ચોક્કસ સમય આપો, જેથી તે તમારા ભોજનાદિની તૈયારી કરી શકે. મહેમાન તરીકે વધારે સમય ગાળ્યો હોય તો નીકળતી વખતે યજમાનના સંતાનને નાનકડી પણ ઉપયોગી કે કલાત્મક ચીજ ભેટ આપજો અને ઘેર પહોંચ્યા પછી આભાર વ્યક્ત કરતો ટૂંકો ને મધુર પત્ર જરૂર લખજો. □



વાળને ઓળીને ગરદન પર એકઠા કરી બાંધવા. પછી એના ત્રણ ભાગ એવી રીતે પાડવા કે વચલા કરતાં બને બાજુના ભાગના 'ડૉનટ' મોટા બને. હવે એ બંને ડોનટને બરાબર બેસારી દઈને બાકીના વચલા ભાગનો નાનો ડૉનટ કરી એને મોટા ડૉનટના વર્તુળ વચ્ચે ગોઠવી દેવો. ઉપરની આકૃતિ જોતાં વધુ સ્પષ્ટતાથી આ રીત સમજાશે. એ નાના ડૉનટની મધ્યમાં યા બંને ડૉનટ પર એક યા બે વેણીનું આકર્ષણ ઉમેરી શકાય.

સ્ત્રીના લાંબા વાળનું પણ એક અનેરું આકર્ષણ છે, જો એની સારી સારસંભાળ રખાતી હોય તો. એ માટે થોડાં સૂચનો:

વાળ હમેશાં ખેંચાય નહિ એવા સારા કાંસકા વડે ગરદનથી ઉપર માથા તરફ અને એકથી બીજા કાન તરફ ઓળવા. આથી વાળના મૂળ પાસે પૂરતી હવા પસરી શકશે. સીધા વાળ ઓળવાથી એમ નથી થતું. વાળમાં ગૂંચ હોય તો ખેંચીને નહિ પણ હળવે હાથે ઉકેલવી.

રોજ રાતે સૂતાં પહેલાં વાળ ઓળી તેના પર બ્રશ ફેરવવું. એથી સાફ થવા ઉપરાંત વાળની સુંવાળપ અને તંદુરસ્તી વધે છે.

વાળ ધોવાના હોય તેના આગલા દિવસે માથામાં તાજા નાળિયેરનું દૂધ ઘસવું અને બીજે દિવસે ચિકાખાઈ, આમળાં ને અરીઠાંના પાણીથી વાળ ધોવા. આ માટે રાતભર ઠંડા પાણીમાં આ ત્રણે ચીજો પલાળી રાખી, સવારે એને ઉકાળીને પાણી ઠંડું પડ્યા પછી વાપરવું. જો માથામાં ખોડો હોય તો, વાળ ધોતાં પહેલાં તાજા લીંબુની ફાડ ઘસવી. કડવા લીમડાનાં પાનનો રસ પણ આ રીતે ઘસી શકાય, પણ લીંબુ વધુ અસરકારક ને સરળ છે.

કોરા વાળ ગમતા હોય તો પણ માથામાં કોપરેલ, તલનું તેલ કે સારું કેશતેલ બરાબર ચોળ્યા પછી વાળ ધોવા. એથી વાળનો રંગ અને કુમાશ જળવાશે. (વીણા પુરોહિતના 'ઇંડિયન હેર સ્ટાઈલ્સ' પરથી)



આંગણાનાં ફૂલ-૩

# કૅના

મણિલાલ જ. શાહ

વિવિધરંગી મોટા પુષ્પ-ગુચ્છોથી અને દૂરથી નાની નમણી કેળનાં જેવડાં સુંદર મોટાં પાનથી બાગબગીચાની શોભા વધારતા કૅનાના આકર્ષક ફૂલકચારા તો સૌએ જોયા હશે. અસલ તો એ મધ્ય અમેરિકા અને એશિયાના વિષુવવૃત્તીય પ્રદેશોના ફૂલછોડ. સુંદર મોટાં પાન અને પીળાં તથા લાલ ફૂલવાળી એની બેત્રણ મુખ્ય મૂળ જાતમાંથી સંકરણ વડે સફેદ, આછા પીળા, ગુલાબી, કેસરી, લાલ વગેરે રંગોની વિવિધ ઝાંયની અનેક નવી જાતો વિકસાવાઈ છે; જેમાં માથોડા જેટલી ઊંચી વધતી ચોત્રીસ જેટલી મોટી, અને ત્રણેક વેંત જેટલી જ વધતી તેરેક જેટલી નાની જાત મુખ્ય છે. આ ઉપરાંત, વિવિધરંગી ટપકાં ને લીટાવાળી પાંખડીઆળાં ફૂલોની તથા સફેદ કે પીળીપટ્ટીવાળાં ભાતીગળ પાનવાળી પણ કેટલીક નવી જાતો જોવા મળે છે. વળી, એક સાથે આખો પુષ્પગુચ્છ ખીલે અને ગુચ્છમાં એક પછી એક ફૂલ ઊઘડે એવી પણ એની કેટલીક જાત છે. લાંબો સમય ફૂલ મળતાં રહે એ માટે આમાંની બીજી જાત વધુ પસંદ થાય છે. આમ, વૈવિધ્યને કારણે ઉદ્યાનોમાં કૅનાના ફૂલકચારા અનેરું આકર્ષણ બની શકે છે, તો કૂંડાંમાં ઉગાડેલા નાની જાતના કૅના ઘર-આંગણાની શોભા વધારે છે.

કૅનાનાં મૂળ કંદ જેવાં હોઈ એમાંથી નવી-નવી ફૂટ નીકળ્યા કરે છે. મૂળ કંદમાંથી એવી ફૂટવાળી ગાંઠો કાપીને વરસાદ પહેલાં યા વરસાદ ઊતરતાં વાવવી જોઈએ. બીજ વડે કૅના ઉગાડી શકાય છે, પણ છોડ પર બીજનું પ્રમાણ ઓછું હોય છે અને એ વટાણા જેવડાં નાનાં કાળાં બીજનું બાહ્યાવરણ કઠણ હોઈ એને ઊગતાં વાર લાગે છે. રાતભર પાણીમાં પલળી રાખીને, છાણમાં દાટી રાખીને કે તેના ગર્ભને ઈજા ન થાય એમ એનું બાહ્યાવરણ ઘસી નાખીને બીજ રોપવાથી અંકુર વહેલો ફૂટે છે.

ક્યારામાં ઉગાડવાં હોય તો એક દોઢ હાથ છેટા એકાદ વેંત ઊંડા ખાડા કરી સારી પેઠે સડેલું ખાતર પૂરી એમાં ગાંઠ રોપવી અને એ ગાંઠ સડી ન જાય એ સારુ એના પર રેતીનો એકાદ થર પણ મૂકવો. કૂંડામાં વાવવા માટે પાન-સડા જેવું ખાતર, એથી અર્ધી માટી ને એનાથી યે અર્ધી રેતી ભેળવી ગાંઠ રોપવી.

કૅનાના એક છોડ પર ચારપાંચના ગુચ્છમાં ફૂલ ખીલે છે. એક વાર ફૂલ આવી ગયા બાદ એ જ છોડ પર ફરી ફૂલ બેસતાં નથી, પણ કૅનાનાં મૂળમાંથી નવી નવી ફૂટ થઇ નવા છોડ ઊગતા જાય છે ને એના પર વારાફરતી ફૂલ આવતાં રહે છે. આમ, ક્રમવાર નવાનવા છોડ પર ફૂલ બેસતાં જઈ લાંબા સમય સુધી કૅનાની શોભા ટકી રહે છે. એક વાર ફૂલ આવી ગયા પછી એ છોડને મૂળ પાસેથી કાપી નાખવાથી છોડને સારું પોષણ મળી સુંદર ફૂલ બેસે છે. કરમાએલાં ફૂલને પણ તુરત ચૂંટી લેવાથી બાકીનાં ફૂલ સારાં ખીલે છે ને છોડની સુંદરતા ટકી રહે છે. ઑક્ટોબરથી ડિસેમ્બર અને એપ્રિલથી જૂન એ કૅનાનાં ફૂલની મોસમ છે.

ફૂલની મોસમ વીત્યે છોડને નવું ખાતર આપવાથી બીજી મોસમમાં પણ સારાં ફૂલ ખીલે છે. કૅનાને વધુ પડતું ખાતર આપવું નહિ. એથી છોડનાં પાનનો વધુ વિકાસ થઈ ફૂલ ઓછાં ખીલે છે. કસદાર, ભીની, સારા નિતારવાળી ને સૂર્યપ્રકાશવાળી જમીનમાં કૅના ઉત્તમ થાય છે.

વર્ષે એક વાર—જૂન માસમાં કૅનાની ગાંઠો ખોદી કાઢી એને રેતીથી ઢાંકીને છાંયે મૂકીરાખી આરામ આપવો, અને પછી જુલાઈમાં વર્ષા શરૂ થવા પહેલાં ફૂટ સાથેની ગાંઠો કંદમાંથી છૂટી પાડીને રોપવી.

કૅનાથી હિમ સહન થતું નથી. હિમ પડે તેમ લાગે તો રાતે જરા વધુ પાણી આપવું. હિમથી નુકસાન થયું હોય તો છેક મૂળ પાસેથી છોડ કાપી નાખવાથી નવી ફૂટ સરળતાથી નીકળશે.

આમ, ચીવટથી ઉછેરાય તો કૅના એનાં સુંદર મોટાં પાન અને વિવિધરંગી ફૂલોને કારણે આંગણામાં આકર્ષક બની રહે છે. □

## કરકસર

● સામાન્યતઃ ચાદરને બરાબર વચ્ચે ઘસારો પડતો હોઈ ત્યાંથી જ વધુ ફાટે છે, જ્યારે ચારે બાજુ કિનારા તરફ ઓછો ઘસારો લાગે છે. આવી ઘસાએલી કે ફાટેલી ચાદરને વચ્ચેથી ઊભી કાપી ઓટી લેવી અને બંને પડખાની કિનારો સાંધી લેવાથી ફરી ઉપયોગમાં લઈ શકાશે. (ગૌતમ ક. દેસાઈ-મુંબઈ-૫૪)

● જાતે ચીતરીને યા અવનવું કલાકૌશલ કરીને અથવા સુંદર યોગ્ય ચિત્રો ચોડીને દિવાળીનાં અભિનંદનપત્રો બનાવી શકાય. છપાએલાં મોંઘાં તૈયાર પત્રો કરતાં જાતે ચીતરેલાં પત્રોમાં માનવ-સ્પર્શ અને ભાવનાની આત્મીયતા વધુ સારી રીતે વ્યક્ત થાય છે.

● શાળા કે દફતરોમાં ને કેટલાંક ઘરોમાં ચાર્ટ-ચિત્રો વગેરેને પૂઠા પર યા સૉફ્ટબોર્ડ પર લગાડવા માટે વિવિધ રંગનાં માથાંવાળી સુંદર પણ મોંઘી પિનો વપરાય છે. પણ એ ખર્ચ બચાવવા રંગબેરંગી નાનાં બે કાણાંવાળા બટનમાં તાર પરોવીને વાપરી શકાય. આવી હાથબનાવટની 'પિન' લગાડીને તારના બે છેડા પૂઠા પાછળ વાળી દેવા. (હીરાભાઈ ડી. પટેલ—ત્રાલસા)

● સોડા-લેમનની બાટલી પરનાં પતરાનાં ઢાંકણાં સાબુ પર લગાડી દેવાથી સાબુને બંને બાજુ લાગતો ઘસારો ઘટી એની આવરદા વધશે. સાબુની નાની ચપતરીને કપડાની વચ્ચે રાખી ચોળવાથી કામમાં લઈ શકાશે.


● જો પેટને માફક આવે તો રોજિંદા ખોરાકમાં ચણાનું ઉમેરણ ગુણકારી છે. નાનાં બાળકોને બજારુ પિપરમેન્ટ વગેરે આપવાને બદલે શીંગ-ચણા જેવી ચીજો વધુ લાભ કરશે.
(કલ્યાણજી જ. કાપડિયા—મુંબાઇ)

● ઘરમાં વગાડવાના ટ્રાન્ઝિસ્ટર રેડિયો માટે એલિમીનેટરનો ખર્ચ સરવાળે બૅટરી સેલના ખર્ચ કરતાં ઓછો થાય છે.

● રૂમાલ, જાંગિયા, ગંજી વગેરે કાયમી વપરાશની ચીજો જથ્થાબંધના ભાવે લેવી સસ્તી પડશે.

● ગંજી વગેરે તૈયાર કપડાં ખરીદ્યા પછી ઉપયોગમાં લેતાં પહેલાં એની સિલાઈ પર વધારાની સિલાઈ કરી લેવાથી વધુ ટકશે.

● રસોઈ-ચટણી વગેરેમાં ખટાશ માટે, બજારમાં છત હોય ત્યારે લીંબુ લઈ ને આથી રાખવાં. આમલી સામટી ખરીદી મીઠું ચડાવી રાખી શકાય ને કેરીનાં આંબોળિયા કરી રાખી શકાય.
(એ. આર. લાઠીગરા—સાવરકુંડલા)



આ અંકના પૂઠા પર જે શોભનઆકૃતિ આપી છે તે તૂટક હોઈ અહીં આ એનું પૂર્ણ સ્વરૂપ દર્શાવ્યું છે, તેનો તથા આ વિભાગના શીર્ષક સાથેના શોભનનો રંગોળીમાં ઉપયોગ કરી શકાશે.

# પચ્ચીસ વર્ષ પહેલાં



નવેમ્બર ૧૯૪૯ · સળંગ અંક ૩૧૧

પ્રાચીન કાળમાં ગુપ્ત વાતચીત કે સંદેશા માટેની સંકેત-લિપિના ત્રણ પ્રકારો હતા: 'કર-પલ્લવી', 'ધ્વજ-સંદેશ' ને 'દુંદુભિ-સંદેશ' તે વિષે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં એક લેખ-માળા શ્રી કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમાએ આપેલી. તે પૈકી ૩૧૧મા અંકમાં આવેલી 'ધ્વજ-સંદેશ'ની સંકેત-લિપિ અહીં ઉતારીએ :

તેની યોજના ત્વરિત રાખવા માટે નીચે મુજબ શ્લોક છે:

કર્ણ, ચક્ર, ટંકાર, તરુ,
વળી પાયા ને વ્યોમે, શિરસ્ત્રાણ,
અવકાશ અકાર, કમરેકકાર. એક,
શૂન્ય સંખ્યા પરિણામ.

. આમાં પણ અગાઉ આવી ગએલી કર-પલ્લવીની માફક લિપિના અક્ષરોના સમૂહ ક, ચ, ટ, ત, પ, ય, શ, અ, પ્રમાણે તે તે વર્ગોના અક્ષરોના આઠ વિભાગ, તથા કાના માત્રા અને સંખ્યા માટેના બીજા ત્રણ વિભાગ, એમ અગિયાર વિભાગના ડાબા અને જમણા હાથના મળીને ૧૧ સંકેત યોજેલા છે. તેનાં ચિત્રો સાથે આ નીચે તે દરેકની વિગત સમજાવી છે:

## ડાબા હાથની સંજ્ઞાઓ




'ક—ખ—ગ—ઘ—ક્ષ': એ ક-વર્ગ માટેની સંજ્ઞા 'કર્ણ';—એમાં ડાબા હાથના ધ્વજથી ડાબો કાન દર્શાવવો.



'ચ—છ—જ—ઝ—જ્ઞ': એ ચ-વર્ગ માટેની સંજ્ઞા 'ચક્ર';—એમાં ડાબા હાથને કોણીમાંથી વાળી ધ્વજને ઊંચે રાખી હવામાં ચક્ર દોરવું.



'ટ—ઠ—ડ—ઢ—ણ': એ ટ-વર્ગ માટેની સંજ્ઞા 'ટંકાર';—એમાં ડાબા હાથને કોણીમાંથી વાળી ધ્વજ વડે ટકોરા મારતા હોઇએ એવી નિશાની કરવી.



'ત—થ—દ—ધ—ન': એ ત-વર્ગ માટેની સંજ્ઞા 'તરુ';—એમાં ડાબા હાથે ધ્વજને ખભાની સીધી લીટીએ રાખી ઝાડની ડાળ જેમ સ્થિર રાખવો.



'પ—ફ—બ—ભ—મ': એ પ-વર્ગ માટેની સંજ્ઞા 'પાયા'(પગ);—એમાં ડાબો હાથ નીચે રાખી ધ્વજને ડાબા પગે અથડાવવો.



'ય—ર—લ—વ—ૠ': એ ય-વર્ગ માટેની સંજ્ઞા 'વ્યોમ';—એમાં ડાબો હાથ ઊંચો સ્થિર રાખી ધ્વજથી વ્યોમ-આકાશ દર્શાવવું.



'શ—ષ—સ—હ—ળ': એ શ-વર્ગ માટેની સંજ્ઞા 'શિરસ્ત્રાણ';—એમાં ડાબે હાથે ધ્વજને માથાના શિરસ્ત્રાણ પાઘડી અથવા ટોપ ઉપર મૂકતા હોઇએ એમ દર્શાવવું.



'અ—અિ—અી—અુ—અૂ': એ સ્વર-વર્ગ માટેની સંજ્ઞા 'અવકાશ';—એમાં ધ્વજને હવામાં ઊંચો કરીને, પછી 'વ્યોમ'ની સંજ્ઞા જેમ તેને સ્થિર ન રાખતાં વર્તુળમાં ફેરવવો.



'ા—ˋ—ˆ—ˊ—:': કાનો, માત્રા, બેમાત્રા, અનુસ્વાર, વિસર્ગ વગેરે વ્યંજનોને લગાડવા માટેનાં ચિહ્નોની સંજ્ઞા 'કમરે-કકાર';—એમાં ડાબા હાથના ધ્વજને કમર પર જમણી તરફ સ્થિર રાખવો.



'૧—૨—૩—૪—૫': એ ૧ થી ૫ સુધીની સંખ્યાના વર્ગ માટેની સંજ્ઞા 'એક';—એમાં ડાબા હાથના ધ્વજને જમણા ખભા અને માથાની જગ્યા વચ્ચે તિરકસ રાખવો.



'૦—૬—૭—૮—૯': એ ૬ થી ૦ સુધીની સંખ્યાના વર્ગ માટેની સંજ્ઞા 'શૂન્ય';—એમાં ડાબા હાથને સામો લંબાવી જોનાર સામે હવામાં વર્તુલ દોરવું.

## જમણા હાથની સંજ્ઞાઓ

આમાં પણ, કરપલ્લવીની માફક, જમણા હાથનો ઉપયોગ ડાબા હાથના વર્ગનો પહેલો, બીજો, ત્રીજો, ચોથો ને પાંચમો અક્ષર સમજવા માટે થાય છે. એ કેવી રીતે તે દર્શાવતાં ચિત્રો તથા સમજ નીચે પ્રમાણે:



જમણા હાથે ગળાને ક્રૉસ કરી, એક સંખ્યાના ડાબા હાથના સ્થાનની જગ્યાએ ધ્વજ સ્થિર કરવો.

આથી આ નિશાન વર્ગનો પહેલો અક્ષર દર્શાવે છે. 'ક' વર્ગનો પહેલો અક્ષર આપતી વખતે બંને હાથ છાતી પર ક્રૉસ થશે.



જમણા હાથને સીધો આકાશ તરફ સ્થિર કરવો, → એટલે વર્ગનો બીજો અક્ષર દર્શાવવો.



'એક' સંજ્ઞાના સ્થાનની સ્થિતિમાં, જમણો હાથ ઊંચો કરીને વર્ગનો ત્રીજો અક્ષર દર્શાવાય છે.



વર્ગનો ચોથો અક્ષર દર્શાવવા માટે જમણા હાથના ધ્વજને જમણા ખભાની સીધી લીટીએ રાખવો.



ઉપરની ચોથા અક્ષરની સ્થિતિમાં પગ ને ખભાની વચ્ચે જેટલા અંશનો ખૂણો થાય, તેના બે સરખા ભાગ કરતાં જે ખૂણો બને, તે ખૂણા પર ધ્વજ રાખીને પાંચમો અક્ષર દર્શાવવો.



અર્ધો અક્ષર દર્શાવવા માટે અક્ષર કાપવા સારુ બંને ધ્વજની છાતી પર ચોકડી દર્શાવવી.



અક્ષર ખોટો હોય તેને રદ કરવા માટે જમણા હાથે વાવટો ડાબા-જમણો હલાવી ના પાડતા હોઇએ તેવી સંજ્ઞા કરવી.



અક્ષર પૂરો થયો, એમ દર્શાવવા માટે પગ આગળ બન્ને ધ્વજની ચોકડી પાડવી.



શબ્દ પૂરો થયો, એમ દર્શાવવા માટે પગ પાછળ બન્ને ધ્વજની ચોકડી પાડવી.



સંદેશો પૂરો થયો એમ દર્શાવવા માટે બન્ને ધ્વજો માથા સુધી ઊંચા કરી તેને બન્ને પગ પાસે લાવવા. વળી, 'નમસ્તે', 'છૂટા પડો' વગેરે સંજ્ઞાઓ પણ આ સંજ્ઞાથી જ દર્શાવાય છે.

'જમણા જાઓ', એમ દર્શાવવા માટે બન્ને હાથના ધ્વજને ડાબી તરફથી જમણી તરફ લઈ જવા. એ જ રીતે 'ડાબા જાઓ', એમ દર્શાવવા બન્ને હાથના ધ્વજને જમણી તરફથી ડાબી તરફ લઈ જવા. 'પાછળ જાઓ' દર્શાવવા પગ નીચેથી આગળના ભાગમાં લાંબા હાથે માથા તરફ ધ્વજ લઈ જવા. અને 'આગળ આવો' દર્શાવવા સારુ માથા ઉપરથી બન્ને ધ્વજ પગ તરફ લાવવા.

રાત્રે સંદેશા આપવા માટે ડાબા હાથમાં લાલ ફાનસ તથા જમણા હાથમાં લીલું ફાનસ રાખી ઉપરની જ સંજ્ઞાઓ વાપરીને સમાચાર આપી શકાય. ધ્વજસંદેશ આપતી વખતે માણસ આપણી સામે ઊભા રહી સમાચાર આપે છે તેથી તેનો ડાબો હાથ આપણી જમણી બાજુએ ને તેનો જમણો હાથ આપણી ડાબી બાજુએ રહે છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. વળી ધ્વજમાં પણ કાનો માથાથી જમણી તરફ પગ સુધી. િ ી જમીન નીચે, ુ ૂ જમણી તરફથી ડાબી તરફ, એક માત્રા ને બે માત્રા ડાબી તરફ ઊંચેથી નીચે તથા અનુસ્વાર લાવટાનું બિંદુ માથા પર મૂકીને આપવાની રીત પણ છે. □

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૭

### ગાલ-પચોરિયાં

આ ચેપી રોગ છે. 'લાપોટિયા' તરીકે પણ એ ઓળખાય છે. સાંપ્રત વિજ્ઞાનમાં એને 'મમ્પ્સ' કહે છે. બહુધા એ બાળકોમાં વિશેષ થાય છે. પણ મોટી વયે થાય તો એના યોગ્ય ઉપચાર થવા વધુ જરૂરી બને છે.

**લક્ષણો**

૧) ગાલ ઉપર સોજો આવે છે. મોટે ભાગે સોજો એક જ બાજુ થાય છે. એક બાજુ મટયા પછી કેટલીક વાર બીજી બાજુ સોજો આવે છે. ૨) ખોરાક ચાવી શકાતો નથી કે મોં ખોલી શકાતું નથી. ૩) કાનના મૂળમાં દુખાવો થાય છે; થોડો તાવ પણ આવે છે. ૪) ભૂખ લાગતી નથી ને બેચેની જણાય છે.

**ઉપચાર**

૧) ખોરાક તદ્દન બંધ કરી, ગરમ ઉકાળેલું પાણી જ પાવું. ભૂખ લાગે ત્યારે માત્ર પ્રવાહી ખોરાક જ આપવો. ૨) ખટાશથી રોગ વધે છે એટલે એ તદ્દન બંધ કરવી. ૩) ત્રિફલા-ગૂગળ, કાંચનાર-ગૂગળ કે કૈશોર ગૂગળની ૨-૨ ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવી. ૪) હરડેનો જુલાબ આપવો. ૫) ગાલ ઉપર દશાંગ લેપ શોથઘ્ન લેપ કે વાતઘ્ન લેપ ગરમ પાણીમાં કાલવી લગાવવો. ૬) કાળીજીરી અને મીઠું એકસાથે પાણીમાં ખદખદાવી લેપ કરવો. ૭) વાયુવરણાની છાલને પાણીમાં ઘસી તેમાં મીઠું અને સૂંઠ મેળવી લેપ કરવો. ૮) ધતુરાનાં પાનનો રસ કાઢી તેને ઉકાળીને ઘટ્ટ કરી લેપ કરવો. ૯) તાવ હોય તો સુદર્શન ઘનવટી અથવા સુદર્શન ચૂર્ણ આપવું. ૧૦) કેટલીક વાર ગાલ-પચોરિયાંને કારણે જે ગાલે સોજો આવ્યો હોય તેના વિપરીત વૃષણ ઉપર પણ સોજો આવે છે. આવા સમયે વૃષણ ઉપર પણ ગાલ-પચોરિયાની જેમ જ ઔષધ અને લેપનો ઉપયોગ કરવો.

**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

અનુસંધાન] **આઠસો ચાળીસ માસ** [પૃષ્ઠ ૩૫૭થી

એના હાથે યંત્રવત્ સહી કરી ટેલિગ્રામનું કવર ફોડયું.

'દાદીમા એક્સ્પાયર્ડ, કમ સૂન.'

એ બાજુની ઈઝી ચેરમાં ફસડાઈ પડયો.

ફલશડોર ખુલ્લું હતું અને હાથમાંનો તાર ધ્રૂજતો હતો.

દાદીમા ગુજરી ગયાં હતાં, દાદાને એકલા મૂકીને, સૌને મૂકીને.

દાદીમાએ જિંદગીનાં બ્યાસી વર્ષો જીવી નાખ્યું હતું. દસ-બાર વર્ષની ઉંમરે પરણેલાં દાદીમાએ જિંદગીનાં સિત્તેર વર્ષ એક જ માણસ સાથે ગાળી નાખ્યાં હતાં. સિત્તેર વર્ષ! આઠસો ચાળીસ માસ...

ક્યારેય દાદા-દાદીને અરસપરસ ઊંચે સાદે બોલતાં સાંભળ્યાં ન હતાં. ને દાદીમા ચૂડી-ચાંદલા સાથે ગુજર્યાં હતાં. અખંડ સૌભાગ્યવતી હતાં. જિંદગીનાં સિત્તેર વર્ષ એમણે દાદા સાથે જ પસાર કરી દીધાં હતાં.

સિત્તેર વર્ષ, આઠસો ને ચાળીસ માસ. ને ઈરા?...

ઈરા કેવળ સાત માસમાં......... □

અનુસંધાન] **મત્સ્યેન્દ્રનાથ** [પૃ. ૩૭૧થી માં હજી સુધી આવું મત્સ્યાસન જોવા મળ્યું નથી. મત્સ્યના પુચ્છ ભાગે આરાધકની નાની આકૃતિ છે. મત્સ્યેન્દ્રનાથ બેઠા છે. છાતી ઉપર શ્રીવત્સ-ચિહ્ન અને ગળામાં રુદ્રાક્ષની માળા છે. માથા ઉપર શિરવસ્ત્ર અને સ્કંધ ઉપર કુંડલના ખંડિત ભાગો કલ્પી શકાય છે. પાછળથી સિમેન્ટ વડે થએલી મરામત અને નેત્રદાનને કારણે બેડોળ બનેલી આ ઉપાસ્ય પ્રકારની નાથમૂર્તિ છે. અત્યાર સુધી ગુજરાતમાં પ્રાપ્ત નાથમૂર્તિઓમાં આ એક જ મૂર્તિ ઉપાસ્ય પ્રકારની હોઈ નાથસંપ્રદાયના ઐતિહાસિક અભ્યાસાર્થે ઘણી મહત્ત્વની છે.

'સ્વાધ્યાય'(નવે૦'૬૭)માં સર્વશ્રી ગોદાની-ઢાંકી આ મૂર્તિને તેરમા શતકની કહે છે, પણ તેરમા શતકનું સપ્રમાણ પદ્માસન અહીં જોવા મળતું નથી. સોલંકી કાળના તાલમાપયુક્ત કલાત્મક પદ્માસન કરતાં આ મૂર્તિનું પદ્માસન ઘણું પ્રાકૃત છે, ખાસ કરીને બંને જાંઘ ઉપર ઊંચો રહેતો પગનાં આંગળાંનો ભાગ આ મૂર્તિને સોલંકીકાળ પૂર્વેની ઈ. સ.ની દસમી સદીના અંતભાગની ઠરાવે છે. કહેવું હોય તો કહી શકાય કે પ્રાપ્ત નાથમૂર્તિઓમાં આ સૌથી પ્રાચીન ને ઉપાસ્યપ્રકારની હોઈ સવિશેષ મૂલ્યવાન છે. □

# સાહિત્યસંપર્ક

## શબ્દકથા : વરણ, વરણી, વરૂ(–રે)ણી અને વરણાગત, વરણાગી, વરણાગું, વરણાગિયું

સંસ્કૃત તત્સમ 'વરણ' શબ્દ હરકોઈ પ્રકારની કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓની, કોઈ ધાર્મિક સમારંભ કે સામાજિક પ્રકારની સભા–સમિતિ–સંસદ–પરિષદમાં કરવામાં આવતી પસંદગી માટે છે. એને અત્યારની પદ્ધતિએ 'ચૂંટણી'માં થયેલી પસંદગી સુધી લઈ જઈ શકાય. 'વરણી' એ સંસ્કૃત વરણ+ગુજ. 'ઈ' સ્વાર્થે તદ્ધિત પ્રત્યય લાગી વિકસેલો ગુજરાતી શબ્દ છે અને સમાનાર્થી જ છે. 'વરૂ(–રે)ણી' એ વૈકલ્પિક શબ્દરૂપ 'વરણી'નો વિકાસ છે અને યજ્ઞયાગાદિક તેમજ વૈદિક ધર્મવિધિમાં ભાગ લેવા માટે જેમને નિમંત્રવામાં આવે—વોરવામાં આવે તેવા બ્રાહ્મણ-બ્રાહ્મણોને માટે વપરાય છે. ખુદ 'વોરવું' ક્રિયારૂપ પણ 'વરવું' (=પસંદ કરવું)નો જ વિકાસ છે.

'વરણી'નો એક વિશેષ અર્થ 'ટાપટીપ'–'ભપકો' પણ ભગવદ્ગોમંડળ નોંધે છે; જોડણીકોશમાં પણ પર્યાય 'વરણાગત' અને 'વરણાગી' નોંધાયેલા છે. પણ વ્યુત્પત્તિની દૃષ્ટિએ આનો સંબંધ અસલ 'વરણી' સાથે બંધબેસતો નથી; એ સંસ્કૃત 'વર'-વરરાજાની કરવામાં આવતી શોભાનો પ્રથમ દર્શને ખયાલ આપે છે, પરંતુ ઉત્તરાંગનો વિકાસ સુલભ નથી.

'વરણાગી' રૂઢ છે, 'વરણાગત' અરૂઢ છે. આ 'વરણાગી'એ ગુજરાતી 'ઉં' અને 'ઇયું' તદ્ધિત પ્રત્યયો સ્વીકારી અનુક્રમે 'વરણાગું' અને 'વરણાગિયું' શબ્દ આપ્યા છે. 'ભ. ગો. મં.' અને 'જોડણીકોશ' બંનેમાં 'વરણાગું'નો અર્થ 'મોહિત'–'છંદવાળું' આપ્યો છે, અને એમ એ વિશેષણ જ છે. 'વરણાગિયું'નો તો 'ભપકો કરેલું' એ વ્યાપક અર્થ આપે જ છે. મને 'વરણાગું' શબ્દ 'વરણાગિયું'નો પર્યાય મુખ્યત્વે લાગે છે. 'વરણાગિયું' પાછળથી 'છેલબટાઉ' માટે પણ વપરાતો થયો છે. વ્યાપક અર્થ 'ભપકો કરેલું'—'અલબેલો રૂડો દીસે... વર વરણાગિયો'—(૧૭મી સદી) એ સ્વાભાવિક અર્થ છે. 'વરણાગી' શબ્દનો વિકસેલો અર્થ 'શણગારીને નીકળેલા જુવાનોનું માંગલિક સરઘસ' જાણીતો છે, જેને માટે હમણાં હમણાં 'શોભા-યાત્રા' પર્યાય પણ પ્રચલિત થયો છે.

**કે. કા. શાસ્ત્રી**

## ઊર્મિકવિતા

### એક અધ્યાપકના અભ્યાસની પરિણતિ

કૉલેજકક્ષાએ સાહિત્યના અભ્યાસમાં વિદ્યાર્થીઓને એક યા બીજું સાહિત્યસ્વરૂપ શીખવાનું હોય છે. આવાં સાહિત્યસ્વરૂપોમાંનું એક છે ઊર્મિકવિતા. પ્રસ્તુત ગ્રંથ*ના લેખક શ્રી ચંદ્રશંકર ભટ્ટ ગુજરાતી વિષયના અધ્યાપક છે એટલે વિદ્યાર્થીઓના અભ્યાસ નિમિત્તે જે સ્વાધ્યાય કરવો પડતો હોય છે તેનું આ અભ્યાસનિષ્ઠ અને વિશદ પરિણામ છે.

લેખકે ગ્રંથને પાંચ પ્રકરણમાં વહેંચ્યો છે. પ્રથમ પ્રકરણ છે 'કવિતાવિચાર'નું. આ પ્રકરણમાં ભલે કશું નવું ન કહેવાયું હોય, પરંતુ ઊર્મિકવિતાનો અભ્યાસ કરવા માગનારને કવિતા શું, તેનો હેતુ શો, તેના સર્જનની પ્રક્રિયા શી વગેરે મુદ્દાઓની ભૂમિકારૂપે જે જાણકારી હોવી ઘટે, તેનું પદ્ધતિસરનું નિરૂપણ થએલું છે. અને એમાં પૂર્વ તેમજ પશ્ચિમના કવિતાવિચારોની સમ્યક્ માવજત થઈ છે. કવિતાનાં પ્રયોજનો વિષે ચર્ચા કરતાં પ્રાચીન કાવ્યકોવિદ મમ્મટે ગણાવેલાં પ્રયોજનોની વાત કરી લેખક કહે છે: 'મમ્મટ ગણાવે છે તે...કાવ્યપ્રયોજનો પ્રાચીન યુગમાં ગમે તે દેશની કવિતાનાં હશે, કવિતાનો એવો ઉપયોગ થયો પણ હશે, પણ તેથી એ પ્રયોજનો સાર્થક થતાં નથી,' આ દલીલ ચર્ચાસ્પદ લાગ્યા વગર રહેતી નથી. વળી કાવ્યસર્જનની પ્રક્રિયા વિષે વિચારતાં એઓ જણાવે છે: 'જો કવિને પોતાને શું કહેવું છે તેની ખબર હોત તો તે કવિતા લખત જ શા માટે?' લેખકનો આ પ્રશ્ન પણ વિવાદાસ્પદ છે. ખરું જોઈએ તો મહાન કાવ્યોના સર્જકો પોતાને શું કહેવું છે, પોતાનું શું દર્શન છે તેની અભિવ્યક્તિ માટે જ કાવ્યસર્જન કરતા હોય છે.

બીજા પ્રકરણમાં લેખકે ઊર્મિકવિતાના ઉદ્ભવ અને વિકાસની રૂપરેખા આંકી છે. એમાં કવિતાના ઉદ્ભવમાં ઊર્મિને પ્રાધાન્ય રહ્યું છે એ વાત પર યોગ્યરીતે જ ભાર મૂકી તેનો પ્રાચીન કાળથી આપણા અને અન્ય દેશોમાં વિકાસ થતાં થતાં 'ઊર્મિકવિતા'નું સ્વરૂપ કેવી રીતે નિપજ્યું તે સદૃષ્ટાંત ચર્ચ્યું છે. ત્રીજા પ્રકરણમાં, આ બીજા પ્રકરણના અનુસંધાને જ, ઊર્મિકવિતાના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. લેખકે યોગ્ય રીતે જ જણાવ્યું છે કે આપણે ત્યાં પણ પદ–ગરબી જેવાં ઊર્મિકાવ્યો રચાયાં છે; પરંતુ જેને આજે આપણે ઊર્મિકવિતા કહીએ છીએ તે વિભાવના તો પશ્ચિમના સાહિત્યસંપર્કબાદ વિકસી છે. આમ પ્રકરણની માંડણી કરી મુખ્યત્વે પશ્ચિમની વિવેચનાને આધારે આ કાવ્યસ્વરૂપની ઊંડાણથી ચર્ચા કરી છે.

ચોથા પ્રકરણમાં ઊર્મિકવિતાના લગભગ ચોવીસેક પેટા પ્રકારોની સદૃષ્ટાંત ચર્ચા થએલી છે. આમાં આપણાં પ્રાચીન રાસ–ગરબા, ભજન-થાળ આદિથી માંડીને સૉનેટ, નાટ્યોર્મિ કવિતા, સંબોધન કવિતા (લેખકે ode માટે આ શબ્દ વાપરવાનો યોગ્ય રીતે આગ્રહ સેવ્યો છે) કરુણ પ્રશસ્તિ, પત્રકવિતા, હાઈકુ આદિ પરદેશના કાવ્યપ્રકારોની સમુચિત ઉદાહરણો સાથે ચર્ચા કરી છે.

છેલ્લા અને પાંચમા પ્રકરણમાં ગુજરાતી સાહિત્યમાં ઊર્મિકવિતાના સ્વરૂપ વિધાયકો કોણ કોણ અને એમનું પ્રદાન કેટલું વગેરે મુદ્દાઓની છણાવટ કરી છે. આ રીતે એમણે 'આધુનિક–અદ્યતન કવિતા'માં ઊર્મિકાવ્યની માવજત કઈ રીતે થાય છે, એ કઈ રીતે અગાઉના કરતાં જુદી પડતી આવે છે આદિ મુદ્દાઓની પણ અછડતી ચર્ચા કરી લીધી છે. છેવટે એમણે આ પ્રકારમાં પોતાનું પ્રદાન કરી રહેલા નવ કવિઓની નામાવલિ પણ આપી છે, જે કદાચ ઉતાવળને લીધે અધૂરી લાગવા સંભવ છે. કેટલાક ઉલ્લેખનીય નવકવિઓનો નામનિર્દેશ ત્યાં જોવા મળતો નથી.

સમગ્રતયા જોવા જતાં પ્રસ્તુત ગ્રંથ લેખકની અભ્યાસનિષ્ઠા, વિશદ અને સચોટ નિરૂપણશક્તિ તથા બહુશ્રુતતાનો ખયાલ આપી રહે છે. એમની શૈલી અને રજૂઆત વિદ્યાર્થીભોગ્ય રહી હોવા છતાં યે કવિતાના કોઈ પણ જિજ્ઞાસુને આ ગ્રંથનું વાચન ઉપયોગી થઈ પડે તેવું છે. છપાઈ વિષે શુદ્ધિનો આગ્રહ પ્રતીત થતો હોવા છતાં 'નીજી' જેવા શબ્દોમાં જોડણીદોષ અને અન્યત્ર ક્યાંક ક્યાંક વિરામચિહ્નોનો અનુપયોગ કે અનુચિત ઉપયોગ સરસ રસોઈમાં કાંકરાની જેમ ખૂંચે છે.

એકંદરે આ ગ્રંથથી કાવ્યસ્વરૂપની શ્રદ્ધેય ચર્ચા કરતા આપણા ગુજરાતના ગ્રંથોમાં એક મૂલ્યવાન ઉમેરો થાય છે. આ જ સ્વરૂપ પરના પ્રો. ચિમનલાલ ત્રિવેદી સાથેના લેખકના અગાઉના ગ્રંથની કેટલીક સામગ્રીનો પણ અહીં ઉપયોગ થએલો જોઈ શકાશે. —ધીરુ પરીખ

* 'ઊર્મિકવિતા': પ્ર. અશોક પ્રકાશન, નવભારત સાહિત્ય મંદિર, રતનપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૨૬૮, રૂ. ૧૫

## નવલકથા અને નવલિકા

બહાદુરશાહ પંડિત

**પાર્થિવનું સ્વપ્ન**: તામિલનાડુના વિખ્યાત નવલકથાકાર કલ્કીની આ ઐતિહાસિક

નવલકથા પ્રેમ અને કર્તવ્યના સંઘર્ષની અને અંતમાં થતા મિલનની મનોરમ કહાણી છે.

ચોળ પ્રદેશનો રાજા પાર્થિવ પલ્લવોના નરસિંહ વર્માની તાબેદારીમાંથી સ્વતંત્ર થવા યુદ્ધ કરે છે, પરંતુ યુદ્ધમાં એના સૈન્યની ખુવારી થાય છે અને પોતે પણ મૃત્યુ પામે છે. મરતાં પહેલાં એ શિવાનંદ સ્વામીને, ચોળને સ્વતંત્ર બનાવવાનું પોતાનું સ્વપ્ન પોતાના પુત્ર વિક્રમના કાળમાં સાકાર થાય એવી પોતાની અભિલાષા જણાવે છે. પિતાના મૃત્યુ બાદ બળવો કરતાં પકડાએલા વિક્રમને નરસિંહ વર્માના દરબારમાં લાવવામાં આવે છે અને ખંડણી ભરવાનો હુકમ કરવામાં આવે છે, જે તે કબૂલતો નથી. રાજા નરસિંહ એને દેશનિકાલ કરે છે. દૂરના એક ટાપૂ પર જઈ વિક્રમ ત્યાંનો રાજા બને છે. આ સમયે નરસિંહ વર્માની પુત્રી કુંદવિ વિક્રમને જોતાં એના પ્રેમમાં પડી જાય છે. વિક્રમની માતા કાપાલિકોના હાથમાં સપડાય છે. વિક્રમ પોતાના વતનમાં પાછો ફરે છે ત્યારે આ સમાચાર સાંભળી માતાની શોધમાં નીકળે છે. અંતે એનો અને કુંદવિનો પ્રેમ જાહેર થાય છે અને પલ્લવ રાજા પોતે જ એમનાં લગ્ન કરી આપે છે. નરસિંહના પ્રયત્નથી વિક્રમની માતા પણ મળી આવે છે.

કલ્કિની આ ઐતિહાસિક નવલકથામાં ડિટેકટિવ કથાનો અદ્‌ભુત રસ, સૌમ્ય મધુર શૃંગાર રસ અને ઉત્કટ વીર રસ તેમજ ઉગ્ર ભયાનક રસ નિષ્પન્ન થાય છે. શિવાનંદ સ્વામી એ નરસિંહ વર્મા પોતે જ છે એ ભેદ કથાના અંતે ખુલ્લો થાય છે ત્યારે એ રહસ્યમય પાત્રનાં પરાક્રમોની પ્રતીતિ થાય છે. કુંદવિ અને વિક્રમ વચ્ચેના પ્રેમનું ચિત્ર અત્યંત સંયમથી અને કલાત્મક રીતે દોરાયું છે. પોન્નન અને વલ્લી જેવાં કથાનાં ગૌણ પાત્રો પણ જીવંત અને સ્વાભાવિક લાગે છે.

પ્રકૃતિનાં મનોહર નિરૂપણો, શિલ્પ-સ્થાપત્ય અને ચિત્રકલાનાં વર્ણનો, પાત્રોના મનોભાવોનું આલેખન, કાપાલિકોની ભયાનક સૃષ્ટિનું ચિત્ર, નરસિંહ વર્માનાં ઉદારતા, શૌર્ય અને ખેલદિલી ઈત્યાદિ આ નવલકથાનાં આકર્ષક અંગો છે. ઇતિહાસના હાડપિંજરમાં કલ્પનાથી માંસ, મજ્જા ને રુધિર ભરી કલ્કિએ અહીં એક જીવંત દેહાકૃતિની રચના કરી છે. ભૂતકાળની એ સૃષ્ટિ આજે જીવતી જાગતી હોય, બનાવો આપણી નજર સામે બનતા હોય, પાત્રો આપણી સાથે જ જીવતાં હોય એવો વાચકને અનુભવ કરાવવાની લેખકમાં અદ્‌ભુત શક્તિ છે. શ્રી નવનીત મદ્રાસીએ સરળ, રસાળ ભાષામાં કરેલો અનુવાદ પ્રશંસનીય છે. (પ્ર. સાહિત્ય અકાદમી, રવીન્દ્ર ભવન, ૩૫ ફિરોઝશાહ

# મારી માન્યતા

**સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા**



જાદુગર કે. લાલ

પૂરું નામ કાંતિલાલ ગિરધરલાલ વોરા. જન્મ : બગસરા (સૌરાષ્ટ્ર)માં, વિ. સં. ૧૯૮૩ની ચૈત્ર વદ ૯. પિતા કલકત્તામાં કાપડના વેપારી, રાષ્ટ્રીય ચળવળો પછી ખાદીભંડાર ચલાવતા. સૌરાષ્ટ્રમાં વડિયા, બગસરા, અમરેલી ને કલકત્તામાં અભ્યાસ કરવા કરતાં કાંતિલાલને બચપણથી જ મદારીના ખેલ અને લોકગીતો ને હાસ્ય પ્રયોગોમાં વધુ રસ. 'મહમદ છેલ'ના જાદુની વાતો સાંભળી જાદુ પ્રતિ આકર્ષણ વધ્યું ને ઈ. ૧૯૩૮માં 'માઈટી ચૅંગ'ના જાદુના ખેલ જોઈ પોતે પણ જાદુગર જ બનવાનો નિર્ણય લીધા પછી જ્યાંથી મળ્યું ત્યાંથી એ અંગેનું શિક્ષણ લઈ આપબળે પોતાનું આગવું કૌશલ વિકસાવ્યું. ગોગિયા પાશા અને સરકાર પછી કલકત્તાની 'ઇંડિયન મૅજિશીઅન ક્લબ'ના આજે તેઓ પ્રમુખ છે. દુનિયાભરના નામાંકિત જાદુગરોની પ્રશંસા મેળવી છે. ઈ. ૧૯૬૮માં ઈન્ટરનૅશનલ બ્રધરહુડ ઑવ મૅજિશીઅન્સ' સંસ્થાએ એમને સાત ઍવોર્ડ્ઝ આપી એમનું બહુમાન કરેલું.

૧ દુનિયાભરમાં આપની નામના અને સફળતાનું કારણ કહેશો?

ઉ. પ્રથમ તો સંપૂર્ણ આત્મવિશ્વાસ. પ્રેક્ષકોનું માનસ સમજવાની સૂઝ. લીધેલા વ્યવસાયમાં પૂરી શ્રદ્ધા અને અવિરત ખંત સાથે તેમાં નિષ્ણાત થવા સુધીનો સતત પુરુષાર્થ.

૨ એ ઉપરાંત કંઈ?

ઉ. આંખોનો પ્રભાવ. સાબુ દસ વર્ષની વયે હાથીને વશ કરતો, દાસુ ચોત્રે દીપડા સાથે બેધડક ખેલતો, એ નજરના પ્રભાવથી જ. આંખોમાં માનવીના સમગ્ર ભાવ ને પ્રભાવ પ્રકટ થાય છે. સાથોસાથ હાથચાલાકી, ચીલઝડપ, ત્રાટક વગેરેની પણ જાદુઈ અસર પડે છે. આરંભથી જ પ્રેક્ષકોને આંજી નાખી એમને વિચારવાનો સમય પણ ન મળે એટલી ઝડપથી ધડાધડ અજાયબી પમાડતા જવાની આવડત ને પ્રતિભા પણ જોઈએ. સતત તકેદારી રાખી પ્રત્યેક પ્રયોગમાં વધુમાં વધુ સંપૂર્ણતા આણી એને સચોટ બનાવવો જોઈએ. આ માટે મેં કોઈ વ્યસન પણ રાખ્યું નથી. પાન ખાઉં તો દાંત ગંદા દેખાય, વધુ ખોરાક લઉં તો શરીરની ચપળતા ઓસરે. શારીરિક સૌષ્ઠવનો પણ પ્રભાવ જરૂરી. વેષભૂષાની પણ છટા દાખવવા હું ચારસો જેટલા વિવિધ પોશાકો સાથે રાખું છું.

૩ આપના જાદુપ્રયોગો કેવળ વ્યાવસાયિક જ કે એથી વિશેષ કંઈ?


ઉ. ધંધાદારી કરતાં એ આદર્શભાવી વધારે. સંસ્થાની સમૃદ્ધિ વધારવા સાથે લોકસેવા કરવાની ભાવના પણ ખરી જ. અમારા પ્રયોગોમાં યુવાન યુવતીઓ જોશો, પણ એમનામાં નખરાં કે આછકલાઈ નહિ કળાય. અમે પ્રેક્ષકોને જકડી રાખીએ એવા પ્રયોગો આપવા સાથે એમનો માનમરતબો પણ એટલો જ સાચવીએ છીએ.

૪ જાદુના ક્ષેત્રમાં આપને કોનાકોનામાંથી પ્રેરણા મળી?

ઉ. અનેકમાંથી. બાલપણમાં 'પ્રકાશ' નામે એક હસ્તલિખિત માસિક કાઢતો. એ માટે 'મહમદ છેલ' નામનો એક લેખ મળ્યો. એના ચમત્કારો વાંચી-સાંભળી જાદુગર થવાના કોડ જાગ્યા. સુપ્રસિદ્ધ જાદુગર હૂડિની, અમેરિકન જાદુગર ચૅંગ, જર્મન કાલાનાગ, લંડનના ગ્રેટ લાયન, રશિયન સેમન રૂબેનૉવ, થારસન ધ ગ્રેટ, કાર્ટર ધ ગ્રેટ, ગોલ્ડસ્ટોન, બ્લૅકસ્ટોન વગેરેમાંથી પ્રેરણા લઈ આરંભ કરેલો.

૫ કૌટુંબિક પરંપરાથી જુદે માર્ગે ચાલ્યા, પણ આપના ઘડતરમાં કોઈ કૌટુંબિક પ્રભાવ ખરો?

ઉ. હા. મારા દાદા દયાળ દેવચંદ બગસરાના નગરશેઠ હતા. અસલ કાઠિયાવાડી ખુમારી ને ખાનદાનીવાળા. રોજ ચાર-પાંચ અતિથિને જમાડે ત્યારે જ એમને નિરાંત થાય. પિતા ને કાકા કાપડના વેપારી, રાષ્ટ્રીયતાના પ્રભાવથી પરદેશી કાપડની હોળી કરી ખાદી વેચવા માંડેલા. સ્વ. મેઘાણીએ એમની એક નવલકથામાં અમારા કુટુંબને વણી લીધું છે. હું એ કુટુંબના સંસ્કાર ટકાવવા મથું છું. પ્રેક્ષકોના મનોરંજન સાથે થાય તે દેશસેવા ને લોકસેવા કરવામાં મને આનંદ આવે છે.



# ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૫૭] — કરાવનાર • જલન માતરી



'કિસ્મત' કુરેશી

ગુજરાતી સાહિત્યમાં ગઝલનો એક આગવા કાવ્યપ્રકાર તરીકે પ્રવેશ થયો ત્યારે એનું વિશિષ્ટ લાક્ષણિક વ્યક્તિત્વ દર્શાવવા એના પ્રયોગમાં ફારસી અને ઉર્દૂ શબ્દોનો વિપુલ—પણ વિવેક સહિત એમ વિવેક રહિત—વપરાશ થવા માંડયો; અને તેથી ગઝલકારો તરીકે બાલાશંકર, મણિલાલ, કલાપી આદિ જાણીતા થયા હોવા છતાં ગઝલ પોતે અજાણી રહેવા લાગી. એ પ્રાથમિક પ્રયોગદશામાંથી ગઝલે શયદા જેવા શાયરની શૈલી મારફત પોતાની પ્રણાલિકા અને પરંપરા પકડી, ત્યારે ગુજરાતી ગઝલમાં, પ્રમાણમાં ઓછા પણ યોગ્ય અને ઉચિત એવા ઉર્દૂ શબ્દનો ઉપયોગ જોવા મળ્યો. પણ ગુજરાતી ગઝલને એ સમયમાં, ગુજરાતી ભાષા જેમાંથી જન્મી છે એવી સંસ્કૃત ભાષાના તત્સમ્ અને તદ્ભવ શબ્દો સાથે ગુજરાતીકરણનું ગૌરવ જેમના હાથે મળ્યું એવા ગણનાપાત્ર ગઝલકારોમાં શ્રી કિસ્મત કુરેશીનું નામ પ્રથમ પંક્તિમાં આવે છે.

ભાવનગરના આ પીઢ અને પ્રયોગશીલ ગઝલકારનું મૂળ નામ છે ઉમરભાઈ ચાંદભાઈ કુરેશી. 'કિસ્મત' એમનું તખલ્લુસ છે. છેલ્લાં ત્રીસ કરતાં યે વધુ વર્ષથી તેઓ ભાવનગર નગરપાલિકા કચેરીમાં સેવા આપી રહ્યા છે. જન્મ તા. ૨૦-૫-૧૯૨૧.

પાંત્રીસ વર્ષ પહેલાં ગઝલનો સુવર્ણસમય હતો. ગઝલ ત્યારે સામયિકોના સહારે અને મુશાયરા પ્રવૃત્તિ મારફત મુંબાઈ તથા ગુજરાત અને સૌરાષ્ટ્રનાં નાનાંમોટાં શહેરોમાં ગાજીને ઘરેઘર ગુંજતી હતી. એ કાળે ગઝલના વિકાસમાં સ્થાનિક ગઝલગુરુઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. ભાવનગરના એકાદ બે અપવાદ સિવાય-લગભગ બધા ગઝલકારોનું ગુરુપદ ત્યારે કિસ્મતભાઈએ મેળવ્યું હતું. ભાવનગરના મોટા ભાગના ગઝલકારોએ એમના માર્ગદર્શનમાં ગઝલ-સર્જનની સૂઝ અને ગઝલશાસ્ત્રની સમજ મેળવી છે. એમણે નવલિકાઓ અને નાટિકાઓ પણ લખી છે. એમનાં 'રેતી અને મોતી', 'સલિલ', 'ઈકરાર' વગેરે ઉપરાંત અનેક ગઝલ-સંગ્રહો પ્રગટ થયા છે. એમણે 'રે લોલ' રદીફ વાપરીને ગઝલ-રાસ તથા 'હોજી' રદીફ વાપરીને ગઝલ-ભજનનો પ્રયોગ પણ કર્યો છે.

સૃષ્ટિના સૌન્દર્યમાં ભંગાણ નજરે પડતાં હોંશથી ત્યાં આયુના ટુકડા ભરનારા આ પીઢ ગઝલકારના શે'રોનો આનંદ લઈએ :

ઈબાદત સાથ દર્દોગમનું પણ હોવું જરૂરી છે,
ફરિશ્તાઓ મહીં આદમનું પણ હોવું જરૂરી છે.
સુણો 'કિસ્મત' હજીપણ આશિકોની કબ્ર બોલે છે,
પ્રણયમાં જાનના જોખમનું પણ હોવું જરૂરી છે.

∞

કદી આંધી બનીને આવરે છે સૂર્યકિરણોને,
ન રજકણ પણ ચરણ નીચે સદા બેકાર જીવે છે.

∞

હૃદયમાં અશ્રુનો સાગર, વદન પર હાસ્યની લહરો;
નથી હસતી, હકીકતમાં રડે છે આજની દુનિયા.
નકામી વાતમાં મનદુઃખ, નજીવા સ્વાર્થમાં ઝગડા,
રે, ખાલી ઠામ જેવી ખડખડે છે, આજની દુનિયા.
વિચારો લાખ કરતાં પણ નથી સમજાતું 'કિસ્મત'ને,
ખુદા યા ! કેમ તુજને પરવડે છે આજની દુનિયા;

∞

ન હેઠાં જે મૂકે હથિયાર, ખુદ હેઠા પડે તો યે,
જીવનને જંગ જાણી જીવનારાઓ જરૂરી છે,

∞

અજબ એ દૃશ્ય છે કે પાનખરમાં પાંગરે પીછાં,
કરુણતા કેવી છે કે ભરવસંતે પણ ખરે પીછાં.
નથી આધાર જેને, એ ગગન આધાર શું આપે ?
ઊડીઊડીને આવે છે ધરાને આશરે પીછાં.

ઘર તણા પાયામાં ઘરના નાશનું નિર્માણ છે,
જન્મના દિનથી શરૂ મુજ કબ્રનાં ખોદાણ છે.
હોંશથી ત્યાં ત્યાં હું ટુકડા આયુના દઉં છું ભરી,
સૃષ્ટિના સૌંદર્યનું જ્યાં જ્યાં થયું ભંગાણ છે.

∞

આ જગતમાં હું મને નિત બિવતન સમજ્યો હતો.
હું જીવનને સ્વપ્ન, મૃત્યુને જીવન સમજ્યો હતો,
તું જો ચાહે તો ખિલાવે રેતમાં પણ ફૂલડાં;
એ જ શ્રદ્ધાએ હું રણને પણ ચમન સમજ્યો હતો.

∞

કેવી સદ્ભાગી છે, ધરતી કેરી એ ઝાકળસુરા,
જેને પીવા સૂર્યકિરણોને ય ઘેરાવું પડયું.
એમના મૃદુ બોલથી તૂટી ગયું પથ્થર-હૃદય,
ફૂલથી જાણે કે શ્રીફળને વધેરાવું પડયું !
આપની તો યાદ પણ કાશીનું કરવત થઈ પડી,
દિલને એનાં આવતાં-જાતાં વહેરાવું પડયું.

∞

જિંદગીવાટે નથી 'કિસ્મત', ઉતાવળ કામની,
ચાલનારા પ્હોંચશે ને દોડનારા થાકશે.

∞

એકમાં રડવાનું દિલને, ઝૂરવાનું અન્યમાં,
માત્ર થોડો લાગણી ને પ્રેમ વચ્ચે ફેર છે.
એકને ભય સાંજનો, ડર પાનખરનો અન્યને;
આટલો હર ગુલ અને ગુલઝાર વચ્ચે ફેર છે.
એટલો છે ફેર 'કિસ્મત' ! દિલ અને દિલદારમાં,
જેટલો પીનાર ને પાનાર વચ્ચે ફેર છે.

∞

આજે ય કયાં શમ્યાં છે કૌરવ સહેનાં યુદ્ધો ?
કુરુક્ષેત્રને હજી પણ પાંડવોનો ખપ પડે છે.
કદરૂપતાની કૂખે સુંદરતા જન્મ લે છે,
ફૂલો ઉગાડવાને કાદવનો ખપ પડે છે.

∞

મારા મરણની કરવા એ ખાતરી પધાર્યાં,
પામ્યો હું સંગ મીઠો માઠા પ્રસંગ દ્વારા.

∞

વાયુનાં પૂર સામે બિચારીનું શું ગજું ?
ખુશ્બૂને તો ઘણું ય સુમન છોડવું નથી.

∞

મૂકી દો ખેંચતાણ ભલા થઈને પ્રીતમાં,
સૂતરનો તાંતણો છે, ટકાવી નહિ શકો.
ચુંબક છે એટલું તો આ અંતરનું આંગણું,
કે ત્યાં કદમ ધર્યાં તો ઉઠાવી નહિ શકો.

∞

દોરીને લઈ ગયો હતો જેને હું બાગમાં,
એને જ મારે શી રીતે સમશાન ચીંધવું ?

∞

મસ્તક નમાવવાનો વિનય પણ હું વીસર્યો,
તલ્લીનતા જ આખરે પૂજન બની ગઈ.

∞

નીંદર અમે ને આંખ તણું નૂર પણ અમે,
આસવ અમે ને અશ્રુ તણાં પૂર પણ અમે.
બ્હેલાવીએ કદી, અમે બ્હેકાવીએ કદી,
'કિસ્મત', અમે ગુલાલ ને અંગૂર પણ અમે.

∞

ખુદ નથી ઘટતી, ઘટાડે છે મને;
વિરહની આવી ઘડી કોણે ઘડી ?
એ સ્મરણ-રૂપે બધે ફેલાય છે,
કબ્ર પણ એને પડે છે સાંકડી !

∞

ઘણી યે ચીજ આલમમાં નથી તજતી અસલિયતને,
વસીને કોલસા વચ્ચે નથી પડતાં રતન કાળાં.

∞

મૌન જે કુદરતનું છે 'કિસ્મત'ને મન,
એ જ મારે મન છે ઈશ્વરનો અવાજ.

∞

સાગરનો ભાર માથે અને મોત મુઠ્ઠીમાં,
લાવત કિનારે કોણ રતન, જો અમે ન હોત ?

∞

બેસી રહ્યા તે નાવડી સાથે ડૂબી ગયા,
પાણીમાં કૂદનારા કિનારે જઈ ચડયા.
મસ્જિદ કે મયકદાની ખબર પગને કયાં હતી ?
જ્યાં જઈ ચડયા ત્યાં તારે ઈશારે જઈ ચડયા.
ઠેકાણું બીજું જવાનું 'કિસ્મત'ને કયાં હતું ?
કાઢયા જો ઘરથી તો એ મઝારે જઈ ચડયા.

# શતરંજના વિશ્વવિજેતાઓ : બૉબી ફિશર અને સ્પાસ્કીની એક રમત

ગયા અંકમાં આપણે બૉબી ફિશરની ઈ. ૧૯૭૧ની કૅન્ડિડેટ ટુર્નામેન્ટના છેવટના રાઉન્ડમાંની એક રમત જોઈ હતી. હવે આપણે ઈ. ૧૯૭૨માં રમાએલી વિશ્વવિજેતાપદ માટેની બહુ જ ચકચાર પામેલી આહ્વાન મૅચમાંથી બેત્રણ રમતો જોઈશું; અહીં મૅચની ત્રીજી રમત આપી છે. પહેલી રમતમાં ફિશર હારેલા અને બીજી રમત રમવા ઈન્કાર કરતાં તેમાં પણ તેમની હાર ગણાઈ હતી. આ મૅચ પહેલાં જુદેજુદે વખતે સ્પાસ્કી અને ફિશર પાંચ રમત રમ્યા હતા, તેમાંથી ત્રણ સ્પાસ્કી જીત્યા હતા અને બે ડ્રૉ થઈ હતી તેથી આ રમત શરૂ થતાં સુધીમાં કુલ છ રમતમાંથી ચાર હાર અને બે ડ્રૉમાં પરિણમેલી. એક પણ જીત નહિ. મૅચનો સ્કોર સ્પાસ્કીની તરફેણમાં ૨–૦ અને રમતમાં કાળાં મહોરાં આ બધું જોતાં કોઈ પણ મહા ઉસ્તાદ ડ્રૉ માટે સગવડ પડે તેવી શરૂઆતની પદ્ધતિ અપનાવે, પણ ફિશરે તો રમત જીતવાનું જ નક્કી કર્યું હશે તેમ શરૂઆતથી જ દેખાઈ આવે છે : આમાં સફેદ મહોરાં સ્પાસ્કીનાં અને કાળાં ફિશરનાં છે.

1 P-Q4, N-KB3; 2 P-QB4, P-K3; 3 N-KB3, P-B4. આ Modern Benoni Defenceમાં આક્રમણની સારી તક રહે છે. 4 R-Q5; P×P; 5 P×P, P-Q3; 6 N-B3, P-KN3; 7 N-Q2, QN-Q2; 8 P-K4, B-N2; 9 B-K2, O-O; 10 O-O, R-K1; 11 Q-B2.

અહીં 11 P-B4 વધુ સારી ચાલ હતી. જ્યારે આ ચલાએલી ચાલથી ફિશરને ચોંકાવનારી ચાલ ચાલવાની તક સાંપડે છે.

11..., N-R4! સિદ્ધાંત વિરુદ્ધ દેખાતી આ ચાલ ફિશર સિવાય ભાગ્યે જ કોઈ મહા ઉસ્તાદ રમત. આમાં કિલ્લા આગળનાં પ્યાદાંની રચના ખરાબ થઈ જતી હોવા છતાં કાળાને આક્રમકતાની વધુ સગવડ મળે છે. સફેદ જો ઘોડાને અત્યારે જ ન મારે તો કાળો 12..., Q-R5 રમીને વધુ આક્રમણ કરી શકે અને પછી તો સફેદ તેનાં પ્યાદાંની રચના પણ બગાડી ન શકે.

12 B×N, P×B; 13 N-B4, N-K4; 14 N-K3.

અહીં સફેદ 14 N×N રમે તો 14..., B×N; 15 B-K3, Q-K2; 16 P-B3, P-B4; પછી તેની સ્થિતિ વધુ ખરાબ થાય છે.


14..., Q-R5!; 15 B-Q2, N-N5; 16 N×N.

કાળાની 16..., Q×RP mateની ધમકીથી બચવા સફેદ 16 P-KR3 રમે તો 16..., N×N; 17 B×N, B×N; 18 P×B, Q×KPથી પ્યાદું જાય અને બાજી નબળી પડી જાય.

16..., P×N; 17 B-B4, Q-B3; 18 P-KN3? અહીં 18 B-N3 રમવાની જરૂર હતી. જો કાળો 18..., P-KR4 અને 19..., P-R5થી ઊંટને ફસાવવા પ્રયત્ન કરે તો 19 P-B3થી ઊંટ માટે K-B2 ખાનું ખાલી કરી શકત. પ્યાદાની આ ચાલથી સફેદના રાજાની નજીકના સફેદ ખાના પર નબળાઈ ઊભી થઈ છે જેનો ફિશર લાભ લઈ શકશે.

18..., B-Q2; 19 P-QR4, P-N3; 20KR-K1, P-QR3; 21 R-K2, P-N4! (જુઓ આકૃતિ).

ફીશર



સ્પાસ્કી

22..., P-N 4 ! પછીની સ્થિતિ

હવે સફેદ 22P×P, P×P; 23R×R, R×R; 24 P-K5?થી મધ્યમાં પ્યાદું આગળ વધારવા જાય તો જલ્દી હારે. દા. ત. 24..., R-R8ch.; 25 K-N2, P×P; 26 R×P, P-N5; 27 N-K4, Q-QR3; 28 N-Q2. (28..., Q-B8 mateની ધમકીથી બચવા) B×R; 29 B×B, Q-K7; 30 B-B4, Q-K8 ને 31..., Q-N8 mateથી બચવા સફેદ બધું જ આપી દે તો પણ મ્હાત અટકે નહિ ને થોડી ચાલ પછી આવે.

22 R(1)-K1, Q-N3! 23 P-N3, R-K2; 24 Q-Q3, R-N1! આ ચાલથી કાળો 25..., P×P; 26 P×P, R-N5થી QRP અને થોડી ચાલ બાદ KP જીતવાની ધમકી આપે છે.

25 P×P, P×P; 26 P-N4

26..., P-N5; 27 N-any; 28 B-N4 થી ઊંટના બદલામાં હાથી જીતવાની ધમકી હતી. 26..., P-B5; 27 Q-Q2, QR-K1; 28 R-K3, P-R4. અહીં 28..., B×N; 29 Q×B, R×P; 30 R×R, R×R; 31 R×R, Q×Rથી સફેદનું KP જીતી શકત પણ પછી, 32 Q-B6થી સફેદને સામા આક્રમણની તક મળતી હતી તેથી ફિશર પ્યાદું મારવાનું મુલતવી રાખે છે.

29 R(3)-K2, K-R2; 30 R-K3, K-N1; 31 R(3)-K2, B×N; 32 Q×B, R×P; 33 R×R, R×R; 34 R×R, Q×R; 35 B-R6.

હવે 35 Q-B6થી બહુ લાભ નથી. દા. ત. 35..., Q-N8ch; 36 K-N2, B-B4; 37 Q-N5ch., B-N3; 38 B×P (38 Q-Q8ch., K-R2 જો કાળાએ તેનું KRP આગળ ચલાવ્યું ન હોત તો આ ચાલ ચાલી ન શકત.) P-B3; 39 Q×BP, B-K5 ch.; 40 P-B3, Q-B7ch.; 41 K-B1, Q-Q8ch., 42 K-B2, Q-Q7ch.; 43 K-B1, B-Q6ch.; 44 K-N1, Q-K 8ch.; 45 K-N2, Q-B8 mate.

35.... Q-N3; 36 B-B1, Q-N8; 37 K-B1, B-B4; 38 K-K2, Q-K 5ch.; 39 Q-K3, Q-B7ch.; 40 Q-Q2, Q-N6; 41 Q-Q4, B-Q6ch! આ ચાલ sealed ચાલ હતી. હવે સફેદ ગમે તેમ ચાલે છતાં તેની હાર નક્કી છે. દા. ત. 42 K-K3, Q-Q8; 43 Q-N2, Q-K8ch; 44 K-B4, P-B6! 45 Q-any, Q-K4 mate અથવા 42 K-K1, Q×Pch.; 43 K-Q1, Q-N6ch, 44 K-K1, Q-N8. અને હવે P-B6, PN6 અને N7થી કાળાની જીત સહેલી છે માટે—

42 Resigns.

આ રમતમાં આપણે જોયું કે ફિશરે પહેલાં રાજા તરફ દબાણ કર્યું, પછી વજીર તરફનાં પ્યાદાં આગળ વધારી તે તરફ આક્રમણ કર્યું, તે પછી મધ્યમાં આક્રમણ કરી KP જીત્યું અને છેલ્લે રાજા ઉપર સફળ હુમલો કર્યો છે. આમ એ બોર્ડના દરેક ભાગ ઉપર રમે છે. આ એક મહાન ખેલાડીનું લક્ષણ છે. **સુરેશ મોદી**

## વૃક્ષ-વેલ પરિચય (૨૭) શમી



શમીને એક પવિત્ર વૃક્ષ ગણી હિંદુઓ દશેરાને દિવસે એનું પૂજન કરે છે ને યજ્ઞમાં સમિધ તરીકે એનું કાષ્ઠ, ગણેશના પૂજનમાં એનાં પાન ને શિવ તથા દુર્ગાની પૂજામાં એનાં ફૂલ વાપરે છે. ભરવાડો લગ્નમાં એના કાષ્ઠનો માણેકસ્થંભ રોપે છે. તો કોઈક વહેમી લોકો એ વૃક્ષને ભૂતપ્રેતનો વાસ ગણી એને કાપતાં ગભરાય છે,


આ શમી એ જ સૌરાષ્ટ્રમાં 'ખીજડા' કે 'ખીજડી'વા 'સમડી' નામે અને કચ્છમાં 'કંઢી' નામે ઓળખાતું કાંટાળુ કદરૂપું વૃક્ષ. જમીન ઉપર એ ૧૦-૨૦ મીટર ઊંચું વધે છે ને જમીનની અંદર પણ એનું મૂળ ઘણે ઊંડે સુધી ઊતરે છે.

ખીજડાની છાલ ભૂખરી, ખરબચડી ને ચીરા ચીરાવાળી. ચામડાં રંગવામાં એ ઉપયોગી. એના રેસા દોરી બનાવવામાં વપરાય છે. શાખાઓ પાતળી, લીસી ને ઢળતી તથા છૂટાછવાયા નાના કાંટાવાળી. પાન સંયુક્ત ને મુખ્ય દાંડી પર સામસામે જોડમાં ગોઠવાએલાં, ને એ દરેક પર અણિયાળી લંબગોળ પર્ણિકાની ૧૦-૨૦ જોડ. પાનની મધ્યશિરા પર કેટલાક ગઠ્ઠા બાઝે છે. એ બાધક હોઈ સંગ્રહણી ને પ્રમેહમાં ગુણકારી છે. જ્યારે પાન કફ, ઉધરસ, દમ, કોઢ, અર્શ, અતિસાર ને રક્તપિત્તમાં ઉપયોગી છે.

ડિસેમ્બરથી માર્ચ વચ્ચે શાખાઓને છેડે નાની પાંચ પીળી ખાંખડીવાળાં ફૂલો સમૂહમાં ઊગે છે. સાકર સાથે પ્રમેહમાં એ વપરાય છે.

ખીજડાની શીંગ એકાદ વેંત લાંબી, સીધી, પાતળી ને લીસી હોય છે, ઢોરના ચારા ઉપરાંત શાક તરીકે પણ તે વપરાય છે, પણ વધુ પ્રમાણમાં લેવાતાં વાળ ખરે ને નખ પાકે.

ખીજડાનું લાકડું ઘણું કઠણ વજનદાર અને ચીકટ. પાણીના સંપર્કમાં એ વધુ ટકે! બળતણ તરીકે ઉત્તમ, પણ એના કોલસામાંથી બહુ તણખા ઊડે. ખીજડા પરથી ગુંદર પણ મળે છે.




પ્રાચીના તેજ-પડદા કશા ઊપડે! ગેબનો કોક ગંધર્વ ગાજે!
દિવ્યની દેવડીએ મીઠી બેવડી ગુંજતી આજ શરણાઈ વાજે!
વિશ્વની છિન્ન બેસૂર તન્ત્રીતણા તારનો કોક સા મેળવે છે!
વાદ્યપે કોક ઉસ્તાદ નિજ અંગુલિ જાળવી જાળવી ફેરવે છે!

—બાલમુકુન્દ દવે


### વી. કે. કૃષ્ણ મેનન: બંધ પડેલો જ્વાળામુખી

આંતરરાષ્ટ્રીય બાબતો અંગેની ઊંડી કાનૂની સમજ સાથે નિષ્ઠાયુક્ત દેશભક્તિના રણકાવાળાં બુદ્ધિસભર, તીખાં ને ચોટદાર વક્તવ્યો, આજીવન દેશસેવા અને પોતાના આગવા પ્રભાવક વ્યક્તિત્વથી ખ્યાત, તથા પોતાના આખાબોલા, મિજાજી, મમતી ને મનસ્વી સ્વભાવથી કુખ્યાત વી. કે. કૃષ્ણ મેનનનું હમણાં અવસાન થતાં વડાં પ્રધાન ઇંદિરા ગાંધીના શબ્દોમાં કહીએ તો ખરેખર 'એક જ્વાળામુખી શાંત થઈ ગયો.'

વેંગાલિલ કૃષ્ણ કૃષ્ણ મેનન એમનું પૂરું નામ. ઈ. ૧૮૯૬ની ૩જી મેએ જન્મ. પિતા કામઠ કૃષ્ણ કુરૂપ કાલિકટના એક ખ્યાતનામ શ્રીમંત વકીલ. મિજાજના એ અત્યંત દૃઢ અને ગરમ હોઈ સંતાનો પર એમનો ઘણો કડપ રહેતો; તો માતા લક્ષ્મીકુટ્ટી વિદ્વાન અને સંગીતજ્ઞ હોવા સાથે પોતાની માન્યતાઓમાં અતિ મમતી હતાં. કૃષ્ણ મેનનમાં અધિકાર પ્રત્યેની જાગરૂકતા અને કેવળ વાસ્તવિકતાભરી સ્પષ્ટ વિચારસરણી ઉપરાંત, તડજોડ વિનાની દૃઢતા એ જેમ પિતાનો વારસો હતો, તેમ પ્રામાણિકતા ને ઋજુતાની સાથેનો મમતી સ્વભાવ એ માતાની દેન હતી. માતાના અવસાન બાદ એમના પર બહેન જાનાજી અમ્માની ઊંડી અસર પડી હતી. એ બહેન ઉપરાંત બીજી પાંચ બહેનો અને એક ભાઈ સાથે તેઓ કુલ આઠ ભાંડુ હતાં.

તેલીચેરીથી આરંભી કાલિકટ, મદ્રાસ અને અદ્યારમાં અભ્યાસ કરી ઈ. ૧૯૨૪માં કૃષ્ણ મેનન લંડન ગયા. ત્યાં બીજે વર્ષે ટીચર્સ ડિપ્લોમા મેળવી એમણે હર્ટફર્ડશાયરની 'સેન્ટ ક્રિસ્ટોફર સ્કૂલ'માં એકાદ વર્ષ ઇતિહાસ ભણાવ્યો. પછી ઈ. ૧૯૨૭માં લંડન સ્કૂલ ઑવ ઇકનોમિક્સ'-માંથી માન સાથે પ્રથમ વર્ગમાં આવી અર્થશાસ્ત્ર લઈ બી. એસસી. થયા. ત્યાર બાદ લંડન યુનિવર્સિટી કૉલેજમાંથી એમ. એ. થઈ ફરી લંડન સ્કૂલ ઑવ ઇકૉનોમિક્સમાંથી એમ. એસસી. થઈ એ જ વર્ષે એમણે મિડ્લ ટેમ્પલમાં વકાલત આદરી.

પણ પરદેશ ગયા પહેલાં જ થીઓસૉફિકલ ચળવળો અને સમાજસેવાનાં કાર્યોથી એમના જાહેર જીવનનો પ્રારંભ થઈ ચૂકેલો. ઍની બેસન્ટના વિચારોથી ત્યારે તેઓ બહુ પ્રભાવિત હતા.



મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજમાં ભણતા ત્યારે કૉલેજના મકાન પર હોમરૂલ લીગનો ધ્વજ ફરકાવીને એમણે સંચાલકોની ખફગી વહોરેલી. મિસિસ બેસન્ટે સ્થાપેલી 'બ્રધર્સ ઑવ સર્વિસ' સંસ્થામાં પણ તેઓ જોડાએલા. મલબાર-કોચીન વિસ્તારના બૉયઝ સ્કાઉટના તેઓ કમિશનર પણ બનેલા, ને 'નાઈન્ટીન ટ્વેન્ટી કલબ' પણ સ્થાપેલી. આમ રાજકીય બાબતો પ્રત્યે એમનું વલણ ઢળતું હોવા છતાં હજી કોઈ રાજકીય પક્ષ સાથે તેઓ જોડાયા નહોતા. એ દિશાની સક્રિયતા તો એમના દીર્ઘ ઈંગ્લૅન્ડવાસ દરમિયાન વિકસી હતી. ત્યાં હિંદુસ્તાનની આઝાદી અંગેની જાગૃતિ વધારવા એમણે ઈ. ૧૯૨૯માં 'ઇન્ડિયા લીગ'ની સ્થાપના કરેલી. આગળ જતાં એ ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની



# સાંચીની શ્રી-લક્ષ્મી

ભારતીય કલામાં શુંગ કાળ એક અગત્યનું સ્થાન ધરાવે છે. મૌર્ય કાળમાં પથ્થરમાંથી મૂર્તિઓ કંડારવાની કળા વિકસિત થઈ, પણ તે મોટે ભાગે રાજદરબારી કળામાં બંધાએલી હતી; જ્યારે શુંગ કાળ (ઈ. સ. પૂર્વેની બીજી-ત્રીજી શતાબ્દી)માં બૌદ્ધ સ્તૂપો બંધાતાં ભારતીય લોકકળાને વધુ અવકાશ સાંપડચો.

બૌદ્ધ કળામાં બૌદ્ધ સ્તૂપોને સુશોભિત કરવા માટે અનેક ભાતચિત્રો, પશુ-પ્રાણીઓ, લતા-વેલ, વૃક્ષો, વૃક્ષ-નારી ને જાતક કથામાંના પ્રસંગોના વિષયો લેવાયા, ભગવાન બુદ્ધની તો આખી જીવનકથા અંકિત થઈ. સાથેસાથે હિંદુ ધર્મના લોકદેવતા-દેવીઓને પણ સ્થાન મળ્યું. એમાં લક્ષ્મી દેવી મુખ્ય છે. સાંચીમાં આ દેવીનાં શિલ્પો દસ વાર નિરૂપિત થયાં છે તે બતાવી આપે છે કે તે જમાનામાં આ દેવીનું માહાત્મ્ય ઘણું જ હશે.

શ્રી-લક્ષ્મીની પ્રથમ પ્રતિમા સાંચીથી પણ અગાઉના ભરહુતના સ્તૂપમાં અંકિત થઈ હતી. આ દેવીનું શિલ્પ સૌપ્રથમ ભરહુતની કળામાં મળ્યું છે. સાંચીના સ્તૂપ ભરહુત પછી બંધાયા છે, અને એમાં યે ત્યાંનો મહાસ્તૂપ તો ભરહુત સ્તૂપ કરતાં ઘણા પાછળના કાળનો છે. ભરહુતના સ્તૂપમાં શ્રી-લક્ષ્મીની બે મૂર્તિઓ સાંપડી છે, જ્યારે સાંચીના મહાસ્તૂપમાં દસેક છે, તે પુરવાર કરે છે

**દિવાળી એ લક્ષ્મીપૂજનનો તહેવાર છે. પ્રાચીન શિલ્પો ઉપરથી પ્રતીત થાય છે કે શ્રી–લક્ષ્મી–ની દેવી રૂપે પૂજા લગભગ બે હજારથી પણ વધુ સમયથી તેનાં જુદાંજુદાં રૂપે ચાલી આવે છે. અગાઉ અમે ભરહુતની ગજ-લક્ષ્મીનો પરિચય આપ્યો હતો (અંક ૫૮૬) આ વર્ષે ભરહુત પછીના કાળના સાંચીના સ્તૂપમાંની શ્રી-લક્ષ્મીનો પરિચય આ નીચે આપીએ છીએ.**

કે શુંગ કાળમાં દેવી શ્રી-લક્ષ્મી અતિ પ્રચલિત દેવી હોવી જોઈએ અને હિંદુ તેમજ બૌદ્ધ ધર્મીઓમાં એનું સરખું સ્થાન હશે. તે સમયના પ્રચલિત લોકધર્મોમાં શ્રી-લક્ષ્મીની પૂજા પણ એક લોકધર્મ રૂપે જ હતી એ માન્યતાને સમર્થન મળે છે. સાંચીના મહાસ્તૂપના દરેક તોરણ પર આ દેવી અંકિત થએલાં જોવા મળે છે.

સાંચીની કળામાં શ્રી-લક્ષ્મીની પ્રતિમા બે અંગસ્થિતિ—પોઝમાં મળે છે: એક ઊભી અને બીજી બેઠેલી. સાંચીના કલાકારોએ આ દેવીની મૂર્તિની પ્રેરણા ભરહુતની કળામાંથી લીધી હશે એમ અનુમાન કરી શકાય. આમે ય ભરહુત-કળાનાં મહત્ત્વનાં અંગો સાંચીના કલાકારોએ અપનાવ્યાં જ હતાં, એમાં શ્રી-લક્ષ્મીનો વિષય પણ સમાવિષ્ટ થઈ જાય છે.

સાથેના ચિત્રમાં સાંચીના મહાસ્તૂપના ઉત્તર દિશાના તોરણ પરની સામેની બાજુના પૂર્વ ભાગમાં અંકિત શ્રી-લક્ષ્મી દર્શાવાયાં છે. દેવી શ્રી-લક્ષ્મી કમળ પર બેઠાં જે 'પદ્મસ્થિતા' તરીકે લેખાય. જમણો હાથ જે ઉપર ઉઠાવાયો છે એમાં કમળ ધારણ કર્યું છે ને ડાબો હાથ સાથળ પર રાખ્યો છે. દેવીની બંને બાજુએ હાથીઓ ઘટમાંથી પાણી વડે દેવીને અભિષેક કરી રહ્યા છે. બંને હાથીઓ પણ કમળ પર ઊભા છે. દેવીનો જમણો પગ નીચે લટકતો રહ્યો છે જ્યારે ડાબો પગ વાળેલો છે.

દેવીના અલંકારોમાં મસ્તક પર કિરીટ-મુકુટ, કાનોમાં કુંડળ, ગળામાં હાર, કમરમાં મેખલા તથા પગોમાં નૂપુર છે. સાંચીના કલાકારોએ નારી આકૃતિને સુશોભિત કરવામાં કશી મણા રાખી નથી. ફૂલોનો ઉપયોગ પણ ઉચિત રીતે જ કર્યો છે. દેવી તથા હાથીઓનાં આસન કમળ ઉપર છે. ઉપરાંત શિલ્પની પાર્શ્વભૂમિકામાં પણ કમળો દર્શાવાયાં છે, એટલું જ નહિ પણ જે કમળ પર દેવી વિરાજમાન છે તે વિશાળ કમળની નીચે પણ અસંખ્ય કમળની ભાત બતાવવામાં આવી છે. પ્રાચીન ભારતીય કળાકારોએ કમળનો પ્રચુર પ્રમાણમાં ઉપયોગ કર્યો છે તે અન્ય શિલ્પો દ્વારા પણ પ્રમાણિત થાય છે. □

(ડૉ.) ગોપાલ પુરુષોત્તમ બારોટ

લંડનની એક કચેરી સમ બની રહી હતી. આશરે અઢી દાયકા સુધીના ઇંગ્લૅન્ડવાસ દરમિયાન તેઓ લગભગ દરેક ક્ષેત્રની અગ્રગણ્ય બુદ્ધિશાળી વ્યક્તિઓના સંપર્કમાં રહેતા હોઈ એમનું મિત્રમંડળ પણ બહોળું હતું. પ્રો. હેરોલ્ડ લૅસ્કીના રાજકીય વિચારોનો એમના પર ઊંડો પ્રભાવ પડેલો. આગળ જતાં એ ગુરુ-શિષ્યના સંબંધો વધુ ગાઢ બનેલા. સમાજવાદી વિચારણાને લીધે તે ત્યાંની રાજકીય લેબર પાર્ટી (મજૂર પક્ષ)માં પણ સક્રિય રસ લેતા. પાર્ટીમાં એમનું આગવું સ્થાન હતું. ને પાર્ટીના સભ્ય તરીકે ૧૯૩૮માં તે પાર્લામેન્ટની ચૂંટણીમાં ઊભા રહેલા, જોકે જીત્યા નહોતા. બ્રિટિશ અદાલતો ને પ્રિવી કાઉન્સિલમાં એમણે વકાલત પણ કરેલી ને ઈ. ૧૯૪૯માં બરોના ફ્રીમૅન બનવાનું માન પણ એમને મળ્યું હતું. લંડનના સેન્ટ પૅન્ક્રીઆસ વિસ્તારના તેઓ કાઉન્સિલર પણ હતા ને ત્યાંની વિવિધ સમિતિઓમાં પણ કામ કરેલું. એમની 'ઇન્ડિયા લીગ' તો થોડા જ સમયમાં બ્રિટિશ રાજકારણમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરેલું. પીટર ફ્રીમૅન, રેજિનલ્ડ સૉરેન્સેન, બર્ટ્રાન્ડ રસેલ, સ્ટૅફર્ડ ક્રિપ્સ, એન્યુરિન બેવન અને જે. બી. હાલ્ડેન જેવા એમના મિત્રો હતા. ઈ. ૧૯૩૨ પછી સમાન વિચારોને કારણે પંડિત નેહરુ સાથે પણ એમને મૈત્રી થઈ, જે આગળ જતાં વધુ દૃઢ થતી જઈ ભારતના રાજકારણમાં કૃષ્ણ મેનનને પ્રાપ્ત થએલા મહત્ત્વના સ્થાનના કારણરૂપ બની રહેલી, અને છેક પં. નેહરુના અવસાન સુધી એકસરખી ટકી રહેલી.

રાજકારણ વિષેના વાચનના એ અજબ રસિયા હતા અને બહુ

ઝડપથી વાંચતા. સામાજિક સુધારણામાં એમના વિચારો પ્રગતિવાદી હોઈ હિંદુ સમાજની ક્ષતિઓ સામે એમને ઉગ્ર વિરોધ હતો. ધર્મમાં એમને રસ નહોતો. કાર્લ માર્ક્સ ને લેનિનના લડાયક ઉદ્દામવાદ તથા લૅસ્કી ને પં. નેહરુના સમાજવાદી લોકશાહીના રંગોવાળી એમની વિચારસરણીની વચ્ચે થીઓસૉફીની માનવતાવાદી ફિલસૂફીનો શ્વેત રંગ પણ જોવા મળતો. તેઓ આજીવન અપરિણીત રહેલા. એમના વગોવાએલા આકરા સ્વભાવમાં પણ ખેલદિલી અને એકલ વીરની ઠંડી તાકાત જોવા મળતી. પશ્ચિમી શિક્ષણના હિમાયતી હોવા સાથે તેઓ ભારતની સામાજિક જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણપ્રથા અપનાવવામાં માનતા હતા.

કટ્ટર રાષ્ટ્રવાદી હોઈ હિંદની આઝાદી માટે પોતાના ઈંગ્લૅન્ડવાસ દરમિયાન તેઓ સતત પ્રવૃત્તિશીલ રહેલા. જગતના પ્રવાહોથી પણ તેઓ પૂરા જ્ઞાત રહેતા. અનેક હિંદી સમાચારપત્રો ને સામયિકોનું તેઓ ત્યાં પ્રતિનિધિત્વ ધરાવતા હતા. હિંદુસ્તાનની આઝાદીની લડત સમજાવતા અનેક લેખો અને પત્રિકાઓ એમણે લખી હતી. લંડનના જાણીતા પ્રકાશક 'બૉડલે હેડ'માં બદલાતી સંસ્કૃતિના સંદર્ભમાં સામાજિક પ્રશ્નો અંગેની 'ટ્વેન્ટીએથ સેન્ચરી લાયબ્રેરી' નામની એક ગ્રંથશ્રેણીનું અને 'ટ્રૉપિકલ બુક્સ' નામની એક માળાનાં અનેક અભ્યસનીય પુસ્તકોનું એમણે સંપાદન કરેલું. એ જ રીતે વિખ્યાત 'પૅંગ્વિન' અને 'પેલિકન'-ગ્રંથમાળાઓનાં પણ કેટલાંક પુસ્તકો એમણે સંપાદિત કરેલાં.

પણ આ બધી પ્રવૃત્તિઓમાં એમનું સૌથી વધુ મહત્ત્વનું કાર્ય દેશની આઝાદી માટેનું જ ગણાશે. બ્રિટિશ લેબર પાર્ટી સાથે પોતાને ગાઢ સંપર્ક હોવા છતાં ઈ. ૧૯૪૧માં હિંદને સ્વરાજ આપવા અંગે વિશ્વયુદ્ધના અંત સુધી દબાણ ન લાવવાનું વલણ પાર્ટીએ લીધું ત્યારે એમણે એની સાથેનો પોતાનો સંપર્ક ઘટાડી નાખ્યો અને યુદ્ધ દરમિયાન સાથી રાજ્યોમાં હિંદના સ્વરાજ પ્રતિ જાહેર મત વાળવાની પ્રવૃત્તિ ચલાવેલી.

વિશ્વયુદ્ધ પછી હિંદની આઝાદી અંગેની કૅબિનેટ મિશનની દરખાસ્તો સ્વીકારવાની એમણે કૉંગ્રેસને સલાહ આપી હતી ને એ પછીની વાટાઘાટોમાં એમણે પણ ભાગ લીધો હતો. દેશ માટેની એમની આ બધી કામગીરી, એમની નિષ્ઠા અને એમના વિચારોથી પ્રભાવિત વડા પ્રધાન નેહરુએ, સ્વાતંત્ર્ય પછી જ્યારે તેઓ સ્વદેશમાં આવ્યા ત્યારે એમને પોતાના અંગત પ્રતિનિધિ તરીકે યુરોપના દેશોમાં એલચીઓની આપ-લે કરાવવા માટે મોકલ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘની ઈ. ૧૯૪૬–'૪૭ની લેઈક સક્સેસની બેઠકમાં એમણે ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરેલું. ઈ. ૧૯૪૭ થી '૫૨ તેઓ લંડનમાં ભારતના હાઈ કમિશનર તરીકે રહ્યા અને '૪૯ થી '૫૨ આયર્લૅન્ડમાં પણ ભારતના એલચી તરીકે કામ કર્યું. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એક વાર ભારતીય પ્રતિનિધિ મંડળોનું નેતૃત્વ એમણે કરેલું. ઈ. ૧૯૫૩ થી '૫૭ તે ભારતની રાજ્ય સભાના સભ્ય હતા. ઈ. ૧૯૫૬ થી '૫૭ એમણે દફતર વિનાના પ્રધાન તરીકે કામ કર્યું. તે પછી ઉત્તર મુંબાઈમાંથી તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા અને સંરક્ષણ પ્રધાન બન્યા. આ પદ પરથી એમણે ભારતને શસ્ત્રાસ્ત્રો માટે પરદેશો પર રાખવું પડતું અવલંબન દૂર કરવા માટે જેટ ફાઈટરો, રીકૉઈલલેસ રાઈફલો, ટૅન્ક-વિરોધી તોપો, ખટારા, જીપ વગેરેની બહારથી આયાતો બંધ કરાવીને ઘર આંગણે જ એનું ઉત્પાદન કરવા જે પગલાં લીધાં એની તો સંસદમાં પણ પ્રશંસા થએલી અને એ સ્વાવલંબનને લીધે જ '૬૫માં અને '૭૧માં ભારત પાકિસ્તાનના દાંત ખાટા કરી શકેલું. પણ ઈ. ૧૯૬૨માં ચીને ભારત પર જે અણધાર્યું આક્રમણ કર્યું તેની સામેની આગોતરી સુસજ્જતાની ખામીનો દોષ એમના એકના પર ઢોળાતાં એમની પ્રતિષ્ઠા રોળાઈ ગઈ. સંરક્ષણ પ્રધાન તરીકેની એમની કેટલીક મનસ્વિતાનો તો દેશની ત્રણે ય સેનાના અધ્યક્ષોએ પણ વિરોધ કરેલો, પણ પં. નેહરુએ એમને બચાવી લીધેલા. પરંતુ ચીની આક્રમણ અંગે તો ખુદ રાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણને પણ ખેદ દર્શાવ્યો અને એમને કૅબિનેટમાંથી નીકળી જવું પડ્યું.

પોતાના ઉદ્દામ વિચારો અને આખાબોલા મિજાજી સ્વભાવને કારણે પણ તેઓ વિવાદાસ્પદ બની ગએલા. પરિણામે જ્યાંથી પોતે કૃપાલાણીજી સામે જંગી બહુમતિથી ચૂંટાઈ આવેલા એ જ ઉત્તર મુંબાઈમાંથી ઈ. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં તેઓ ઊભા રહી શક્યા નહિ, અને '૬૯માં પશ્ચિમ બંગાળના મિદનાપોર વિસ્તારમાંથી એમને ચૂંટાવું પડ્યું. પં. નેહરુ પરની અતિ શ્રદ્ધાના બળે એમણે કૉંગ્રેસમાં પોતાનું આગવું વર્તુળ પણ ઊભું કરેલું નહિ, એટલે પછી તો કૉંગ્રેસમાં પણ એમના પક્ષે ખાસ કોઈ રહ્યું નહિ. છેવટ કૉંગ્રેસનો સાથ છોડી એમણે ડાબેરી વલણ અપનાવ્યું, પરંતુ કોઈ પક્ષ સાથે બંધાયા નહિ. ઈ. ૧૯૭૧ની ચૂંટણી પણ તેઓ અપક્ષ રહી લડ્યા અને ત્રિવેન્દ્રમમાંથી ચૂંટાયા.

નેહરુના અવસાન પછી તો રાજકારણમાં તે લગભગ વિલાઇ ગયા હતા. ભૂતકાળની એમની સેવાઓ સંભાર્યા છતાં ચીન સામે ભારતને મળેલી નાલેશી ભુલાતી નહોતી. પ્રધાનપદ છોડ્યા પછી તેઓ સુપ્રિમ કોર્ટમાં વકીલાત કરતા. ઉપરાંત કેટલીક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ સંકળાએલા રહેલા. કોઈક વાર જાહેર જીવનમાં પણ દેખા દેતા. પણ છેલ્લેછેલ્લે લગભગ નિવૃત્ત જેવું જીવન જીવતા હતા.

પણ ઇંગ્લૅન્ડ ગયા ત્યારથી માંડીને પ્રધાનપદ છોડ્યું ત્યાં સુધી તેઓ સતત દેશસેવામાં જ રત રહેલા, અને પછી પણ એમની નિષ્ઠા વિરુદ્ધ કંઈ જ કહી નહિ શકાય. કાશ્મીરના પ્રશ્ન અંગે ભારતનું દષ્ટિબિંદુ સમજાવતું 'યુનો'માં સતત દસ કલાક સુધીનું એમનું એકધારું, બુદ્ધિયુક્ત વક્તવ્ય અને ત્યાંની અન્ય કામગીરી, એમની ઊંડી રાજદ્વારી સમજ, શસ્ત્રાસ્ત્રો અંગે દેશની સ્વાવલંબતા માટે એમણે લીધેલાં પગલાં, એમને વિવાદાસ્પદ બનાવનારા એમના ઉદ્દામ વિચારો છતાં એમની દેશ પ્રત્યેની પ્રામાણિકતા વગેરેને એમનો મિજાજી સ્વભાવ ને ચીની આક્રમણનું ગ્રહણ ભલે ઢાંકી દે, પણ દેશ માટેની એમની સેવાઓ અવશ્ય નોંધવી પડશે.

પોતાની સમગ્ર શક્તિ એમણે દેશ પાછળ ખર્ચી. છેલ્લે, ગયા માર્ચમાં 'નેહરુ સ્મારક ફંડ' માટે લંડન ગયા ત્યારે ત્યાં પહેલી વાર હૃદય રોગનો હુમલો આવ્યો. એપ્રિલમાં પાછા ફરી એના બીજા પખવાડિયા સુધી તે ઑસ્પિટલમાં રહ્યા. જૂનમાં ફરી થોડો સમય ઑસ્પિટલમાં રહી આવી ધીરેધીરે સાજા થતા ઘેર હતા ત્યાં ઑક્ટોબરની ૪થીએ ફરી એમને દિલ્હીની જી. પી. પંત ઑસ્પિટલમાં દાખલ થવું પડ્યું. ત્યાં ૫મીએ રાત્રે ફરી હુમલો આવ્યો ને રાત્રે સવા બે વાગ્યે એમનું અવસાન થયું. છેલ્લેછેલ્લે તો તેઓ કેવળ પોતાને અતિ પ્રિય એવી ચા અને બિસ્કિટ પર જ ટકી રહેલા. રોજના ત્રીસેક કપ જેટલી ચા એમને જોઈતી. લગભગ અઢી દાયકા સુધી સતત વિદેશમાં રહ્યા છતાં તેઓ માંસાહાર ને દારૂથી અલિપ્ત જ રહેલા. ચા એક જ એમનું વ્યસન હતું.

આજે અનેક ખેલ ખેલી અગ્રણી બની બેઠેલા રાજપુરુષોનાં છાશવારે થતાં બાલિશ વક્તવ્યો એમના પ્રખર બુદ્ધિયુક્ત સચોટ વક્તૃત્વને નહિ ભૂલવા દે. અનેકવિધ છબરડાઓ કરી દેશના વિકાસને રૂંધનારાં રાજકીય પગલાં ચીન અંગે એમને મળેલી બદનામીને પણ ક્ષમ્ય ગણાવશે. ઉદ્દામતાને નામે આજે થતી ભાંગફોડ એમની વિચારસરણી અંગેની વિવાદાસ્પદતાને પણ મિટાવી દેશે. પણ એમની પ્રામાણિક દેશનિષ્ઠા, દાયકાઓ સુધીની દેશસેવા, સગવડિયું રાજકારણ સ્વીકારી અંગત હિત સાધી લેવાને બદલે એમણે સ્વીકારેલી સિદ્ધાંતનિષ્ઠ એકલતા અને ભારતીય રાજકારણમાં એક ઉલ્કા પેઠે તેજલીસોટો પાડીને વિલાઈ ગએલી એમની કારકિર્દી તથા એ એકલવીરની ઠંડી તાકાતની નોંધ તો ઇતિહાસે લેવી જ પડશે.

—બ. ટાં.

## રાષ્ટ્રીય કૅલેન્ડર

આકાશવાણીના પ્રસારણમાં ને સરકારી પત્ર-વ્યવહારમાં રાષ્ટ્રીય તિથિ-વર્ષનો ઉપયોગ છેક ઇ. ૧૯૫૭થી થાય છે, પણ હજી ઘણા ઓછાના ખયાલમાં એ તિથિ-વર્ષ રહેતાં હશે. દેશભરમાં ચાલતી વિધવિધ વર્ષગણનાને બદલે ખ્રિસ્તીગણનાના ચાલુ ગ્રેગરીઅન કૅલેન્ડરની સાથે એકસરખું ચાલી શકે એવા એક સમાન પંચાંગ તરીકે એ અપનાવાયું છે. એમાં ૩૬૫ દિવસનું વર્ષ અને ચૈત્ર, એટલે કે ૨૨મી માર્ચ (લીપ ઇયરમાં ૨૧મી માર્ચ)થી એનો વર્ષારંભ ગણાય છે. એના બાર માસનો ક્રમ અને એ દરેકના દિવસની સંખ્યા તથા ગ્રેગરીઅન (ઇસ્વી)સનની કઈ તારીખથી માસારંભ થાય છે તે નીચે દર્શાવ્યું છે.

| માસ | માસના દિવસ | માસારંભની તારીખ |
|---|---|---|
| ૧ ચૈત્ર | ૩૦ | ૨૨મી માર્ચ |
| | લીપઈયરમાં ૩૧ | ૨૧મી માર્ચ |
| ૨ વૈશાખ | ૩૧ | ૨૧ એપ્રિલ |
| ૩ જ્યેષ્ઠ | ૩૧ | ૨૨ મે |
| ૪ આષાઢ | ૩૧ | ૨૨ જૂન |
| ૫ શ્રાવણ | ૩૧ | ૨૩ જુલાઈ |
| ૬ ભાદ્રવદ | ૩૧ | ૨૩ ઑગસ્ટ |
| ૭ આશ્વિન | ૩૦ | ૨૩ સપ્ટેમ્બર |
| ૮ કાર્તિક | ૩૦ | ૨૩ ઑક્ટોબર |
| ૯ અગ્રહાયણ | ૩૦ | ૨૨ નવેમ્બર |
| ૧૦ પૌષ | ૩૦ | ૨૨ ડિસેમ્બર |
| ૧૧ મહા | ૩૦ | ૨૧ જાન્યુઆરી |
| ૧૨ ફાલ્ગુન | ૩૦ | ૨૦ ફેબ્રુઆરી |

આ રીતે રાષ્ટ્રીય તિથિઓ અને ઈસ્વી સનની તારીખોમાં સ્થાયી અનુરૂપતા રહે છે. ભારતીય રાજપત્રો, આકાશવાણી, સરકારી કૅલેન્ડરો અને નાગરિકોને સંબોધાઈને લખાતા સરકારી પત્રો વગેરેમાં એનો ઉપયોગ થાય છે. દેશના નાગરિક તરીકે આપણે પણ તેનાથી પરિચિત રહી તેનો ઉપયોગ અપનાવવો જોઈએ. આનાથી દેશમાં પ્રાંતભેદે વપરાતી કાર્તિકાદિ કે ચૈત્રાદિ જેવી વિવિધ વર્ષગણનાથી થતા ગોટાળા દૂર થશે. નવી તિથિગણના સાથે શાલિવાહન શક પરથી રચાએલા આ નવા રાષ્ટ્રીય કૅલેન્ડર પ્રમાણે આ ઑક્ટોબરમાં કયો માસ ને કયું વર્ષ ચાલે છે એ જાણો છો? માસ આશ્વિન અને કાર્તિક તથા વર્ષ ૧૮૯૬.

---

◖ રાષ્ટ્ર સંઘના છેલ્લા આંકડા અનુસાર દુનિયાની અરધા ઉપરાંતની વસતિ–૨,૧૦,૪૦,૦૦,૦૦૦-એશિયામાં વસે છે. મતલબ કે દુનિયાની કુલ વસતિના ૫૬·૭ ટકા.

◖ સ્વીડનમાં દર હજાર માણસે ૫૩૪ લોકો છાપાં વાંચે છે. જાપાનમાં દર હજારે ૫૧૧ અને આઈસલૅન્ડમાં ૪૪૮.

◖ દક્ષિણ મહાસાગરમાં ૭૨૦૦ ફૂટ ઊંડેથી કાઢેલા ભૂસ્તરના નમૂનાઓ પરથી જણાયું છે કે છ થી આઠ કરોડ વર્ષ પહેલાં ન્યૂ ઝીલૅન્ડ ઑસ્ટ્રેલિયાથી અલગ પડીને દૂર ખસ્યો છે.

◖ મલયેશિયામાં રાષ્ટ્રીય રક્તપિત્ત નિયંત્રણ કેન્દ્રમાં બ્રિટનના નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર મેડિકલ રીસર્ચે બનાવેલી 'રિફેમ્પીસિન' નામની એક નવી દવાના પ્રયોગોમાં જણાયું છે કે, હાલમાં આ માટે વપરાતી 'ડેપ્સોન' નામની દવાનો પ્રતિકાર કરતા રક્તપિત્તના વિષાણુઓ આ નવી દવાથી મરી જાય છે. 'ડેપ્સોન'ની સારવારની એક ત્રુટિ એ છે કે વર્ષો સુધી એ ન લેવાય તો રોગ ફરી ઊથલો મારે છે. 'રિફેમ્પીસિન' આ રીતે વધુ અકસીર પુરવાર થઈ છે, વળી તે ક્ષય માટે પણ અસરકારક છે. અલબત્ત, હાલને તબક્કે એ વધુ ખર્ચાળ છે, પણ થઈ રહેલા પ્રયોગોનું એક લક્ષ તેની સારવારને વધુ સરળ અને ઓછી ખર્ચાળ કરવાનું પણ છે.

## પરદેશનાં પત્રમિત્રો

(1) Anura Dhammika Samaraweera, 3/16, Sisira Road, Gampaha (W. P.), Sri Lanka. (M–16), Stamps, Books, Sports. (2) Miss Betsey Sallinen, E. Friendship Rd., Friendship, Maine 04547, U. S. A. (F–22), Reading, Music, Dancing, Viewcards. (3) Soung-in Lee, 637–94, 1 Tong 6 Ban Main 5–dong, Seongbuk–ku, Seoul 132, Korea. (M–18) Drama, Painting, Reading, Pingpong. (4) Ahmed Errihani, 43 Rue E Jadida, Trab-sini, Safi, Maroc. (M–19) Music, Sports, Travels. (5) Tunde Szilagyi, 6726 Szeged, Szovo u. 14, Hungary. (M–18) Everything. (6) Kristin Andersen, Box 713 Holtan, N–3190 Horten, Norway. (F–13) Stamps, Coins, Dolls, Reading, Fishing. (7) Fay stone, Route 7, Mount Vernon, Illinois 62864, U. S. A. (F–16) Nature, Animals, Sports.

## કેટલાંક ગુજરાતી પત્રમિત્રો

(1) Anilkumar D. Parmar, 6 Kirtinagar Society, New Civil, Ahmedabad–380016 (M–15) Stamps, F. D. C., Coins. (2) Jiteshkumar N. Soni, Station Road, Maya Bazar, Visnagar (N. Guj.). (M–18) Stamps. F. D. C. (3) Suresh P. Satapura, Sutar Gali, Jawahar Road, Surendranagar (Saurashtra). (M–17) Stamps, Photography. (4) Kantilal S. Parmar, Vanker Street, Amatol Gate, Vadnagar (N. Guj). (M–19) Stamps, Cinema. (5) Kishan M. Ranpura, Parekh Street, Vallabh Building, Morvi, Pin 363 641. (M–20) Stamps; Coins, F. D. C. (6) Narayan Shah, 39/462 Gujarat Housing Board, Ajawa Road, Baroda–Pin 390 001. (M–25) Literature, Stamps. (9) Vasudev K. Basia, 306 Anand Nagar Colony, Rajkot 360 002. (M–20) Viewcards, Stamps, Coins.

દરેક નામ-સરનામાને છેડે કૌંસમાં પત્રમિત્રની જાતિ (M = પુરુષ અને F = સ્ત્રી) વય તથા રસના વિષયો દર્શાવ્યા છે. પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો.

# માસમાસના આકાશમાં (નવેમ્બર-ડિસેમ્બર)

પૃથ્વી પરથી નરી આંખે દેખાતી તારાઓની તેજસ્વિતા સમજવા એના વર્ગ પાડેલા છે. હકીકતે તો એ સૂર્ય કરતાં યે અનેક ગણા તેજસ્વી છે. આપણે તો કરોડો કી. મી. દૂરથી અને પૃથ્વી પરના વાતાવરણમાં મંદ થઈને આવતું એનું તેજ જોઈએ છીએ. અત્યંત તેજસ્વી દેખાતા તારા પ્રથમ વર્ગના ગણાય છે, જે એની પછીના બીજા વર્ગના તારા કરતાં અઢી ગણા તેજસ્વી લેખાય છે. આ જ રીતે બીજા વર્ગના તારા ત્રીજા વર્ગના તારા કરતાં અઢી ગણા તેજસ્વી, ત્રીજા વર્ગના ચોથા વર્ગના કરતાં અઢી ગણા તેજસ્વી અને એમ આગળ. આમ પ્રથમ વર્ગનો તારો છઠ્ઠા વર્ગના તારા કરતાં એક સો ગણો તેજસ્વી લેખાય છે. સામાન્યતઃ પહેલા-બીજા વર્ગના તારા તરીકે, અને વધુ ચોકસાઈથી દર્શાવાય ત્યારે '+'ની સંજ્ઞા સાથે એની તેજસ્વિતાનો નિશ્ચિત આંક લખાય છે. પણ પહેલા વર્ગની નક્કી થએલી તેજસ્વિતા કરતાં યે વધુ તેજસ્વી તારાનો આંક– સંજ્ઞા સાથે લખાય છે. આ રીતે તારાઓમાં વધુમાં વધુ તેજસ્વી 'વ્યાધ' (Sirius)'–૧થી–૨' વચ્ચેનો છે. ગ્રહોની તેજસ્વિતા પણ આ જ રીતે દર્શાવાય છે. એ રીતે સૌથી વધુ તેજસ્વી દેખાતો ગ્રહ 'શુક્ર' (Venus) '–૩' ને'–૪'થી યે વધુ તેજસ્વી, એટલે કે છઠ્ઠા વર્ગના તારા કરતાં ૧૦,૦૦૦ ગણો તેજસ્વી દેખાય છે; જ્યારે ચંદ્રની તેજસ્વિતા '-૧૩' અને સૂર્યની'–૨૭' છે.


ગ્રહોની તેજસ્વિતા પૃથ્વી અને એ ગ્રહ વચ્ચેના અંતર તથા પૃથ્વી અને સૂર્યના સંદર્ભમાં આકાશમાંના એમના સ્થાન પર અવલંબે છે. પૃથ્વી જ્યારે ગ્રહ અને સૂર્યની વચ્ચેના ભાગમાંથી પસાર થતી હોય ત્યારે એ ગ્રહ વધુ તેજસ્વી દેખાય છે. આ રીતે 'મંગળ' (Mars) ની તેજસ્વિતા'–૨.૮'થી માંડી '+૧.૬ અને 'ગુરુ' (Jupiter)ની'-૨.૫'થી'–૧.૪' વચ્ચેની દેખાય છે.

સ્વચ્છ અંધારી રાતે નરી આંખે પાંચમા ને બહુ તો છઠ્ઠા વર્ગ સુધીના તારા જોઈ શકાય છે. બાઈનોક્યુલર વડે આઠથી નવમા સુધીના અને છ ઈંચના વ્યાસવાળા દૂરબીન વડે તેરમા વર્ગ સુધીના તારા જોઈ શકાય.

પણ કેટલાક એવા તારાઓ પણ છે કે જેના તેજમાં વધઘટ થતી દેખાય છે. આને 'રૂપવિકારી તારા' (Variable star) કહે છે. આમાં સૌથી વધુ ધ્યાન ખેંચનારા તારાઓ તે વિસ્ફોટ પામતા તારાઓ (Novae) છે. આંતરિક વિસ્ફોટને કારણે એવા તારા એકદમ ઉજ્જ્વલ બનતા જઈ લાખો ગણા તેજસ્વી દેખાઇને પુનઃ એમનું તેજ તદ્દન મંદ પડી જાય છે યા એ વિલન પણ થઈ જાય છે. જોકે આવા તારા જ્યારે દેખાય છે ત્યારે તુરત ધ્યાન ખેંચે છે. અન્યથા એમના વિષેનો ખયાલ આવતો નથી. આ બાબતમાં 'શર્મિષ્ઠા' (Cassiopeia) પાસેનો ઈ. ૧૫૭૨માં દેખાએલો તારો વિખ્યાત છે. આ સિવાયના રૂપવિકારી તારાઓમાં પણ 'નિયમિત' અને 'અનિયમિત' તથા એમાં પણ પાછા 'અલ્પકાલિક' અને 'દીર્ઘકાલિક' એવા પ્રકાર છે. કેટલાક લાલ વિરાટ કે એથી યે મોટા તારાઓ થોડા માસથી માંડી બેએક વર્ષ દરમિયાનના ગાળામાં ચોથા વર્ગથી માંડી દસમા વર્ગ દરમિયાનના જેટલી તેજની વધઘટ બતાવે છે.

અલ્પકાલિક નિયમિત રૂપાધિકારી તારાઓમાં પણ બે પ્રકાર છે. એક 'ગ્રહણકારી' (eclipsing), જેમાં એકબીજાની આસપાસ ફરતા બે તારાઓ હોય છે જે બંને એકબીજાથી આડે આવતાં-એનું ગ્રહણ થતાં એના તેજમાં ઘટાડો દેખાય છે. બીજા 'ધબકતા' (pulsating). એ એક જ તારો હોય છે, પણ અમુક નિશ્ચિત સમયે એનું દળ સંકોચન-વિસ્તરણ પામતું હોઇ એના તેજમાં વધઘટ દેખાય છે. હાલ આકાશમાં દેખાતા 'યયાતિ' (Perseus) તારામંડળનો 'અલ્ગૂલ' (Algol) અને 'તિમિ' (Cetus) મંડળનો 'મિરા' (Mira) રૂપવિકાર દાખવતાં ઉત્તમ ઉદાહરણો છે.

અલ્ગૂલ અલ્પકાલિક નિયમિત રૂપવિકારી તારો હોઈ એના તેજની વધઘટ બહુ નિયમિત છે. એક કેન્દ્રની આસપાસ ભમતા બે તારાઓવાળો એ યુગ્મ તારો છે. જ્યારે એ બંને તારા આપણી નજર સાથે એક લીટીમાં આવી જાય ત્યારે એક તારો બીજાના તેજને ઢાંકી દેતાં અલ્ગૂલનું તેજ ઘટી જતું દેખાય છે. આમ, એ ગ્રહણકારી તારો છે. લગભગ પોણા ત્રણ દિવસના અંતરે એનું 'તારાગ્રહણ' થાય છે અને તે ચારેક કલાક ચાલે છે. અલ્ગૂલની તેજસ્વિતા આમ તો '+ ૨.૨'ની છે, પણ ઘટીને એની લઘુતમ તેજસ્વિતા '+ ૩.૫' જેટલી થઈ જાય છે ને એ સ્થિતિ વીસેક મિનિટ સુધી જારી રહી પુનઃ એનું તેજ વધવા



સંવત ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમા. દ્વયાશ્રય, અભિધાન ચિંતામણિ, અનેકાર્થસંગ્રહ, ધનવંતરી નિઘંટુ, રત્નપરીક્ષા, શેષનિઘંટુ, કાવ્યશાસન, છંદાનુશાસન, અલંકારચૂડામણિ, વિવેક, પ્રમાણમીમાંસા, ત્રિષષ્ઠીશલાકા પુરુષચરિત્ર, યોગશાસ્ત્ર વગેરે જેવી અભ્યાસયુક્ત મૌલિક કૃતિઓ રચી પોતાની બહુમુખી પ્રતિભા વડે કુમારપાળના સમયના ગુજરાતના પાટનગર શ્રીપત્તન (પાટણ)ને ભારતના અગ્રગણ્ય સારસ્વત કેન્દ્રોની હરોળમાં બેસાડનાર કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો ધંધુકામાં જન્મ. વિ. સં. ૧૨૨૯માં તેઓ કાળધર્મ પામ્યા.

**તા. ૨/૧૯૪૭** કાશ્મીર સાથેનો નાતો તોડી ત્યાંની સીમા પરનું ચિત્રાલ રાજ્ય પાકિસ્તાનમાં જોડાયું.

**તા. ૭/૧૮૬૨** રમલ (જ્યોતિષ)ના જાણકાર, ઉર્દૂ ઝબનનો શાયર, મહાન મુઘલ સલ્તનતનો ઓગણીસમો બાદશાહ બહાદુરશાહ ઝફર સત્તાવનના બળવાના નેતા તરીકે અંગ્રેજોની કેદમાં દેશનિકાલીની સજા પામી રંગૂનની જેલમાં અવસાન પામ્યો. કુતુબમીનાર નજીક એના પીરો-

## આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

મુર્શિદની કબરો પાસે એના નામની કબર હજી યે ખાલી પડી છે. રંગૂનથી એના દેહાવશેષો પણ અહીં લાવી શકાયા નથી.

**તા. ૯/૧૯૪૭** આરઝી હકૂમત અને ભારતીય સૈન્યે સૌરાષ્ટ્રમાં જૂનાગઢના બાબી નવાબી રાજ્યનો કબજો લીધો.

**તા. ૨૬/૧૯૨૨** હાવર્ડ કાર્ટર નામના એક બ્રિટિશ સંશોધકે ૩૩૦૦ વર્ષ પૂર્વેના મિસર (ઈજિપ્ત)ના ફેરો તુતનખામનની કબર શોધી કાઢી. આ કબરમાંથી તુતનખામનનું અઢળક સોને મઢ્યું મમી, એની સાથે દાટેલો જરઝવેરાત ઉપરાંત અનેક કિંમતી ચીજોનો હજારો વર્ષ પહેલાંનો અકબંધ રહેલો ખજાનો પણ મળ્યો. પુરાતત્ત્વ-સંશોધન માટેનાં ઉત્ખનનોના ઇતિહાસમાં આ શોધ જેટલો ખળભળાટ અને આશ્ચર્ય કોઈ સંશોધને મચાવેલો નથી.


**તા. ૨૫/૧૭૫૯** ચિન્સુરાના યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિ ફૉર્ડે વલંદા (ડચ) લોકોને દેલ્ફી હાર આપી હિંદમાંથી એમનો પગ ઉખાડી નાખ્યો.

લાગે છે. આમ, એના તેજની વધઘટનું ચક્ર ૨ દિવસ ૨૦ કલાક ને લગભગ ૪૯ મિનિટનું છે. વર્ષ દરમિયાન સોએક વાર એ આમ તેજોહીન થઈ જાય છે, પણ કેટલીક વાર એ દિવસ દરમિયાન થતી હોઇ આપણે તો માત્ર રાત દરમિયાન જ એ જોવાનો લાભ લઈ શકીએ.

બીજો 'મિરા' દીર્ઘકાલિક અનિયમિત રૂપવિકારી તારો છે. એના તેજની વધઘટ બહુ અનિયમિત છે. છેક દસમા વર્ગના તારા જેટલી ઝાંખપથી વધીને એ ત્રીજા (ને ક્યારેક તો બીજા) વર્ગના તારા જેટલો તેજસ્વી બની જાય છે. લગભગ પાંચેક માસ સુધી એનું તેજ વધતું જઈ પછી છએક માસમાં એ પાછું ઘટી જાય છે. અને આમાં પણ એ નિયમિત નથી. ક્યારેક તો એ આખું વર્ષ પણ દેખાતો નથી. તેજના આટલા મોટા તફાવતને કારણે અગાઉ એને વિસ્ફોટક તારો પણ માની લેવાયો હતો.

'વૃષપર્વા' (Cepheus) તારામંડળમાં પણ કેટલાક રૂપવિકારી તારા છે જેમાંનો સાથેના નકશામાં બતાવેલો તારો ખ્યાત છે. એ યુગ્મ તારો છે. પાંચ દિવસ ને નવ કલાકમાં એનું તેજ જે ઓછામાં ઓછું હોય તેનાથી વધીને અઢી ગણું લગભગ થઈ જાય છે.

ધ્રુવ તારક પણ યુગ્મતારક હોઈ રૂપવિકારી છે. '+૨·૦૮'થી '+૨·૧૭ના ગાળામાં એના તેજની વધઘટ થતી રહે છે. એ જ રીતે શર્મિષ્ઠાની ઈશાને આવેલો એક રૂપવિકારી તારો પણ ગ્રહણકારી રૂપવિકારી છે. દેવયાની તારામંડળ પાસેનો દીર્ઘકાલિક રૂપવિકારી પણ ખ્યાત છે. આમ, આકાશદર્શનના રૂપવિકારી તારાઓ એક અનોખો રસ પ્રેરે છે.




સાથેના નકશામાં હાલ દેખાતા આકાશમાંના બીજા પણ કેટલાક મુખ્ય રૂપવિકારી તારાઓ દર્શાવ્યા છે. સાથોસાથ કેટલાક મુખ્ય તારકો, અમુક નિહારિકાઓ ને તારકગુચ્છો પણ એમાં આપ્યાં છે. તારાઓ અને નક્ષત્રમંડળોની ઉપલક ઓળખ ઉપરાંત અનેક રસિક બાબતો જોવા-જાણવા જેવી છે એ પ્રતિ લક્ષ દોરવાનો પણ અહીં ઉદ્દેશ છે. □

ભજન

**સૂતેલ હોય તો બેઠો થઈ જજે, બેઠો ઊઠજે અધીર;**
**દૂરને મારગ પાંખ્યું વીંઝજે, છૂટયું આવે જેમ તીર.**

રાજેન્દ્ર શાહ

ભગવાન બુદ્ધ નગરમાં આવ્યાનું જાણીને વૈશાલીનો નગરપતિ નગર બહારના ઉદ્યાન ભણી એમનાં દર્શને ગયો. પણ ભગવાન તો ઉદ્યાનમાં નહિ પણ ઉદ્યાનને એક ખૂણે, આખા શરીરે વ્રણથી પીડાતા પડેલા એક કણસતા રોગીના ઘા સાફ કરતા હતા. આથી આશ્ચર્યચકિત થએલા નગરપતિએ પૂછ્યું : 'ભગવાન! આજ શું આપ પ્રવચન કરવાના નથી?' તથાગતે કહ્યું : 'આ જ તો મારું મોટામાં મોટું પ્રવચન છે. દુ:ખી, રોગી અને પીડિતની સેવા કરતાં મોટો બીજો કયો ધર્મ હોઈ શકે?'

∞

કહેવતોના અર્થ : 'કબુદ્ધિ મત થોડી, તે ઘર વેચીને લીધી ઘોડી.' દેખાદેખીના શૉખમાં ઉપયોગી વસ્તુ કાઢી નાખીને નિરુપયોગી વસાવનાર ફૂલણજીઓનું આલેખન કરતી ચોટદાર દૃષ્ટાંતવાળી કહેવત.

∞

અનેકાર્થી શબ્દ : **જૂઠ** = અસત્ય, જૂઠાણું; એંઠું કે છાંડેલું; રંગલો કે વિદૂષક; ચોસરમાં ભેગા આવતા બે કટકા; ઘાણીનો નળાકાર ભાગ; જોડી.

∞

અપારદર્શક (ફ્રૅાસ્ટેડ) કાચ મેલો થાય છે તે જલદી સાફ થતો નથી. સોડા બાઈ કાર્બમાં સ્હેજ પાણી નાખી જાડી રાબ જેવો તેનો રગડો લૂગડાના પોતા વડે કાચ પર લગાડી સુકાવા દો. બેએક કલાક બાદ ગરમ પાણીથી ધોઈ નાખો.




પ્રથમ કોની ઉત્પત્તિ થઈ? ઇંડાની કે મરઘીની? વૈજ્ઞાનિકો કહે છે કે ઈંડાની. પક્ષીઓ એ પેટે ચાલતાં પ્રાણીઓની જ એક પેદાશ છે. આ સરિસૃપ પ્રાણીઓ પ્રથમ પક્ષી ઊડયું એ અગાઉનાં લાખો વર્ષથી ઈંડાં મૂકતાં હતાં.

अकृत्वा पर-संतापम् ,
अगत्वा खल-नम्रताम् ।
अनुसृत्य सतां मार्गम् ,
यत् स्वल्पमपि तद् बहु ॥

બીજાને કષ્ટ આપ્યા વગર, દુષ્ટો આગળ નમ્યા સિવાય, સત્પુરુષોનું અનુસરણ કરતાં કરતાં જો ઓછું મળે તો તેને પણ ઘણું માનજો.



કલાકણિકા : બ્રિટિશ મ્યૂઝિયમમાં સંઘરાએલું ઈ. સ. પૂર્વે ૧૭૦૦ વર્ષ પહેલાંનું સુવર્ણનું એકમીનોઅન કંઠાભરણ (હારનું ચકતું). સંભવત: એમાં પ્રાણીસૃષ્ટિના દેવતાનું નિરૂપણ છે.

∞

બંને બાજુ ધારવાળી બ્લેડનો પેન્સિલ છોલવા કે નખ કાપવામાં ઉપયોગ કરતાં પહેલાં તેની એક બાજુ પર 'ગમપ્લાસ્ટર'ની કે જાડા કાગળની એક પટ્ટી. વચ્ચેની ફાટમાંથી પસાર કરીને પાંચ છ વખત વીંટાળવાથી આંગળી કપાવાની ધાસ્તી નહિ રહે.

∞

ખોરાક દાઝીને તળિયે ચોંટી જતાં ક્યારેક વાસણને સાફ કરવું મુશ્કેલ પડે છે. આવા વાસણમાં ડુંગળીના પતીકાં ને એક ચમચો મીઠું નાખેલું પાણી રાતભર મૂકી રાખવું. સવારે વાસણ સરળતાથી સાફ થઈ શકશે.




(જનસત્તા) 'શિવ'

એક પીઠામાં સમયમર્યાદા બહાર પણ મોડે સુધી શરાબ વેચાતો હતો. તેના માલિકે એક નવો નોકર રાખ્યો. તે મધરાતે કેટલાક માણસો દારૂ પીવા આવ્યા, એટલે માલિકે નોકરને કહ્યું :' જરા નાકા પર જઈને જોઈ આવ કે કોઈ પોલીસ છે?'

અરધા કલાકે નોકરે પાછા આવીને શરાબ વેચવામાં મશગૂલ માલિકને કહ્યું : 'ગલીને નાકે તો કોઈ પોલીસ ન મળ્યો, એટલે ચોકીએ જઈને જમાદારને તેડી લાવ્યો છું.'

∞

ત્રણ પાગલો તાજમહાલ જોવા ગયા. પાછા વળતાં એક બોલ્યો : 'મારો વિચાર થાય છે કે આ તાજમહાલ ખરીદી લઉં.'

બીજો : હા-હા; દસ હજારમાં મળે તો સોદો સારો કહેવાય.

ત્રીજો : પણ મારો વિચાર હમણાં તે વેચવાનો નથી.

∞

સીટી મારીને તરત ગાડી ચાલવા માંડી એટલે પ્લેટફૉર્મ પરના ત્રણ જણા હાંફળાફાંફળા તેનું બારણું ઉઘાડવા મથવા લાગ્યા. એક મજૂરે મહામહેનતે બે જણને ચડાવ્યા પણ ત્રીજો રહી ગયો. તે માટે દિલગીરી દર્શાવતા મજૂરને એણે કહ્યું : 'ખરા દિલગીર તો મારા પેલા મિત્રો થશે, જે મને મૂકવા આવ્યા હતા.'

**અનિલ-લહરી**

કાટપીટિયો તો નવું મકાન પણ જૂના કાટમાળથી જ બાંધે.
મરઘીના રંગ જુદા હોય પણ ઈંડાંના રંગ જુદા હોઈ શકતા નથી.
નારાજ થએલા છેવટે તારાજ કરવા નીકળી પડે છે.
ઘ્યાસતેલનો દીવો નવી દિલ્હીમાં જઈને મર્ક્યુરીલૅમ્પ થઈ જાય છે.

(ગુજરાત મિત્ર) રતિલાલ 'અનિલ'